शौर्यनातेव



તમારાં બાળકો માટે

મનુભાઈ જોધાણીએ

લખેલાં

શબ્દચિત્રોનાં

ત્રણ સુંદર પુસ્તકો

જનપદ (ભા. ૧-૨-૩)	૩-૮-૦
ખાટીમીઠી બાળવાતો	૧-૦-૦
સોરઠી જવાહીર	૩-૦-૦
શૌર્યનાં તેજ	૨-૮-૦
સોરઠી શૂરવીરો	૦-૧૨-૦
કાળિયાર અને બીજી પ્રાણીકથાઓ	૧-૮-૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો અમદાવાદ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા.
ગાંધીરસ્તા : અમદાવાદ.

10|10|55

શૌર્યનાં તેજ

મનુભાઈ જોધાણી.

: પ્રકાશક :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરસ્તા : અમદાવાદ

કીમત : અઢી રૂપીઆ

પ્રથમ આવૃત્તિ : ૧૯૪૦
દ્વિતીય આવૃત્તિ : ૧૯૪૫

પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તા : અમદાવાદ

મુદ્રક :
મગનભાઈ છોટાભાઈ દેસાઈ
શ્રી વીરવિજય પ્રિન્ટીંગ પ્રેસ,
સલાપોસ ક્રોસરોડ : અમદાવાદ

નિ વે દ ન

Glory to the Brave men of old,
Their sons will copy their virtues bold,
Courage in heart and sword in hand.

ગૂજરાતના સીમાડે ખભેખભો મિલાવી ઊભેલો પોતાના પૂર્વજોની કીર્તિ અને ગૌરવના જ્વલંત ઇતિહાસસમો સોરઠદેશ મહાન વિભૂતિઓ, જીવનને હોડમાં મૂકનાર શૂરવીરો અને પોતાની યશગાથાઓ મૂકી જનાર નરપુંગવોની જન્મભૂમિ અને વિહારભૂમિ છે. એ નરપુંગવોની યશગાથાઓ માત્ર ભાટચારણોદ્વારા સોરઠની ધરતીના સીમાડા વચ્ચે ગૂંજતી અને કહેનાર–સાંભળનારની છાતી પોરસથી ઊછળતી. એ સીમાબંધન તોડી, ગૂજરાતની વિશાળ ધરતી ઉપર સ્વ. રણજિતરામે એ સોરઠી લોકસાહિત્યની રસલહાણનું નાનકડું ઝરણું વહાવ્યું, અને ગુજરાતી સાહિત્ય–વાટિકામાં એની મીઠાશ, હલક, પોરસ અને મર્દાઈની ફોરમ પથરાઈ રહી. લોકોની જિજ્ઞાસા વધી; એટલે સોરઠી પુત્રોએ પોતાના દેશની ભુલાયેલી પ્રતિમાઓનાં દર્શન કરાવવા માંડયાં. ગામના પાદરમાં ઊભેલા પાળિયાઓ અને સતીની દેરીઓ પાછળ સંતાકૂકડી રમતી તેમની શૌર્ય અને ખાનદાની ભરી ગાથાઓ ગૂંજવા લાગી અને લોકરુચિ એને મેળવવા તલસી રહી.

વાચકોની પાસે ‘સોરઠી વિભૂતિઓ’ રજૂ કરતી વખતે એવો જ બીજો ભાગ જલદી રજૂ કરવાની આપેલી ખાતરી મુજબ એ સંગ્રહ આજે ‘શૌર્યનાં તેજ’ના નામે રજૂ કરતાં મને આનંદ થાય છે.

પોતાના બાપની આબરૂ ખાતર ઝઝૂમનાર યુવાન; ચેલાને હાથે ‘સિદ્ધિ’નો દુરુપયોગ થતાં જીવતા સમાધિ લેતા ગુરુ; કુળહત્યાથી ડરીને રાજ્ય તજી ચાલ્યા જતા અજોજી અને સજાજી; પ્રમાણિક બહારવટિયા અને ખાનદાન લૂંટારા; નિમકહલાલ ચાઉસ અને ધણીની

ખાતર માથાં ઉતારી આપનાર ચોકિયાતો, સૈનિકો અને ધીંગાણે ડગ ભરતી સ્ત્રીઓ; રણમાંથી નાસી આવનાર પુત્રને પાછો વળાવનાર માતાઓ અને પ્રજાના જાનમાલના રક્ષણ માટે એકલે હાથે ઝઝૂમતા રાજવીઓ એ સોરઠી શૌર્યનાં તેજ વહાવે છે; એ જ રીતે ટેકની ખાતર, કે મહેણાંથી વળ ખાઈ જઈ ખાપણને ખોળામાં લઈ ભમનાર બહારવટિયો પણ એ જ તેજનાં અંશ છે. એવા નરપુંગવોની યશગાથાઓ દ્વારા સોરઠના જ્વલંત ઇતિહાસને ગૌરવભર્યો રજૂ કરવાનો મારો આ નમ્ર પ્રયાસ છે.

આ પુસ્તકનો પરિચય આપણા જાણીતા વિદ્વાન વિવેચક અને ગુજરાત કૉલેજના અધ્યાપક પ્રો. અનંતરાય મ. રાવળે લખી આપી મને આભારી બનાવ્યો છે; અને આ પુસ્તકની જોડણી ગુજરાત વિદ્યાપીઠના શબ્દકોશ મુજબ રાખવા જોડણીની ભૂલો સુધારવામાં મદદ કરનાર ભાઈ શંકરદત્ત શાસ્ત્રી અને ધીરજલાલ ધનજીભાઈ શાહનો આભાર પણ મારે ભૂલવો ન જોઈએ.

ગુજરાતી વાચકોની રસવૃત્તિને આ પુસ્તક રુચિકર નીવડશે તો હું મારો શ્રમ સફળ થયો માનીશ.

અમદાવાદ તા. ૭–૭–૪૰
અષાઢી બીજ : ૧૯૯૬

મનુભાઈ જોધાણી

બીજી આવૃત્તિ વેળાએ

આ આવૃત્તિમાં ‘પીળું પાનું’ નામની નવી વાર્તા ઉમેરી છે.

અમદાવાદ
અક્ષયતૃતીયા : ૨૦૦૧

મનુભાઈ જોધાણી

પ રિ ચ ય

સદ્‌ગત રણજિતરામના લોકસાહિત્યસંશોધનના પ્રારંભિક પણ સ્મરણીય કાર્યની અને પછીથી ભારતની સ્વકીય સંસ્કૃતિ અને અસ્મિતાને પિછાણવાની અસહકારયુગમાં પ્રગટેલી પ્રેરક અસરને લીધે અપ્રસિદ્ધ કંઠસ્થ સોરઠી લોકસાહિત્યના સંપાદન–પ્રવૃત્તિની એક મોટી છોળ આપણા સાહિત્યકિનારા પર આવી અથડાઈ તેને ભીંજવી ગઇ, એ જાણીતી હકીકત છે. પાછળનાં પૃષ્ઠોમાં રજૂ થતી શૌર્ય-કથાઓ હવે જરા મંદ બનવા માંડેલી એ પ્રવૃત્તિનું જ એક અનુગામી પરિણામ ગણાય.

જર્મન કવિ–ફિલસૂફ ગથેએ એક સ્થળે કહ્યું છે કે, જે શાસન ચલાવે છે તે બુદ્ધિશાળી કે ડાહ્યા પુરુષો નહિ, પણ (તેમની) બુદ્ધિ કે ડહાપણ જ, એ કથનમાંનું તથ્ય સ્વીકારતાં આ વાર્તાસંગ્રહને રા. મનુભાઈ જોધાણીએ ‘ શૂરવીરોનાં તેજ ’ ન કહેતાં ‘ શૌર્યનાં તેજ ’ એ નામ આપ્યું છે તેની યથાર્થતા સમજાય છે. વાર્તાઓની પંક્તિ-ઓમાંથી ઊભાં થતાં તેજસ્વી પાત્રો જે ધ્યાન ખેંચે છે તે તો શૌર્ય અને ક્ષાત્રોદ્રેકનાં વિવિધ પરિસ્થિતિઓમાં વિધવિધ રીતે એ વાહક બને છે તેથી. જે જમાનાનું ઝાંખું ચિત્ર એમાંથી ઊપસી આવે છે તે પણ, જે લોકમાનસ, જીવનદૃષ્ટિ અને વીરાચાર (Code of honour) ની અપેક્ષાએ એ શૌર્ય એવું ઘડાયું તેને સમજાવતી દેશકાળની, એ શૌર્યના લીલાવિહારની, ભોંયરૂપ જ છે. મુખ્ય તો છે

અહીં માણસની મરદાનગી કે સ્વમાન કે નિમકહલાલીને પડકારતા સંજોગોમાં એની વીરશ્રી કેવી ઝળકી ઊઠે છે તે બતાવતા ઇતિહાસાવલંબી અને કંઠપરંપરાપ્રાપ્ત કથાપ્રસંગો.

એ કથાપ્રસંગો દ્વારા શૌર્યનાં તેજકિરણો જે દેશકાળમાંથી આવે છે, તે છે બસોઅઢીસો વર્ષ પહેલાંના સમયથી માંડીને ગઈ કાલ સુધીનું સોરઠી જીવન. આજનો વાચક આ વાર્તાઓના વાચનમાં જેમ જેમ આગળ વધશે તેમ તેમ વર્તમાનને ભૂલી એ ભૂતકાળનું શૂરજીવન પ્રત્યક્ષ કરવાનો : એવું જીવન, જ્યાં વાતવાતમાં મોંમાંથી તીખાં વેણ અને મ્યાનમાંથી તલવારો નીકળે, જ્યાં જૂનાં ભારેલાં વેર તાજાં કરાઈ તેનાં સાટાં વળાય, જ્યાં ધીંગાણાં બહારવટાં ઝાટકા વેર ને મમતની વાત સાધારણ થઈ પડી લાગે, અને જ્યાં તીખાં માનવી કાયદો પોતાના હાથમાં લઈ લઈ પોતાના વાંધાઓનો શીઘ્ર નિકાલ કરી નાખે, આવા પોતાને અજાણ્યા એવા જીવનના દર્શનથી એનું સુસંસ્કૃત માનસ અકળાવા માંડે ત્યાં બીજે પક્ષે મહાભારતવિખ્યાત પુણ્યશ્લોક દેવવ્રતની કળિયુગી આવૃત્તિ જેવા અજાજીની પ્રતિજ્ઞા, નાગજીભાનાં મનમોટપ ને કુટુંબવાત્સલ્ય, ઝણુ ને જીવી ગામિયાણીની રાજભક્તિ, આરબોની લૂણહલાલી, અને હાલોજીની દાનાઈ—એ બધાંને પ્રેરતા વીરધર્મનું સુભગ દર્શન ઘડીભર તો એને એ જીવનનો મુગ્ધ પ્રશંસક બનાવી દેશે. એટલા કારણે, કે પોતે જોયેલ શૌર્યમાં માત્ર ધીંગાણાંમાં મહાલતી શારીરિક વીરતાનો જ સંકુચિત ખ્યાલ નથી, પણ દિલની દિલાવરી તથા આત્માની વીરતા અને ઉદાત્તતાનો પણ સમાવેશ થતો તે જોશે. અજાજીની પ્રતિજ્ઞા, લૂંટારાની માનવતા, વેર ને શંકા વચ્ચે પણ અતૂટ રહેતી ભોજા અને પિઠાતની દોસ્તી અને અનધિકારી શિષ્યે અંગત હેતુસર સિદ્ધિનો દુરુપયોગ કર્યો જોઈને સિદ્ધે લીધેલી જીવતી સમાધ : એવા પ્રસંગોને લેખકે 'શૌર્યનાં તેજ' નામના ઝંડા તળે ઊભા રાખવામાં આથી જ કશો ક્ષોભ અનુભવ્યો લાગતો નથી.

આ શૌર્યનું ઉગમસ્થાન કયું? વાચક જોશે કે આ વાર્તાઓમાંના અલુ કે હરભમ, હસન કે રાયસિંહજી જેવાં પાત્રોને પોતાના શરીરની સલામતી કે રક્ષાની જરાય એવના નથી. જીવન કે દેહરક્ષણ કરતાં પોતે ઉચ્ચતર માનેલી કોઈ વસ્તુને ખાતર માણસ જ્યારે ઝૂઝે છે ત્યારે એને ખાતર મટકું મારતામાં દેહને ડૂલ કરી નાખવાની શક્તિ એની અંદર આવી જાય છે, અને એ રીતે માણસને મોટામાં મોટો ડર જે મૃત્યુનો, તેને તો એ ઘોળીને પી જાય છે. ટેક, સ્વમાન, સ્વામિભક્તિ, નિમકહલાલી, અનાથરક્ષણ, યશશરીરનું ભાવિ ઊજળાપણું અને એવી એવી વસ્તુને જીવન કરતાં વધુ કીમતી માનનારી મૂલ્યદૃષ્ટિ એમને જીવન તથા મૃત્યુ માટે બેપરવા બનાવી દે છે, અને મૃત્યુનો ભય ગયો એટલે માણસ પોતાની સમગ્ર શક્તિ સમેત શૌર્ય બતાવી દેવાનો. શરીરની ને જાનની ફિકર જ માણસને ડરપોક બનાવે છે. આથી જ અલુ કે હસન, મલુજી કે હરભમ જેવા મરતાં મરતાં મોત પર વિજય મેળવતા જાય છે. એવું મૃત્યુંજયી વીરત્વ જ સૂર્યમંડલને ભેદવાવાળી વીરગતિનું અધિકારી બનતું હશે.

પણ જે જમાનાની વાત પાછળની શૌર્યકથાઓ કહે છે તેમાં તો અંગત મહેણાં, અપમાન, હઠ તથા વેર જેવી બાબતને ખાતર પણ જાનને હોડમાં મુકાયાના દાખલા બન્યા છે. એમાં એ પાત્રોનો આવેશપ્રધાન સ્વભાવ કારણભૂત હશે. મગજના કરતાં હૃદયના ને લાગણીના આદેશને માન આપી તેનું કહ્યું કરનારાં માનવીઓનો એ યુગ હતો. આ કથાઓનાં બધાં પાત્રોનો વિચાર કરશો તો જણાશે કે કોઈ પ્રબળ અંગત લાગણીથી જ એ બધાંની પ્રવૃત્તિ ધક્કેલાઈ છે. અલબત્ત કોઈ પણ જમાનો એના પુરોગામી જમાનાને પૂરો ન્યાય આપી શકે નહિ. છતાં સમયનું ઘટતું અંતર મળવાથી ગત જમાનાને પોતાની ભૂમિકાથી તપાસવાનો પ્રયત્ન તો એ જરૂર કરે જ. ચાલુ જમાનાને—પોતાનાં અંગત માનાપમાન, વેર કે મમત્વને ખાતર ગજબ શૂરાતન વેડફી દેનારા ગતકાલીન શૂરવીરો અનુકરણીય નહિ,

મૂરખ પણ લાગે અને એમનું શૌર્ય એને ગાંડું શૌર્ય કે આંધળું ઝનૂન લાગે એમ પણ બને.

કારણ, આજનો યુગ આવેશપ્રધાન માનસની એ ભૂમિકાને વટાવી ગયો છે. એણે ડહાપણને વીરતાનું ચડતું અંગ માની ઉપાસ્યું છે, અને મગજની ઠંડી ગણતરીબાજીને આગળ કરી છે. વધુ સંસ્કૃત, વધુ સહિષ્ણુ અને વધુ ઉદાર દૃષ્ટિ કેળવ્યાનો પણ એ દાવો કરે. વળી, પ્રેમ અને અહિંસાની ભાવનાનો અમલ નહિ તો એના અમલ માટેની હિમાયત મોટા પ્રમાણમાં જગતના શાણા વિચારકો તરફથી થતી રહે છે. એટલે સંસ્કૃતિના વિકાસક્રમમાં આજનો જમાનો ગયા જમાના કરતાં એક ડગલું આગળ ગયો છે. બર્કે આપી—The age of chivalry is gone—તેવી નિવાપાંજલિ એ પ્રેમશૌર્યના યુગને આપવા છતાં એ તેના તે સ્વરૂપે જ પાછો આવે એમ કોઈ અત્યારે ઇચ્છે તેમ લાગતું નથી.

છતાં, ગત જમાના પાસે જે હતું તે નવાએ ખોયું છે એય ખરું. બર્કલી કે બર્ગસોનાં સૂત્રો ઉચ્ચારતો ચશ્માધારી નાજુક જુવાન, અને લાલઘૂમ ચહેરાવાળો બહુ કેળવાયેલો ન ગણાતો કદાવર પઠાણ, એ બેમાં પહેલાની બુદ્ધિપ્રભા માટે આપણને માન ભલે ઊપજે, પણ બીજા પાસે કંઇક એવું છે જે તેની પાસે નથી, અને જે સ્પૃહણીય છે. આ કથાઓમાંના પાત્રોમાં કંઈક એવું તત્ત્વ જણાય છે જે અત્યારે ખૂટે છે એમ કહી શકાય. પડખેના બંગલામાં ધાડ પડતી હોય, ને મદદની ચીસો પડતી હોય તેવે ટાણે 'ક્યાં આપણું લૂંટાય છે' કરી બારીબારણાં બંધ કરી, એ સાંભળ્યું ન સાંભળ્યું કરી ગોદડાં મોં પર જોરથી લપેટી સૂઇ જનારા આજના સુધરેલા માનવીઓ કરતાં એ અભણ અલુ, ગુલાબખાં, ચાઉસ ને મલુજીમાં વધુ વિત્ત હતું એમ ન કહેવાય? વધુ બુદ્ધિવિકાસનો લાભ પામેલા ગણાતા અત્યારના યુગમાં વધુ બુદ્ધિ ને ગણતરી આવી છે, જેમ વાર્તાવિષય જમાનામાં શૌર્યોદ્રેકનો આવેશપ્રધાન અતિરેક હતો. અને

ગણુતરીબાજી સલામતી ને કાયરતા જન્માવે એ આક્ષેપ સાવ ખોટો નથી. એટલે અત્યારે તો એમ જ ઇચ્છાઈ જાય છે કે, જે જમાનાની આ વાર્તાઓ વાત કરે છે તે વખતે એ વીરતાની જબ્બર શક્તિને દોરનારી, એનાં વ્યક્તિગત વિચ્છિન્ન વહેણોને કોઈ વ્યવસ્થિત રીતે વાળનારી દૃષ્ટિ ને બુદ્ધિનો લાભ એને મળ્યો હોત! ને અત્યારના બુદ્ધિશાળી પણ સલામતીપ્રિય યુગમાં એ શૌર્ય ને એ વીરધર્મ અખંડ વહેતાં હોત!

વીરોની અને વીરતાની જરૂર તો હરેક જમાને પડે છે. કોઈ આદર્શ કે ભાવનાની સિદ્ધિ અર્થે જે ત્યાગ, બલિદાન અને સહનાતપનની જરૂર પડે છે તેમાં પ્રકારાન્તરે આ વીરતા જ જોઈએ છે. એટલે, તેના આ વાર્તાઓમાં દેખાતા જૂના સ્વરૂપમાં નહિ, પણ અત્યારનો યુગ માગે તેવા પ્રકારની વીરતાને પ્રેરવાનું સત્કાર્ય આવી વાતોનું વાચન કરી જાય તેમ બનવાનો થોડો ઘણો પણ સંભવ માનીને એને આવકારપાત્ર ગણવી જોઇએ.

આ સંગ્રહની સત્તરે વાર્તાઓમાં સૌથી બળવાન ને આકર્ષક તત્ત્વ છે તેને ઘડનારા પ્રસંગો—ટૂંકમાં, તેમનું વસ્તુ. બધી વાર્તાઓમાં ઘણાને સૌથી વધુ આકર્ષક લાગનારી ‘મૈત્રીની ગાંઠ’ એ વાર્તા લો. શંકા, ઈર્ષ્યા અને વેરના ઝંઝાવાત વચ્ચે ભોજા પિઠાતની વજ્રદૃઢ મૈત્રીનો પ્રદીપ અખંડજ્યોત જલી રહે છે એ એ વાર્તાના વસ્તુમાં જ એવાં અદ્દભુતરસિકત્વ અને વાર્તાયોગ્યતા રહેલાં છે કે વાર્તાકારો એને ઝડપી લીધા વિના રહે જ નહિ. પ્રસ્તુત વાર્તાના વસ્તુનો રા. મેઘાણીએ પણ પોતાની લાક્ષણિક રીતે સુંદર ઉપયોગ કર્યો છે તે વાચકોની જાણમાં હશે.

ત્યારે આમ વાર્તાઓના પ્રસંગો જ બળવાન, એટલે ભાષાને અને સમગ્ર લખાવટને એ પ્રસંગો જ ઘડે છે એમ કહી શકાય. લેખકનો કસબ તો ત્યારપછી આવે. એવો કસબ રા. જોષાણીએ અહીં યથાશક્તિ બતાવ્યો છે. કુશળ વાર્તાકારની અદાથી એ દરેક

વાર્તામાંના મુખ્ય પ્રસંગો એક પછી એક એવી રીતે કહેતા જાય છે કે એમાંના ઘણા આપણી દૃષ્ટિ સમક્ષ જાણે ભજવાતા જાય છે. બધી વાર્તાઓનો વસ્તુવણાટ એકસરખો ઘટ્ટ નથી, પણ આવી ત્વરિત પ્રસંગપરંપરાને લીધે તે રસપ્રદ જરૂર બની છે. બધી વાર્તાઓનું વસ્તુ કાઠિયાવાડનું છે—એમ તો ગુજરાતને પણ પોતાની શૌર્યકથાઓ નથી એમ નથી. શૌર્યનો ઇજારો કંઈ એકલા કાઠિયાવાડનો જ નથી, પણ એને ખોળીને રજૂ કરનાર કોઈ મેઘાણી તો નહિ જ, પણ કોઈ રાયચુરા કે જોધાણી પણ ગુજરાતને મળ્યા નથી, એટલે બીજું શું થાય?—તેમજ લેખક પણ કાઠિયાવાડના, એટલે ભાષામાં સબળ તળપદા શબ્દપ્રયોગો ઠેરઠેર આવી ગયા છે, જે કેટલીકવાર વાર્તાઓમાંના વાતાવરણને યોગ્ય રીતે ખીલવે છે. એવા પ્રાંતિક લાગતા તળપદા શબ્દોના અર્થ વાચકોની સુગમતા સારુ લેખકે પાછળ આપ્યા છે તે સારું કર્યું છે.

આશા છે કે ગુજરાત આ વાર્તાસંગ્રહને યોગ્ય સત્કાર કરશે.

અમદાવાદ
તા. ૮-૭-૪૦

રામનારાયણ ના. રાવળ

શૌર્યનાં તેજ

અ • નુ • ક્ર • મ

બાપની આબરૂ

'એલા, કાળુખાં ઘેર છે કે?' સાઠેક વર્ષના ડોસા હાથમાં લાકડી લઈને સિપાઈવાડામાં કાળુખાંના બારણે આવી સાદ પાડી પૂછવા લાગ્યા.

અઢારેક વર્ષનો ફૂટતી મોસરીનો લોહીભર્યો છોકરો હડી કાઢીને અંદરથી દોડી આવ્યો, "શું છે અદા? કોનું કામ છે?'

'કાલુખાં છે ને ઘેર?'

'ના, એ તો ગામ ગયા છે.'

સાંભળતાં જ વૃદ્ધના શિથિલ પગો થાક અને અશક્તિને લીધે ઢીલા થઈ ગયા. એક ડગલું ય ભરવાની શક્તિ જાણે હરાઈ ગઈ હોય એમ એમણે લાકડી પછાડી ને ઓટલા ઉપર પડતું મૂક્યું. હતાશ બનીને એમણે નિસાસો મૂક્યો.

'અદા, એમનું શું કામ હતું?'

'બાપ, એવા ખાનદાન અને વિશ્વાસુ માણસનું કેમ કામ ન હોય? ક્યારે આવશે?' ને એણે એ બાળકની આંખમાં આંખ પરોવી. જાણે એ યુવાન અને ડોસો એકબીજાના અંતરના વિચારો આંખ દ્વારા વાંચતા ન હોય! યુવાને વૃદ્ધની ગરજ પારખી, વૃદ્ધે બાળકની આકાંક્ષા નીરખી. યુવાનની આંખો ડોસાની આંખોને પૂછી રહી હતી, 'પણ કામ શું છે?'

'અદા! મારા બાપુ તો હજુ કાલે જ ગયા છે એટલે આવતાં વાર તો થવાની.'

'એના સગપણની વાત ચાલે છે એટલે ક્યારે આવશે તે નક્કી નહિ.' પાસે ઊભેલી છોકરી ધીમેથી કહીને સરી ગઈ.

યુવાન શરમાઈ ગયો. વૃદ્ધની આંખોનાં તેજ ક્ષીણ થતાં દેખાયાં. યુવાને ફરીથી પૂછ્યું, 'અદા, એમનું કાંઇ કામ હતું ?'

'એ તો અમારા કેટલીયે પેઢીના વિશ્વાસુ ને નાતાદાર; એટલે આજે જરા સિગરામ સાથે એમને મોકલવા હતા.' વૃદ્ધની આંખો ઉત્તર સાંભળવા અધીરી બની રહી.

'તે લાવોને હું જાઉં.'

'તારું કામ નહિ ભા!' વૃદ્ધે પોતાનો હાથ હલાવી ના કહી.

'અરે, અદા, હું ય કાળુખાંનો દીકરો છું. ડરો છો શીદ ?' બાપના બળ ઉપર મદાર બાંધી, વિશ્વાસ અને ઓળખાણનો લાભ લઈ વોળાવિયા તરીકે સાથે લઈ જવા તૈયાર થયેલા ડોસાને પોતાના જાતના અંગબળની વાત કરીને તે નીચું જોઈ ગયો.

'તું ? તારું કામ નહિ. રસ્તો ભેવાળો છે.' વૃદ્ધે ડોકું ધુણાવ્યું.

બાળકે મૂઠી વાળીને કાંઈ કચકચાવ્યું. ધસારાબંધ વહેતું લોહી તરી આવ્યું ને ફૂલેલી નસોએ એના બળવાન અને કસાયેલા હાથની ડોસાને સાબિતી આપી. અંગબળ જેટલું જ સાહસ અને શૌર્ય આ યુવાનમાં હશે કે નહિ એ એણે વાંચવા પ્રયત્ન કર્યો.

'એ રસ્તે તારા જેવા એકલાનાં વોળાવા ન હોય.'

'અહ ! દશ આવે તોય એમને ભારે પડું એમ માનજો. કાળુખાંનો દીકરો પાછો પડે તે દી તો મારી મા અફીણ ઘોળે !' ને બાળકની આંખો લાલ બની.

એક જ શબ્દે યુવાનના શૌર્યને ઉશ્કેરી મૂક્યું. એના સારાયે દેહમાં ચેતન સ્ફૂર્યું અને ડોસાએ પોતાની વેધક દૃષ્ટિથી યુવાનને માપી લીધો. ઊંડું ઊંડું મલકાતા વૃદ્ધ ઊઠયા.

'ઠીક, કાલ સવારે જવું પડશે ત્યારે.'

'સારું, અદા! તમે બેફિકર રહેજો. હું ય ભડ બાપનો ભડ દીકરો છું.'

ને એ શબ્દે આખાયે વાતાવરણને નવી તાજગી આપી. ગુલાબખાંનો એકેએક શબ્દ શૌર્ય ને સાહસથી ભર્યો હતો. વૃદ્ધની આંખો એની માપણી કરી રહી હતી. બન્ને એકબીજાને નીરખતા ઊભા હતા.

બીજે દિવસે દશ વાગ્યે એ વૃદ્ધના ઘેરથી ત્રણેક બૈરાં ઘરેણાંના ભારથી લચી પડતાં અને રેશમી તથા કસબી વસ્ત્રોથી શોભતાં, મેડીએથી ઊતરી સિગરામમાં બેઠાં. દીકરાની વહુને સાકરસુખડી લઈ ને જવાનું વેવાઈનું આગ્રહભર્યું કહેણ હતું. આજે સાકરસુખડી જતી હતી. એ માટે ડોસાએ ગુલાબખાંને વેળાવિયા તરીકે મોકલ્યો હતો.

સિગરામ તળાજાના માર્ગે વહેતો થયો.

'ભાઈ! હવે જલદી હાંક તો ઠીક. મોડું થઈ ગયું.' સિગરામમાં બેઠેલાં બાઈએ પડદો ઊંચો કરી પશ્ચિમમાં ઢળી પડતા સૂર્યની સામે જોઈ ગાડાખેડૂને કહ્યું.

એણે બળદનાં પૂંછડાં આંબળ્યાં. કાળા ઉનાળાના એ દિવસોમાં ઓગઠ ખાઈને પડપા બની ગયેલા બળદ ઉપર લોહીનો છાંગોય નહોતો. માંડમાંડ ડગલાં ભરતા ઢાંઢા થાકથી ડૂલી ગયા હતા. સિગરામ ધીમો ધીમો રગશિયા ગાડા પેઠે માર્ગે વહ્યો જતો હતો. બળદનાં પૂંછડાં આંબળે કે આરીમાં પાટુ મારે ત્યારે થોડા ઉતાવળા ચાલે ને વળી પાછા એના એ. નીંભર અને અશક્ત બનેલાં પ્રાણીઓ પોતાની ગતિએ આગળ ચાલતાં હતાં.

બાઈઓનાં દિલ ફફડી ઊઠયાં હતાં. અંધારું વધતું જતું હતું.

વૃક્ષોના પડછાયા લાંબા બની મોટામોટા ભૂત જેવા લાગતા ને ફેંઝું વેળા થતાં થતાંમાં તો શેત્રુંજીનો કાંઠો દેખાયો. ચોમેરથી ધસી આવતાં અંધારાનાં પૂર વગડાને ભયંકરતા ઓઢાડે જતાં હતાં. વૃક્ષોનાં ઠૂંઠાં ભયભીત બનાવે એવાં રૂપરૂપાંતર ફેરવતાં ને જોનારના અંતઃ-કરણમાં ભીતિની ચિનગારી ફૂંકતાં.

બાઈએ ફરી ધડકતા હૈયે પૂછ્યું, 'ભાઇ, હવે કેટલુંક છેટું છે?'

'આ આવ્યું,' કહી આગળ બેઠેલા ગુલાબખાંએ હાથ લાંબો કરી જાણે હાથવેંતમાં પહોંચી ગયા હોય એમ બતાવ્યું; ને બાઈએ આંખે હાથ મૂકી અંધારાનાં પડ વીંધી દૂરદૂર દૃષ્ટિ નાખી. પણ અંધારાનાં પડ વીંધતાં મુશ્કેલી પડી અને એ નિરાશ થઈ ગયાં.

ગુલાબખાં પોતાની તલવારની મૂઠ પકડી બેઠો હતો. તેણે ધીરજ આપી, 'શી બીક છે?'

'આ રસ્તે? આ ઠેકાણે તો મેં કેટલીય લૂંટો થયાની વાતો સાંભળી છે.'

'પણ સિપાઈ વોળાવે નહિ હોય!' ગર્વ અને ગૌરવભર્યા શબ્દોએ નાગરાણીને દબાવી દીધી. ગુલાબખાંના ચહેરા ઉપર જ્ઞાતિનું ગૌરવ ઝળહળી રહ્યું.

ને ગાડાના પૈડાએ એકાદ પાટલો પાડ્યો, ત્યાં તો દૂરદૂર નદીના કોતરમાં હાકલ પડી.

સહુ તાકી રહ્યાં. શેત્રુંજીનાં ઊંડાંઊંડાં કોતરોમાંથી મોઢે બુકાની બાંધેલા ત્રણ માણસો હાથમાં તલવાર લઈને ધસી આવ્યા. હેડુ લઈને બેઠેલા એ ખેટકુના પગમાં આજે જોર હતું. ઘરેણે લચી પડતી સ્ત્રીઓ અને એક જ છોકરો સાથે હોવાથી એમણે નમાખિયા મંવ ઉપર આજે પંજો નાખ્યો હતો. એક કોળી હતો, એક ખુમાણ હતો, એક ગાંયજો હતો. ત્રણેને હરામનો ચસકો લાગ્યો હતો.

એક જ હાકલે ગાડાવાળાનાં હાંજાં ગગડી ગયાં. પવનના સુસવાટા અને ચોમેરથી પક્ષીઓની કળેળાટી સાથે બિહામણા લૂંટારાની હાકલ મળતાં સહુના અંતરમાં કમકમાં આવ્યાં. ભયભીત આંખો વડે તાકી રહેલા ખેડુના હાથમાંથી રાશ પડી ગઈ ને એનો ચહેરો પૂણી જેવો સફેદ બની ગયો. પડખે બેઠેલા ગુલાબખાં સામે એણે જોયું. જાણે શિકારીના પંજામાંથી છોડાવા આજીજી કરતું હરણું તાકી રહ્યું ન હોય !

યુવાને કદી ધીંગાણું જોયાં નહોતાં, લૂંટારાનો પડછાયો લીધો નહોતો, કે યુદ્ધનાં આંગણાંમાં ઊભો રહ્યો નહોતો. એટલે આવે પ્રસંગે થતો પ્રારંભિક ક્ષોભ અને સંકુચિતતા એનામાં સ્પષ્ટ દેખાયાં. એ ઠેકીને આઘો ઊભો રહ્યો.

પાછળથી આવતી વારની ભીતિએ જેમ લશ્કર નાસી છૂટવા ધસારો કરે એમ ચોથના ચંદ્રે ઊગવાની તૈયારી કરી. એટલે ખૂણા-ખાંચામાં પણ પોતાના સૈન્યને સંકેલી લેવા ચોમેરથી ધસ્યાં આવતાં અંધારાનાં પૂર આગળ દોડ્યાં જતાં હતાં. પૂર્વમાં બિંબ ફૂટ્યાં. લાલાશ પથરાતાં લૂંટારાએ ઉતાવળ કરવા માંડી. એમણે સિગરામનું બારણું ખોલ્યું ને હાક મારી, 'નીચે ઊતરો.'

એકબીજા સામે તાકી રહેલી એ સુંદરીઓ મોતને સામે ઊભેલું જોઈ હાંજા ગગડી જાય એમ ભાંગેલ અંગે શિથિલ બની નીચે ઊતરી. એમની ડોકમાં ઊભરાઈ રહેલાં આભૂષણોએ લૂંટારાની આંખમાં તેજ ચમકાવ્યાં. ભૂખ્યાને ભોજન મળતાં થતો આનંદ આજે લૂંટારાઓના હૈયામાં ઊછળી આવ્યો અને એમણે પછેડી પાથરી.

પાછળથી ઊતરેલી ત્રીજી સ્ત્રીની આંખોમાં એમણે ચમકાર જોયો અને ગૌરવભર્યો ચહેરા ઉપર સત્તાની છાપ વાંચી. એમની હિંમત ઓસરી જતી જણાઈ. તેઓ એકબીજા સામે તાકી રહ્યા.

પણ એમાં એક ખુમાણ હતો. એણે સ્વાસ્થ્ય મેળવ્યું ને ભાવિની

કલ્પના ખંખેરતો એ આગળ આવ્યોઃ 'બોનું ! ઉતારી નાખો.'

જાણે પોતાનું સૌભાગ્ય છિનવતો નિષ્ઠુર યમરાજ સામે હોય એટલાં દુ:ખ ને ઠપકાભર્યાં નેત્રો લંબાવીને તાકતી સ્ત્રીઓએ લૂંટારાના હૃદયમાં કુણાશ આણી અને એણે માત્ર ઘરેણાંનો લોચો વાળ્યો.

ચંદ્રનાં કિરણો બાળક પેઠે ખડખડાટ હાસ્ય વેરવા લાગ્યાં, એટલે એનાં આછાં અજવાળાંમાં ગુલાબખાંની બગલમાં દબાયેલી તલવારની મૂઠ ચળકી ઊઠી. ખુમાણની આંખ લંબાણી. એણે યુવાનને ઊભેલો જોયો. અત્યાર સુધી લૂંટવામાં મશગૂલ બનેલા એ લૂંટારાને અંધારાના ઓળા પાછળ ઊભેલા ગુલાબખાંનું ધ્યાન ન હતું. એણે ફરીફરી તાકવા માંડયું ને ઘરેણું એકઠું કરવા માંડયું.

'એલા કોણ છ!' કહેતો કોળી આગળ ગયો. ડઘાઇ ગયેલો ગુલાબખાં તેની આંખો સામે તાકી રહ્યો.

સોનાની મૂઠ જોઈ કોળીના મનમાં ગલીપચી થઈ. એણે તલવાર લેવા હાથ લંબાવ્યો. એને આપી દેવા માટે ગુલાબખાંએ મૂઠ પકડી. એને બાપની આબરૂ સામે ઊભી રહી ડોળા કાઢી ડરાવતી દેખાઈ. પોતાના શબ્દો એની આસપાસ વિંટળાઈ એના કાનમાં ધીમુંધીમું ગૂંજી રહ્યા અને નામોશીની લોહીતરશી જીભ એને ચાટવા લાગી. એના કાળજામાં કમકમાટી આવી ને તે ઠેકીને દશેક ડગલાં પાછો હઠયો.

'સાલાનો કાળ આવ્યો લાગે છે,' કહી ગાંયજો આગળ ધસ્યો, ને ગુલાબખાંએ કોટી કાઢી નાખીને તલવારને મ્યાનમાંથી છંડવી. જાણે લોહીપિપાસુ કોઇ વૈતાલ આજે પોતાના લેણદેણના સંબંધ ચૂકવતો હોય એમ તૈયાર થઇને તે ઊભો.

ધસ્યો આવતો ગાંયજો ગુલાબખાંને મગતરું સમજી એ સમશેરની મૂઠે લોભાઈ આંધળુંકિયાં કરી દોડી આવ્યો, ને ઊંચી થયેલી તલવાર એને દેખાઈ ન દેખાઇ ત્યાં તો એ પડી ને જનોઈવઢ ઊતરી

ગઈ. લોહીના ફુવારા છૂટયા ને સિપાઈ બચ્ચો ખીલી ઊઠયો. એની રગેરગમાં શૌર્ય ઊભરાઈ હાલ્યું ને રૂંવાડે રૂંવાડે એના અંગમાં શક્તિનાં પૂર ઊમટયાં. એણે પાછળ ઊભેલા કોળી ઉપર હલ્લો કર્યો. ખુમાણે દૂરથી ગાંયજાને પડતાં નિહાળ્યો એટલે એણે કોળીની વાર લીધી. એ જોઇ સ્ત્રીઓનાં અંતઃકરણ દ્રવી ગયાં. એમનાં કુમળાં હૈયામાં અરેરાટી આવી ગઈ અને ચીસ પડાઇ ગઇઃ ' રહેવા દે, રહેવા દે. '

' અરે મારા બાપનું નાક કપાઈ જાતને......' એ એક જ શબ્દે એને ઉશ્કેરી મૂકયો અને સામે ઊભેલા બન્ને લૂંટારા ઉપર એ નઘાતિયો થઈને તૂટી પડયો. મરજીવા બનેલા આ યુવાનના હલ્લાને બન્ને લૂંટારા ખાળી ન શકયા. જીવ બચાવી માલ લઇ જવા આવેલાને આ હલ્લો ભયાનક નીવડયો. એમણે યુવાનને પૂરો કરવા આંખોદ્વારા સંકેત કર્યો ને તલવારોની રમઝટ બોલી.

મરવું ને મારવું એ એક જ નાદે ઝૂઝતો સિપાઈ આજે રમણે ચડયો હતો. સારીયે સૃષ્ટિમાં એને ધીંગાણાના ભણકારા વાગતા સંભળાયા. પવનના સુસવાટા ઝાડી સોંસરવા નીકળતાં, એને લીધે થતું સંગીત જાણે એને બિરદાવતું હોય એમ એને લાગતું અને એ સાંભળી એના અંગેઅંગમાં પોરસનાં પૂર ઊમટતાં. એણે બન્ને સામે ટક્કર લીધી ને આખે શરીરે લોહીના ફુવારા છૂટયા. અઢાર–અઢાર ઘાથી ચિરાઈ ગયેલા શરીર ઉપર ચંદ્રનાં કિરણો તગતગતાં હતાં. સ્ત્રીઓ એ સિપાઈ બચ્ચાને ઝઝૂમતો નીરખી રહી.

ચંદ્ર ચડયો. ઝાડવાંનાં પાંદડાં સોંસરવી ચળાઈને આવતી જ્યોત્સ્ના સંતાકૂકડી રમતા આ લડવૈયા ઉપર પોતાનાં આછાં તેજ ફેંકતી હતી. નાસભાગ કરતા કોળી ઉપર સિપાઈએ હડી કાઢી. ચીસ પાડી તલવારને છૂટી ફેંકતો કોળી ઝાડના થડની ઓથે ભરાઈ

ગયો ને ઠેકડો મારી સિપાઈએ આવતો ઘા ચુકાવ્યો. સાક્ષાત કાળ જેવા સિપાઈ બચ્ચા સામે ટક્કર ઝિલાણી નહિ એટલે ભાગતા ભેરુની પૂંઠે ખુમાણ પણ નાસી છૂટયો.

ઘરેણુંની ગાંસડી પાસે લોહીથી નીંગળતાં પગલાં પાડતો ગુલાબખાં ગૌરવભર્યો આવ્યો. શક્તિહીન બનેલા એ હાથમાં પોટલી ઊંચકી, અને બગલમાં દબાયેલી તલવાર સરી પડે તે પહેલાં એ જઈને પેલી બાઈના ખોળામાં ઢળી પડયો.

બાઈએ ઓઢેલા સાળુને ફાડવા માંડયો. લીરા ઉતારી એને અંગેઅંગમાં પડેલા ઘા ઉપર પાટા બાંધી લોહી બંધ કરવા માંડયું, અને રાતના ઝોકાર અજવાળામાં એમણે સિગરામ પાછો વાળી, સિપાઈના બચ્ચાને અંદર સુવાડયો. વહાલભરી માતા સમા હાથ એ સિપાઈના મસ્તક ઉપર આખી રાત ફર્યાં અને અમ્માની હુંફાળી ગોદ અનુભવતો ગુલાબખાં ભરનિદ્રામાં હોય એમ બેભાન બની પડયો રહ્યો. એના ચહેરા ઉપર સંતોષનું તેજ અને શાન્તિ દેખાતાં.

વહેલા પ્રભાતનાં આછાં અજવાળાં વીંધી સિગરામ ડેલીએ આવીને ઊભો રહ્યો. ખખડાટે જાગી ઊઠેલા વૃદ્ધ બારીએ આવ્યા ને સિગરામને જોઈ એમને ધ્રાસકો પડયો. એમના અંગે અંગમાં કંપ વછૂટયો. એમનું હૈયું ફફડી ઊઠયું: 'ભૂંડી થઈ.....'

નીચે આવી જુએ તો સિગરામમાં ગુલાબખાંનું શરીર જખમોથી ઊભરાઈ રહેલું દીઠું. ત્રણત્રણ ગાદલાની પથારીમાં ગુલાબખાંને સુવાડી પાટા બંધાવ્યા. બીજે દિવસે એણે આંખ ઉઘાડી. સામે જ ઊભેલા બાપ ને ડોસો એના સામે જોઈ મલકાઈ રહ્યા હતા. ડોસાએ

કપાળે હાથ ફેરવ્યો ને વહાલભર્યા શબ્દે કહ્યું, 'બેટા! ઘરેણું જાત તો મેલ લઈને જાત, પણ આવું નહોતું કરવું.'

ગુલાબખાંની આંખમાં ખુન્નસ ઊભરાયું અને લાલચોળ બની હોઠ પીસી રહ્યો. વૃદ્ધે હસતાં હસતાં લૂગડું સમુ ઓઢાડયું: 'બેટા! સૂઈ જા.'

વૃદ્ધના મમતાભર્યા શબ્દે એના ઘાને શાન્તિ આપી. એનાથી હસતાં હસતાં બોલાઇ જવાયું: 'મારા બાપની આબરૂ મને......'

ડોસો અને કાળુખાં એકબીજા સામે તાકી રહ્યા. જાણે કોઈ જગજૂની વાત સંભારતા ન હોય!

'કાળુખાં! મેં નહોતું કહ્યું?'

ને કાળુખાંના ચહેરા ઉપર હર્ષની સુરખી આવી ગઈ. એના હૈયામાં આજે ગુલાબખાંના જન્મ વખતનો આનંદ ફરી વખત ઊભરાયો. ચમકતી આંખો વડે તે ડોસા સામે તાકી રહ્યો. ડોસાએ સૂતેલા ગુલાબખાં સામે આંગળી કરી ને કહ્યું:

'બાપની આબરૂ...'

સિદ્ધિ

'ગુરુદેવ!' બાળવયના નાનકડા યોગીએ હાથમાંહેનો ચીપિયો ખખડાવતાં ગળે હાથ મૂકી ચાલ્યા જતા ગુરુદેવને બૂમ મારી.

ગુરુ ધ્યાન ચૂકયા ને એમણે ઝબકી જતાં પાછું વાળી જોયું. નાનકડા યોગીને લથડતા પગે પાછળ મહામુસીબતે ચાલ્યો આવતો જોઈ ગુરુનું શિષ્યવાત્સલ્યથી દ્રવતું હૈયું કંપ્યું ને ગુરુદેવ ચીપિયો પછાડી પાસેની વાડના છાંયડે બેસી ગયા.

શિષ્યે નજીક આવી ખભેથી સામાન ઉતારી નીચે મૂકયો ને મોં આગળ હાથનો ખોબો કરી સંજ્ઞા કરી.

'પાણી પીવું છે?'

શિષ્યે કંઠ શોષાઈ જતો હોવાથી ડોકું હલાવી હા કહી ને ગુરુદેવે ઊભા થઈ ચોમેર દૃષ્ટિ ફેરવી. દૂરદૂરથી આવતો કોલુનો અવાજ ને લીલી કંઝાર શેરડીના વાઢ વચ્ચે થઈને ચાલ્યો આવતો ઠંડો પવન એમની ઇન્દ્રિયોને આકર્ષી રહ્યો. પણ જિતેન્દ્રિય પુરુષને એ લાલચ સ્પર્શી નહિ. એમણે શિષ્યને વાઢ બતાવ્યો ને પોતે તે જ જગ્યાએ બેસી ગયા.

ડૂબતો માણસ નાવ ભાળી તેને પહોંચવા ધમપછાડા કરે એમ વાઢે પહોંચી જઈ તૃષા છિપાવવા એ આશાભર્યો અંદર પહોંચ્યો. પાસે થઈને વહેતો ધોરિયો ઉતાવળમાં પગ આવવાથી તૂટી ગયો અને શિષ્ય બેફામ જેવો કોસના થાળા તરફ દોડયો.

'કોણ છે નવતર!' પાસે ઊભો ઊભો કયારો ફોડતો પાણતિયો બબડયો અને યોગીની પાછળ તાકી રહ્યો.

યોગીએ થાળામાં બેસી હાથમોં ધોયાં, પગ સાફ કર્યા અને કૂંડીમાં પગ બોળી બેઠો.

યોગીનાં ભગવાં કપડાં ને ભભૂત જોઈ બળદ ભડકયા અને ખેડૂતનાં છોકરાં ઝબકીને ઝૂંપડીમાં પેસી ગયાં. ખેડૂતને થયું કે આ પલા જાય તો ઠીક. પણ તેને જવાનું કહી શકયો નહિ.

યોગીરાજે તો રમતો કરવા માંડી ને બળદ ભડકાવ્યા. પાસે ગેમેલી માથાઢંક શેરડી જોઈ એક સરસ સાંઠો લેવા આખો કયારો મૂંદી નાખ્યો, તે જોતાં જ ખેડૂતની આંખ ફરી ગઈ પણ તેણે ગમ ખાધી. એના મનમાં થયું કે હશે જોગી–જતિ છે, એટલે એણે હાક નારી, ને એનો સાથી હાથમાં કોદાળી લઈ વાઢમાંથી દોડતો આવ્યો.

'શું છે પટેલ ?'

'આ જોગીરાજ પધાર્યા છે. એમને શેરડીનો સાંઠો લાવી આપ.' ને એણે આંખ મિચકાવી. જોગીરાજ મલકયા. એમની દાઢમાં સળવળાટ થયો. સાંઠો લેવા ખેડૂતની પાછળ કોસ તરફ તે ગેપડયા. કોસ હાંકનારો પાછળ તાકી રહ્યો. તેણે ધીમેથી બળદની પીઠ પસવારી અને વરત ઉપર બેસી બળદનું પૂંછડું આંબળી ડચકારો કર્યો. બળદ પૈયમાં આગળ વધ્યા ને એનું હૈયું હેઠે બેઠું. એને થયું કે 'લપ ગઈ.'

ચોમેર પડેલી શેરડીના ઢગલા જોઈ યોગીની આંખમાં સપોલિયાં રમવા માંડયાં. આ સારો સાંઠો કે પેલો એ નિર્ણય કરવામાં એમનું ચિત્ત ચોટયું અને સાથીએ આપેલ સાંઠો હાથમાં લઈ ફેંકી દીધો. સાથી જોઈ રહ્યો ને યોગીએ બીજો સાંઠો ઉપાડયો. એમ આખો ઢગલો ફેંદી નાખ્યો તોપણ યોગીરાજને એકે સાંઠો ગમ્યો નહિ.

પટેલની આંખ લાલ થઈ. સાથીને મહેનત બધી ધૂળ થતી જોઈ ગુસ્સો આવ્યો ને એણે યોગીનું બાવડું ઝાલી પાછળ

ખેંચ્યો, 'જોગીરાજ, આઘા ખસો. ચાલો, એકને બદલે સાંઠા આપું.'

યોગીનું સ્વમાન ઘવાયું. એણે ત્રાડ મારી, 'શું કહ્યું?'

ધ્રૂજતા પટેલે હાથ જોડયા: 'બાપુ......'

જોગીરાજનો ક્રોધ વધતો ગયો. જ્યારે સામો માણસ કરગર માંડે છે ત્યારે ગુસ્સો સમવાને બદલે વધે છે, એમ જોગીરાજ પણ પોતા સ્વાસ્થ્ય ગુમાવી કંપી ઊઠયા.

પછી તો જેમ જેમ પટેલ તેમને વિનવે–કરગરે, તેમતેમ પટેલન નબળાઈ દેખી યોગીએ ગાળોનો પ્રહાર શરૂ કર્યો. આખા વાડમ કોલાહલ મચી ગયો. અડઅંગ ગણાતા અભણ દાડિયાં પણ આ જો શક્યાં નહિ. પાસે જ પડેલા તરવારની ધાર જેવી પણુછ લઈ એમાં યોગીના લંગોટીભર ઉઘાડા શરીર ઉપર પ્રહાર કર્યો. તેનું આખુ શરીર ઉઝરડાઈ ગયું, ને લોહીનાં ટસિયાં ફૂટયાં. માર અને બળતરા લીધે ત્રાસ પામી યોગી જીવ લઈને નાસી છૂટયો. પાછળ દાડિય ઓનો ખડખડાટ હાસ્યનો પડઘો પડયો: 'શેરડી...બાવા...શેરડ ...લેતો જા! લેતો જા! લંગોટા.'

'મારી નાખ્યો...' કરતો યોગી પોતાના ગુરુદેવ ગુલાબપરી પાસે આવીને પગમાં પડયો. ગુરુ ચમકયા ને પગ ખેંચી લીધા.

'કોન? જીવનપરી?'

'ગુરુદેવ...!'

'કયું? ધ્રૂજતે કયું હો?'

'મારી નાખ્યો...'

ગુરુની આંખ ચમકી. એમણે વિચાર કર્યો, 'આટઆટલ

વર્ષોથી હું આ ભૂમિ ઉપર વિચર્યો છું. કદી પણ કોઈ ખેડૂતે કે લૂંટારે, કોઈ રાજાએ કે સિપાઈએ મારા શિષ્યોને રંજાડયા નથી; ને મારા પ્રભાવથી કોઈનું આંખમાથું દુઃખે પણ નહિ. આ શું!'

'મારા તપની શિથિલતા હશે?' એમ કલ્પી એમણે ઊંચી આંખ કરી ને સામેનું લીલુંછમ ઝાડ ઊભું ને ઊભું કાળું થઈ ગયું. શિષ્ય ચમકયો. ગુરુએ સંતોષનો દમ મૂકયો.

'બચ્ચા, કાયકુ મારા?'

'શેરડી...' મહામુસીબતે એણે ઉચ્ચાર્યું.

ગુરુએ જોયું કે આ ઊછરતા જુવાને પોતાના પદની મહત્તા પિછાની નથી, ગૌરવવંતો આ ભેખ એને રૂંવેરૂંવે પ્રજ્વળ્યો નથી, ને પ્રાણીમાત્ર ઉપર અનુકંપાનો મંત્ર એની નસેનસે ધબકારા મારતો નથી. એવા આ યુવાનને ખેડૂતો જોડે રંજાડ થઈ લાગે છે. એમણે ઊંડો વિચાર કરી કેટલાક પ્રશ્ન કર્યા ને ભોળો શિષ્ય માની ગયો.

ગુરુ હસી પડયા. 'બચ્ચા? તેરા દોષ...'

'ગુરુદેવ! મેં માર ખાધો......'

'મેં કયા કરું?'

'ગુરુદેવ! મને પછી કોણ ગણશે? ને આપનું ગૌરવ કયાંથી રહેશે!'

'બચ્ચા! તેરી સિદ્ધિ વહ મેરી મહત્તા, ઔર તેરા પ્રજાપ્રેમ વહ મેરા ગૌરવ' કહી ગુરુ ઊભા થઈ ચાલતા થયા. શિષ્ય ગુરુની પછવાડે નીચું જોઈ ધીમે ડગલાં ભરવા લાગ્યો. એના હૈયામાં અનેક ગડમથલો શરૂ થઈ. એને રૂંવેરૂંવે વેર પોકારતું હતું. એની નસે નસે મારું કે મરુંના ધુંધવાયેલા ક્રોધના ધબકારા ગર્જતા. એની લાલચોળ આંખો આજે એક જ દૃશ્ય જોઈ રહી. એના હૃદયમાં એક જ શબ્દ ઘોળાઈ રહ્યો હતો; વેર! વેર! વેર!

ગુરુદેવ પાસે રાવ ખાઈ પોતાના વેરની તૃપ્તિ અનુભવવાની આકાંક્ષા અકાળે મરી ગઈ અને અડધો દબાયેલ ઊભરો જેમ

વાસણને અફળાવે તેમ એના કોઠામાં ઘૂમરાતી મારની પીડા એને ઉશ્કેરી મૂકતી હતી. એના મગજમાં અચાનક એક દશ્ય આવ્યું ને ચહેરા ઉપર હાસ્ય આવી ગયું. એણે નજર લંબાવી, ને જુએ તો ગુરુ દૂર નીકળી ગયેલા. જીવનપરીએ હડી કાઢી. એણે ગુરુને આંબી જઈ અડધો સંતોષ અનુભવ્યો અને પોતાના વેરનો બદલો લેવાની એણે સાંકળ રચવા માંડી.

'ગુરુદેવ!' પગ દાબતાં દાબતાં જીવનપરીએ ધીમેથી દબાતા હોઠ ફફડાવ્યા.

ગુરુ ચોંક્યા: 'કયોં બચ્ચા?"

જીવનપરીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તે બોલી ન શક્યો, પણ ડૂમો ભરાયો ને આંખમાં અશ્રુધારા ઊભરાઈ. ઊનાં આંસુનું એક ટીપું ગુરુના પગ ઉપર પડ્યું, એટલે ગુરુ ચમક્યા: 'કયોં બચ્ચા? રોતે કયું હો?'

'ગુરુદેવ! આપની સિદ્ધિ માટે...'

'ક્યું?'

'આપની પછી એ સિદ્ધિનો ઉપયોગ...'

ગુરુ ચોંક્યા. શિષ્યનું ઉંડાણ માપવા એમણે પ્રયત્ન કર્યો, પણ અંધારામાં શિષ્યના ચહેરા ઉપરના ભાવો વાંચી શકાયા નહિ. શિષ્ય ગુરુની સિદ્ધિઓ લોકના કલ્યાણ માટે માગતો હતો કે પોતાના વેરની તૃપ્તિ માટે, એ સંદેહ તેમના હૈયામાં ઊપજ્યો. પણ વાત્સલ્યના અમીએ એમને ટાઢા હિમ બનાવી દાબી દીધા.

ગુરુ હસ્યા: 'બચ્ચા... !'

શિષ્યે પોતાનો પાસો સવળો પડતો જોયો. અક્ષરે બોલ્યા

વગર એણે પગ દાબવા માંડયા. ગુરુ એ મૌન જીરવી શકયા નહિ. એમણે ઊઠી શિષ્યનું કાંડું પકડયું: 'બચ્ચા...કયા હય?'

'ગુરુદેવ! સિદ્ધિ...'

'કૌન સી?'

'ગુરુદેવ! તે દિવસ ઝાડ ઉપર અજમાવી હતી...'

ગુરુ વિચારમાં પડી ગયા. પણ પુત્ર ભમે તેવો નીકળે, એના વિચાર વગર બાપ જેમ પોતાની સમૃદ્ધિ સોંપે-એમ, પોતાની પ્રખરતાને લીધે ભાવિનો કશોય વિચાર કર્યા વગર એમણે એ સિદ્ધિ શિષ્યને બતાવી.

છ છ મહિનાની તપશ્ચર્યા પછી ગુરુએ બતાવેલી સિદ્ધિ શિષ્યે પ્રાપ્ત કરી. ફૂંક મારી ઊડતાં પંખી ઉતારી પાડયાં, ને ઝાડનાં થડ સમૂળાં ઠૂંઠાં બની ગયાં. જીવનપરીએ પોતાનું સ્થાન હવે સ્થિર જોયું. લોકો ઉપર પોતાનો પ્રભાવ પડશે ને પોતે ગર્વભેર લોકોને દબાવી શકશે એ ઉન્માદે એ અર્ધગાંડા જેવો વિજયના નશામાં ફરવા માંડયો. એણે પોતાનાં જૂનાં વેર યાદ કર્યાં.

એણે પોતાના નિવાસની મેડી ઉપર ચડી દૂરદૂર નજર લંબાવી ને પીપરિયાનાં કિલ્લોલતા ખેડૂતોની સ્વપ્નસૃષ્ટિ એની સામે ખડી થઈ. વાઢ, શેરડી ને પણછા નજરે દેખાયા, અને એણે પોતાના અર્ધનગ્ન શરીર પર હાથ ફેરવ્યો. જાણે ગઈ કાલે જ હજુ પણ તાજા ઉઝરડા થયા હોય એમ એને દુઃખ થયું. એણે ક્રોધથી કંપી ઊઠતાં ફૂંક મારી. બળુંબળું કરતી એ તેજુલેષા આખા પીપરિયા ગામ ફરતી ફરી વળી, ને ત્રાસ પોકારતા વૃદ્ધો, ચીસો નાખતાં બાળકો, કોલાહલ કરતી સ્ત્રીઓ ને રાડો નાખતા ખેડૂતો ગામમાંથી મહામુસીબતે જીવતાં નીકળ્યાં. એ અગ્નિની જ્વાળા ગગનને

અજવાળતી. તે જોઈ ઉલ્લાસતો જીવનપરી આજે પોતાના વૈરની તૃપ્તિ અનુભવી રહ્યો હતો.

બબ્બે વખત અગ્નિદેવનું ભોગ પીપરિયું થઈ ગયું. ત્રીજી વખતે મહામુસીબતે વસેલું પીપરિયું સમૃદ્ધ થતું હતું. તે વખતે ગુરુદેવ સમાધિસ્થ બેઠા હતા. અંધારી રાત હતી ને વૈરની ધૂનમાં અંધ બનેલ જીવનપરીએ બારીએ આવી ફૂંક મારી. ત્રાસ પમાડતી વીજળી જેવો એ અગ્નિ છૂટતાં જ ગુરુની આંખ ઊઘડી ગઈ. એમણે પોતાની સિદ્ધિ નષ્ટ થતી જોઈ, ને બારીએ આવી જુએ તો વૈરમાં પાગલ બનેલ જીવનપરીને ઓળખી ગુરુના હૈયામાં ધ્રાસકો પડ્યો. દૂર નજર લંબાવીને જુએ તો પીપરિયા ગામમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળતી જોઈ. ગુરુને ભૂતકાળ યાદ આવ્યો. એટલામાં જીવનપરીનું નફ્ટ હાસ્ય સંભળાયું. ગુરુએ બે હાથ આંખો ઉપર દાબી દીધા. એમનાથી જોયું ગયું નહિ. એ તરત જ પાછા ફર્યા.

દાદર ઊતરતાં ગુરુનાં પગલાં સાંભળી જીવનપરી સાવચેત બની ગયો. તે દોડી નીચે ગયો. જઈને જુએ તો ગુરુ જીવતાં પૃથ્વીમાં સમાઈ જવાની તૈયારી કરતા હતા. જીવનપરીએ ગુરુની હાય સાંભળી —'કુલાંગાર...મારી સિદ્ધિનો આ ઉપયોગ?...એનું પ્રાયશ્ચિત...તો મારે જીવતાં સમાઈ...જ...વું.'

ગુરુએ જીવતાં સમાધિ લીધી. આખરે જીવનપરીને પોતાની ભૂલ સમજાઈ: ઈશ્વરદત્ત સિદ્ધિ તે લોકોના કલ્યાણઅર્થે છે, ભક્ષણઅર્થે નહિ; પોતાના વેરની તૃપ્તિઅર્થે નહિ. સિદ્ધિનો ખરો અર્થ આજે એ સમજ્યો, પણ હવે તો બહુ જ મોડું હતું. એના પશ્ચાતાપનો પાર રહ્યો નહિ. જીવન અને સિદ્ધિ એને અકારાં થઈ પડ્યાં. એના હૈયામાં ગુરુદ્રોહનું પાપ નિરંતર જલ્યા કરતું. અજંપામાં એ દેહભાન ભૂલી ઉલ્ડાબેગું બન્યો અને છેવટે તેણે પોતાના પાપનું પ્રાયશ્ચિત કર્યું. ગુરુ પાછળ એણે જીવતાં સમાધિ લીધી. લોકો જોઈ રહ્યા. સમાધિમાંથી ઊંડેઊંડે સંભળાતું હતું: સિદ્ધિની મહત્તા લોકોના કલ્યાણઅર્થે છે.

તોપના ગોળે

'મા! મા! મારાથી આ બધું હવે જોયું જતું નથી. યૌવનને આંગણે પગ મૂકતાં દૂધમલ હરભમે પોતાની મા પાસે કેટલાય દિવસથી સાંભળેલી વાતો ન જિરવાતાં ઊભરો ઠાલવ્યો.

તે મેર જાતનો યુવાન હતો. એના બાપદાદાએ અનેક યુદ્ધો જોયેલાં ને સમરાંગણ ખેલેલાં. એ લોહીમાંથી ઉત્પન્ન થયેલ હરભમ બાપદાદાનાં વેર જીરવી શક્યો નહિ. એની ખોટીએ ખોટી કંપી ઊઠી. એને રૂંવે રૂંવે ઝાળ પ્રગટી. એણે 'માર માર'ના પોકાર વચ્ચે સળગતી આંખના અંગાર ઉપર ઝળઝળિયાં લાવી હૃદયની વ્યથા ઠાલવી.

'દીકરા! એ વાત સંભાર્યે હવે શો દહાડો વળવાનો?' માએ દીકરાનું પાણી માપવા માંડ્યું.

'મા! મા! મને નામર્દ ન બનાવ! તારું દૂધ પીને ઉછરેલ મેર નમાલો પાકે તે દી મારો બાપ મને સ્વર્ગમાંથી ફિટકાર આપે!'

'બેટા! બેટા...'

માતાને ભાઈ અને ધણી યાદ આવ્યા. વર્ષો પહેલાંની વાત આંખ આગળ તરવરવા લાગી. ભાયાતોની શિખવણી અને ધર્મનો ભોગ થઈ પડેલ પિયરિયાં, તેમને પડેલાં દુઃખ અને જે જમીન ઉપર પોતાનાં નાનકડાં પગલાં પાડી મજા માણેલી તે ભૂમિ પર ગ્યાને ભોગવતા જોઈ એને રૂંવે રૂંવે વીંછીના ડંખ સમી વેદના ઊભરાઈ ચાલી. એની નસમાં ઝપાટાબંધ લોહી ફરવા લાગ્યું. એ બોલી ન શકી.

દીકરે ભીંતે લટકતી તલવાર ઉપાડી. ગળે ડૂમો ભરાવાથી કોટી કાઢી નાખી ને એને છંડવવા જાય ત્યાં તો માએ દોડીને પોતાના દેવ જેવા દીકરાને પાછળથી ઝાલી લીધો: 'બેટા ! બેટા...રહેવા દે...'

ભાવિના ભણકારા એના કાનમાં ગૂંજ્યા, 'હજુ ઊગીને ઊભો થયો ત્યાં ઝાટકાની વાતો શી? ને એ બાળકનું ગજું...?'

સાવજનું બચ્ચું લાખો શિયાળ વચ્ચે ગર્વભેર સોંસરવું નીકળી જાય એ વાત માતૃત્વથી ઊભરાતા હૈયામાં આવીને સરી જતી. એનું મન સ્થિર થતું નહિ. 'રખેને...!' એને અમંગળ શંકાઓ જંપવા દેતી નહિ. હૃદયમાં ઉલ્કાપાત મચ્યો ને માએ આંખમાંથી આંસુડાં સાર્યાં.

હરભમ મા સામે જોઈ રહ્યો, નહિ સધવા ને નહિ વિધવા એવાં કપડાં પોતાની મા કેમ પહેરતી હતી એ પ્રશ્ન વારંવાર એના હૃદયમાં ઊઠતો ને હૈયું ખળભળી ઊઠતું, લોકપરંપરાએ બાપ અને મામાની વાતો સાંભળી એને ઊંડાઊંડા મર્મના ઘા વેદના આપતા.

માની આંતરવેદના પાછળ રહેલું ગુપ્ત રહસ્ય ઉકેલવા તે કેટલાય દિવસથી આતુર બની રહ્યો હતો. એનું ચિત્ત ચકડોળે ચડતું ને એ શૂન્ય બની જતો. છેવટે એણે એક વૃદ્ધ પાસેથી જૂની વાત મેળવી. 'બાપ ! તારો બાપ તો બહારવટે મરાણો.' વૃદ્ધે દબાતાં દબાતાં હોઠ ફફડાવ્યા.

'અદા ! મારા બાપુ ! કોને બહારવટે ?'

'તારા મામાની જમીન રાજ્યે આંચકી લીધી. તે જુવાને રાજ્યને હાકલ પાડી. ને તારો બાપ એને પડખે જઈ ઊભો. એ વાત તો આજેય ઘણા જાણે છે.'

'પણ અદા ! મારી મા આવાં લૂગડાં કેમ પહેરે છે.'

વૃદ્ધ ડોસો હસ્યો, તે સાથે એના માથા પરનાં પળિયાં હસતાં હોય એમ ઊગતા સૂર્યનાં કિરણોમાં ચળકી રહ્યાં.

'બા, એ તો તારી માનાં નીમ !'

'ત્યારે એ નીમ હું પૂરાં કરાવું,' કહી જુવાન ઊઠ્યો. તેની પીઠ પાછળ ડોસો તાકી રહ્યો, અને જેવો આંગણામાંથી જુવાન બહાર નીકળ્યો કે તરત જ ડોસાના હોઠમાંથી ગણગણાટ સંભળાયો: 'એય છે તો એના બાપનો દીકરો'

માણસને કોઈ ગુપ્ત વાત મળતાં એક ઊંડા જળમાંથી મળેલ જવાહર જેવી ભાવના ઊપજે છે, આનંદ કે શોક એ તો સમુદ્ર-મંથનમાંથી નીકળેલા અમૃત અને ઝેર જેવી વાત છે. પણ સહુ પોતપોતાના મંથનમાંથી પોતાને યોગ્ય વસ્તુ તારવી લે છે. યુવાનને વાત સાંભળતાં રૂંવેરૂંવે પોકારો ઊઠતા, એની આંખોમાં મોસાળ અને ધીંગાણાં, વિધવા મા અને પોતાનું બચપણ વિચારવમળમાં જકડી નાખતાં. એમાંથી બચવા જેમજેમ એ પ્રયત્ન કરતો તેમતેમ તે વધારે ને વધારે અટવાઈ જતો. છેવટે મા પાસે એણે ઊભરો ઠાલવ્યો, ને બાપનું વેર લેવા તલસી રહેલા જુવાનને એની માએ ઘર છોડતો રોક્યો.

'બેટા ! આ હજી કાલ સવારે આવી છે એની સામે તો જો !' માએ બારણામાં ઊભેલી નવવધૂ સામે હાથ લંબાવ્યો. બારસાખ ઝાલીને ઊભેલી લાલ લાલ હીંગળા જેવી લોહીભરેલી નમણી મેરાણી તીરછી નજરે પોતાના કોડીલા કંથને આજે રણે ચડતો નીરખી રહી હતી. યુદ્ધે જતા અભિમન્યુને ઉત્તરા કેટલાય અકથ્ય ભાવભરી આંખે નિહાળી રહી હશે !

યુવાને પરણેતર યાદ કર્યાં, જીવનની મોજ સંભારી, પણ એકે પ્રલોભન એને સ્પર્શી શક્યાં નહિ. ચિંતા અને વેદના એની આંખના પડળ આવરી રહ્યાં હતાં.

'બેટા ! બેટા . . .' માતાના માતૃત્વથી ઊભરાતું હૈયું કંપી ઊઠ્યું ને યુવાનનું હૈયું દ્રવી ગયું.

'મા...'

'આજે રોકાઈ જા. વળી મોકો આવ્યે જોઈ લેજે,' ને યુવાને ઉપાડેલી તલવાર ભીંતે લટકાવી.

'અમ્મા ?...' કહેતી માએ ઓશિયાળે મોંએ ભીંતને અઢેલી પાસે પડેલા ચાકળા ઉપર પડતું મૂક્યું.

ઓરડામાં સરી જતી મેરાણી થડકતી છાતીએ આમતેમ ઘૂમી રહી.

'ભાગો, ભાગો...'ની બૂમ પડી અને ગોકીરો થતાં માણસો નાઠાં.

'પણ છે શું ?' કહેતા કેટલા જુવાનો ભાગતા માણસો પાછળ દોડતા દોડતા પૂછવા મંડયા. જ્યારે માણસો ભાગવા માંડે છે ત્યારે વિચાર નથી કરતા કે પોતે પણ શા માટે નાસી છૂટે છે. બસ, એ વખતે તો એક જ પવન ફૂંકાય છે: 'ભાગો...ભાગો...'

'અરે ઝાટકા ઊડયા !' કોઈકે પાછળથી હાંફતાં હાંફતાં જવાબ વાળ્યો.

'હેં ! ક્યાં ?' કહેતાં જુવાન થંભ્યા. મેરના મેળામાં લાખો માણસોની મેદની વચ્ચે ટોળું થાય ને જુવાનજોધ મેર ભાગે તો તો બાપદાદાની આબરૂ જાય ને ? જુવાનો શરમાઇ ગયા. પોતે કેમ ભાગ્યા એ સમજ્યા નહિ, પણ તરત જ પાછા વળી ગયા. ભાગનાર ટોળું પણ પાછું વળ્યું. ગાડરિયો પ્રવાહ વગર સમજે ઘણી વખત ઓડનું ચોડ વેતરી નાખે છે. સહુને સમજાયું કે ભાંગવામાં ભૂલ થઈ હતી.

હરભમે પોતાના બાપ અને મામાનું વેર લેવા ભરમેળામાં

ઓસાળિયાને ઊભા ને ઊભા રેંસી નાખ્યા. મોઢવાડાના પઓ ને ડોસો પહેલે ઝપાટે આવી ગયા, ને બીજી મદદ આવે તે પહેલાં તો હરભમે હજારો માણસોને 'રામ રામ!' કહી પોતાની ઘોડી મારી મૂકી.

ફળફળ વહી જતાં લોહી વચ્ચે પડેલાં બે મડદાં તરફ લોકો તાકી રહ્યા. દૂરદૂર જંગલમાં પંખી પેઠે ઊડી જતાં ઘોડાં અદૃશ્ય થયાં ત્યાં સુધી એની પૂંઠે મીટ માંડીને કેટલાંય માણસે જોયા કર્યું, પણ એમાં ઝુકાવવાની કે પાછળ ચડવાની કોઈની છાતી ચાલી નહિ.

ઘડીવારમાં દેકારો થયો, પણ 'એ ગયા, એ ગયા!' સિવાય બીજું કાંઈ સંભળાયું નહિ. મોઢવાડાના મોઢાઓ બે લાશોને દેન દેવામાં પરાક્રમ સાચવીને બેસી રહ્યા.

'મામા?'

દોડયે જતા હરભમના કાન ચમકયા, એણે ભાગતા ભાગતા પાછું વાળી જોયું ને પોતાના ભાણેજ માલદેને પોતાનું પગલું દાબીને ધસ્યે આવતો નિહાળ્યો. એના હૈયામાં ધ્રુજારી આવી ગઈ.

'ભાણા! પાછો જા, પાછો જા! તારું કામ નહિ.'

'મામા! એકલો! વાત તો કરવી હતી!'

'તારું કામ નહિ, ભાણેજ, મને મારું ફોડી લેવા દે,' કહી મામે ભાણેજને પાછા વળી જવા આગ્રહ કર્યો.

'મામા...!' વેદનાભર્યો ભાણેજ પાછું વળવાનું સાંભળતાં ઢીંગરાઈ ગયો: પોતાના પુરુષાર્થ ઉપર મામાને વિશ્વાસ નથી કે એના જીવનની સલામતી માટે દગાની બીક મને હાંકી કાઢવા માગે છે? એ પ્રશ્ને ભાણેજ ગૂંગળાઈ ગયો. એનાં રૂંવેરૂંવાં બેઠાં થઈ ગયાં. 'મામા...તું ને હું સાથે હશું તો એકબીજાને હૂંફ રહેશે.'

મામો ગંભીર બની રહ્યો.

'મોટા બાપુ પણ સોબતે ગયા હતાને?' કહી ભાણેજે ઘોડાને આબડયો. મામો ચમક્યો. પોતાના બાપ અને મામાએ ધમરોળ વાળેલો તે યાદ આવ્યો; પણ 'બહેન શું કરશે!' એ વિચારે એ મડદાલ જેવો બની રહ્યો,

'મામા! એ છીએ, પછી બો શો?'

'પણ......'

'કાંઈ નહિ,' કહેતો ભાણેજ ઘોડા ઉપર રંગવાળી મામાના ઘોડા પાસે ગયો ને એક ચાબુક ફટકારી. બન્ને ઘોડાં છલાંગો દેતા ડુંગરાની ગાળીમાં પૂંછડાં ઉલાળતાં છલંગો મારતાં નાઠાં.

મામા ને ભાણેજની ધાકે રસ્તા બંધ થયા, સીમ ઉજ્જડ બની, અમલદારો ત્રાસી ગયા, અધિકારીઓ કંપી ઊઠયા ને જીવનની સલામતીના વિચારે કેટલાય ઘરમાં બેસી રહેવા લાગ્યા. રાત્રે સૂવે ત્યારે ફફડાટ થાય ને સવારે ઊઠે ત્યારે જીવ્યા એમ માને! મામા-ભાણેજની ધાક અમલદારોનાં કલેજાં ફફડાવી રહી હતી.

કેટલીય વખત આ બહારવટિયાને પકડવા વસટ ગયેલી ને કોઈ કોઈ વખત ભેટભેટિયાં થઈ જતાં ઝાટકા ઊડેલા પણ ખરા. માલદેવ એક ધીંગાણામાં કામ આવી ગયા, પછી મામાને મન જીવન ખારું થઈ ગયું હતુ. મા મરી ગયાના સમાચાર સાંભળી હૃદય ઉપર સખત આઘાત થયો હતો. હવે 'મારું કે મરું'ના વિચારે હરઘમ જંપતો નહિ. દી ને રાત રખડયા કરે. ભૂખ્યો થાય ત્યારે એક જીભની માનેલી કાઠિયાણી બહેનને ત્યાં જમી લે ને સોનામહોરના ઢગલા કરી ન્યાલ કરી દે. એને હવે ધન-માલ-મિલકતનો મોહ ન હતો. સંસારમાં માયા રહી ન હતી. સગાંસંબંધીની મમતા અને દુનિયા ઉપરની આસક્તિ એણે વિદારી હતી.

એને પોતાની પાસેનું લૂંટીને એકઠું કરેલું પુષ્કળ નાણું બોજા જેવું થઈ પડયું હતું. અને પ્રભુએ જાણે આદેશ કર્યો હોય, પોતે કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરતો હોય એમ એ માધવરાયને મંદિરે આવી પોતાના સોબતીઓની કિલ્લેબંધી વચ્ચે બ્રાહ્મણો જમાડી ગયો. હજારો સોનામહોર દાનમાં વહેંચી ગયો, ને દયાર્દ્ર હૃદયે પ્રભુને ચરણે માથું મૂકી ગયો.

પણ કાળ તો કાળનું કામ કર્યે જ જાય છે. ઘણી વખત પૈસો બહુ ખરાબ કામ કરાવે છે. પૈસાના લાલચુ કાઠીએ પોતાને ઘેર હરભમ આવે છે એવી બાતમી રાજ્યને પહોંચાડી, ને લાગ જોઈ એને ઘેરીને પકડી લેવા ઘસટ આવી. બહેનના હાથે બાજરીના રોટલા ને દૂધ ખાઇને ઊડવાની તૈયારી કરતા હરભમે ઘોડાની હણહણાટી ને દાબડાના પડઘા સાંભળ્યા. એની આંખ ફરકી ને જાણે આખું જીવન હરાઈ જતું હોય એમ પગ ઢીલા થઇ ગયા. 'ભાઈ, નાસી છૂટ !...' કહેતી કાઠિયાણી ઓરડાની સામે ઊભી ઊભી ફફડી ઊઠેલા હૃદયે માંડમાંડ બોલી. પણ હરભમ નીડરતાથી છાતી કાઢીને આવતી ઘસટ સામે જોઈ રહ્યો. એના ચહેરા ઉપર ગાંભીર્ય હતું. જાણે આજે પોતાના લેણદારોનો હિસાબ કરી છેવટના રામરામ કરી લેવાના હોય એમ શાંત ચિત્તે એ ઊડતી ડમરીને નીરખી રહ્યો, ગર્વ ને ગૌરવભર્યા ચહેરે એણે આવતા ભયને જોયા જ કર્યું.

હરભમે હથિયાર પકડયાં. અનેકને મારતો, પછાડતો ને હઠાવતો એ ઘસટ વચ્ચેથી સડસડાટ નીકળી ગયો, પણ એને પડેલા અનેક ઘાને લીધે એ નાસી છૂટી શકયો નહિ. એની દોડવાની શક્તિ અલોપ થઈ ગઇ. પાછળ પડેલા સિપાઇઓથી ઘેરાઈ જતાં એ પકડાઇ ગયો.

રાજ્યે એને દેહાંતશિક્ષા ફરમાવી.

'મારા દેહની મમતા મને છે ?' કહી લાલ ડોળા ઘુરકાવતો હરભમ સામે ઊભેલા અમલદારને ટીકી રહ્યો. ચોમેર ઊભેલી જીવતી

ચોકી અને લોહશૃંખલામાં જકડાયેલ હરભમ સર્વના હૃદયમાં ત્રાસ પમાડી રહ્યો હતો. આટઆટલાં બંધન છતાં લોકો દૂરદૂર ઊભા હતા.

'અમલદારો એ જકડાયેલા બહાદુર પુરુષ ઉપર જાણે વેર લેતા હોય એમ મોંફાટ હસતા ને પોતાના દિલને રાજી કરતાં; પણ એક જ તીરછી નજરે હરભમનાં લાલચોળ નેત્રો હજુય તેમનાં દિલને કંપાવી મૂકતાં.

ગોલંદાજે તોપને લૂછી નાખી. દારૂગોળો ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યો ને જામગરી ચાંપવાની વેળાએ દૃષ્ટિ પહોંચે નહિ એવા વિશાળ પેટવાળા છતાં નાગરાજની પેઠે ભયંકર ફૂંફાડા મારતા, ઘૂઘવાતા રત્નાકરે ભયંકર પછડાટા માર્યાં. પોતાની નજરે એક વીરપુરુષનું બલિદાન દેવાતું જોઈ એ ગુસ્સે થયો હોય એમ એણે ભયંકર ઉલ્કાપાત મચાવ્યો ને ટોળે વળેલાં અનેક સ્ત્રીપુરુષનાં હૈયાં કંપી ઊઠયાં.

'સબૂર !' પ્રચંડ અવાજને પડકારે હરભમે સાંકળે જકડાયેલા હાથ ઊંચા કર્યા.

ગોલંદાજ થંભ્યો, અધિકારીઓ ચમકયા, ને લોકોમાં કોલાહલ ઊઠયો. મેદની ભયભીત બની જઈ આઘીપાછી ખસવા લાગી.

'એવા માણસના હાથે મરવા કરતાં હરભમ જાતે જ મરશે. એ બાયલો છે એવું જરાય ન માનતા,' કહેતો એ આગળ ધસી આવ્યો. તેને નજીક આવતો જોઈ તોપચી બે ડગલાં પાછો ખસી ગયો. એના હાથમાંની જામગરી નીચે સરી પડી. ધસી આવતા હરભમે એ ઉપાડી લઈ ખડખડ હસતાં તોપના ડારમાં દારૂ સાથે ચાંપી દીધી. જાણે એક અડગ યોદ્ધો મોતની સામે નીડરતાથી છાતી કાઢી ઊભો હોય એમ હરભમ ઊભો હતો. એના ચહેરા પર તેજ ઝળહળતું હતું.

ધડાકો થયો ને વીરપુરુષના રાઈરાઈ જેવડા ટુકડા ઉછળીને સમુદ્રના ઊછળતા જળમાં વીખેરાઈ ગયા. જળનિધિ જીવનઆહુતિ અર્પનાર એ મર્દની મર્દાનગી ઉપર અશ્રુ સારતો હોય એમ એના ઊડેલા જળનો છંટકાવ કરી રહ્યો.

મૈત્રીની ગાંઠ

'જાય એને મારા સમ,' કહેતી ઓસરીની કોરે ઊભેલી આયરાણી પગથિયું ઊતરી ગઈ, અને પેંગડે પગ મૂકી ઘોડે રાંગ વાળતા આયરના ઘોડાની વાઘ પકડી લીધી : 'ઘરની લાજ લેવી છે?'

'ના. હવે અત્યારે તો નહિ રોકાઉં. મારો ભાઈબંધ ઘેર હોત તો વળી જોયું જાત.' કહી એણે ઘોડું પલાણ્યું.

'પણ ઘર કંઈ તમારા ભાઈ સાથે નથી લઈ ગયા ને?' આયરાણીએ સવારની સામે મીટ માંડી, અને એમાંથી નીતરતા આતિથ્યના ઓઘ પીપી ધરાઈ જતો હોય એમ સવાર લેવાઈ ગયો. એણે સરક મૂકી દીધી અને નીચે ઊતરી ગયો.

ગઢ જીતી હોય એવા આત્માના ઉલ્લાસ અને ગૃહિણીનાં ગૌરવને ભરી આયરાણી રસોડે પેઠી ને ધમકારામાં કંસારનાં આંધણ મૂકી દીધાં.

ભાઈબંધ કરતાં સવાઈ રીતે સાચવીને એણે મહેમાનની પરોણાગત કરી. મહેમાન મોંમાં આંગળી ઘાલી ગયો. એનાથી બોલાઈ જવાયું: 'વાહ! ભોજાને ભાગ્ય પ્રમાણે ઘરવાળી પણ મળી છે ને! ગયે ભવ પુણ્ય કર્યાં હશે તે આ ભવ આવી અન્નપૂર્ણા મળી.'

ઊંબરે ઊભેલી આયરાણી શરમાઈ ગઈ. પોતાનાં વખાણ સાંભળી માણસ ઘણી વખત લજવાઈ જાય છે, એમ એ મલકાતી ઓરડામાં સરી ગઈ. મહેમાની માણી સવાર પોતાને રસ્તે પડ્યો.

ભોજો અને પિઠાત બે જીવજાન મિત્રો. ભોગજોગે આવી

ચડેલા પિઠાત ભોજાની મહેમાનગતિ માણ્યા વગર જાત તો જિંદગી-ભરનું મહેણું માથે રહી જાત, એવું આયરાણી સમજતી. એણે એવો ટુંબો ટાળવા મહેમાનને રોકી પરોણાગત કરી, અને હૈયામાં વેજી માટે માન અને હેત લાદીને પિઠાત ઘેર ગયો.

વેજીના હૈયામાં પિઠાતનું સૌન્દર્ય અને શૌર્ય રમી રહ્યું હતું. પોતાના ભાઈ જેવો પિઠાત આજ મહેમાન થયો એ એને મન મોટા ગૌરવની વાત હતી.

માણસોને આખા દિવસના રટણનાં સ્વપ્ના આવે છે, અને નજરે કદી ન જોયો હોય એવા પ્રદેશમાં વિહરતા હોઈએ એવી ભાવનાનાં પૂર ઊમટે છે. વાસનાના દેહે આનન્દમાં કિલ્લોલતા આપણાથી સદેહે એ ભાવો ઊતરી જાય છે.

વેજીના હૈયામાં આતિથ્યના ગૌરવ ને ગૃહિણીની કામેલિયતને અંગે પિઠાત ઉપર પાડેલી છાપ એને જંપવા દેતી નહિ. પિઠાતનું શૌર્ય અને સૌંદર્ય એના આત્માને હિલોળે ચડાવી રહ્યું હતું. પતિના ભાઇબંધને પોતાનો ભાઈ માની આજે એ પોરસાતી હતી. પડખામાં સૂતેલ પતિના મિત્રના ગૌરવે એ વિચારવમળે ચડી. તંદ્રામાં એને બલકારતી હોય એમ એ બોલી ઊઠી, 'વાહ, પિઠાત, વાહ!'

તંદ્રામાં પડેલો ભોજો ચમકી ઊઠ્યો: 'પિઠાત આવ્યો?' મિત્રના હેતથી તરબોળાતો ભોજો મિત્રને ભેટવા કૂદી પડ્યો. ખાલી ઓરડામાં ભીંતના ગોખલામાં મૂકેલો એરંડિયાનો દીવો એને હસતો હોય એમ ડોલી ઊઠ્યો ને બે માનવજીવો સિવાય કાંઈ દેખાયું નહિ.

વેજીના મુખ પર હાસ્ય છવાયેલું જોયું. એના હૈયામાં ઊપડતા નિર્દોષ ભાવો ચાડી ખાતા. બંધ આંખમાંથી પોપચાંના દ્વાર અધ-ખુલ્લાં કરી ઊભરાઈ નીકળતો ઉલ્લાસ એણે નિહાળ્યો. એ તાકી રહ્યો. પોતાની સ્રી પરપુરુષનો સ્વપ્ને પણ વિચાર કરે એના જેવું કાતિલ ઝેર બીજું એકે નથી.

એ ઊભો ને ઊભો સળગી ગયો. એને રૂંવેરૂંવે વેર પોકારી ઊઠ્યું. એણે તલવાર ઉપર હાથ મૂક્યો ને વેજીએ પાસું બદલ્યું.

તલવાર ઉગામી વેજીના બે કકડા કરી નાખવા એનો હાથ ઊંચો થયો ને પ્રીત સાથે તલવારની પીંછી અથડાણી. બેફામ બનેલા ભોજાએ તલવાર ફેંકી દીધી. એમાંયે એણે ઈશ્વરી સંકેત જોયો ને એણે ક્રોધમાં લાલઘૂમ બની ધ્રૂજતાં ધ્રૂજતાં સૂતેલી વેજને પાટુ મારી.

એબાકળી વેજી ઊભી થઈ ગઈ, 'શું છે? આમ કેમ?'

'મારો ખાટલો ત્રણ જણનો ભાર ઝીલી નહિ શકે. નીચે ઊતર!' ગુસ્સામાં કપાળે કરચલી પડી અને આખા ઓરડામાં ગર્જતો વૈરધ્વનિ હૃદયમાં ભયંકર ઉલ્કાપાત મચાવી રહ્યો હતો. તેના પડઘા વેજીના હૈયામાં પડ્યા. કોઈ અનિષ્ટ ભાવના ભણકારા એના અંતઃકરણને ધગધગતા અંગારા પેઠે ચંપાવા લાગ્યા. દરેક શબ્દ એકેક ડામ જેવો એને ડામતો જણાયો.

'હું તો હમણાં જ નાહી છું. ત્રીજું કોણ?' કંઈક હર્ષ ને ચિંતામિશ્રિત વેજી તાકી રહી.

'મારો મિત્ર પિઠાત...' કહી ગુસ્સામાં એ બહાર નીકળી ગયો.

વેજીના હૈયામાં દાવાનળ સળગ્યો. પતિની કદરહીનતા ઉપર તિરસ્કાર આવ્યો. આજ પોતાના સ્ત્રીત્વ પર કલંક મૂકનાર આયર ઉપર એના હૈયામાં રોષ ઊપડ્યો. ત્યાં તો ભોજો આવી એનું કાંડું ઝાલ્યું, અને વેજીને ઢસડીને બહાર ખેંચી ગયો.

એણે ખડકીનું કમાડ ઉઘાડ્યું અને ભયંકર રાત્રિની એ ગોઝારી પળે વેજીને એણે ધક્કો મારી બહાર હડસેલી. પાછળ પોતાની એ ભયંકર આંખો વડે ડારતો ભોજો બારણા વચ્ચે ઊભો રહ્યો. 'પિઠાતનું ઘર માંડજે......' કહી એ પાછળ ખસ્યો. અવાજ કરતું બારણું ધડાધડ દેવાઈ ગયું. એનો અવાજ શેરીના નિર્જન રસ્તા

ઉપર પવનની પાંખે ચડી પૂરઝડપે વહીને દૂરદૂરનાં પાદરોમાં જઈને શમી ગયો.

'પિઠાત! બેડું ઉતરાવ!' ફળી વીંધીને ઓશરીને કોરે આવી ઊભેલી સ્ત્રીએ પિઠાતને હાકલ કરી.

સ્ત્રીત્વનું અપમાન એને હાડોહાડ વ્યાપી ગયું. એનો આત્મા બદલો પોકારી રહ્યો. અપમાનિત માણસ ભાન ભૂલી પોતાનો કિન્નો લેવા આકાશપાતાળ એક કરે છે, અને ઘણી વખત ન કરવાનાં કામો કરી નાંખે છે. વેજીને પોતાના ઉપર લદાયેલું ખોટું કલંક વીંછીના ડંખ સમી વેદના આપી રહ્યું. એના હૃદયમાં વેર પોકારી ઊઠયું. એ સ્ત્રીત્વને વીસરી ગઈ, લોહીતરસી રણચંડી બની ગઈ.

એકલી અટૂલી એણે શેરીઓ વીંધી. પાદરને ખૂંદતી, સીમમાં આથડતી રખડતી વેજી પિઠાતને ઘેર પાણીનું બેડું ભરીને આવી ઊભાં.

ઓસરીની કોરે જ ખાટલા ઉપર બેઠેલો પિઠાત ચમકયો. પરિચિત અવાજે એના હૈયામાં અમી પૂર્યાં. એ હર્ષભર્યો ઊઠયો: 'કોણ?'

'એ તો હું,' કહી વેજીએ મોં ઊંચું કર્યું, અને પિઠાત ચમકયો.

'વેજી?'

'હા.'

'આ શું?' પોતાને મિત્રધર્મ યાદ આવ્યો. વેજીભોજાનું યુગલ આંખ આગળ દેખાયું, વેજી ભાન ભૂલી કે શું? એના હૈયામાં ઉલ્કાપાત મચ્યો. એણે વલોવાઈ જતે હૈયે વેજીની સામે મીટ માંડી.

વેજીનું શરીર ત્રાંબાવરણું થતું જતું. શોક, ક્રોધ, અને નિરાશાથી

ગયેલા દેહને પવન પાંખે આપતો હતો. એ ધમધમી રહી
પઠાતને વેજી ઉપર કોઇ અકથ્ય ભાર લદાયેલો દેખાયો. એ
મૂગો ઊઠ્યો ને બેડું ઉતારી લીધું.

'વેજી? આટલું બધું શું?'

'એણે તરછોડી.'

'કેમ?' પિઠાત કંપી ઊઠતાં માંડમાંડ પૂછી શક્યો.

'તારા લીધે,' કહી આયરાણીએ હૃદય ઉપર હાથ મૂકી દીધો.
હૃદય ધડકી રહ્યું હતું.

પોતે વેજીના આગ્રહથી રોકાયો એનો આવો બદલો ભોગવ
, એવું જાણતાં એના હૈયામાં અનેક વિચારો ઊપડ્યા. બેડું
વા કરતાં વેજીને આશ્રય આપવામાં એણે પોતાનું ગૌરવ
યું.

'મામા! વેર વાળવાનો મોકો આવી પહોંચ્યો છે.' ભાણેજે
ા કાનમાં ફૂંક મારી. કોઈ ભારેલા અંગારા ઉપરથી પવનને
રાખ ઊડી જાય અને અંદરથી લાલચોળ અંગારા ધીખી
મેમ વિસરાયેલાં વેર અને દુઃખ એ ફૂંકે મામાના કાળજામાં
પેઠે ચંપાઈ ગયાં.

એણે તલવારે હાથ મૂક્યો.

'મામા? એમ કાંઈ અહીં બેઠે વેર નહિ લેવાય. બાયડી
જાય ને ધણી ઘેર ચોખા ખાય, એ તો નામર્દની નિશાની,'
શબ્દે શબ્દે ચિનગારી ઉડાડતો ભાણેજ મામાના હૈયાને ઉશ્કેરી
હતો, અને સૂતેલી મર્દાનગી પોતાની ઉપર ચડેલી ધૂળ ખંખે-
હતી.

મામો અને ભાણેજ ધીખી ઊઠ્યા. એમણે તરત જ ઘોડા પલાણ્યા ને એ બેલડી ઊપડી ગઈ.

પિઠાતની માનું ગામતરું હતું તેથી અનેક મહેમાનો દહાડે આવેલા. પિઠાત પોતાના વ્રત મુજબ પાદરે દર્શન કરવા આવ્યો. ચોમેર સૂર્યના વિયોગે કાળા મશ બની ગયેલા દિગપાળો પોતાનાં મોં સંતાડતા હતા. મામો અને ભાણેજ વડલાની નીચે એ ઊતરતા અંધારાના પડમાં લપાતા છુપાતા ઓથું લઈ ઊભા હતા. એમના હૈયામાં અધીરાઈ હતી. જળજંપ્યે પિઠાતના ઘર ઉપર પડી. આજે પોતાનો હિસાબ ચોખ્ખો કરી નાખવા એ ઉત્સુક બન્યા હતા. એટલામાં પિઠાત મંદિરનાં પગથિયાં ઊતરતો દેખાયો.

'મામા! પેલો પિઠાત...' ભાણેજે આંગળી ચીંધી ને ગોઠણભર બેઠેલા મામે ઠેકડો માર્યો. વેરે એને ઉશ્કેરી મૂક્યો. જેના મેળાપે એક વાર ભોજો ગાંડોઘેલો બની જતો એ પિઠાતને આજે જોતાં જ દુશ્મનાવટને જોરે એના હૈયામાં વિષનાં પૂર ઊમટ્યાં. હડી કાઢીને એ પિઠાત ઉપર ધસી ગયો.

પાસે જતાં જ હૈયું હચમચી ગયું. જેને બાથમાં લઈ છાતી ભીંસી નાખી હતી, ભેટીને હાડેહાડના ભાંગીને ભુક્કા કર્યા હતા, એ પિઠાત સામે ઊભો રહેતાં એના અંતરમાં મૈત્રીનાં પૂર વહેવા લાગ્યાં. દુશ્મનાવટના અગ્નિ ઉપર મૈત્રીનાં અમૃત પડ્યાં, ને એ જલતો અગ્નિ ઠીંગરાઈ ગયો.

એનો હાથ નીચે પડ્યો. ભાણેજે મામાનાં પૂર ઓસરી જતાં નિહાળ્યાં. પોતાનું નાક કપાઈ જતું જોયું. એણે મામાને ઉશ્કેર્યો, 'મામા! જોઈ શું રહ્યા છો?'

પિઠાત ખડખડ હસી પડ્યો: 'ભાણા, મારો ભાઈ ભોજો મને મારે એના જેવું મૃત્યુ બીજા કોના ભાગ્યમાં હોય?'

ઉંચકાયેલી તલવાર શરમાઈ ગઈ. ભોંઠી પડીને એ સંતાઈ માટે નીચું જોઈ ગઈ. લજવાઈ જતો ભોજો કંપી ઊઠયો.

'મામા, મિત્રતા ગઈ અને દુશ્મનાવટ આવી. હવે એવી ઓથ મા.'

'ભાણુા! ઓથ નથી લેતો. મૃત્યુના ડરથી નાસતો કાયર મને લ્પે છે? ઈશ્વરે આ કાંડાં હજુ સલામત રાખ્યાં છે,' એણે કચકચાવી કાંડું મસળ્યું.

ઓસરતાં પૂરમાં મસ્તી આવી ને વળી પાછી તલવારો ખેંચાઈ.

પિઠાતની આંખમાં સહેજ નરમાશ આવી. રૂંધાતે હૈયે એણે 'ભોજા, આજે મારી માનો દાડો છે. ઘેર મહેમાન વાળુ બેઠા છે. જો ઘડી થોભી જા તો હમણાં હું એમને ખવરાવી-રાવીને આવું. અત્યારે અહીં રોકાઈ જઈશ તો હમણાં ગોત થશે ગોકીરો થતાં તું કે ભાણો એટલા બધા માણસો વચ્ચે શોધ્યા નહિ આવો.'

'મામા, એવી વાતો જવા દો. ભાગી જવું હોય તો મર્દાનગીની ા છોડી દો.'

પિઠાત ભાણેજની સામે જોઈ રહ્યો. ધુંધવાતા અગ્નિમાં ડુંભરાણાં તો ભાણેજ કોઈ કાળદૂત જેવો દેખાયો.

એણે આંખ ફેરવી. ભોજાના હૈયામાં સ્નેહવાત્સલ્યનાં પૂર ત્યાં. 'પિઠાત! તારી મા ઈ મારી મા. એનું બગડે ઈ મારું ડે. જા ઝટ કર. તારી વાટ જોઉં છું. શૂરવીર છો એવો ને એવો ?......'

પિઠાત ચમકયો: 'હા. હા બેફિકર રહેજે.'

પિઠાત ગામ તરફ વહેતો થયો. મામોભાણેજ એની પાછળ ા રહ્યાઃ 'છે તો મર્દ,' ભોજાથી બોલાઈ ગયું.

'ના, નામર્દ.'

'કેમ ?'

'મર્દ આમ ન જાય.'

'ભૂલે છે. એના પગમાં લોટ નથી ઊડતો, એની રગે રગે રંગ ઊભરાય છે.'

'મામા, ભૂલ કરી છે. જીવતા સાપને છંછેડી મોતને હાકલ છે. તમે મુત્સદ્દી નથી લાગતા.'

'મુત્સદ્દી ને કાળા માથાના માનવી થવા કરતાં મર્દ અને ઉદાર ના લડવૈયા થવાનું મને વધુ પસંદ છે.'

ભાણેજ મામાના ચહેરા ઉપર અપાર્થિવ તેજે નિહાળી રહ્યો.

અંધારી રાતનું આકાશ પિઠાતની માના શોકમાં કાળો સાળુ ઢી શોકાતુર બન્યું હતું. ચન્દ્ર પણ એ અંતરપટ પાછળ સંતાઈ ા હતો. એની આંખમાંથી સરતાં મોતી જેવાં આંસુડાં કાળા બરમાં ટમટમતાં હતાં.

રાત ભાંગી અને ચન્દ્રે ડોકિયું કર્યું. દૂરદૂરથી આવતા પિઠાતને ળીને ભાણેજે મામાનો હાથ દાબ્યો. 'મામા, દગો......' ને છળ આવતી બીજી મનુષ્યાકૃતિ સામે આંગળી ચીંધી.

મામાએ અંધારાના પડ વીંધી દૂરદૂર ચાલ્યાં આવતાં મનુષ્યો તરફ ક દૃષ્ટિ નાંખી. એણે ગુસ્સામાં નેણ ખેંચ્યાં.

રાશવા નજીક આવેલા પિઠાતને એણે હાકલ કરી, 'મર્દનો ર્ગ ચૂક્યો કે ?'

ને પિઠાત ખડખડાટ હસી પડ્યો: 'મારી જનેતા લાજે ....'

'ત્યારે પાછળ કોણ આવે છે ?'

પિઠાત ચમક્યો. એણે પાછળ જોયું અને વેજીને ઓળખી. એના પગ થંભી ગયા. એણે મ્યાનમાંથી કાળજીભી તલવાર છંડવી, અને બે ડગલાં આગળ ધસી ગયો.

'અત્યારે ?' એણે ક્રોધથી ત્રાડ પાડી.

'તારા ચહેરા ઉપર ઉભરાતી ગમગીનીએ મને ભડકાવી. મારું હૃદય ઝંઝાવાતે ચડ્યું ને તારી પીઠ આગળ વહેતી કોઈ ભયની આગાહી મેં હવામાં હુંકારા કરતી સાંભળી. મારું હૈયું હાથ ન રહેવાથી હું તારું પગલેપગલું દાબતી આવી છું.'

મામા–ભાણેજે આ સાંભળ્યું અને બન્ને થીજી ગયા. વેજીને જોઈને મામાને જૂનો સ્નેહ યાદ આવ્યો. પિઠાતે આગળ ડગ ભર્યું અને ભોજાનો હાથ ખેંચી એને બાથમાં લીધો. જૂનો સ્નેહ યાદ આવતાં એના હૈયામાં સ્નેહનાં પૂર ઊમટ્યાં ને હાડ ભીંસાઈ જાય એટલા જોરથી એને છાતીસરસો દાબી દીધો. પછી એક જ હડસેલે દૂર ધકેલી એણે તલવાર મ્યાનમાંથી છંડવી. 'ભોજા, માટી થઈ જા. આપણી લેણદેણ સમજવાનો મોકો આવી પહોંચ્યો છે. આવી તક ગુમાવીશ મા.'

'પિઠાત! પિઠાત!' ગળગળે સાદે ભોજાનો કંઠ રૂંધાઈ ગયો, આંખો મીંચાઇ ગઈ ને તલવારને સામે ધરતો એ બોલ્યો, 'મારાથી તારા ઉપર ઘા નહિ થાય, જોઈએ તો આ તલવારથી મારું માથું ઉતારી લે.'

વેજી જોઈ રહી. એના રક્તપિપાસુ હૃદયમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઊઠી. પોતાના કિન્નાની તૃપ્તિની આશાએ આવેલી ભિખારણ નિરાશ થઈ ગામ તરફ ભાગી.

પિઠાતે તલવાર ફેંકી દીધી. 'ભાઈ......પિઠાત...' કહી એ ભેટી પડ્યો. બન્ને મિત્રોની આંખોમાંથી હર્ષનાં કે પશ્ચાતાપનાં આંસુ વહેતાં હતાં. બન્નેનાં હૈયાં ધડકતાં હતાં.

ભાણેજ નીચું જોઈ બળી જતો ઊભો હતો. એના હૈયામાં નિરાશા, ક્રોધ અને દુશ્મનાવટ વલોવાતાં હતાં.

અને બન્ને મિત્રો મૈત્રીની ગાંઠને વધારે નીંગડ કરતા ઘેર આવ્યા. જાણે કાંઈ બન્યું જ ન હોય એમ બન્નેએ સાથે બેસી વાળુ કર્યાં.

ભાણેજના હૈયામાં દાવાનળ સળગતો હતો. એણે અન્નનો કોળિયો ભર્યો નહિ. મામાને ફિટકારતો એ આખી રાત અજંપામાં પડી રહ્યો.

"પિઠાત ઊતરી જા, ઊતરી જા. આવી તે ભીંસ ઘોડીને દેવાય? બિચારી પરસેવે નીતરી જાય છે.' ભેટે બાંધેલી પછેડી છોડી ભોજો પરસેવે રેબઝેબ થયેલી ઘોડીની પીઠ લુછવા માંડી.

વેલડામાં બેઠેલી વેજીએ જોયું અને એની આંખમાં અજબ તેજ ફૂટયું. પોતાની વૈરતૃપ્તિ એ અનુભવતી હોય એમ એનો આત્મા પ્રફુલ્લિત બન્યો. મરકમરક હસતાં એણે પડદો ઊંચો કરી ભોજા સામે જોયું.

અચાનક ભોજાનું ધ્યાન વેલડા તરફ ગયું ને એ ઊકળી હાલ્યો. 'મારી મશ્કરી?' કહી એણે પિઠાત સામે જોયું. પિઠાત અને વેજી જાણે અજબ શાન્તિથી નેત્રવિધાન કરી રહ્યાં હોય એમ દેખાતાં ભોજો ઉશ્કેરાઈ ગયો. એણે ધીરજ ખોઈ અને તલવાર ખેંચી એ પિઠાત ઉપર ધસી ગયો.

પિઠાત અને ભોજો જન્મોજન્મના દુશ્મનો હોય એમ એકબીજાના કાળને જોઈ રહ્યા. વેરાન વગડો ભયંકર લાગે એટલી બન્નેની આંખો ખુન્નસભરેલી ભયંકર લાગતી. સ્નેહની સુરખી ઊડી

જતાં બન્નેના ચહેરામાં વિકરાળતા ઊભરાઈ અને બન્ને એકબીજા ઉપર તૂટી પડયા.

વાયુના હુંકારા સમા તલવારોના ખણખણાટે વાતાવરણ ભયંકર બનાવી મૂક્યું. ઘેરૈયા રંગ રમી તરબોળ બની જાય એમ બન્ને જીવન મૃત્યુને હીંચકે હીંચતા લોહીથી નીતરતા હતા. આખા શરીરે ચિરાઈ જઈ દુનિયાનું ભાન ભૂલ્યા હતા. ભૂમિ ચક્કર ફરતી એમને લાગી, ને આંખે લાલપીળાં દેખાતાં અંધારાં આવી ગયાં. ચકરી ખાઈ બંને તૂટી પડયા. તલવારો છંડાઈ ગઈ ને વાંભ પહોળી કરી બન્નેએ એકબીજાને બાથમાં લઇ લીધા. એ બાથ હવે ખૂલવાની નહોતી.

જગતના મિત્રો સ્વર્ગની વાટે મૈત્રીની ગાંઠ સાચવતા દુશ્મનાવટનો હિસાબ સરભર કરી ચાલ્યા ગયા.

વેજીનું હૈયું ભરાઈ આવ્યું. એ ગૂંગળાઈ ગઈ. છાતીનાં પાટિયાં બિસાઈ ગયાં. વેલડામાં એનું શબ ઢળી પડયું.

●

વીરો ગોવાળિયો

ઘૂમઘમતી વેલના બળદોની કોટે બાંધેલી ઘૂઘરમાળનો રણકાર આખાયે વગડામાં ઊભરાઈ ફેલાઈ જતો હતો. વેલમાં બેઠેલી સ્ત્રીઓ '...બાઈ વરલાડે શીમડી ઘેરી માણુરાજ !'નું ગીત ઝીણા સાદે મલકાતી મલકાતી ગાઈ પોતપોતાના સાદની હરીફાઈ કરતી હતી. પાછળના ગાડામાં બેઠાબેઠા બે ચાર વૃદ્ધો સોપારીનો ભૂકો કરી સામસામે આપતા જતા ને બોખે દાંતે મમળાવતા હતા. એટલામાં તો દૂરદૂરથી ઘોડાં તગતગ્યાં ને વૃદ્ધોની તરફ મોં ફેરવી ગાડાખેડૂએ કહ્યું: 'રામાકાકા, કોક આદમી છે.'

'ક્યાં ?' કહેતાં રામાકાકાના હાથમાંથી સોપારી પડી ગઈ મોંમાં નાખેલી સોપારીનો ચૂરો ગભરાટમાં લાળ વાટે બહાર દડી પડ્યો ને રામાકાકા બેબાકળા બની આંગળીમાં પહેરેલો વેઢ કેડે ચડાવવા લાગ્યા. પાસે બેઠેલા બીજા વૃદ્ધો પોતપોતાની કાયા કરતા માયાની ભીતને વધુ કીમતી ગણી, માયાને સંતાડવાની ઉપાધિમાં પડ્યા, ને ગાડાખેડૂ બળદનાં પૂંછડાં આંબળી જલદી સામે દેખાતા ગામભેગા થવાની ઉતાવળ કરવા લાગ્યા.

શેઠિયાઓની આંખમાં ધાક અને ગભરાટ હતાં. જાનડીઓના ચહેરા ઉપર ઉલ્લાસ હતો. ગાડાખેડૂના દિલમાં ઊંડો વસવસો હતો જાન લૂંટાશે તો નાક કપાશે.

ત્યાં તો સોળેક વર્ષનો જુવાન કાઠી કરડી આંખે ડારતો જોરાવર કાંડાના બળે લાકડી ઊંચી કરતો આગળ ધસી આવ્યો, આ

જાનનાં ગાડાં આંતરીને ઊભાં રખાવ્યાં. શેઠિયાઓના દિલમાં ધા રમી ગયા. જાનડીઓ બેબાકળી બની સિયાંવિયાં બની ચૂપ થઈ ગઈ. ઘડી પહેલાંનું કિલ્લોલતું વરરાજાનું ગાડું કોઈ શ્મશાન ઉપર બેઠેલા ડાઘુઓ જેટલું શોકાતુર અને શાન્ત બની ગયું.

કાઠીએ આવી વરરાજાનું કાંડું ઝાલ્યું: ' શેઠ, નીચે ઊતરી જાવ!'

વરરાજા મૂંગો મૂંગો વેલને પૈડે પગ દઈ નીચે ઊતરી પડ્યો. પડખે બેઠેલી નવપરિણીત બાળા પોતાના પાનેતર સોંસરવી ભયભીત આંખે તાકી રહી. ' શું કરશે ? ' એ ચિંતા એના બાળહ્રદયમાં હૈયું વલોવાઈ જાય એવી થરેરાટી વછૂટાવતી હતી.

કાઠીએ ઘરેણાં ઉપર હાથ નાખ્યો, ' કાઢી નાખ ! '

વરરાજાએ એક પછી એક ઘરેણું ઉતારીને આપવા માંડયું. માયકાંગલા જેવો ગાડાખેડૂ કાંઈ બોલે તે પહેલાં તો પાછળથી આવી પહોંચેલા કાઠીના જોડીદારે એને ફેંટા વતી બાંધી લીધો, ને પાછળ આવતાં બીજાં ગાડાંને દૂર રાખવા એ આગળ ધસી ગયો.

જેમ ચંદ્ર કૃષ્ણપક્ષમાં હરહમેશ એક પછી એક કળાએ ઓછો થતો જાય, એમ એક પછી એક દાગીનો ઉતારી લૂંટારાના ખોળામાં નાખતો વરરાજા સૌન્દર્યહીન, તેજહીન અને આશાહીન થતો ગયો. પારકું માગી આણેલું ઘરાણું લૂંટાઈ જતું જોઈ એના હ્રદયમાં કારી જખમ થયો. જીવતા યમરાજ સમા લૂંટારા સામે ચૂં કે ચાં કર્યા વગર ઘરેણું ઉતારી મીંઢાળબંધો વરરાજા દૂર ઊભો રહ્યો.

ગાડામાં કુંઝડી પેઠે કાળો કળેળાટ શરૂ થયો. લૂંટારે સ્ત્રીઓની સામે આંખ કાઢી ઘરેણું ઉતારવા હાકલ મારી હતી. સ્ત્રીઓનાં આભૂષણ ઉતરાવવાં એટલે એમનું સૌભાગ્ય લૂંટવા જેવું એમને લાગ્યું, ને પંખીના ટોળામાં ત્રાસ ફેલાતાં કાળમો કળેળાટ શરૂ થાય એમ આખીયે જાનની જાનડીઓ હાયપોકાર કરતી રડવા લાગી.

દૂરદૂર ગાડામાં બેઠેલા જાનૈયાઓનાં દિલને એ ચીસો હચમચાવી નાખતી. વાણીશૂરા જાનૈયાઓનાં દિલને એ ચીસો હચમચાવી નાખતી. વાણીશૂરા જાનૈયા આ પંડશૂરા લૂંટારા પાસે નરમઘેંસ જેવા બની બેઠા હતા.

જોતજોતામાં દાગીનાની ફાંટ બાંધી લૂંટારો પોતાના સોબતીને ઇશારો કરી ઘોડેસવાર થઈ ચાલ્યો ગયો. રહ્યુંસહ્યું લૂંટાઝૂંટા કરતો સોબતી પણ એના નાયકને અનુસરી ગયો.

વાણિયાઓ ફાટી આંખે તાકી રહ્યા, 'એ જાય, એ જાય...' ના આછા અવાજો દુઃખના ભારથી દબાઈ ગયા હોવાથી હવામાં ઓછા સંભળાયા. પણ એના હૃદયમાંથી ઊભરાતી ધાના પડઘા તો દિગદિગંતને ગજવતા હતા.

વીલે મોઢે જાનૈયા અને આભૂષણહીન વરરાજા પોતાની આંખોમાં ચિંતાની ઝીણવટ લઈ ગામ તરફ વહેતા થયા.

અજેલી વજેલીના કાઠી વીરા ગોવાળિયાની આ પહેલી લૂંટે નવદંપતીની મધુરજનીનો પ્રથમ રાત્રિનો આનંદ લૂંટી લીધો.

કાલાંની મોસમ તડામાર ચાલતી હતી. ગામની સ્ત્રીઓ રાતો-રાતના ઉજાગરા વેઠી હમેશાં ઘડીઓની ઘડીઓ ફોલી નાખતી. હમેશાં કાલાંના જાકડાની હેડો ઉપર હેડો ચાલી આવે, પણ બપોર થાય કે બધું ખાલી અને સાંજ પડે એટલે કપાસની ગાંસડીઓ તોળાવા માંડે. ફોલામણી આપવાના છૂટા પૈસા માટે તો આઢિયાઓને મોટા શહેરમાં પરચૂરણ માટે માણસ દોડાવવા પડે, એટલી મોસમ ફાટી જતી હતી.

દિવસ રાશવા બાકી હતો. સામે રાજસીતાપૂરનાં ઝાડવાં દેખાતાં હતાં અને ઘડી બેઘડીમાં પહોંચી ફોલણિયાને ફોલામણી આપવા માટે

પરચૂરણની થેલી સાંઢય ઉપર નાખી ઝપાટાભેર માણસ સાંઢયને તમડચે જતો હતો. ત્યાં તો પાછળ પાણીના રેલા પેઠે ધસ્યા આવતાં ઘોડાંએ સાંઢયને આંતરી ને પડકારો કર્યો: 'ઝોકારો!'

ઉપર લાદેલી પરચૂરણની થેલીઓમાં રૂપિયા કલ્પી સવારની દાઢ ડળકી, મોંમાં પાણી આવ્યાં અને આકડે મધ જોયું. એક થપડ મારી લૂંટી લેવાની તકેદારીવાળા ગોવાળિયાને આ તો રમત વાત હતી. એણે પડકારો કર્યો ને ઉપર બેઠેલો ચોકીદાર થંભી ગયો. સાંઢય ઝોકારે ત્યાં તો ગોવાળિયાએ પોતાની લખમીને વહેતી કરી, મ્યાનમાંથી છંડવેલી કાળજીભી તલવાર એણે સાંઢયની ગરદન ઉપર હુલાવી, ચાર પગે ઊભેલી સાંઢય નીચે થઈ ને ખેંચેલી થેલી ઘોડી ઉપર લઈને દરવાજામાંથી નીકળી જાય એમ સોંસરવો એ નીકળી ગયો. સામે ઊભેલો ઢેડ નીચે પડતી સાંઢય નીચે દબાઈ જતાં સહેજમાં બચી ગયો, અને એ સાંઢય ઉપરના સવારને પાટુ મારી દૂર ધકેલ્યો. ધાકથી ડઘાઈ ગયેલો સાંઢડીસવાર બેબાકળો બની તેની સામે જોઈ રહ્યો. સાંઢય ઉપર કાંઈ નહોતું. બન્ને સવારો થેલીઓમાં રૂપિયા સમજી મલકાતા મલકાતા અર્ધોઅર્ધ ભાર પોતપોતાની ઘોડી ઉપર નાખી ગામ તરફ વહેતા થયા. દી ઝડવઝડ હતો, ઝુંઝુંવેળા થવાની તૈયારી હતી.

નમતા પહોરે તોલ શરૂ થયો ને પરચૂરણ વગર રાડ બોલી. પાદરે આવી માર્ગે નજર નાખી જોતા આઢિયાએ, અંધારું થતા સુધી રાહ જોઈ ને છેવટે નિરાશ થઈ નીચે બેઠો. એટલામાં ભાંગેલ પગે સાંઢડીસવાર ધા નાખતો, રોતો, કકળતો આવી પોક મૂકીને રડી પડયો.

વાણિયાના ચહેરા ઉપર ભય છવાઈ ગયો, અને બેચાર ભેગા થઈ ધમપછાડા કરવા લાગ્યા. રાજનું લશ્કરી થાણું સીતાપુર હતું– તેમને ખબર આપતાં તરત જ વાર ચડી.

આગળ વહેતા થયેલા ગોવાળિયાની ઘોડીઓએ કમાલ કરી હતી. બન્નેની રાંગમાં હીરાળ અને લક્ષ્મી હતી. રૂપે, રંગે શોભિતી અને રૂષ્ટપુષ્ટ બનેલી ઘોડીઓ ઇશારે પવનમાં પંખી ઊડે એમ ઊપડતી અને વેગભેર રસ્તો કાપતી.

ભાણુ બુડયો ને અંધારાનાં પડેપડ ચોમેર એમને ઘેરી વળ્યાં. ચૂડા લગભગ આવી પહોંચતાં પાછળ ચડેલી વારના ઘોડાના દાબડા અને મશાલનાં અજવાળાં દેખાયાં; એટલે બન્નેએ ઘોડીની સરક ઢીલી મૂકી દીધી.

માથોડાઢંક વાડ બન્ને બાજુએ ગઢ જેવી ઊભી હતી અને તે વચ્ચે થઈને ગાડામાર્ગ ચાલ્યો જતો હતો. સામેથી ઘોકણુના ગાડાની હેડ ચાલી આવતી હતી. રસ્તો રૂંધાઈ ગયો. ઘોડીઓને સામે આવતી જોઈ પોતાનો રસ્તો રૂંધાયેલો દેખી બળદ થંભી ગયા અને ઝોકે ચડેલા ગાડાખેડુઓ ઝબકી ઊઠયા. એકની પાછળ બીજું એમ બધાંય ગાડાં ઊભાં રહી ગયાં.

બે બાજુએ માથોડાઢંક ગઢ જેવી વાડ, સામે ઘોકણુંઓનાં ગાડાની હેડ અને પાછળ ગર્જતી વારના ઘોડાની હણહણાટીએ ચોમેરથી નેળમાં ઘેરાઈ ગયેલા સવારોના દિલમાં ફડક પેસાડી દીધી. જેમજેમ વખત જતો, તેમતેમ વાર નજીક આવતી જતી હતી. એક એક પળ ગુમાવવી એ જિંદગીને મૃત્યુની નજીક લાવવા જેવું હતું.

વીરાના હૃદયમાં કમકમાટી આવી ગઈ. એણે પોતાની લખમીને બે ડગલાં પાછી ઠેકાવી અને જરા વાઘ ખેંચતાં જ ઘોડી પાંખાળી બનીને એક જ છલંગે માથાઢંક ગઢ જેવી ઊભેલી થોરની વાડ ટપી જઈ ખેતરમાં પડી. અને તે સાથે ઉપર બેઠેલ વીરો ગોવાળિયો સહીસલામત વાડ ઓળંગી ગયો.

એકેક પળ સોનાની જતી હતી. જીવનમૃત્યુ વચ્ચે સંગ્રામ ખેલાવાની તૈયારી હતી. વાડ ટપાવાની દેડની છાતી ચાલી નહિ,

કેમકે હીરાળ લખમી જેટલી ચાલાક કે ચપળ ન હતી. લખમી તો હરણફાળ લેતી. હીરાળ જાતવંત હતી, પણ લખમી જેટલી ઊડવામાં ચતુર અને પાવરધી ન હતી.

ગોવાળિયાને ટપી ગયો દેખી રામુડે ઘોડીને એડી મારી, પણ ઘોડી બેત્રણ વખત હિંમત હારી ગઈ અને તૈયાર થયેલી ઘોડી નાહિંમત બની પાછી પડી. રામુડે આશા છોડી ને જિંદગીના અંતની તૈયારીમાં કાળને ધસ્યો આવતો નિહાળ્યો. એના હૈયામાંથી હાય પોકારાઈ ગઈ ને ઘોડી માથેથી થેલી ખેંચી લઈ વાડ સોંસરી ફેંકી દીધી.

ખાલી થયેલી હીરાળે ફાળ ભરી, ને એ વાડ ટપીને બીજી બાજુ પડે તે પહેલાં થાકીને ડૂલી ગયેલી ઘોડી વાડમાં ફસડાઈ પડી. રામુડો ઉપરથી દડી પડ્યો.

ગોવાળિયે ઘોડીને ભાંગી ગયેલી જોઈ અને એનું હૈયું ક્ષોભથી ધડકી ઊઠ્યું. પોતાની ઘોડીને દુઃખી થતી જોઈ શકાઇ નહિ, તેથી એણે વાડમાં ફસડાઈ પડેલ ઘોડીને એક જ ઝાટકે ગૂડી નાખી.

રામુડિયો વીરા સામે તાકી રહ્યો. એના હૃદયમાં અનેક વિચારો આવી ગયા. કાઠિયાવાડી શૌર્યની પરીક્ષા જોનારને એ કેટલી અઘરી વાત છે તેનો ખ્યાલ હોતો નથી. વીરે પોતાની લખમી ઉપર બન્ને થેલીઓ નાખી દીધી, ને ઠેડને પાછળ બેલાડે લઈ લીધો.

અંધારાનાં પૂર વીંધતી ઘોડી બે સવારને સાથે લઈ રાત આખી મુસાફરી કરીને વહેલી પરોઢમાં પોતાના ગામ સજેલી વજેલી આવી ઊભી રહી. ડેલીએ આવી હાવળ નાખી.

રાત આખી ઉઘાડી ડેલી મૂકી સૂઈ રહેનાર વીરા ગોવાળિયાએ રામુડાને થેલીઓ આપી ને પોતે ઘોડીને થાનમાં બાંધી આવ્યો. ચણાનો ભરડો નાખી જોગાણ મૂક્યું ને તોબરો ચઢાવી પોતે એની

પીઠ ઉપર હાથ ફેરવવા લાગ્યો. તે અચાનક ચમક્યો. વેંતભર ઊપડી આવેલી પીઠ જોતાં જ એનાથી દુઃખની અરેરાટી નીકળી ગઈ. ધીલે પગે આવીને એણે થેલી પટારામાં મૂકવા માટે માને સોંપવા માંડી. થેલી ઉઘાડીને જુએ તો અંદર રૂપિયાને બદલે ત્રાંબાના ઢબુ.

વીરાએ કપાળે હાથ મૂકયો. ભાવિનો વાંક કાઢી, નસીબ બીજી વખત યારી આપે એની રાહ જોતો વીરો નિરાશ વદને બેસી ગયો. એના અંતરમાંથી ઊંડો નિશ્વાસ મુકાઈ ગયો. પેટના દીકરાથીયે વહાલી ઘોડીની ઊપડી આવેલી પીઠને લીધે એણે કપાળ કૂટયું. તે નિષ્ફળ ખેપના બદલામાં મળેલ પચાસેક રૂપિયાના ત્રાંબિયા એ સિત્તેર ગાઉનું મહેનતાણું ગણી એણે અટ્ટહાસ્ય કર્યું. એનાથી બોલાઈ ગયું: 'આ તો આખી રાત દળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું!'

વીરાની હાકે તો હવે આડો આંક વાળ્યો. ભાવનગર દરબાર વજેસંગજીને મદદ કરી સજેલી વજેલીની જિવાઈ મેળવનાર જેઠા ગોવાળિયાનો પૌત્ર વીરો ગોવાળિયો ચોમેર લૂંટ કરતો અને ઢોર વાળી લાવતો. એના ઊંચા ઘરની ઓશરી નીચે ભંડક હતું. તેમાં એ ઢોરને પૂરી દેતો. જોનાર આવે તો નિરાશ થઈને પાછો જાય એવું ભંડક હતું.

તેમણે ઝરવાળા પરવાળાની સીમમાંથી ભેંસોનું ખાડું ટપાવ્યું. ને પોતાના ભંડકમાં લાવીને ભેંસોને પૂરી દીધી. આયરોએ ડોબા પાછળ ગામ ગાંડું કર્યું, સીમ ઢૂંઢી ને વણવોકળામાં ભટક્યા; છેવટે ક્યાંય પત્તો લાગ્યો નહિ એટલે નિરાશ થઈ પાછા વળ્યા.

પણ ચોરી તે કેટલા દી ઢાંકી રહે? આયરોને ભાળ મળી, ને એમણે સજેલી વજેલી તરફ પોતાનાં હથિયાર સજી ઢોર વાળવા જવાની તૈયારી કરી.

ઘણા દિવસ થઈ ગયા હતા, એટલે ગોવાળિયાને મન ધરપત હતી. ભેંસો ચારવા રામુડિયો સીમમાં ગયેલો, ત્યાં પેલાં આયરોનાં ઘોડાં નીકળ્યાં ને ડોબાં રણુકવાં માંડ્યાં. પોતાના માલિકને ઓળખી ઢોર હર્ષમાં આવી ગયાં. માબાપ જેટલાં વહાલથી એમણે ડોબાંઓ ઉપર હાથ ફેરવ્યા. રામુડિયો ઝાડ નીચે પડ્યો પડ્યો દુહા લલકારતો હતો, તે આયરોને જોતાં લાકડીને લઈને પાસે દોડી આવ્યો.

'કોણ છો ?' કહેતો એ આયરો સામે ડોળા કાઢી ડરાવવા લાગ્યો.

'છઈ તો આયર. કેમ છે ભાઈ ?' આયરે નરમાશથી જવાબ આપ્યો.

'તે આંઈ કીમ ઊભા છો ?'

'આ અમારી ભેંસો અહીં કોઈ ટપાવી લાવ્યું છે. તે ભાળ મળી એટલે આવ્યા છીએ.'

'જાવ, જાવ, ભેંસ લેવાવાળા નહિ ભાળ્યા હોય ? બાપ મઉ થીઓ'તો ?'

ને આયરની આંખ ફાટી. એણે ભેંસને પંપાળી એટલે રામુડિયે ગાળ કાઢી. આયરનાં રૂંવેરૂંવાં બેઠાં થઈ ગયાં. એની આંખોમાં રતાશ આવી ગઈ ને અંગેઅંગમાં શૌર્ય સંચરતાં કંપ વછૂટ્યો. રામુડિયો કાંઈયે બોલે તે પહેલાં આયરે એની છાતીમાં મુક્કો મારી એને દૂર ધકેલ્યો અને રામુડિયો ગલોટિયાં ખાઈ દડી પડ્યો.

રામુડિયો જાતનો ઢેડ પણ મર્દનો બચ્ચો હતો. એના અંગમાં શૌર્યનાં શોણિત વહેતાં. દડી પડેલા શરીરને સ્વસ્થ બનાવી એ ઊભો થઈ ગયો. હાથમાંની ડાંગ તોળી એણે આયરના માથા ઉપર ઝીંકી.

આયરોએ ગોકીરો કર્યો ને ચારપાંચ આયરો રામુડિયા ઉપર સામટો હલ્લો કરી તૂટી પડયા. રામુડિયો પોતાની લાકડીના જોરે ઝાટકો સમણુતા આયરોને લગોલગ આવવા દેતો નહિ, ને લાકડીના દૂર ને દૂર રાખતો પાછે પગલે હઠતો ગયો ને ડોબાંને ડચકારતો પોતાનું ખાડું આગળ હાંકયે ગયો. ખાડાં ભેગી પેલી આયરોની ભેંસો પણ માથે પૂંછડાં લઈને નાઠી ને ગામભેગી થઈ ગઈ. પોતાના માલિકની સાન સમજી ગયેલ ડોબાં ખરેખર નાસવાની કળામાં પણ એટલાં જ પાવરધાં હતાં.

આયરોની આંખ ફાટી. ઝનૂને ચડેલા આયરોમાંથી એક જણે હડી કાઢી. રામુડિયો એના ઉપર લાકડી ઝીંકે તે પહેલાં આયરે કાળજીભી લબકારા કરતી લોહીતરસી સમશેરને ઊંચકી ને લાકડીનો ઘા એના ઉપર પડતાં પહેલાં એના જમણા હાથને ખંભામાંથી મોળી નાખ્યો. રામુડિયો ઓથે આવેલા ઝાડના થડ સાથે ભટકાણો. અને તરફડતો હાથ આયર ઉપર તરછોડાણો. રામુડે હડી કાઢી. ઝાડ સાથે ધક્કો લાગવાથી એને અંધારાં આવી ગયાં હતાં, છતાં પણ એ હડી કાઢીને છીંડેથી ગામમાં પેસી ગયો.

વીરા ગોવાળિયાની મા ઢોરને ભંડકમાં પૂરતાં હતાં. રામુડિયે ચીસ નાખી. 'આઈ, ઝટ કરો.' ને આઈએ ઉતાવળાં ઉતાવળાં આવી ડેલીનાં કમાડ બંધ કર્યાં. ખેપે ગયેલા વીરાની ડેલીના દરવાજા ઉપર જીવતી ચોકીને બદલે લાકડાની ઢાલ ધરાઈ ગઈ. આયરોનાં મુખમાંથી નીકળી ગયું: 'નામર્દ!'

પણ જીવતો મારો જીરવાયો નહિ. અડીંગો નાખી ઊભેલા કાળદૂત સમા આયરોનાં ડોબાં પાછલે બારણેથી હાંકી કાઢયાં. રણકતી ભેંસો શેરીએ થઈને ડેલીએ આવી. આયરને જોયા ને ફૂંબાડે ચઢી. હર્ષઘેલી બની ગયેલી ભેંસોને આયરોએ હાથ ફેરવી શાંત કરી, ને

પોતાને માર્ગે ચડી ગયા, પણ રામુડાને જિંદગીભરની નિશાની સોંપતા ગયા. રામુડિયો ઠૂંઠો બની ગયો.

ઉનાળાના દિવસો હતા. ચોમેર હાહાકાર વાગતો. ઘાસચારા વિના ઢોર ચોમેર ભાંભરતાં અને ભરવાડ, આયર, માલધારીઓ વગેરે પેટના દીકરાથીયે વહાલા એમના માલને ભૂખના દુ:ખથી હાય નાખતાં સાંભળી અંતરમાં બળી જતા; માલમિલકત ફના કરી એમના ઘાસચારા માટે રખડતા, પણ ચોમેર દુષ્કાળના કર પહોંચી ગયા હતા. ભાલનો ભાઠો એ માલધારીઓનો વિસામો બની આશ્રય આપવા ફક્ત જીવતો રહ્યો હતો.

કેટકેટલાય માલધારીઓએ આવી નેસ નાખ્યા. વાંઢિયારના પડાવ ભાઠામાં ચોમેર પથરાયા ને ઢોરઢાંખરને માથોડાઢંક ચારો ને ઘૂંટણપૂર પાણી પીવાં મળ્યાં.

વીરા ગોવાળિયાની દાઢ ડળકી. ભાઠામાં આવેલાં ઢોરમાંથી એણે ટપાવવાનો વિચાર કર્યો, અને એક અંધારી રાતના પાછલા પરોઢે એણે પોતાના સોબતી અરજણને સાથે ઉપાડ્યો. હમેશનો જોડીદાર રામુડિયો ઠૂંઠો બની જતાં લૂંટની ખેપમાંથી મુક્ત થયો અને તેની જગ્યા અરજણે પૂરી હતી. પાળિયાદનો રજપૂત અરજણ રામુડિયાના માથાનો હતો. વીરો એની હૂંફે બેવડા કેફમાં આવ્યો હતો.

બન્નેએ ભાઠો ખૂંદી દૂર દેખાતાં ઢોરના ગોંદરામાં ઘોડાં વહેતાં કર્યાં, ને ખાડું બેઠું હતું એમાંથી સારામાં સારી જોઈ બે ચાર ભેંસો હાંકી લીધી. ચારવા આવેલા બેચાર છોકરાઓને ગાળો દઈને અને તલવાર બતાવીને ડાર્યા, ને ભયભીત થઈ ગયેલા એ ભરવાડ બાળકો દોડાદોડ નેસમાં પહોંચી ગયા.

'બાપુ! આપણી સાકરડીને હાંકી ગયા!'

'કોણ ?' કહેતાં ભરવાડ ઊભો થયો. પડખે પડેલી ડાંગ ઊંચી કરી ને પોતાના માંસલ બાહુઓના બળ ઉપર મદાર બાંધી હડી કાઢીને એ બહાર દોડી આવ્યો.

'એ જાય,' એ જાય, કરતાં બાળકોએ કૂંબાડે ચઢેલી ભેંસો પાછળ ઘોડો તગડચે જતા સવારને દેખાડયો. એણે ગુસ્સામાં હાય પોકારી. બાલની ઉજ્જડ ભૂમિ ઉપર અંતરની ખબર પડતી નથી. નિર્જન મરુભૂમિ જેવા બાઠામાં ઝાડપાનના અભાવે દૂર હોય છતાં નજીક દેખાય એમ માની ભરવાડ દૂર દૂર દેખાતા સ્વારને કેટલાયે ગાઉ દૂર કલ્પી નિસાસો નાખી દુઃખી અને કળકળતે હૃદયે પાછો ફર્યો.

ત્યાં તો ચોમેરથી બીજા જોડીદારો આવી ગયા, ને પાંચ છ ભરવાડ લાકડીઓ લઈ સવારની પાછળ ઊપડયા. એક બીજાની હૂંફે એમનામાં જોર આવ્યું હતું ને એમણે તેની પૂંઠ પકડી.

નાવડાના તળાવની ગઢ જેવી પાળ ઊંચીઊંચી ચાડીકા જેવી દેખાણી. હમણાં આંબી જશું કહેતા ભરવાડો હડીમોઢે દોડચા આવતા હતા. વીરે તળાવની પાળ ઉપર ઘોડી ચડાવી. ભરવાડને ભાળ્યા અને બીજે કાંઠે જ ભેંસનું ટોળું હાંકી જતા પોતાના સોબતીને નિહાળ્યો.

યુક્તિબાજ વીરે ઘોડી ઉપરથી ઊતરી તેને વહેતી કરી દીધી અને તલવારને બેટે બાંધી લીધી. કડીઆળી ડાંગ લઈ જાણે ભરવાડોની વાટ જોઈ ને જ ઊભો હોય એમ કેડે ભેટ બાંધી એ મર્દ બની સામો ઊભો રહ્યો.

દૂરથી વીરાને જોતાં જ ભરવાડોના હાંજા ગગડી ગયા. ઘડી પહેલાનાં જોમ સરી ગયાં અને કાળ જેવા એ વીરાની પાસે જતાં ડરવા લાગ્યા. બપોરના તાપે લાલચોળ થયેલા ભરવાડ ભયની ધ્રૂજારીથી વધુ ભીંજાઈ ગયા.

વીરે વખત વિચાર્યો. એણે પોતાના બન્ને હાથમાં ડાંગ ઊંચકીને ચકર ચકર ફેરવી પોતાના પગ સામે ધૂળના ઢફ્ફામાં મારી. ગરમીથી ખદખદી ઊઠેલી ધૂળ લાકડી પડતાં ફદફદી ઊઠી અને માણસના માથામાં ડાંગનો ઘા પડતાં ખોપરી શ્રીફળ પેઠે વધેરાઈ જાય અને અંદરથી લોહીની શેડ ફૂટે એમ રફ્ફામાંથી ધૂળની શેડ ઊડી. ભરવાડો ભયભીત બની એક પછી એક નાસી છૂટ્યા.

વીરે અટ્ટહાસ્ય કર્યું. 'કાયરના દીકરા...!'

ભરવાડની આંખો નામોશીથી ઢળી ગઈ.

અરજણ ને વીરો સોબતી હતા. મૈત્રીમાં વિક્ષેપ પડાવનાર અરજણની રખાત રાણપુરની વોરી બેવફા નીવડી. એની ગેરહાજરીમાં વીરા સાથે એણે પ્રેમગોષ્ટિ શરૂ કરી. પુરુષની આંખમાં આના જેવું એકે ઝેર નથી.

અરજણ બેપે ગયેલો. વીરો હમણાં હમણાં અનેક જાતનાં ખોટાં ખોટાં બહાનાં કાઢી ઘેર રહેતો. અચાનક અરજણે ખરે બપોરે આવી ડોકિયું કર્યું ને એના અંગેઅંગમાં ઝાળ ઊઠી. એ પાછો ફરી ગયો. ડેલીના ગડેરામાં આઈ બેઠાં હતાં.

અરજણિયે આઈને રામરામ કર્યા. આઈએ એની આખમાં રહેલું ઊંડું દર્દ ને વિષ જોયાં, ને અરજણે મોં ફેરવી લીધું. એની આંખમાં આઈને જોઈને આંસુ આવી ગયાં.

'બેટા! રડ નહિ. એની બુદ્ધિ ફરી ગઈ છે. તને બીજી પરણાવીશું.'

'આઈ! મારે પરણવું નથી.'

'ત્યારે બાયલા પેઠે રડે છે કેમ!'

'આઈ, હું મારે દુઃખે નથી રડતો. મને તો તમારી દયા આવે છે.'

'મારી ?'

'હા. આઈ, આજથી ત્રીજે દિવસે જો તમારો વીરો દુનિયામાં ન હોય તો માનજો કે અરજણે એનો કિન્નો લીધો છે: નહિ તો અરજણિયો આ દુનિયામાં નહિ હોય.'

'હાં, હાં, બેટા, એવું ન બોલીએ.'

પણ તે પહેલાં તો અરજણિયો ચાલ્યો ગયો હતો.

અંધારી રાતના સૌ જંપી ગયા પછી, ઉઘાડી ડેલીના ગડેરામાં એક માણસ ઊભો હતો. કૂતરાએ માણસ જોતાં જ ભસવા મોં ઉઘાડ્યું ને રોટલાનો ઘા થયો. કૂતરું રોટલો મોંમાં લઈ એ માણસ પાસે આવ્યું. હમેશનું હેવાયું કૂતરું અરજણને જોઈ પૂંછડી પટપટાવતું ગેલ કરવા લાગ્યું. રોટલાના થોકડા ઉપર તૂટી પડેલાં કૂતરાંઓને છોડી અરજણિયે ઊંચી ઓસરીનાં પગથિયાં વટાવ્યાં. ઓરડે વીરો ઢોલિયામાં સૂતો હતો. વેરીએ અરજણના પગસંચારને પારખ્યો. એ છલંગ મારતી નાસીને અંદરના ઓરડામાં પેસી ગઈ, અને બારણાં બંધ કરી દીધાં. અરજણે ડાંગ તોળી, અને જાણે શ્રીફળ વધેરતો હોય એમ એના કિન્નાનું પ્રાયશ્ચિત્ત કરવા એણે લાકડી ઝીંકી. તડાંગ અવાજ થયો ને પથારીમાં કુંકુમ ઢળી ગયું. વીરાની સંસારયાત્રા પૂર્ણ થઈ ગઈ. ચોવીસ વર્ષનો લાડીલો યુવાન જીવનનાં ઝેર ને કરણીનાં ફળ ભોગવી ચાલ્યો ગયો.

અલુ

'બાપો! બાપો! . . . બળદનું પૂંછડું આંબળતાં ગાડા-ખેડૂએ ડચકારો કરી બળદોને ભડકાર્યા. વાંઢે ચડેલ ગાડાવાળા પોતાનું ગાડું આગળ કરવા ઘોંસ કરી રહ્યા હતા.

ગાડામાં બેઠેલ જાનૈયાઓ પોતાનું ગાડું આગળ થાય એટલા માટે ઉત્સુક બની એ હરીફાઈ જોતા ને હસતા હતા. પોતાનું ગાડું આગળ થાય તેથી લોકો પોરસાતા ને ગાડાખેડૂને પોરસ ચડાવતા.

ઉનાળાની રાતનો ઠંડો પવન અને અજવાળી ઝોકાર રાતમાં જાનનાં ગાડાં ભાલની ઉજ્જડ ભૂમિ ઉપર આગળ વધ્યે જતાં હતાં.

ઉનાળાના તાપથી બચવા જાનને વેળાસર લઈ જવા રાત ઉઠા નીકળેલા. સાથે બેચાર વોળાવિયા લીધેલા એટલે બીક નહોતી એમ સૌ માનતા, ને જાનનાં ગાડાં ઝપાટાભેર આગળ વધ્યે જતાં.

જાનડીઓના મીઠા સરોદ, વરરાજાના સોબતીઓનો ઉછરંગ અને ગાડાખેડૂઓની હરીફાઈ જાનૈયાઓને ઉજાગરો કરાવતાં. નીંદ કોઈને આવતી ન હતી.

કેટલાક જુવાનિયાઓ કેડ બાંધી હાથમાં લાકડીઓ લઈને નીચે ચાલતા. તેમનો ખિલખિલાટ અને મીઠી મશ્કરીઓ યુવાન હૃદયોને હેલે ચડાવતી. નિર્જન રસ્તો ગોકુળિયા પેઠે ગૂંજી રહ્યો હતો.

એવે વખતે હાથમાં જોડા લઈ ખભે ડાંગ મૂકીને પૂરપાટ આગળ ધસ્યે આવતો યુવાન દેખાયો. એની આંખમાં ચિંતા હતી ને પગલામાં ઉતાવળ સ્પષ્ટ તરવરતી. એણે આ જાનનાં ગાડાંનો અવાજ, ખડખડાટ હાસ્યના પડઘા અને બળદની કોટે બાંધેલ ઘૂઘરાનો રણકાર

સાંભળી ઘોંસ ફરી, અને આવે વખતે 'એકથી બે ભલા' એમ માની, જલદી એમને આંબી જવા પગ ઉતાવળા ઉપાડયા.

યુવાનો ચોંકયા. ચાંદનીમાં દૂરથી એમણે એ હડીમોઢે આવતા યુવાનને નિહાળ્યો, ને આવતા પ્રસંગને પહોંચી વળવા કચકચાવીને કેડ બાંધી લાકડીઓ સંભાળી જોઈ. યુવાને નજીક આવી પહોંચતાં પગરખાં પછાડયાં. પગ ખંખેરી જોડા પહેરી લીધા, ને ડાંગને ખભે મૂકી પાસે થઈને સરી ગયો. જતાં 'રામરામ' કરતો ગયો. યુવાનોએ 'રા . . . મ . . .' કહી એનો નમસ્કાર ઝીલ્યો, અને પાણીના રેલા પેઠે વહી જતા યુવાનની પીઠ પાછળ તાકી રહ્યા: 'એલા કોણ ઈ . . . . . .?'

'ઓળખ્યો ?'

'ના . . . . . .'

'માળો, લાગે છે કોઈ મરદ !'

ને યુવાનોને કુતૂહલ થયું. એને નીરખવા ને ઓળખવા તેઓ પાછળ પડયા. ખેતરવા જતાં જતાં તો તેઓએ યુવાનને આંબી લીધો. 'એલા ઈ કોણ જુવાન !' એમણે હાકલ કરી.

લીંબુની ફાડ જેવી આંખોવાળો, સૂકલકડી શરીરનો અલુ પાછો ફરીને લાકડીને ટેકે ઊભો. એણે નજર લંબાવી એકેએકનાં પાણી માપતો હોય એમ મીટ માંડી, ને એની આંખોમાંથી પ્રભાવશાળી તેજ વેરાયું.

યુવાનો થંભી ગયા ને એકે આગળ વધી, રામરામ કહી હાથ મેળવ્યા: 'આટલી ઉતાવળ શી છે ? અમેય તમારો સંગાથ કરીએ:'

'ભલે, મને હરકત નથી,' અલુએ જવાબ વાળ્યો. યુવાનોને સોબતી વધ્યો. અલુને વાટ ખુટાડવા ને બે ઘડી મજા કરવા સંગાથ થયો માની સહુ એકીસાથે આગળ વધવા લાગ્યા. એકબીજાની ઓળખાણ થઈ, ને જાણે વર્ષોજૂના ભેરુબંધ હોય એમ દિલ ખૂલ્યાં.

પાછળ ખેડૂતોએ બળદને દોડાવ્યા, ને જાનનાં ગાડાં પછવાડે ધૂળ ઉડાડી રજની આંધી ચડાવતા જુવાનોની પાછળ પગલે પગલું દાબતાં દડચે આવતાં હતાં.

જોતજોતામાં રોજકા દેખાયું. પાસેની ઝાડી ને તળાવની પાળ પાછળ થઈને રસ્તો જતો હતો. યુવાનો ચલમ પીવા માટે બેઠા ને ગાડાં આગળ થયાં. 'હમણાં આંબી જશું,' કહી ગાડાને જવા દીધા સાથે વોળાવિયા પણ હાથમાં ડાંગોને રમાડતા આગળ જાનનાં ગાડાં સાથે ચાલ્યા ગયા. જાનડીઓએ પાદર આવતાં મીઠા સરોદે ગીત ગાવાં શરૂ કર્યાં. 'વર વાઘેલો ને વાડીએ ઊતર્યો......'ના ઝીણા સાદે વગડામાં નવી તાજગી આણી ને હૈયામાં ઊછળતો આનંદ ગીતના રણકારમાં ગૂંજવા લાગ્યો.

'આ રોઝઈ......' જાનૈયામાંથી એકે હાથ લંબાવી દૂર દેખાતી ઝાડી બતાવી. એની આંગળીને ટેરવે ભયની આગાહી હોય એમ સહેજ ધ્રુજારો હતો.

જાનૈયાઓ સફાળા બેઠા થઈ ગયા. વોળાવિયાઓએ ડાંગો ખભે મૂકી, ને આતુર આંખો દૂર દૂર લંબાવતા ગાડાખેડૂ ચિંતાતુર બની ધીમે ધીમે બળદને હાંકવા લાગ્યા.

ઘેઘૂર લીંબડા તળે થઈને ગાડું નીકળ્યું. પાંદડાંની ઘટાથી જામેલ અંધારા વચ્ચે ચળાઈને આવતી ચાંદની ભાતીગળ ચોરસા પેઠે ચોમેર પથરાઈ હતી. સહુના ચહેરા ઉપર ભય હતો. આ એક જ પળ. તે અણીની પળ હતી. આખે રસ્તે અહીં જ ભય હતો, એટલે સહુનાં દિલમાં વસવસો હતો. પાછળ રહેલ યુવાનો કેટલે દૂર છે તે જોવા એક માણસ ગાડું ઝાલી ઊભો થયો ને આંખો ઉપર હાથની છાજલી કરી આંખો લંબાવી.

'એ...આવે......' કહી એણે, જાણે એમને બોલાવતો હોય એમ, હાથ હલાવી સંજ્ઞા કરવા માંડી.

હિલોળે ચડેલ યુવાનો બેદરકારીથી ટોળટપ્પા કરતા ધીમે ધીમે ચાલ્યા આવતા હતા. પોતાને કરવામાં આવતી સંજ્ઞાની એમને કાંઇ સૂઝ પડી ન હતી.

અચાનક ઝાડીમાંથી બોકાની બાંધેલા એક માણસે હાકલો કર્યો, 'ખબરદાર !'

બળદ ભડકયા, ગાડાખેડૂ ચમકયા ને જાનૈયાનાં ગાત્ર ઢીલાં થઈ ગયાં. પરસેવે રેબઝેબ બનેલા શેઠિયાઓ ભયભીત થઈ ચકળવકળ આંખે ચોમેર તાકી રહ્યા.

બેચાર લૂંટારાઓએ આવી બળદની રાશ પકડી અને એક માણસે બંદૂક બતાવીને બબ્બે અડબોથ મારી વોળાવિયા પાસેથી લાકડીઓ ખૂંચવી લીધી.

એ સંક્રાંતિકાળ હતો: મારે એની તલવાર હતી. ચોમેર લૂંટ-ફાટનો ભય હતો, પણ સાથે વોળાવિયા છે એ હિંમતે શેઠે રાતવેઢા મુસાફરી કરવાની હિંમત દાખવેલી.

વોળાવિયાને ફેંટા વડે જ તેમને બાંધી લીધા. એ જોતાં વાણિયાઓ ધ્રૂજી ઊઠયા. એકના મોમાંથી અરેરાટી નીકળી ગઈ:

" ગજબ..."

"ભૂંડી થઈ......"

ને એકબીજાના મોં સામે જોઈ આવેલ ભયમાંથી બચવાની યુક્તિ ખોળવા લાગ્યા.

એકે વીંટી કાઢીને ખડમાં સેરવી, બીજાએ પોંચીની ખીલી ઉઘાડી ધૂળમાં વહેતી મૂકી અને ત્રીજાએ કંદોરા નીચે સેરવી દીધો.

ગુંજારવ કરતી જાનડીઓ રાત્રીની ભયંકરતામાં હરણી માફક ભયભીત બની ધ્રૂજતી હતી.

યુવાનો આવે ન આવે ત્યાં તો લૂંટારાઓએ ગોટો વાળ્યો. કોઇની પોંચી તો કોઇની વીંટી, કોઈનો હાર તો કોઈના કંદોરા

ઉતરાવ્યા; ને તેમણે જાનડીઓ તરફ પગ ઉપાડચો. નામરદો જેવા દેખાતા ભીરુ જાનૈયાઓને હારબંધ બેસાડી એક લૂંટારો બંદૂક બતાવી ડારી રહ્યો હતો.

યુવાનોએ જાનનાં ગાડાં થંભેલાં જોયાં, અને ધાર્યું કે વિસામો લેવા ગાડાં છૂટચાં હશે; એટલે એમણે પણ પાસાઢાળ કરવા માટે તળાવની પાળ પસંદ કરવા વિચાર કર્યો. એટલામાં લૂંટારામાંના એકે એ આવતા ટોળાને અટકાવવા આગળ વધી પડકાર્યો.

આખું ટોળું ચમક્યું. ભયના ભણકારા એમના કાનમાં ગૂંજી ઊઠચા. પગ પાણીપાણી થઈ ગયા, ને જાણે ધકેલાતા હોય એમ માંડમાંડ પગ ઉપાડતા તેઓ નજીક આવ્યા.

લૂંટારે લાકડીઓ આંચકી લેવા માંડી. સહુના પંડમાંથી રામ ઊઠી ગયા હતા. સહુ મૂઢ જેવા એક બીજા સામે તાકી રહ્યા.

બીજી તરફ લૂંટારાઓ બૈરાંનાં ઘરેણાં ઉતરાવતા હતા. વરરાજા સોને મઢચો હોય એમ ઘરેણાંથી લચી પડતો હતો. એણે વરરાજા તરફ ફરીને એનું બાવડું ઝાલી હંમડાવ્યો: “ ઉતારી નાખ.”

વર ધ્રૂજવા લાગ્યો. પાસે ઊભેલી લૂણવાળી—એની નાનકડી બહેન આ ડરામણા લૂંટારાની ત્રાડથી કેળ પેઠે કંપી ઊઠી. ભયમાં એનાથી ચીસ નખાઈ ગઈ: “ ઓ બાપ......રે......”

લોકોનાં હૈયાં વલોવાઈ ગયાં. અલૂ દૂર ઊભો હતો. એની આંખમાં તેજના અંગાર ફૂટચા. લૂંટારામાંના એકની નજર તેની તરફ ખેંચાઈ અને સવેળા ચેતીને લાકડી આંચકી લેવા માટે એ એના તરફ આગળ વધે તે પહેલાં તો એણે આગળ ડગ ભર્યાં ને વરરાજા પાસે આવી લૂંટારાનું કાંડું ઝાલી એણે ધીમેથી કહ્યું: “ વરને જવા દે.”

‘ મારો બાપ...’ કહેતા શેઠિયા હાથ જોડી દયા યાચતા હોય એમ હારબંધ ઊભા ને લૂંટારે અલુ સામે મીટ માંડી:

"કોણ છે?"

"તારે શું કામ છે? પણ વર અને આણું વળતી સ્ત્રીને કોઈ ન લૂંટે."

"વર?"

"હા, હા. જાનને ન લૂંટાય."

લૂણવાળી નાનકડી છોકરી હાથમાંનો કળશ્યો અંદર પડેલી સોપારીવતી ખખડાવતી બોલીઃ "વર લાડડો......"

લૂંટારો ખડખડ નફટ હસ્યો.

આ હાસ્યે અલુના હૃદયમાં તિરસ્કાર ઊભરાવ્યો. વાણિયાઓના હૈયામાં કંપારી આવી, ને ભયંકર વાતાવરણની આગાહી દેખાઈ.

"વર...વર! વર તો તમારે મન, અમારે શું?" કહી લૂંટારે વરની ડોકમાં પડેલ ઘરેણાં ઉપર ઝોંટ મારી.

"હેં!..." અલુની આંખ લાલ બનતી ચાલી. એની નસે-નસમાં લોહી ઝપાટાબંધ ફરવા લાગ્યું. એની બોટીએ બોટી કંપી ઊઠી, પણ લૂંટારે કાંઈ દરકાર ન કરી. એણે ત્રાડ નાખી:

"ઉતાર!"

વરરાજા નાનકડો બાળક હતો. હજુ એણે યુવાનીને ઉંબરે પગ મૂકવાની શરૂઆત કરી હતી. ભયથી એ બેભાન જેવો બની ગયો હતો. પૂતળા જેવો એ ગુપચૂપ ઊભો રહ્યો.

લૂંટારે તરવાર ખેંચી કાઢી. ચમકારા કરતી એ કાળજીભીને જોતાં જ વરનાં માબાપ દોડ્યાં. માએ કાકલૂદીભર્યા વેધક અવાજે કરગરતાં લૂંટારાના પગ પકડ્યાઃ "જોઈએ તે લઈ જા મારા વીર! પણ એ મારી આંધળાની એક જ આંખે ફોડી ન નાખીશ."

અલુએ લૂંટારાનું કાંડું પકડ્યું ને લૂંટારે આંચકો માર્યો પણ

આ સુકલકડી દેહના કૌવતભર્યા હાડે એ મજબૂત પોંચામાંથી લૂંટારાનું કાંડું વછૂટે તે પહેલાં અલુએ બીજા હાથે આંચકો મારીને તલવાર ઝુંટવી લીધી. તલવાર ખેંચાતાં કાંડું મચકોડાયું ને હાથે કળ ચડી ગઈ.

અલુએ ડાંગ તોળીને ફટકારી. લૂંટારો પડ્યો. તે પછી તો રાત્રીના આછા અજવાળામાં અલુ વીફર્યો. ચંદ્ર અસ્ત થતો ગયો ને ઓળા લંબાયા. જોતજોતામાં ચોમેરથી ભૂતાવળ પેઠે હુંકાર કરતા પવનના સુસવાટા શરૂ થયા ને અંધારું આભમાંથી વરસતું હોય એમ ચોમેર કાળાશ ઢળી ગઈ.

અલુની ડાંગ ચોમેર ફરવા લાગી. બેચાર લૂંટારા પડ્યા ને પાછળથી બૂમ પડી, "માધુ, ભાગો......"

આ વખતે 'ફડાક' અવાજ થયો. કોઇની લાકડીએ ખોપરીના કાચલા ઉડાડી દીધાનો એ સ્પષ્ટ અવાજ હતો.

ઊના લોહીની શેડો ઊડી ને ચોમેર બેઠેલા ને જીવ બચાવવા ગાડા પાછળ લપાતાછુપાતા ઊભેલા શેઠિયાઓ કંપી ઊઠ્યા: 'ગજબ થયો......' એ એક જ શબ્દ છૂપોછૂપો ગણગણાતો હતો.

થોડા વખતમાં જાણે જગત આખું રસાતાળ ગયું હોય એવી નીરવ શાન્તિ પથરાઈ ગઈ. સમસમીને બેઠેલા શેઠિયા બાંયો ચડાવતા ઊઠ્યા. મશાલો કરીને જુએ તો અલુનો નિશ્ચેતન દેહ લોહીના ખાબોચિયામાં ઉનાળાની ગરમીમાં પોતાના દેહના રુધિરથી ભીંજાતો પડ્યો હતો. જે જે જોતા તે આંખો મીંચી જતા ને પાછું વાળી પૂછતા: "એલા આ કોણ?"

અલુને કોઈ ઓળખતું નહિ. સહુએ એને લૂંટારો ધાર્યો. પણ એટલામાં વરના બાપે હાથ મૂકી ઉદ્દગાર કાઢ્યો:

"ભાંગ્યાનો ભેરુ..."

" શેઠ, કોણ આ ? "

" આપણને લૂંટાતા બચાવ્યા તે વીર મરદ. "

સહુ એની સામે તાકી રહ્યા.

પેલા યુવાનો ઓશિયાળા મોંએ શરમાતા શરમાતા નજીક આવ્યા. ' અલુ ! ' કહેતાં એકે આંખો આડા હાથ દઇ દીધા. વાતાવરણ જાણે સહુને કહેતું હોય કે, એ મરદ અલુ છે; એમ ચોમેરથી ભણકારા વાગ્યા.

ચોમેરથી ફુંકાતા પવનને પડઘા પાડ્યા : " અલુ... અલુ... અલુ...... "

★

આજેય રોઝાઇને પડખે એક ખાંભી અલુની મર્દાનગીનો ઇતિહાસ કહેતી ઊભી છે.

દાનો દુશ્મન

"મામી ! આટલુ જ દૂધ !" તાંસળીમાં થોડુંક દૂધ જોઈ, હજી ઊગીને ઊભા થતા જીવા ખાચરે ફૂંગરાઇ જતાં, સામે રસોડામાં બેઠેલાં મામીને પૂછ્યું.

"દૂધ તો...ભેંસો વસૂકી ગઈ છે. એકાદ બે છે, તે તમને બધાને ખાવા દઉં ને મેળવું એટલું દૂધ દેતી નથી એટલે તાંસળી ભરીને દૂધ ક્યાંથી હોય ?" મામીએ ભાણેજની રીસ કળી લીધી, ને એ ધૂંધવાતા અગ્નિમાંથી જ્વાળાઓ નીકળે તે પહેલાં એને ઠારવા પ્રયત્ન કર્યો.

"પણ આટલા દૂધે શું થાય ? દૂધની ખેંચ પડતી હોય તો બીજી ભેંસ લાવોને !"

"અમારું ગરીબ ઘર. ખોરડાં ઉપર પૂરાં નળિયાંયે ક્યાં છે કે વળી એક ડોબું વધારીએ ?" કહી ગરીબાઈનાં દુઃખથી શોષાઈ જતી મામીએ નિસાસો મૂક્યો, અને એ નિસાસાની ઊંડી હાય ઓરડામાં ચોમેર ફરી વળી. ખાલીખમ જેવા ઓરડામાંથી જાણે દરિદ્રતાના શંખનાદ ફુંકાતા હતા.

"આવી ગરીબાઈ શાને વેઠવી ? ઉપાડી લાવો કોઈનું !"

ગરીબ કાઠિયાણી તો ડઘાઈ જ ગઈ. અત્યારથી જ આ ભાણેજમાં ઉપાડી લાવવાની દાનત જોઈ એને કમકમા આવ્યાં. એણે ભાણેજ સામે મીટ માંડી.

"જીવા ખાચર ! એમ કોઈનું ઉપાડી લાવ્યે કાંઈ થોડું જ ધણી થવાય છે ? નમાલા હોય એ પચવા દે. બાકી, પારકો માલ

જીરવવો એ તો કાચો પારો જીરવવો છે!" મામીએ મર્મીળું વેણ કાઢી નાખ્યું.

પણ એ મર્મના ભેદથી અજાણ યુવાનના દિલમાં એનો આંચકો લાગ્યો નહિ. એણે પોતાના બચપણથી બાળકો ભેગાં કરી રમવા સિવાય કાંઈ જ કર્યું ન હતું. રાડંરજાડ તો હમેશાં વધતી જ જતી અને બેચાર ફરિયાદ ન આવે તો તો એને જમવાનું ભાવે નહિ; એવો એ ઊગતી જુવાનીમાંથી બહાદુર ને પરાક્રમી થવા સરજાયેલો જુવાન મદોન્ભરી રમતો રમતો.

આજે બેચારને મારી આવે તો કાલે કોઈની વાડમાં પેસી ગયેલાં જંગલી જનાવરો પાછળ પડી એને મારે. એને પોતાના હાથની ચળ ઉતારવાનું સાધન મળી રહેતું ને ખાઈપી રખડ્યા કરતો.

મામામામીને રોટલો ભારે પડતો નહિ, પણ આવડો મોટો ભાણેજ પોતાનો ગરાસ ન સંભાળે, બાપની ગયેલી જમીનજાગીર પાછી ન મેળવે, અને આમ નફકરો બની મામાને ઘેર તાગડધિન્ના કરે, એ જોઈ એમનું બન્નેનું દિલ ચણચણાટ બળી જતું.

છતાંય ભાણેજ મામાના ઘરમાં લાડકો હતો. ઘરનાં છોકરાં છાશ ખાય ને ભાણેજને તાંસળી ભરીને દૂધ જોઈએ. ભોગજોગે ઓછું પડ્યું હોય તો ધૂંવાફૂંવા થઈ જાય, ને રીસમાં ને રીસમાં ખાધા સિવાય ભાણા ઉપરથી ભૂખ્યો ઊઠી જાય. ભાણેજના આવા વર્તનથી મામી તો ક્યારનાંય કંટાળી ગયાં હતાં.

મામી દૂધ દેવાની આડાઈ કરે છે એમ એના જુવાન મગજમાં ભૂસું ભરાઈ ગયું. એણે દૂધ લેવા માટે હઠ પકડી. ઘરમાં દૂધનું ટીપું ય ન હતું એટલે કાઠિયાણીએ બોઘડું સામે ધર્યું. પણ વહેમનું ઓસડ શું? લવિંગયાં મરચાં પેઠે એ વળ ખાઈ ગયો, ને તીખો તમતમતો યુવાન ગુસ્સામાં બેવડ વળી ગયો. એણે મામીને ફરી કહ્યું:
"મામી! દૂધ આપો.'

" દૂધ તો ભાઈ નથી, જુઓને !" કહી એણે ફરી બોઘણું આગળ મૂક્યું.

યુવાનની આંખમાં ખુન્નસ ભરાતું જતું હતું.

" પણ મારે તો જોશે."

" પણ હું લાવું ક્યાંથી, મારા કાળજામાંથી ?" કહી મામીએ રીસમાં બોઘડું પછાડ્યું.

" એમ ? જોઉં છું હવે કેમ નથી મળતું ?" કહી એણે દૂધની તાંસળી ઊંચકીને ફળીમાં ફેંકી દીધી. કાંસાની તાંસળી ફૂટી ગઈ. એનો બોદો રણકારો મામીના કાળજા સોંસરવો નીકળી ગયો. ' કૂબે તે હાથી પોસાય !" એના હૃદયમાંથી ઊપડેલો શબ્દ હોઠ બહાર આવે તે પહેલાં ગળામાં વિલાઈ ગયો.

' ખાવા તો ન હોય પણ જાવા હોય,' એમ ઘરમાં રહી સહી આ તાંસળીએ પણ વિદાય માગી, અને મામીની ધીરજે હદ વટાવી. એના હૃદયના કોઠામાં એક ખૂણે ભરાઈ બેઠેલો તિરસ્કાર ધસી આવ્યો, ને ચાલ્યા જતા ભાણેજને કહી સંભળાવ્યું:

" આટલી બધી રીસ કોના ઉપર ? દૂધ ખાવું હોય તો બાપને ઘરે ઘણુંય ડોબાં છે. લઈ આવોને બેચાર !"

બસ તરત જ એણે ખભે ચોફાળ નાખ્યો અને પાળિયાદની વાટ લીધી.

" આપો આવ્યા, ભલે આવ્યા !" જે જે મળ્યું એણે હર્ષના ઉદ્ગારો સાથે યુવાનને સત્કાર્યો.

ઉનાળાની મીઠી ગુલાબી પ્રભાતે સૂર્યનારાયણ ધીમેધીમે ઊંચીને સમા થયા, ત્યાં તો જીવો ખાચર પાળિયાદના ગોદરે પહોંચી ગયા. વહેતી નદીમાં પગ ધોઇ ધૂળના થર ખંખેર્યા ને ખભે મૂકેલી ડાંગને હાથમાં લઈ ડેલીએ ગયા.

બાપુને રામરામ કર્યા. જેને લીધે મોસાળ સેવવું પડતું, એવાં માએ એમનાં લૂણ ઉતાર્યાં, પણ એકે આંગળીએ ટચાકો ન ફૂટયો. અંતરનાં સ્નેહ વિના ઊભરો કયાંથી હોય! લોકાચાર કરે તેમાં ન હોય ઉછરંગ કે ન હોય આત્માનો ઉલ્લાસ. જીવો ખાચર બધું સમજતા, પણ એ ઘૂંટડો ગળી ગયા.

બપોરે બાપુ શીરાવા આવ્યા, ને આપા સાથે જીવો ખાચર ચાકળે બેઠા. ખાતા ખાતા આપા સામે જોઈ જીવા ખાચરે વાત છેડી......

"બાપુ ! આપણે ત્યાં ઘણાંય ડોબાં છે. તેમાંથી મારે આ વખતે એક લઈ જવું છે,"

"પણ અમારે જ અત્યારે એક ડોબું દૂઝે છે; બીજાં બધાંય વહૂકી ગયાં છે."

અને રસોડામાં બેઠેલા કાઠિયાણીએ છણકો કર્યો: "ઈ સાકરડી નઈ લઇ જવા દઉં!"

જીવો ખાચર બેઠો ને બેઠો સળગી ગયો. મોઢે માંડેલી દૂધની તાંસળીમાંથી ઘૂંટડો ભરવાની એને શુદ્ધિ ન રહી, ને શૌર્યથી કંપતા ખાચરના હાથમાં તાંસળી ધ્રૂજી ઊઠી. અંદરનું દૂધ ઝાલકે ચઢયું ને ચોમેર એની છાલક ઊડી.

"હં...હં..." કહેતા આપાએ જીવા ખાચરનો હાથ ઝાલ્યો. "બાપ...આવડું બધું !"

"પણ સાંભળો છો ને?"

"ભલે એમ તોય એ તારાં માસી !"

"પણ એમનું ઘર ને મારું નથી ?"

"તારુંય......બા...તારુંય......પણ......" આપા બોલી શક્યા નહિ.

એણે નિસાસો મૂક્યો, અને બાપના મોં સામું જોઈ રહ્યો. જાણે પોતાના હૃદયની વ્યથા એ મૂંગે મોંએ બાપને કહી સંભળાવતો ન હોય ! એની આંખોમાંથી આજીજી અને દુઃખના ઊંડાઊંડા ઓઘ નીતરતા હતા.

"બાપુ...બાપુ...... !"

"દીકરા !"

બન્ને હૃદયમાં વ્યથાનાં પૂર ઊમટ્યાં. સામસામાં દિલાસો આપી સાંત્વન લેતાં હોય એમ બન્નેએ એકબીજાના હાથ ઝાલ્યા.

રસોડામાં બેઠેલી કાઠિયાણીએ આપાને પોતાના હાથમાંથી સરી જતો જોયો. બાપ–દીકરાના સ્નેહનો ઝરો એકત્ર થઇ જતો નિહાળ્યો, ને પોતાનું સ્થાન ઊખડી જતું ભાળ્યું. એણે બન્નેને વિખૂટા પાડી દીકરાનું કાસળ કાઢવાનો પેંતરો રચ્યો.

"જીવા, તું તો હવે જુવાનજોધ થયો, કાઠીના ઘરડા ઘડપણને તું નહિ પાળ ને મામાને ઘેર પડ્યો રહીશ એમાં તો તારી જુવાની લાજશે."

"ત્યારે શું કરું ?"

"બોલ્યો, રાણપરીઓ આપણું ઉમરાળા ખાય, ને કાઠી અફીણ વગર પારકે ઘેર ટાંગા ઘસે ! તારા જેવો દીકરો કામનોય શું ? છતે દીકરે દીકરા વિનાના......"

"હં...હં..." કરતા કાઠી ઊભા થઈ ગયા.

પણ જીવા ખાચરના અંગે અંગમાં ઝાળ વછૂટી. એ ઊભો થઇ ગયો. અઢાર વર્ષનો એ જુવાનજોધ કાઠી ઓરડામાં ઘૂસી ગયો. એણે ભીંતે લટકતી તલવાર ઉપાડી અને બહાર નીકળી બાપુને રામરામ કર્યા.

"લો, બા, હવે ઉમરાણું લઈને જ આવીશ." ને એ પગથિયાં ઊતરી ગયો.

આપા અવાક બની ગયા. એ ઊભા થઇ પાછળ જાય તે પહેલાં તો ટોડલાની સાખ ઝાલી ઊભેલી કાઠીયાણીની કરડી આંખોએ એમને ડાર્યા. કાઠી અદૂકડા બેસી ગયા.

ટાયડા ઉપર ડળી નાખીને દોરી જતા જીવા ખાચરની પૂંઠ પાછળ કાઠિયાણી તાકી રહી. અળસ જતી હોય એટલા તિરસ્કાર-પૂર્વક એણે છેલ્લી નજર નાખી ને નફ્ટ હાસ્ય હસી ઓરડામાં ચાલી ગઈ.

કાઠીનું કાળજું કપાઈ ગયું. નવી સ્ત્રીના દામમાં દબાઈ ગયેલો સિંહ જેવો કાઠી વૃદ્ધાવસ્થાએ નર્યો શિયાળ જેવો બની ગયો હતો. ગૌરવ અને વ્યક્તિત્વ એમણે કાઠિયાણીને કર ધર્યાં હતાં અને તાબે-દાર સેવક જેટલા એ અધીન થઇ રહ્યા હતા.

ડેલીના દરવાજામાં જ ડોબાં લઈને આવતો ગોકળી સામો મળ્યો. નવી કાઠિયાણીના પિયરના માનીતા ભરવાડે જીવા ખાચરને ઓળખ્યો નહિ. ચાલી આવતી હાથણી જેવી ભેંસો વચ્ચે સાકરડી ઉપર ખાચરે વહાલભર્યો હાથ ફેરવ્યો ને ભરવાડે ગાળ દીધી: "શરમાતો નથી પારકી ભેંસ ઉપર હાથ મૂકતાં? ક્યાં તારા બાપની છે?"

અને ઝાળઝાળ ધીખતાં રૂવાડાં બેઠાં થઈ ગયાં. એણે લાકડી સંભાવી અને ગોકળીની છાતીમાં એનું ઠેબું માર્યું. ગોકળી સામી

ભીંત સાથે ભટકાયો. ગડથોલું ખાઈ પાછળ પડે તે પહેલાં બારીએથી કાઠિયાણીએ જોયું, ને એણે હાકલ કરી. "રહેવા દો, રહેવા દો."

જીવો ખાચર ટાયડું પલાણી કમખિયાના માર્ગે થઈ રાણપુર તરફ વહેતો થયો.

"અરે! અરે! આવડી બધી રીસ કોના ઉપર?" કહેતી ધાંચણ ઓરડામાંથી દોડી આવી. જીવા ખાચરને ઓળખ્યો ને હાથમાંથી સરક લઈ લીધી. જઈને બળદની ગમાણે ટાયડું બાંધી દીધું. અધી મોભારે ફેંકેલો ઘોડાનો તંગ નિસરણી મૂકી ધાંચણે ઉતાર્યો, ને રૂંવે રૂંવે ક્રોધથી નીતરતા જીવા ખાચરનો બરડો પસવારતી ધાંચણે પૂછ્યું: "આપા આવડી બધી રીસ શેણે?"

પણ એ યુવાનની આંખોમાં અગ્નિ ઝરતો હતો. એમાંથી ઊડતા અંગારશા તણખા કોઈ અનિષ્ટ ભાવિ જેવા દેખાતા. એણે મ્યાનમાંથી તલવાર છંડવી હડી કાઢી.

ભરબજાર વચ્ચે એ દોડતો ધસી ગયો ને હાલાજીની ઉઘાડી ડેલીમાં કોઈની પરવા કર્યા સિવાય સડેડાટ ચાલ્યો ગયો.

તાંબાકૂંડીમાં પાણી લઈ ફળીમાં બેઠા બેઠા હાલોજી સ્નાન કરતા હતા. પાસે ઊભેલો હજામ સ્નાન કરવા ટંડુ પાણી લેવા ગયો હતો. પાણી વિના બેઠેલા હાલાજીની પીઠ પાછળથી જીવા ખાચરે ઘા કર્યો ને લોહીપિપાસુ તલવાર જનોઈવઢ ઊતરી ગઈ.

હાલાજીએ પોતાના બંને હાથ માથા ઉપર દઈ દીધા અને ખડી પડતા ડોકાને ધડ ઉપર પકડી રાખ્યું. થોડું ચોંટી રહેલા મસ્તકનો ગાડવો શરીર ઉપર ડગમગવા લાગ્યો. પાણી લઈ પાછા વળતા હજામે જોયું ને એણે પાણીની ગાગર પછાડી. 'દગો' બૂમ પાડતો એ એને પકડવા ધસી ગયો.

હાલાજીએ આંખ ત્રાસી કરી શત્રુને જોયો અને તરત જ ઓળખ્યો. કોઈ અપાર્થિવ શાન્તિપૂર્વક એમણે હજામને વાર્યો : ' રહેવા દે, રહેવા દે. આ પારણે પોઢેલા લાડકવાયા મારા લાખાજી જેવો જ એય મારો દીકરો છે. એના બાપનો એય એકનો એક દીકરો છે. '

લોહી દેખી કંપી ઊઠેલો જીવો ખાચર ભાન ભૂલ્યો. એણે જીવ પર આવી જઈ હજામ ઉપર હલ્લો કર્યો. મરણિયો બનેલ ખાચર લોહીતરસ્યો બન્યો. જીવ બચાવવા હજામ હડી કાઢીને ડેલી બહાર નીકળી ગયો.

એણે ગોકીરો કર્યો ને માણસો દોડયા આવ્યા. સામસામી લબકારા કરતી કાળજીભી સમશેરોની ઝપાઝપી શરૂ થઈ અને મારમાર કરતા અનેક માણસો એક અઢાર વર્ષના યુવાન ઉપર તૂટી પડયા.

માર ખાતો ને મારતો જીવો ખાચર ચક્કરચક્કર ઘૂમવા લાગ્યો. ફળીમાં હાલોજી બૂમ મારે કે, ' રહેવા દો, રહેવા દો. ' પણ ઝનૂની બનેલા અને ખુન્નસે ચઢેલા લડવૈયા કોઈનું સાંભળતા નહિ. કોઈ જગજૂનાં વેર ઊતરી એમને ઉશ્કેરી રહ્યાં હોય એમ જગત આખાને ભૂલી શત્રુને સંહારવા એકતાન બનેલા લડવૈયાઓ લોહીથી નીતરી રહ્યા હતા. દુર્બલ અને સળેખડા જેવા દેખાતા જીવા ખાચરે પોતાની આસપાસ લોથું ઢાળી દીધી. પૃથ્વી એને ફરતી દેખાઈ ને પળવારમાં અંધારા આવતાં એ ચકરી ખાઇને પડ્યો.

ફરી ઓરડેથી બૂમ આવી, " રહેવા દો, રહેવા દો. "

આ દર્દભરી બૂમે સહુનાં દિલ હચમચાવી નાખ્યાં. સહુ સ્થંભી ગયા. ખાચરના દેહમાં પ્રાણપંખેરું તરફડતું હતું. એને જતાં કોઇ રોકતું હોય એમ દેખાતું. એની લાલસા એને સાણસા પેઠે જકડી રહી હતી.

'અહીં લાવો,' કહી હાલાજીએ હાથથી ઈસારો કર્યો. માણસો એને અંદર ઊંચકી ગયા. હાલાજીએ પોતાનો વહાલભર્યો હાથ એના કપાળે ફેરવ્યો ને આંખો ફાડી રહેલા જીવા ખાચર સામે જોઈ કહ્યું: "બેટા! તારું ઉમરાળા......તારા બાપદાદાનો ગરાસ...આજથી તારા ને મારા વંશવારસો વહેંચી ખાશે!"

એ સાંભળ્યું ન સાંભળ્યું, એટલામાં ડચકું ખાઈ જીવા ખાચરનો દેહ સ્થિર થઈ ગયો.

હાલાજીનું હૃદય આ ઘા સહન કરી શક્યું નહિ. એ કંપી ઊઠ્યા ને થોડું ચોંટી રહેલું મસ્તક ધડ ઉપરથી સરી પડ્યું. જાણે પોતાના દીકરાને ભેટતા હોય એમ હાલાજી, જીવા ખાચર ઉપર ઢળી પડ્યા.

સદર જમાદાર

અંધારાનાં પૂર ઊપડયાં ને ચોર જેમ ચોકીદારને જોઈ નાસી છૂટે, લપાતા છુપાતાં ખૂણો ખોળે, અને બે હાથે મોં ઢાંકતા નજરે ન પડવા તકેદારી રાખે, એમ એક પછી એક તારલિયા અંબરપટેથી ઉષાનાં પગલાંના ધબકારા પડતા સાંભળી ગગનના પેટાળમાં સમાઈ જવા લાગ્યા ને એવા પરોઢના ઝાંખા તેજમાં ઘોડાઓના ડાબડાઓ ગાજી ઊઠયા.

તળાવની પાળે થઈને ઘોડાને નીચે ઉતારતા સવારના કાન ચમક્યા. એણે વાઘ ખેંચીને પાળ માથે ચઢી જઈ દૂરદૂર દિગંતમાં આંખો ખેંચીને જોયા કર્યું.

'કોઈ ધસટ જેવું લાગે છે,' એના મોઢામાંથી ઉદ્ગાર સરી પડયા. એના હૈયામાં અનેક તરંગમાળાના મણકાઓ રેંટ પેઠે ધક્કેલાવા લાગ્યા, અને દરેક વિચારે એમને ગભરાવી મૂકયા. એમને હૃદયમાં કોઈ અકથ્ય ગૂંગળામણ શરૂ થઈ ને ચહેરો ચિંતાયુક્ત બની જતાં નિસ્તેજ બની રહ્યો.

વાદળાં ભેદી ચંદ્ર દોડયો આવે, ને વિજયી સેનાપતિ દુશ્મનનાં દળ વિદારી ગર્વ અને ગૌરવભર્યો ધસી આવે, એમ અંધારાનાં પડ ચીરી નાખી ઘોડેસવારની એક ટૂકડી દૂરદૂરથી ધસ્યે આવતી એણે નિહાળી. ખભે બંદૂકો ને લાંબી લાંબી દાઢી જોતાં જ કોઈ મિયાણા કે સંધીની ટુકડીની ધસટ એ સમજ્યા. પાળ તરફ જોતાં જ એમનાથી તલવાર ઉપર હાથ મૂકાઈ ગયો.

પળવારમાં તો ટુકડી તળાવની પાળ પાસે થઈને પાણીના

રેલા પેઠે સરી ગઈ. મઢ જેવી પાળ ઉપર ચાડીકા જેવો ઊભેલો સવાર એ વહ્યા જતા પૂર પાછળ દિગ્મૂઢ બની તાકી રહ્યો. હૃદયનો ભાર ઊતરી જતાં ચિંતામુક્ત સવારની છાતી હળવી ફૂલ જેવી લાગી. એનાથી નિરાંતનો આછો ઊંડો શ્વાસ મુકાઈ ગયો, ને ઘોડીની કેશવાળી ઉપર એણે હાથ પસવાર્યો. યાળ સમી કરીને દોઢે વળેલી કાનસોરી ઉપર પોતાનું માથું લઈ જઈ દોઢે વળી જતાં, દૂર દૂર ઊડતી ડમરીમાં આરબની બેરખને એ જોઈ રહ્યો.

એના હૃદયમાં એકાએક કોઈ વીજળી જેવો ચમકારો થયો, ને હાથમાં આવેલું રત્ન સરી જતું લાગ્યું. એને થયું, કાળ અને મોજાં કોઈની રાહ જોતાં નથી. ગયો સમય ફરી ક્યારે સાંપડે એ એક કોયડો છે. અને જાણે આરતિયો થઈ એની પાછળ હડી કાઢી એ પૂરપાટ ઊપડ્યો. ઘોડીના દાબડા એ ભૂમિ ઉપર ગાજી ઊઠ્યા.

જોતજોતામાં એ બેરખને આંબી ગયા. પાછળ ધસ્યા આવતા સવારને જોઈ એ ટુકડીના જમાદારે પોતાના ઘોડાને તારવ્યો. મર્દ જેવા દેખાતા આરબે પડકારો કર્યો: "અલ્યા કોણ આદમી ?"

"જમાદાર ! એ તો હું વઢવાણનો ઠાકોર."

"અન્નદાતા !" કહી આરબ ઘોડેથી નીચે ઊતરી પડ્યો. સાથેના પંદરે સવારોએ પેગડેથી પગ કાઢી નાખી છલંગો મારી ને પોતપોતાના ઘોડાની લગામો પકડી રાખી ઊભા. જાણે જીવતી કતાર !

"જમાદાર, ક્યાં સુધી ?"

"શેર બાજરી મળે ત્યાં."

"અન્નનો ક્યાં તોટો છે ? ઘેરઘેર કોઠાર ભર્યા છે. પણ જો તમારા જેવા માણસો મારે ત્યાં હોય તો સારોયે સોરઠ ઘેર કરું."

"બાપુ ! ત્યારે અમે નિમકહરામ નહિ નીવડીએ."

"જોજો હો!......"

"નામવર! આ દેહમાં લોહીનો પ્રાંગો હશે ત્યાં સુધી પાછી પાની કરીએ તો તો અમારાં માવતર લાજે."

ઠાકોરની છાતીમાં હર્ષનાં પૂર ઊપડયાં. એ આગળ વધ્યા અને જમાદારનો ખભો ઝાલી પીઠ થાબડી. પોતાની તલવારની ભેટ બંધાવી અને છાતી સરસો દાબ્યો.

જમાદારે ઝૂકી ઝૂકીને સલામ કરી. એકલો અટૂલો નીકળેલો રાજા સોળ આરબ અસવારોની બેરખ ગામને સીમાડેથી પાછી વાળી લાવ્યો, ને માનપાન સાથે નાગનેસના કિલ્લાની કોટવાળી એને સોંપી.

નાગનેસ ઉપર ઘેલાશાહના હલ્લા થતા ને રંજાડ વધી પડી હતી. શૂરવીર ઘેલાશાનાં પૂર રજપૂતો મહામુસીબતે ખાળતા, માર ખાતા ને નસાડતા; પણ હમેશનો આ ટંટો ક્યારે પતશે તે નક્કી નહોતું. ઘેલાશાને હાથ બતાવી, દબાવી દેવાની આ યુક્તિમાં ઠાકોરે આરબ જમાદારને આડો ધરી દીધો.

નાગનેસના ગઢમાં રાજ્યનું થાણું હતું. રજપૂતોની એ ફોજના માણસો પોતાની તલવારને જોરે બાંકાટડા બની ફરતા. રાજ્યના ખરીતા સાથે આવેલ આરબ સામે રજપૂતો જોઈ રહ્યા. આલબેલ પોકારતા ને કાળા ચહેરામાં લાલઘૂમ આંખો વડે ડારતા મારકણા આરબો સામે સહુ તાકી રહેતું. એકલોહિયા એ ભયંકર આરબો દુશ્મનની છાતીમાં ભીતિ પેસાડી દે, અને જોતાં જ બી મરાય એવા બાહુક હતા.

"જમાદાર! આમ પહોળાપહોળા ફરો છો. ને મોટી બડાઈની વાતો કરો છો, તે ઘેલાશાને જોશો ત્યારે ઓસરી જશે, ને ભાગતાંય ભોં ભારે પડશે. બાયડી છોકરાં રઝળી પડશે."

"ઘેલા ? ઘેલા કોન ?"

"બનિયા છે બનિયા. જમાદાર ! નામ માત્રથી આટલા હેબકી જાઓ છો, તે જોશો ત્યારે શું કરશો ?"

"દેખા, દેખા. કોન એ બનિયા હે ?"

"હાં બનિયા ! પણ એ તો જોશો ત્યારે ખબરું પડશે." મર્મમાં પણ ઈર્ષાથી બળતો રજપૂત ચિડાવ્યે જતો હતો.

"રજપૂત ગરાસિયાની માને શું ઘેટી ધાવી ગઈ ?"

ક્રોધમાં ગૂંગળાઈ જતો જમાદાર કંપી ઊઠયો.

"જમાદાર ! સેખાઈ અત્યારે આવડે છે. જોજોને, ક્યાં દૂર છે ?"

"અચ્છા દેખેંગે......" કહેતો જમાદાર ચાલ્યો ગયો. એની છાતીમાં ધબકારા ઊઠયા. એણે આકાશ સામે ઊંચે જોયું. દિગ-દિગંતમાં વ્યાપી રહેલ કુદરત તરફ એણે પોતાનો આત્મા ઢાળી વંદન કર્યું, ને 'યા, અલ્લાહ, પરવરદિગાર...' બોલતો નમાજનો વખત થતાં નમાજ પઢવા ચાલ્યો ગયો. સદર જમાદાર નિમાજી અને આબિદ આદમી હતો.

બરવાળાનો ઘેલાશા એ લીંબડીનો કારભારી. આખીયે ચોવીશી એમણે ભાલાની અણીએ ભેગી કરી. બળુકા ને બિહામણા કાઠી-ઓને એમણે જેર કર્યા, ગામગરાસ ખૂંચવી લઈ રખડતા કર્યા ને પોતાના પરાક્રમથી દેશભરમાં ડંકો વગડાવ્યો હતો.

જામને જેણે નમતું ન આપ્યું, વેળદાનને જેણે દાબી દીધો, ને એવા અનેક રજવાડામાં હાક બોલાવનાર ઘેલાશા પોતાના સીમાડે

દુશ્મનના કિલ્લાની છાંય સાખી શકતા નહિ. નાગનેસને કિલ્લો એ એમના સીમાડે કોઈ વિજયી રાજાનું થાણું પોતાની ઉપર હમેશાં છાંય પાડતું ઊભું હોય એમ એમને લાગતું, ને એ વિચાર એમના અંતરને કોરી ખાતો.

લીંબડીને અને વઢવાણને બહુ જ ઊંડી મનતાણ હતી. વારંવાર અથડામણ થતી અને એથી એ ગાંઠ મજબૂત બનતી જતી હતી. ઘેલોશા નાગનેસ માથે ત્રણત્રણ વખત આફળેલા, પણ વઢવાણના કારડિયા રજપૂતો કારી ફાવવા દેતા નહિ.

આરબની બેરખ નાગનેસના રક્ષણ માટે આવી. રજપૂતો ને આરબો મળી ઘેલાશાને જેર કરે એ દરબારની નેમ હતી; પણ જાતિદ્વેષને લીધે સંપ થવાને બદલે કુસંપનાં બીજ રોપાયાં ને ઝપાટાભેર એનાં વૃક્ષ ફાલી ગયાં. પોતાના ઉપર કોઈની સત્તા શૂરવીર માણસ સાંખી શકતો નથી. સ્વમાની માણસ પોતાની ગૌરવહીનતા સહન કરી શકતો નથી. આરબોની દરમ્યાનગીરીએ રજપૂતો ઉશ્કેરાયા, ને આરબનું કાસળ કાઢવા, એને ચકાસવા છાનાં પગરણ આદર્યાં.

કાબેલ ને જોરાવર માણસને માથે ચોકીદારી ગોઠવાય એટલે પોતાનું સ્વમાન હણાય, તેની દિલની ઉમેદ ભાંગી જાય ને શૌર્ય કરમાઈ જાય છે. રજપૂતોને અણગમો આવતાં ધરકંકાસ શરૂ થયો એની જાણ ઘેલાશાને કાને આવી. એમને એ સીમાડે કોઈ વિજયી યોદ્ધા જેવા ગઢ ઉપર મીટ માંડી, ને દાઢમાં સળવળાટ શરૂ થયો. કુસંપમાં તરબોળાયેલું નાગનેસ પોતાને વરવા દોડ્યું આવતું કલ્પ્યું. હાથવેંતમાં વિજય વરમાળ પોતાની ડોકમાં આરોપતી એમને દેખાઈ.

એમણે સાથીદારોને લલકાર્યા. એક જ શબ્દે માથાં ડૂલ કરવા તૈયાર થનારા શૂરવીરો ઝબોઝબ વીજળીના ઝબકારા પેઠે તૈયાર થઈને નીકળી પડ્યા. ઘોડાં સાથે લઈને ઘેલાશા રાણપુરને

માર્ગે ઊપડયા. પણ કોઈ વગરટીલાનો વિપ્ર આવી ચાંદલો કરી ગયો. કોઈનુંયે ધ્યાન ન હતું; ફક્ત એક જ નાનકડો સિપાઈ જોઈ રહ્યો હતો. એના દિલમાં ફ્રાસ્કો પડયો, પણ શૌર્યથી ઊભરાતા સૈન્યને અટકાવવા કે આવી વાત કહી દિલભંગ કરવાની હિંમત એનામાં ન હતી. એના મનમાં ઊંડો વસવસો રહી ગયો, પણ પોતાના લલાટ ઉપર હાથ મૂકી એ ગમગીન ચહેરે આગળ વહેતો થયો.

વાવડીનું પાદર એ ધેલાશાની સીમાની સરહદ. એનાં કાર્યોને બિરદાવનાર ગઢવી દેશાશાઉ ત્યાં રહેતા. ગઢવીએ અનેક વખત સાથે રહી દાજીને લલકારેલા. આ વખતે પોતાનો જ વિજય થવાનો છે એ ગણતરીએ દાજીએ ગઢવીને આગ્રહ કરી સાથે લેવા માટે વિચાર કર્યો.

માણસોને પોતાના વિજયનાં વખાણ સાંભળવાં બહુ ગમે છે; અને એથી વધુ તો પોતાના પ્રિયજનને મુખે પોતાની કીર્તિની વાતો કરતાં એમને પોરસ ચઢે છે. દાજીને મન જિત કરતાં વખાણ વધુ કીમતી હતાં.

"ગઢવી! આ વખતે તો તમારે આવવું જ પડશે," કસુંબાની અંજલી મોઢે માંડતાં દાજીએ આગ્રહ કર્યો.

"ના, દાજી! આ વખતે તો નહિ આવું," માથું ધુણાવતા બારોટે હાથ લૂછયા.

"કારણ, આવો સમો ફરી કયારે ભેટવાનો?" મૂછે હાથ દેતાં દાજીએ નાગનેસ તરફ જોયું.

"દાજી! વારંવાર સાથે આવું ને મારે બોલવા જેવું કાંઈ ન થાય ત્યારે મારી જીભને સળવળાટ થાય છે, ને એને વશ રાખવી

આકરી પડે છે; આવીને હું શું કરવાનો છું?" બારોટે પાણી ચઢાવ્યું.

"ગઢવી! આ વખતે તો તમારે જીભને છૂટી મૂકી દેવી. ગઢને પડયો જાણો." પોરસભેર ઉચ્ચારાયેલા શબ્દો સૈનિકના કાન સોંસરવા જઈ હૃદયમાં ઊતરી ગયા.

ગઢવીએ ડોકું ધુણાવ્યું: "કેમ જાણ્યું?"

"આંતરકલહ."

"ભૂલો છો દાજી! નિમકહલાલીનું ખૂન જેની નસેનસમાં ભર્યું છે એવા આરબોની બેરખ ચોકી કરતી ખડી છે," ચારણે આરબની ખ્યાતિ સાંભળી હતી.

"એવા બિચારા સોળ આરબડાના શા ભાર છે?" દાજીએ પોતાની પાછળ ઊભેલું કટક બતાવ્યું. એક એકને આંટે એવા સરદારો અને લગભગ દોઢસો માણસોનું પાળ હમચી ખૂંદી રહ્યું હતું. શૌર્ય એમની નસેનસમાં ઉભરાઈ ઠેકડા મારતું હતું. એમનો લડાયક સીનો આંજી દેતો હતો.

ચારણના મનમાં કાંઈક ઊગ્યું. એમનાથી કહેવાઈ ગયું: "દાજી! આવું......પણ......ન લઈ જાઓ તો સારું." સંકોચાતાં સંકોચાતાં એ બોલ્યા. એમના મનમાં કાંઈક ઊંડું ઊંડું ન સમજાય એવું દુઃખ થતું હતું.

"કેમ?"

"હું આવું ને કાંઈનું કાંઈ થાય, ને મારાથી બોલાઈ જવાય તો આપણે ભેગા બેઠાવારો ન રહે. ગળ્યાં પાણી ખારાં ઝેર જેવાં શીદ કરવાં?"

"શુકનથી શબ્દ આગળા," પાછળ પેલો સૈનિક મનમાં ગણગણ્યો, પણ નાનાની કિંમત કોણ ગણે?

"ભૂલો છો ગઢવી! જેવું જુઓ એવું તો બોલશોને." જાણે નામનેસ કબજે થઈ ગયું હોય એટલા હર્ષ અને ઉછરંગમાં આવી જઈ ઘેલાશાએ પડકારો કર્યો.

"તો, તો આવું."

"લો, થાવ ત્યારે સાબદા.

ને ઘોડે રાંગ વાળી ગઢવી પોતાની ઘોડીને વહેતી કરી ફટાક સાથે ઊપડી ગયા.

•

"ધ્રીજાંગ, ધ્રીજાંગ, ધ્રીજાંગ બુંગિયો થયો. દૂરદૂર ક્ષિતિજમાં આંધી ચડી કે કોઈ મહાવંટોળ આખી પૃથ્વીને આંધળી ભીંત કરી નાખવા—એને છાવરી દેવા પૂરપાટ ધસ્યો આવે એમ કટકના પગલે ઊડતી રજને લીધે ચડેલું આંધીનું પૂર ચાડીકાની નજરે ચડયું. દૂર દૂર એની અંદર ધસ્યે આવતું પૂર—સૈનિકદળે કાંઠે બેઠા બેઠા નિહાળ્યું. કોઈ જળભર્યાં વાદળ પછવાડે ઊંડાઊંડા ગર્જતા મેઘની આછી ગડેડાટી સંભળાય એમ ઘોડાઓના ડાબડાનો ધબડાટ એ ડમરી વીંધી આગમનનું સૂચન કરી જતો. રજપૂતો ગામતરે ગયેલા; સદર જમાદાર વઢવાણ ગયેલા; ને પંદર આરબો પોતપોતાના કામમાં મશગૂલ હતા.

બુંગિયો સંભળાયો. ગોકીરો થયો ને દરવાજાનાં તોતિંગ કમાડ ધબોધબ દેવાઈ ગયાં. પંદરે આરબો પોતાના માલિકનું લૂણ હલાલ કરવા, જીવનની પરવા કર્યા સિવાય, ખાંડાના ખેલ ખેલવા ને ખૂંદવા કોઈ વરલાડા જેવા બનીઠણીને નીકળ્યા. પણ સદર વગર એમને મનમાં ઊંડો વસવસો ને દુઃખ હતું.

પણ અણીની પળે વિચાર કર્યા વગર, સદરનું નાક રાખવા

પંદરે મરણિયા બન્યા હતા. પંદરે ગઢ ઉપર ચડયા. બરવાળાના માર્ગે ઊડતી ખેપટ એમણે જોઈ ને સામે ભાદરકાંઠે કરાવેલા રાખના ઢગલા નિહાળ્યા. સદર જમાદારની રાહ જોતા આરબો ઘડીમાં ફોજ સામે, તો ઘડીમાં એ રાખના ઢગ ઉપર મીટ માંડી રહેતા. એમનાં અધીરાં હૈયાં ને ઉતાવળા બનતા હાથ વચ્ચે હરીફાઇ :રમાઈ રહી હતી. ચપળ આંખો આતુર બની લંબાઇ રહી હતી. બુંગિયો કોઠા-માથે વાગ્યા કરતો હતો.

વસ્તીમાં ખળભળાટ મચ્યો હતો. સહુ પોતપોતાની મિલકત ઠેકાણે કરી જીવ બચાવવા આઘાપાછા લપાતાછુપાતા ભરાઈ બેઠા હતા. સહુના મનમાં ઉદ્વેગ પ્રસરી રહ્યો હતો.

રસ્તામાં ઘોડેથી દળી ઉતારીને નમાજ પઢતા સદર જમાદારે બુંગિયો સાંભળ્યો. એના હૃદયમાં ઊંડોઊંડો ભય પેદા થયો. અનિષ્ટ ભાવિના ભણકારા હૃદયના કોઈ અદૃશ્ય ખૂણે આવી ઝીણું-ઝીણું ગણગણી ગયાં. કોઈ અમંગળ શંકા એને ઉત્પન્ન થઈને એનું દિલ હચમચી ગયું. પોતાના વિશ્વાસે આવેલા પંદર બાળયુવાન ગભરૂડા આરબ સૈનિકો આંખ આગળ તરવરવા લાગ્યા. એણે દળી ઘોડે નાખી, ને વાંદરાની ઠેક પેઠે છલંગ મારી એ ઘોડેસવાર થયો. ઘોડો પાણીના રેલા પેઠે નાગનેસને માર્ગે વહેતો થયો. હાથમાં પકડેલી બંદૂક ઘડી ઘડીમાં જાણે એને ઉશ્કેરતી હોય એમ એને ખભે ઊંચકાઈ જતી. ઘર તરફ વળેલો ઘોડો બમણા જોરે વહેતો થયો હતો.

દરવાજા તરફ દૃષ્ટિ પડતાં બારણાં બંધ જોયાં. એણે સાંકળ ખખડાવી પણ કોઈ બોલ્યું નહિ. એણે ગુસ્સામાં પાટુ મારી ને દરવાનને હાક મારી. અવાજ ઓળખી દરવાને બારી ખોલી: "બાપુ! આપ હતા!"

પણ સદરે એની હિંમતનાં વખાણ કર્યાં. ગુસ્સે થયેલ જમાદાર નોકરોની વફાદારી સમજી શક્યો, ને એ પંદર આરબોની પીઠ પાછળ આવી ઊભો રહ્યો.

સદરને જોતાં જ પંદરે સૈનિકોમાં કોઈ અજબ ઉલ્લાસ પ્રગટયો. સદરની આંખો હર્ષમાં ચમકી રહી. સજળ બનેલી આંખોએ અનેક વાતો કહી નાખી. 'આજે આપણી વફાદારીનાં મૂલ્ય અંકાવાનાં છે. માલિકના નામ માટે માથું આપી આરબ કોમને રોટલો ખાતી રાખવી છે. પાછી પાની કરી આખાય કુળને કલંકિત કરવા કરતાં માથું ડૂલ કરવું બહેતર છે. નાસેલાઓને બાળબચ્ચાં તો ફિટકારશે પણ જન્મભૂમિની ધરતી નાકારો કરશે ને ક્યાંય સંઘરશે નહિ.'

પંદરે આરબોમાં શૌર્ય ઊભરાઈ હાલ્યું. દરવાજા ફડાફડ ઊઘડી ગયા ને બહાર નીકળી આવતા દળને ખાળવા સોળે ઘોડાં સામાં ઊભાં રહ્યાં. સામે ગોઠવેલી જંજાળોમાંથી ગોળીઓની ફણેણાટી શરૂ થઈ ગઈ. તોપોમાં હડૂડૂડૂ થવા લાગ્યું. ધુમાડા વચ્ચે થઇને જતા ગોળા હવાને ચીરી નાખતા.

ત્યાં તો સામેથી ઘેલાશા તગતગ્યા. પાછળ ધસ્યે આવતા કટક વચ્ચે એ તરી નીકળતા બહાદુર લડવૈયાને નિહાળ્યો ને સર્વેએ એની શક્તિનાં માપ કાઢી લીધાં. બરોબરિયો મળતાં શૂરવીર માણસ કોઈ અજબ ઉલ્લાસમાં આવી જાય છે. ઘેલાશાએ સોળ જ માણસો ઊભેલા જોયા ને મૂછમાં હસ્યા. ત્યાં તો વાલિયે શરણાઇ ઉપાડી. ને મોંમાં નાખી પીપ કરવા જાય, ત્યાં તો તોપોમાંથી છૂટેલો ગોળો પડખે જ પડેલા રાખના ઢગલામાં પડ્યો. પવનના અણુએ અણુમાં રાખ ભળી ગઈ, અને કાળાં ડિબાંગ વાદળા જેવું ઓથું છવાઇ ગયું. આંખો ભુરાઈ ગઇ ને શરણાઇ લટકતી મૂકી બે હાથે આંખો ચોળતો લંઘો નીચું જોઇ બેસી ગયો. સૈનિકો આંધીમાં ગુંગળાઈ

ગયા. આંખો ચોળી તેઓ જરા આગળ વધે તે પહેલાં તો સદર તેમના ઉપર તૂટી પડ્યો.

અચાનક થયેલો હલ્લો ને ચોમેર ઊડતી રાખનાં રજકણોથી ગભરાઇ ગયેલા સૈનિકો સાવધ થાય તે પહેલાં તો ચરડચરડ અવાજ થવા માંડયા. લોહીના ફુવારા ઊડી ચોમેર છાંટણાં પડયાં, ને ખૂને ચઢેલા આરબોની આંખો લોહી ઓકતી ચમકી. ફાટી આંખે શૌર્ય ઊભરાતા આરબોએ ઘેલાશાનું સૈન્ય હથિયાર ઉપાડે તે પહેલાં સોથ વાળી નાખ્યો. દરેકે દરેકના અંગ ઉપર ઘા પડયા હતા. પ્રાણઘાતક નીવડેલો હલ્લો ખાળી શકાયો નહિ. ઘેલાશાનાં સૈન્યે પાછી પાની કરી ને બરવાળાના માર્ગે ઘોડાં વાળી મૂકયાં. ઘેલાશા ભાગ્યદેવીને શાપ આપતા ઘોડાની સરક ઢીલી મૂકી ફેરવી નાઠા.

વાલિયાનું માથું વધેરાઇ જાય એ પહેલાં એણે શરણાઈ ફેંકી દીધી, ને બે હાથે મૂઠિયું વાળીને એ ભાગ્યો. આગળ જતાં ઘેલાશાને પીઠ પાછળ દોડયા જતા દેખી ગઢવીએ કહ્યું:

'અસબો સાદર આંબીઓ, ઘોડે લાગ્યા ઘા;
વાલિયાતણું પાંદડું વાગિયું,
પણ શરણાઇ ન વાગી ઘેલાશા!'

પાછળ જીવ લઇને નાસતા વાલિયાને એ વેણુ માથું વાઢયા જેવા લાગ્યા. એણે જવાબ વાળ્યોઃ

વાલીયો કે 'હું હદ વગાડત, આડો વાળત આંક,
પણ સોળ જમાદાર સરી ગયા, એમાં વાલિયાનો શો વાંક?'

બારોટજીને પોતાની કઢંગી સ્થિતિ યાદ આવી. પોતાનું ઘોડું ગુડાઇ જતાં પોતે પગપાળા દોડયે જતા હતા તેથી શરમાઇ ગયા. વાવડીને રસ્તે દુશ્મનનાં પગલાં ગાજતાં સાંભળી ભીમનાથની કેડીએ ચઢેલા દેશા શાઉની જીભ લવારે ચઢી. એમની દેવવાણીનાં પૂર

ઊમટ્યાં ને પોતાની આસપાસ નાસતા સ્વારો વચ્ચેના શબ્દો એમણે ફૂલમાળા પેઠે ગૂંથી લીધા.

'હુકમ દીધો હરિસંગ રાણે, કાઢ્યા ઊઠ્યું વેર ન્હાણે;
વળી ધેલારી શાહી વખાણે, ગઢ જાતો કર્યું નાગણે.
વારુ સોળ પ્રસણ છત્ર વીસું, રમહર ખાગે ચડિયા રીસું;
ઓરિયા ખેંગ જ્યાં વારવી ઇસુ, તાં દળ ભાગ્યું બરવાળા દીસું.
આંબ્યો સાદર ખાગ ઉબાણી, કે રાયબજી રેશે કહાણી;
વલીજી કે વાત વણાણી, મત ભાગો એ જીવા મીરાણી.
નીહંદ સાદને નાથીઓ નાગો, ખાન ગયો ખંખેરી ખાગો;
બાનીરજી કહે તુરણા ભાગો, વાંહે કાંક ફટકો વાગ્યો.
વલીજી કે કરમર વાસું, ઃઠીક દલુ કે ઉચાગર થાશું;
જંપે બખુ કે જીવતા જાશું, તો ફરી તાત વગાડી ખાશું.
હૈયે રામ મીરાજી હારે, સાહેબ દાદો અલી સંભારે;
પ્યારા ગોરી બૂમ પુકારે, મેં ખાગે સાદરીઓ મારે.
રજપૂતોનાં ઘોડાં રાઠાં, કેતાં પાર ન આવે કાઠાં;
નામચીન હતા તે નાઠા, તળ બરવાળે પોગ્યા ત્રાઠાં.
ગેલાસેરો સેન ગંજાયો, પો હરિચંદને હેઠો પાયો;
અર ભાંગી કશળે ઘર આયો, કેમ હરાંને રંગ કહાયો.

દળ ભાંગતાં આંધી ઊતરી ગઈ. નિર્મળ આકાશમાં ચંદ્રનાં ઝોકાર અજવાળાં દૂધ જેવાં ઊજળાં નીતરી રહ્યાં. સદરની ગૌરવભરી આંખોમાં વિજયનો નશો ઊભરાયો અને એણે સોબતીઓને છાતી સરસા ચાંપ્યા.

હલ્લાની ખબર સાંભળી દરબારની છાતી ગજગજ ઊછળવા લાગી. સદર જમાદારને વઢવાણ બોલાવ્યા ને બક્ષિસ આપી નવાજ્યા, પણ એ ક્ષણભંગુર બક્ષિસની લાલચે સદરનું ગૌરવ નહોતું વધાર્યું. એની નામના તો એના કાર્યથી હૃદયમાં ઘર કરી બેઠી હતી. એનાં અત્યારેય થતાં વખાણ એની કીર્તિમાલની સુરભિ પ્રસારી જાય છે.

લૂંટારો

'ભાઈ તે મૂલવે ઝૂમણાં,
લાડી તારે પહેરવા હોય તો આવરે;
રાયવર ઊતર્યા વાડીએ.'

કોડીલી ને યૌવનભરી સુંદરીઓના કંઠમાંથી મીઠા સરોદે ગવાતાં ગીત વનવગડાને વીંધી ચોમેર ફેલાઈ જતા, ને દૂરદૂર ગામમાં ઘરના ખૂણામાં કે મેડીની અટારીમાં લગ્નનાં સ્વપ્નાં સેવતી, પતિના ચહેરા મોરાની અનેક અટકળો કરતી એ નવવધૂને જાણે સંભળાવવા સંદેશવાહક બની જતી હોય એમ ધીમુંધીમું ગૂંજતાં હતાં.

આનંદમાં મસ્ત બનેલી સ્ત્રીઓની હલકે વાતાવરણમાં નશો ઊભરાતો. ગાડાવાળા બળદને દોડાવી એકબીજાની આગળ નીકળી જવાની દોડ કરતા હતા. ગાડામાં બેઠેલા જાનૈયા પોતાનું ગાડું આગળ જાય તો બળદને ઘી–ગોળ ખવરાવવાની મીઠી વાતો કરી ઉશ્કેરતા હતા.

પૂંછડું પકડતાં જ બળદો ચારે પગે થતા ને એ ડુંગરગાળીના માર્ગ ઉપરના પથ્થરને દળી નાખી ગાડાં આગળ દોડયે જતાં હતાં. સૂર્યનારાયણ ઊગીને સમા થાય ત્યાં તો જાનનાં ગાડાં ગામને ગોંદરે આવીને ઊતર્યાં. આખી રાતનો થાક અને ઉજાગરો હોવાથી સહુનાં અંગમાં સહેજ શિથિલતા ને આળસ આવ્યાં હતાં તે વેવાઈઓના સ્વાગતથી ઓસરી ગયાં. પાસે પિયાવે સહુએ નાહી ધોઈ કપડાં પહેર્યાં, ને પરણવાના કોડભર્યો, પીઠીભર્યો વરરાજો કપડાં કાઢવા પોતાના ટ્રંકનું તાળું ઉઘાડવા લાગ્યો.

કોડીલા વરરાજાએ કપડાં પહેર્યાં. આજે એનો મહાન પ્રસંગ હતો, અમૂલી તક હતી. માબાપનો એ એકનો એક દીકરો હોવાથી લાડકોડમાં ઊછરીને એ શોખીન બન્યો હતો. અત્યારે તો કોઈ રાજકુંવર ઊભો હોય એમ શોભી રહ્યો હતો.

જાનડીઓની કપડાં પહેરવાની હરીફાઈ, જાનૈયાઓની વેવાઈ-ઓને મળવાની ધમાલ અને યુવાનો તથા બાળકોની કોરડ ઉપર તરાપ મારવાની ઉત્કંઠામાં સહુ પોતપોતામાં પડી ગયું હતું.

વરરાજાએ જૂનાં કપડાં માથા સુધી ભરેલી ટ્રંકમાં દાબી દાબીને મૂક્યાં. મહામુસીબતે બંધ થતા ટ્રંકનું ઢાંકણું એણે દબાવ્યું, અને કપડાં નીચે ભરેલું દારૂખાનું દબાતાં અવાજ થયો. જાણે વીજળી પડી હોય ને કાટકો થાય એમ ટ્રંક તૂટી ગયો. અંદર ભરેલા ભીંતિયા બંદૂકની ગોળીઓ પેઠે છૂટયા ને મશીનગનમાંથી ઝાળ વરસે એમ એ બધું દારૂખાનું સળગી ઊઠયું. વરરાજાની છાતી વીંધાઈ ગઈ. કપડામાં અંગારા ઊઠયા, ને એ ઓયવોય કરતો ઊછળીને પછડાયો.

'હાય હાય માડી'...કરતી વરની મા દોડી. કપડાંના ભાન-વિહોણી, પુત્રવાત્સલ્યથી ઊભરાતી માતાનું કાળજું ચિરાઈ ગયું. એણે વરરાજાનું માથું ખોળામાં લીધું. ઘડી પહેલાનો કિલ્લોલ શોકના પડદા પાછળ દટાઈ ગયો—જાણે ધરતીકંપ પછીનો સનકાર! સહુની આંખમાં હર્ષને બદલે ચિંતા હતી: ચહેરા ઉપર ઉલ્લાસને બદલે ગમી હતી. જાનડીઓના કંઠમાંથી ગીતના સરોદો ઊપડતાં જ થંભી ગયા, ને જાનની આસપાસ મૃત્યુના ઓળા ઊતરી વરરાજાને ડરાવવા લાગ્યા.

'ભૂંડું થઈ ગયું,' કહી માએ એના કપાળ ઉપર હાથ ફેરવ્યો. દુઃખતા, કણસતા યુવાને પગ તરફડાવ્યા. રગોના ખેંચાણે એના સારાય દેહમાં વ્યાકુળતા વધી, અને ચોધાર આંસુડે રડતાં માબાપ સારુંય જીવન હારી બેસવાની પળે પહોંચ્યાં.

ગામમાંથી માણસોનાં પૂર ઊલટયાં. વૈદહકીમોની ધમાલ શરૂ થઇ. વરરાજાએ આંખો ફાડી મા સામે જોયું. દુઃખપૂર્ણ આંખો સામે મીટ માંડી, ભાવિને અધીન બની, જાણે સહુની માફી માગતો હોય, એમ એણે હાથ જોડયા.

એના દેહને કળ ન હતી. એણે વીંધાઈ ગયેલી છાતી ઉપર હાથ મૂકી ઘા દાબ્યા, ને વેદનાની એક જ છેલ્લી ચીસ નીકળી જતાં એ નિષ્પ્રાણ થઇ પડયો,

માબાપનાં જીવન લૂંટાઇ ગયાં. સારોય સંસાર બહારવટિયો નષ્ટ કરી ગયો.

'ઊભું' રાખ એય! સાંભળતો નથી?'

રાતના અંધારામાં ઝાડના ઓળા ભૂત જેવા બિહામણા દેખાતા. ચોમેર ઊભેલી ડુંગરની ખોપો ને સામે દેખાતી ડુંગરમાળામાંથી પડછંદા બોલતા. ચોમેર થતી હિંસક પશુઓની ચીસો અને ગર્જના કાળજાં ફફડાવી મૂકે એવી ભયંકર હતીઃ અને પુત્રશોકમાં ડૂબી ગયેલી જાનના ફફડાટ શમી ગયા હતા. આવા ભારે દુઃખમાં સાધારણ ચિંતા એને સાંભરે શાની?

અસ્તવ્યસ્તપણે ગાડામાં રડતી ને માથાં નાખી દીધેલી જાનડીઓ ઝબકી ઊઠી ને આગલા ગાડામાં બેઠેલા પુરુષે આંખો ચોળતાં સામે જોઇ પૂછ્યું: 'કોણ છે?'

'તારો બાપ...' કહી આવનારે બળદનો મોરડો પકડચો.

ગાડું થંભ્યું. ગાડાખેડૂ ધ્રૂજી ઊઠયો. સામે દેખાતી જામગરીએ એનું કાળજું ફફડાવી મૂકયું. એ ભયભીત આંખે તાકી રહ્યો. ને

મોઢે બુકાની બાંધેલો, પાંચ હાથ પૂરો પડછંદ આદમી હાથમાં જામગરી સળગાવેલી બંદૂક લઇને પડખે ચડ્યો.

ગાડાની હેડ નેળમાં થંભી ગઈ. તમામ ગાડાંમાંથી એક સાથે પ્રશ્ન ઊઠ્યો: 'શું? શું?' વગડામાં ચોમેર દોડાદોડ કરતી અંધારી રાત ને લિસોટા પેઠે ચોમેર ઢળતું ને પથરાતું અંધારું કોઈ કાળ જેવું ભયંકર હતું. વનવગડાની ઝાડીમાં થતા ખખડાટ એકલદોકલને ફડક બેસાડી દે, એવા નિર્જન સ્થાનમાં જાનનાં ગાડાં થંભેલાં જોઈ સહુ ચમક્યા. પહેરેલાં ઘરેણાં હાથ ફેરવીને તપાસી જોયાં, ને કાયા કરતાં માયાનો ભય વધુ ગણી કેટલાંક ઘરેણાં કપડાંમાં સરકાવવા માંડ્યાં.

લૂંટારા માણસોની ટોળી હાકલ–પડકારા કરતી એ ડુંગરાઓની ઓથેથી ધસી આવી. બ્રાહ્મણોનાં હાંજા ગગડી ગયા, ને ખડકેલાં શરીર ગારા જેવાં થઈ ગયાં. મોં ઉપર દેખાતા શોકમાં ભીતિની છાંટ ઊડી ને ચિત્રકારને દોરવા જેવાં ચિત્રો સહુના ચહેરા ઉપર અંધારામાં ઢંકાઇ રહ્યાં.

કાળદૂત જેવા લૂંટારુઓએ જાનને ઘેરી લીધી. ચોમેર ગોઠવાઈ ગયેલા માણસોએ નપાણિયા જાનૈયા સામે જોઈ અટ્ટહાસ્ય કર્યું, ને ઝાડી એમાં સૂર પુરાવતી હોય એમ એનાં પાંદડાંના ખખડાટ પવનના હલ્લે અફળાઇને ઘોર ગર્જના જેવો અવાજ કાઢવા લાગ્યાં.

એક જ હાકલે સહુએ અંગ ઉપરથી દાગીના ઉતારવા હાથ ઉપાડ્યો. જાણે છેલ્લી વખત નીરખી લઈ, એ મૃત્યુ પામતા વરરાજા પેઠે સદાને માટે એમને તજી જતા હોય, એટલા વહાલભર્યા દૃષ્ટિપાતે એમના હૈયામાં વલોપાત શરૂ થયો. જીવન હરાઇ જતાં હોય એવી કારમી વેદના એમને થઈ. વરરાજાના મૃત્યુ સમયે જેવો આઘાત એનાં માબાપને થયેલો એથીય દુઃખદ ઘા એમના હૈયામાં

વાગ્યો. 'ઘરે જઈને શું મોં બતાવશું?' એ ચિંતા એમનું કાળજું કોરી ખાતી હતી. 'માગી લાવેલાં ઘરેણાં પાછાં નહિ સોંપીએ તો શી વલે થશે?' એ વિચાર એમને ઊભા ને ઊભા બેફામ બનાવી મૂકતા.

'ઉતાર!' કહેતા લૂંટારે કાંડું પકડયું ને વીશેક વર્ષનો યુવાન ઝબકી ઊઠયો. એણે એની આંખો સામે મીટ માંડી, ને આંખ બદલાઈ. એનામાં શૌર્યનો સંચાર થયો. એક જ આડું એણે ખેચ્યું, ને હથિયાર મળતાં કાયર મનુષ્ય પણ ઊકળી હાલે એમ એને અંગેઅંગમાં થીજી ગયેલું લોહી વહેવા લાગ્યું. એની બોટીએ બોટી કંપી રહી. સામે ઊભેલો લૂંટારો ઝનૂની બન્યો. એણે બંદૂક લાંબી કરી, અને જામગરી ચાંપવા જાય ત્યાં યુવાને આડું એના કાંડા ઉપર માર્યું, ને લચકી જતું કાંડું કડ અવાજ કરતું કળ ચઢી જતાં બહેરું ખોડ બની ગયું. હાથમાંથી બંદૂક સરી પડીઃ એને ચક્કર આવ્યા, અને ધરતી ચાકડે ચડેલી લાગી : એ પડી ગયો.

યુવાને આડું એના માથા ઉપર ઝીકયું, ને શ્રીફળ વધેરે એમ એણે ખોપરી ફોડી નાખી. વરરાજા જેવા રંગે રોળાયેલાં કપડાં એની આંખે દેખાયાં ને એ ઝનૂની બન્યો. એક ચીસે લૂંટારા એના ઉપર તૂટી પડયા. ઘા ઝીલતો એ મરણિયો બનેલો યુવાન આખા શરીરે સોરાઈ ગયો.

વરરાજાની માના અંતરમાંથી હાય નીકળી પડી. એ હડી કાઢી ઝઝૂમતા લૂંટારાઓ વચ્ચે કૂદી પડી અને પેલા યુવાન ઉપર પડતા ઘા ઝીલી રહી. 'રહેવા દો, રહેવા દો,' કરતી એ આડા હાથ ધરવા લાગી: અને ખોળો પાથરી વીનવતી હોય એણે લૂંટારા સામે હાથ જોડયા.

આ ધિંગાણું જોવા દોડયાં આવતાં ચંદ્રનાં તેજ ગિરિમાળાનાં

શિખર પછવાડેથી ડોકિયાં કરવા લાગ્યાં, ને આછા અજવાળામાં લૂંટારાએ બાઈની દુઃખપૂર્ણ આંખો નિહાળી. સ્ત્રી ઉપર ઘા કરતો એ થંભ્યો. 'બાપુ! તમે તમારે લૂંટી જાઓ.' કહેતી બાઈએ આંસુગળતી આંખે ધ્રૂસકું મૂક્યું.

લૂંટારો થંભી ગયો.

'લૂંટાણા પછી બો શો? તમે તમારે લઈ જાઓ બધું.'

મોવડી ચોંક્યો. એનાથી પુછાઈ જવાયું: 'કોણે લૂટયાં?'

'જેણે આપ્યું એણે લૂંટી લીધાં,' અને બાઈ ચિરાઈ જતા હૈયે બેસી ગઈ.

આભા બનેલા એ માણસે બોકાની કાઢી નાખી. એની લાંબી દાઢીના થોભિયાઓ ને અણીદાર મૂછોએ એના કરડા ચહેરામાં વધુ ભયંકરતા આણી. વગડો આખોયે ભયના ઓળા પાથરવા લાગ્યો. જાનૈયાની આંખો ચમકી ને એમણે એને ઓળખ્યો. સહુનાં હાજાં ગગડી ગયાં. 'નક્કી મોત આવ્યું. આપણને એકેયને જીવતા નહિ જવા દે,' એ એક જ વિચાર એમનાં કાળજાં કોરી ખાવા લાગ્યો.

નીચું જોઈ ડૂસકાં ભરતી બાઈના મોં સામે તાકી રહેલા લૂંટારાએ દુઃખપૂર્ણ અવાજે ફરી પૂછ્યું, 'શું થયું?' લૂંટારામાં માણસાઈ આવતી હતી. દુઃખી માણસોના ઉદ્‌ગાર ઘણી વખત ઉત્કંઠા સાથે માણસાઈનાં અમી નિતારે છે. એ જડ અને અમીહીન હૃદયમાં કોમળતા અને દયાના અંકુર ફૂટ્યા. લાગણીવશ બનેલો તે આગેવાન નીચે બેસી ગયો: 'આટલું બધું?'

જાણે એના દુઃખેદુઃખી થતો હોય એમ અજબ નયને બધી વાત સાંભળી એણે આંસુ લૂછ્યાં. એક જ તાળી પાડીને પોતાના માણસોને એણે વિદાય કર્યા. જાણે કોઈને મળવા આવ્યા હોય એટલી શાન્તિ અને સંતાપ સાથે સામે દેખાતા વાંકમાં નાની શી

કેડીએ થઈને બધા સરી ગયા.

'ઊઠ બહેન!' કહી એણે બાઈને ઉઠાડી, ને ગાડાં વહેતાં કરાવી પોતે વોળાવિયો બની સાથે ચાલ્યો. ગામના પાદરમાં પ્રાગડ ફૂટતા પહેલાં પહોંચાડયાં, ને ડોકમાંથી હાર કાઢી બાઈના હાથમાં મૂકયો: 'બહેન! ભાઈની વીરપસલી.' તરત એણે ઘોડું પંખેરી મૂકયું.

બાઈની આંખો એની પાછળ તાકી રહી. હૈયામાંથી ઊછળતા વિચારે એનાથી બોલાઈ ગયું: 'લૂંટારો તે ઓલ્યો, કે આ?'

‘ નમક ખાયા હૈ ’

ઉનાળાના ધોમધખતા તાપમાં લીલીછમ વાડીઓ વટેમાર્ગુને વાટનો થાક ઉતારી પ્રફુલ્લિત બનાવતી હતી. ચોમેર વાડીઓના સેઢે આવેલા ઘેઘૂર વડલા શીળી છાંયડી પાથરી, જતાઆવતા માણસોને પરોપકારપ્રવૃત્તિની શિખામણ આપતા હતા. ઠેરઠેર ઊભેલા પાળિયા પોતાનાં શૌર્ય અને ટેકભરી મર્દાઈની મૂંગી પ્રેરણા આપી રહ્યા હતા. તેવે વખતે પોતાની ઘોડી ઉપર રેબઝેબ થઈ ગયેલ આધેડ ઉંમરનો વાણિયો વીલા મોંએ અને ચિંતાતુર ચહેરે રસ્તો કાપતો આવતો હતો. એની મુડદાલ ઘોડી ભૂખને લીધે પેટમાં પડેલ ખાડા પૂરવા ખેતરોમાં વાવેલ રજકાની મીઠી સોડમે ચોમેર ડાંફસિયાં મારતી ધીમી ગતિએ આગળ વધતી હતી.

થોડે જતાં ઘેઘૂર વડલાની શીતળ છાંય અને પુરાતન કાળની અમૃતધારિણી વાવ આવ્યાં. બપોર જામ્યો હતો. તડકો ધખ્યો હતો. તરસથી એનો કંઠ શોષાતો હતો અને પેટમાં ભૂખ પણ કકડીને લાગી હતી; છતાં ચિંતાને લીધે અત્યારસુધી એને એ સમજાયું ન હતું.

અત્યારસુધી એને એક જ વિચાર ઘોળાયા કરતો હતો: ‘વેવાણને આટલું બધું ઘરેણું પણ નજરમાં ન આવ્યું ? શું રૂપિયા કાંઈ મૂળાના પતિકા છે કે હું ઢીમના ઢીમ ઘડાવી દઉં ? અને એની કન્યા વળી બહુ રૂપાળી એટલે આવું ઘરેણું નજરમાં પણ કેમ આવે ? આવી વહુ મારે ઘેર આવી શું ઉજાળશે ? ’ આવા આવા વિચારોની પરંપરાએ ચડેલા વણિકને પોતાની સ્થિતિ યાદ આવી.

છળકપટથી મેળવેલ પૈસાની સ્મૃતિ જાગી. પોતાના પુત્ર માટે કન્યા મેળવવા રૂપિયાની થેલીઓ વેવાઈને ચરણે ધરી એ દિવસ યાદ આવ્યો: અને એણે ઊંડો નિસાસો મૂક્યો.

એણે ધીમી પડેલી ઘોડીને એડી મારી ને લગામ ખેંચી ડચકારો કર્યો. ઘોડીએ ગતિ વધારી ને સામે જ દેખાતો ઘેઘૂર વડલો ને એની પડખે જૂની ખખડધજ ઊંડી વાવ દેખાયાં. માણસને સુખ જોઈ લાલસા જાગે અને આરામ ભોગવવાની જિજ્ઞાસા જાગૃત થાય એમ વડલાની શીળી છાંયડી અને વાવ જોઈ ભૂખ અને તૃષા એને યાદ આવ્યાં.

આજુબાજુનાં ખેતરોમાં કોઈ ન હતું. ક્યાંક ક્યાંક કોસનાં પૈડાંના કિચુડકિચુડ અવાજ અને થાળામાં પડતા પાણીના પડછંદા પવનની પાંખે ચડી દૂરદૂરથી ચાલ્યા આવતા. ક્યાંક દુહા લલકારતા કોસ હાંકનાર કે પાણોતિયાના હવાના હીંડોળે હીંચતા સૂર કાનના પડદે પછડાતા. નિર્જન વગડો ને શીતળ છાંયડીમાં મીઠી એકાંત ભયંકર લાગે, છતાં એકાદ માણસની હૂંફ માણસને આશ્વાસનરૂપ થઈ પડે છે. વાણિયે વડલાને છાંયે નમાજ પઢતા એક આરબ જુવાનને જોયો અને એણે ઘોડીને વડ હેઠળ લીધી.

વાવને પગથિયે પગ મૂકી એ ઘોડી ઉપરથી ઊતર્યો. ઘોડીનો તંગ ઢીલો કર્યો, અને કાઠા ઉપર નાખેલ ખડિયો ઉતારી એણે ખભે લીધો. દળી ઊંચકીને વડના થડ પાસે પાથરી. ખડિયામાંથી ઢેબરાં કાઢી સામે ગોઠવ્યાં.

વાણિયો હમેશાં બહુ ચતુર અને બુદ્ધિશાળી ગણાય છે. અજાણ્યા સાથે ઓળખ કરી એની ઉપયોગિતાનું માપ એક ઘડીના છઠ્ઠા ભાગમાં કાઢી લે છે. એણે નમાજ પઢી રહી પાથરણું સંકેલતા આરબ યુવાન તરફ નજર કરી. પાસે પડેલી બંદૂક જોઈ ચિંતા, ભય અને ધાક

એની નજરે દેખાયાં. વિમાસણમાં પડેલો વણિક ઊભો થયો અને આરબ યુવાન પાસે જઈ આગ્રહ કર્યો: 'ચાઉસ, ચાલો ચાલો વખત થયો છે, થોડું જમી લઈએ.'

'નહિ, હમને રોટી ખાઈ હે.'

'અરે એમ તે કંઈ ચાલે? જે ભાવે ઈ, થોડુંક.' કહી વણિકે આગ્રહ કર્યો. એની ચકોર બુદ્ધિએ કામ કર્યું હતું. જો ચાઉસ થોડું-ઘણું ખાય તો એની ભીતિ ટળે. 'જેનું નિમક ખાય એને લૂંટવાનો વિચાર સરખો સામો માણસ ન કરે,' એ જૂની કહેવત મુજબ શેઠે ચાઉસને ગમે તે રીતે જમાડવાની યુક્તિ કરી હતી.

ચાઉસે વાણિયાની આજીજી સાંભળી: આગ્રહ જોયો અને અન્નને ઠેલવું એ એક અપશુકન છે, એમ એણે પોતાના કાઠિયાવાડના નિવાસમાં સાંભળેલું, એટલે શેઠના આગ્રહે વિવશ બની એ વાવમાં ઊતર્યો. હાથમોં ફરી ધોયાં અને આવીને બેઠો. પોતાની જામગરી-વાળી દેશી બંદૂક એણે ગોઠણ તળે દબાવી.

શેઠે બે ઢેબરાં ચાઉસની સામે મૂકયાં. ચાઉસને ઇચ્છા ન હતી છતાં તે ખાવાં પડયાં.

આરબ હોય કે આયર હોય, રજપૂત હોય કે ગરાસિયો હોય, પણ શૂરવીર મનુષ્ય જેનું અન્ન ખાય એને માટે માથું આપવા હમેશાં તૈયાર રહે છે. ચાઉસે વાવમાં જઈ પાણી પીધું અને બંદૂક ખભે મૂકી પૂછયું: 'શેઠ, કઈ તરફ જવું છે?'

ચાઉસને પૂછતો જોઈ થોડા ઘણા ક્ષોભ સાથે શેઠે પોતાનું ગામ કહ્યું. ચાઉસને તો એથીયે આગળ જરૂરી કામે જવાનું હતું એટલે બન્નેને સંગાથ થયો. પણ આરબ યુવાન હતો: અનુભવી શેઠની નજરે આરબ ગાંડો સમજાતો હતો: માથું આપે એવી એની ટેક શેઠના ખ્યાલમાં હતી, પણ પોતાની સાથે જોખમ છે એ વાત કહેવા

એની હિંમત ચાલી નહિ. આરબે રસ્તે ચડતાં પૂછયું: ' શેઠ, કુછ જોખમ-બોખમ હૈ ! '

' ના રે, ભાઈ! આવા વખતે જોખમ લઈને કોઈ નીકળે ખરું ? ' કહી વાણિયો કૃત્રિમ હાસ્ય હસ્યો. આરબના દિલમાં સંતોષ થયો. કાયા કરતાં માયાની બીક હમેશાં માણસને બિવરાવે છે. આરબને શેઠના જવાબે બેપરવા બનાવી દીધો.

' શેઠ ! આ કોતરું જરા ભોવાળું ગણાય છે. મને સામી ધારે માણસોના ઓળા દેખાય છે. કાંઈ જોખમ તો નથી ને ? ' ચાઉસે બીકાળ વંકી—ભયાનક ગણાતી જગ્યાથી થોડે દૂર શેઠને ફરી પૂછયું.

એ જગ્યાએ અનેક માણસો વેળાકવેળાએ નીકળતી વખતે ડરતા એ શેઠને યાદ આવ્યું. દિલમાં ઝીણી ચણચણાટી જાગી. આંખમાં ભયના પડછાયા પડયા અને કંઠ સુકાઈ જતો હોય એમ એ થોથરાઈ ગયો. પરસેવે રેબઝેબ થઈ ગયેલા શેઠને જોઈને ચાઉસની આંખ ફરી. અત્યારસુધી પોતાથી પડદો રાખનાર શેઠ ઉપર એને ઘૃણા ઉત્પન્ન થઈ, પણ પોતે નાઈલાજ હતો. એણે શેઠનું નમક ખાધું હતું. ક્રોધને ગળી જઈ એણે નિસાસો મૂકયો ને હાકોરો કર્યો: ' શેઠ, જોખમ હોય તો મને આપી દો ને તમે આગળ ચાલ્યા જાઓ. '

શેઠે વેવાણને મનમાં અનેક ગાળો દીધી: ' આટલું ઘરેણું એને ગમ્યું નહિ ને રાખ્યું નહિ. રાખવું ન હતું તો પછીથી પાછું મોકલવું હતું, પણ અત્યારે જ સાથે શા માટે આપ્યું ? ' એમ વિમાસતા શેઠે ભેટ છોડવા માંડી.

શેઠે વખત ઓળખ્યો. માલ જતાં જો જીવ બચતો હોય તો

'જીવતો નર ભદ્રા પામશે,' એ જૂનું સૂત્ર યાદ કરી હિસાબમાં કાબેલ શેઠે ગણુતરી કરીને ભેટમાં બાંધેલો ઘરેણુાંનો દાબડો કાઢીને ચાઉસના હાથમાં મૂક્યો.

'હત તેરી !' કહી ચાઉસે પગ પછાડ્યો. પોતાની ભેટ ઢીલી કરી દાબડો અંદર ગોઠવ્યો ને બંદૂકને ખભે મૂકી એ ઊભો રહ્યો: 'શેઠ, આગળ ચલે જાઓ.'

શેઠે જોયું કે ઘરેણું તો જવાનું જ હતું. ચાઉસ લઈ જાય કે લૂંટારા લઈ જાય, એ બન્ને એને મન સરખું હતું. જીવ બચાવવા માટે ગાભરા બનેલા શેઠે ઘોડીને એડી મારી.

પણ ઝાડની ઓથે ઊભેલા કંધેવાળિયે આ જોયું હતું. એણે પોતાના મળતિયાઓને સંજ્ઞા કરી, ને ચારે બાજુથી હાકલ પડકારા કરતા બુકાનીધારી લૂંટારા નીકળી આવ્યા. એમણે આરબને ઉદ્દેશી કહ્યું:

'જમાદાર! તમે નાહક વચ્ચે આવો મા. શેઠનો દાબડો આપીને તમે તમારા માર્ગે ચાલ્યા જાઓ.'

'ક્યોં?' ચાઉસે લાલ આંખ કરી બંદૂક ઉપાડીને પૂછ્યું.

'તમે આ શેઠને ઓળખો છો? એના વોળાવિયા છો?'

શેઠની છાતી ધ્રૂજી ઊઠી. ચાઉસ શું કહેશે એનો દિલમાં વસવસો થઈ રહ્યો.

'નહિ!' ચાઉસે હોઠ પીસી જવાબ આપ્યો.

'ત્યારે ભલા માણુસ! તમે નાહક શીદ વચ્ચે પડો છો?'

'મેં સાથ તો હું ના? મેરે દેખતે તુમ ઇસકુ નહિ લૂંટ સકેગા.' મક્કમતાથી ચાઉસે મર્દાનગીભર્યો જવાબ આપી પગ પછાડ્યો.

'તમારે તો મબ્બાભાઇની મહોબતઃ રસ્તે સાથે થયા એટલે સંગાથ થયો. અરે જમાદાર! એને ને તમારે બીજું શું? એ તો

વાણિયાની જાત. તમે માર્યા જશો તો બૈરી–છોકરાં તમારાં રઝળશે. એ વાણિયો તો પછી તમારા કુટુંબની સામેય નહિ જુએ.'

આરબ વિમાસી રહ્યો. વાણિયાઓ કેવા સ્વાર્થી હોય છે તે એ જાણતો હતો. એ જાણે ભવિષ્ય વાંચતો હોય એમ એકધ્યાન થઈ ગયો. કર્તવ્ય પરિસ્થિતિની એ તુલના કરતો હોય એમ એણે એકાગ્ર દૃષ્ટિથી નિહાળ્યું. પણ એની દૃષ્ટિએ અનેક વાદળાં વચ્ચે સૂર્ય ડોકિયું કરે એમ શેઠનાં બે ઢેબરાં ખાધેલાં એ નિમકની ફરજ તરવરી. એણે એકદમ ઊંચું જોયું ને શેઠને હાકલ કરી, 'શેઠ તુમ ચલે જાવ. હમ એ સબકું દેખ લેગા !'

'ચાઉસ !' લૂંટારામાંના એકે પડકાર કર્યો.

ચાઉસ હસી પડ્યો. એના અંગેઅંગમાં જુવાનીનું લોહી વહેતું હતું: શૌર્ય અને સાહસ ઊછળતાં હતાં. આટલા માણસો સાથે ઝૂઝવામાં એને બીક ન હતી; પણ જીવનના ખેલ ખેલવાની એને મજા દેખાઈ. એણે લૂંટારા સામે કરડી આંખે જોયું. 'મેંને ઈસકા નમક ખાયા હૈ,' કહી એણે બંદૂક ઉપાડી.

કટોકટીનો મામલો આવી પહોંચ્યો. સોળ સોળ લૂંટારા સાથે એકલો આરબ યુવાન જરાય પીછેહઠ કરવા કરતાં મરવાનું વધુ પસંદ કરતો હતો. એણે ડારો બતાવી હાકલ કરી: "જો એક કદમ ભી આગે બઢેગા ઉસકી જાન લુંગા !' કહી દૂર દૃષ્ટિ ફેંકી.

શેઠે ઘોડી નબળી હતી. શેઠ હવે મધ વિનાનો પૂડો હતો, એટલે લૂંટારાઓએ એને ભાગવા દીધો ! શેઠને આગળ નીકળી ગયેલો જોયો અને એના અંગમાં ઝણઝણાટી આવી ગઈ. એણે બંદૂકની નળી તાકીને આગળ ચાલવા માંડયું.

સોળ સોળ લૂંટારા ડાંગો ઉછાળતા ચોમેર ફરી વળ્યા. આરબે ભેટમાં ખોસેલી છરી મ્યાનમાંથી કાઢી અને એક હાથમાં કાતીલ

છરો ને બીજા હાથમાં કાળમુખી બંદૂક રાખી એણે ચોમેર ઘૂમી રસ્તો મોકળો કરી આગળ ચાલવા માંડ્યું. ચાઉસ ઉપર લાકડીઓના ઘા પડવા લાગ્યા. ચાઉસે પાસે આવનારને બંદૂકથી ડાર્યા ને જે એકદમ નજીક ધસી આવ્યા એમને છરી હુલાવી ઢગલો કરવા માંડ્યા. બંદૂકનો અવાજ કરવાની જિજ્ઞાસા થઈ; પણ એ તરત જ ચેતી ગયો. બંદૂકમાં એક જ ગોળી હતી. બીજી ભરવાનો સમય ન હતો. એણે સમયસૂચકતા વાપરીને ધીમેધીમે આગળ વધવાનો નિશ્ચય કરી લીધો.

મુડદાં ઉપર ગીધ તૂટી પડે એમ આરબ ઉપર લૂંટારાનું ટોળું ઝળુંબતું, લાકડીના ઘા કરતું, ને સામે ચાઉસના છરાનો ભોગ બની ઢગલો થઈ જવામાંથી બચવા નાસી છૂટવા માંડ્યું. પણ આરબનો ઘા અફળ ન જતો. કોઈ મરતું તો કોઈ ઘાયલ થઈ દૂર ખસી જતું. આરબ પણ સોળ સોળ લાકડીનો મારો સહન કરતો, આખા શરીરે સોળનાં લીલાંછમ જેવાં ચકામાં જામતાં છતાં શૌર્યથી ઊભરાતા દેહે ચોમેર ફૂદડી ફરતો હોય એમ ઘૂમવા લાગ્યો. સાતેકને પાડી, બેચારને ઘાયલ કરી એણે પડકારો કર્યો.

માણસને ઘા કરતાં પડકારાની ધાક વધુ લાગે છે. ચક્કર ફરતો ને છરો હુલાવી એક ઘાએ ઢગલો કરી નાખતો જવાંમર્દ આરબ આ લૂંટારાઓને યમદૂત જેવો લાગ્યો. લૂંટારા થંભી ગયા. લોહીનીતરતો આરબ ચાલ્યો ગયો. આખે રસ્તે એના અંતરમાં એક જ પડછંદ ગાજતો હતો: 'મેંને ઉસકા નમક ખાયા હૈ.'

સામે ગામના પાદરમાં એક વીર નર ઊભો હતો. એણે વાંકડી મૂછો વળ દઈને ઊંચી ચડાવી હતી. એની ભરાઉ કાંધ અને વિશાળ છાતી એની મર્દાઈ સૂચવતાં. એની કેરીની ફાડ જેવી આંખમાંથી શૌર્યના ઓઘ નીતરતા. એના ભવ્ય ચહેરા ઉપર ખાનદાની તરવરતી.

એણે આ યુવાન આરબને લોહીથી તરબોળ બની ચાલ્યો આવતો જોયો. મર્દને મર્દ પિછાની લે એમ એના દિલમાં એ યુવાન તરફ મમતા જાગી. એણે આગ્રહ કરી એ યુવાનને રોકયો. આખી કથા આરબની પાસેથી સાંભળી, પણ યુવાને વાણિયાની કે એનાં ઘરેણાની વાત કરી નહિ.

રજપૂતના મોંમાંથી વાહવાહ નીકળી ગઇ. ગૌરવથી એની છાતી ધબકી રહી. આગ્રહ કરી એ યુવાનને ઘેર તેડી ગયો. મારના સોળ મટયા, ઘા રુઝાયા ને નવું લોહી ફરવા લાગ્યું, એટલે આરબે રજપૂત પાસે દીનતા યાચતો હોય એમ નીચી નજરે પૂછયુંઃ 'ભાઇ! મેં આપકા બડા અહેશાનમંદ હું. મેરી એક અરજ હૈ. આપ મેરી સાથ ચલેંગે?'

'કે જમાદાર! કયાં જવું છે?' રજપૂતે હસતાં હસતાં પૂછયું.

'એક બનીઆકા જોખમ–જવાહર હમારી પાસ હૈ. ઉસકે ગાંવ જાના હૈ. જાકરકે ઉસકી દોલત ઉસકો વાપિસ કરના હૈ.' કહી આરબે ભેટમાં સંતાડી રાખેલો પેલો દાબડો બતાવ્યો.

'હેં! તમે સંપેતરૂં લાવતા હતા?' રજપૂતે પૂછયું.

'નહિ, મેં નમાજ પઢતા થા. વો બનીઆ વહાં આયા ઓર હમકુ રોટી ખીલાઇઃ સીર્ફ દો રોટી. ઇસને હમકુ એ સોંપ દિયા. રાસ્તેમેં ચોર–ડાકુસે મુલાકાત હુઇ. બનિયેકો સલામત રખનેકે લિયે હમને યે જોખમકા ડબરા લે લિયા. અબ મૈં યે ડબરા વાપિસ દેના માંગતા હૂં.' આરબે આડાઅવળા શબ્દો ઉચ્ચાર્યાઃ પણ આખી વાત રજપૂત સમજી ગયો. એની છાતી જોરસથી ઊછળવા લાગી. એનાથી આરબને રંગ દેવાઇ ગયો.

બન્ને જણ સાથે વાણિયાને ગામ ગયા. પોતે ગામનું નામ જાણતો હતો, પણ વાણિયાનું નામ જાણતો ન હતો એટલે જ તેણે

રજપૂતને સાથે લીધો હતો. જોતાં જોતાં દુકાને બેઠેલા શેઠને આરબે ઓળખ્યો. આરબના મોંમાંથી નીકળી ગયું: 'દેખો, યે શેઠ.'

રજપૂત અને આરબ યુવાન દુકાન ઉપર ચડયા. શેઠે આરબ યુવાનને ઓળખ્યો નહિ. એ હાકાબાકા બની બન્ને સામે તાકી રહ્યો. આરબે ભેટમાંથી દાબડો કાઢી શેઠ સામે ધર્યો.

શેઠે ઊંચે જોયું, આરબને ઓળખ્યો, અને પોતાના ભાગ્ય ઉપર એણે હાસ્ય કર્યું.

દાબડો મૂકી મૂંગોમૂંગો આરબ ઊભો થયો: 'શેઠ, હમ જાતે હૈં.'

શેઠ એ વિમાસી રહ્યો હતો: પોતાના ભાગ્યની જાગૃતિથી—કે ભાગ્યમાં હતું તે આવ્યું. આરબ તો નિમિત્ત માત્ર હતો. એણે બચાવ્યું માટે કંઈક આપવું તો જોઈએને!

એણે ઊઠીને પેટી ઉઘાડી. અંદરથી બે રૂપિયા લીધા ને હસતાં હસતાં આરબ સામે ધર્યા: 'લો, જમાદાર!'

આરબની આંખ ચમકી: રજપૂતની આંખમાં લોહીનાં ટસિયાં આવ્યા. ખુન્નસભર્યા રજપૂતથી કેડે લટકતી તલવાર ઉપર હાથ મુકાઈ ગયો.

આરબ સમસમી ઊઠચો. પણ એણે એ અપમાન ગળે ઉતાર્યું. રજપૂતને એણે વાર્યો; પણ બેબાકળા રજપૂતનું ઝનૂન ઊછળી હાલ્યું. એણે તલવાર મ્યાનમાંથી છંડવી ને ઉગામી: શેઠ રાડ નાખી દુકાનમાં ઘૂસી ગયો. આરબે ક્રોધથી ધ્રૂજતા રજપૂતનો હાથ પકડી લીધો. આરબની આંખો રજપૂતની સામે મંડાઈ. જાણે એ આંખો એને કાંઈક કહેતી હતી. આરબનું મુખ મરકયું: ખાનદાનીભરી એની મુખ-મુદ્રા પ્રફુલ્લિત બની. એ બોલ્યો:

'ભાઈ! મૈંને ઉસકા નમક ખાયા હૈ.'

જમણી ભુજા

'લાખોજી ક્યાં છે?' ઓરડામાં પગ મૂકતાં જ ઠાકોર બાવાજીરાજે પૂછ્યું ને પુત્રવાત્સલ્યથી ઊભરાતી આંખો ઓરડામાં ચોમેર ઘૂમી વળી.

'આટલામાં રમતા હશે,' કહી રતનબાએ બાનડી સામે જોયું. ચતુર બાનડી મનની વાત પારખી ગઈ હોય એમ લાખાજીને લઈ આવવા દોડી, ને ઉંબરા બહાર પગ મૂકતાં એણે ડેલી આગળ ધૂળની ડમરી જોઈ. ઘસટના ભણકારા એના કાનમાં ગૂંજ્યા ને એના કાળજામાં ફફડાટ થયો. એણે આગળ ઉપાડેલો પગ પાછો મૂક્યો ને ઉંબરા વચ્ચે ખીલો થઈ જતી વડારણથી રાડ નંખાઈ ગઈ.

ઠાકોર ચમક્યા. રતનબાની આંખો ભયભીત બની. બન્નેને અશુભ વાતના ભણકારા વાગ્યા. સ્નેહીઓને પોતાના વહાલાઓની અમંગળ કલ્પનાઓ પહેલી આવે છે, એમ બહાર રમતા લાખાજીની અશુભ કલ્પના આવતાં બન્ને ફફડી ઊઠયાં.

"બાપુ! પાળ......" કહેતી ફફડતી બાનડી અંદર ધસી આવી. એની આંખો ભયથી ફાટી રહી હતી; કાળજું ધબકી ઊઠયું હતું ને છાતી ધમણ પેઠે ઊછળતી હતી.

પાળનું નામ સાંભળતાં જ ઠાકોર સાવધ બની ગયા. પોતાના બળ ઉપર મદાર બાંધી જ્યારથી સેતાઓની જમીન આંચકી લીધી હતી અને કેટકેટલી એમની કાળજી છતાં એ સેતાઓને તરછોડી કાઢયા હતા, ત્યારના એ લોકો ગામ છોડીને ચાલ્યા ગયા હતા. એમણે કેટકેટલા જાસા મોકલેલા, પણ નીડર ઠાકોરે જરાય મચક

આપી ન હતી. પોતાની પાસે રહેતા ફાજલ અને હસન નામના વાઘ જેવા સિપાઈ બચ્ચાઓ આ મૂઠીભર સેતાઓ માટે પૂરતા હતા. અને એમની એ ગણતરી સાચી હતી. સેતાઓ જેટલા ઠાકોરથી ડરતા તેના કરતાં વધુ આ જમાદારોથી ડરતા. લીંબુની ફાડ જેવી મારકણી લાલ આંખોવાળો ફાજલ પોતાની પ્રચંડ ભુજાઓ વડે ડારતો હમેશાં બાપુના મહેલના પગથિયાં પાસે ઊભો રહેતો. ને એ ઊભો હોય ત્યાં સુધી સેતાઓની દેન ન હતી કે આગળ ડગ ભરી શકે.

ઠાકોરે પાળનું નામ સાંભળતાં ગોઠણ નીચે દાબેલી તલવાર ઉપાડી. એમની આંખમાં ખુન્નસ ભરાયું. અંગેઅંગમાં શૌર્ય ઉભરાયું ને લોહીભરેલી નસો ફૂલી ગઈ. એમણે તલવાર મ્યાનમાંથી છંડવી ને હાક મારી, ' જમાદાર ! '

પગથિયા નીચે ઊભા રહી ચોકી કરતા જમાદારને પડકારતા ઠાકોર આગળ વધે તે પહેલાં ઉંબરામાં ઊભેલી વડારણ થીજી ગઈ. એનાથી કાળી ચીસ નંખાઈ ગઈ. ડેલીની વંડી ટપી અંદર પડેલ પાળનાં માણસોએ આંગણામાં રમતા દરબારના ફૂલ જેવા આઠ વર્ષના નાનકડા બાળ લાખાજીને પોતાના હાથમાં ઊંચકી લીધા હતા. એ એણે જોયું ને બેફામ જેવી એ દોડી.

રાણી રતનબા એકદમ દોડતાં આવ્યાં ને કુંવરને જોઈ એમના હૈયામાં ઊંડી ફડક બેસી ગઈ. કુંવર દુશ્મનના હાથમાં જોઈ એમની વાત્સલ્યભરી દૃષ્ટિ રક્તપિપાસુ બની રહી. પણ સ્ત્રીની વેદના સ્ત્રી જ સમજી શકે. લાઠીનો ભાવિ વારસ દુશ્મનને હાથ હતો. પતિને એકલે હાથે ટોળાબંધ આવેલા પાળ સામે ઝઝૂમવા જતા જોઈ એના બહાવરા બનેલા હૈયામાં કાંઈ ન સમજાય એવું કુતૂહલ જાગ્યું: મગજમાં અનેક કલ્પનાઓ આવી ગઈ: અને ઠાકોર બહાર નીકળે તે પહેલાં એમણે ઓરડાની સાંકળ બહારથી ચડાવી દીધી.

'રાણી!' અંદરથી સત્તાવાહક અવાજ આવ્યો. એ અવાજમાં શૌર્યના પડછંદા પડતા હતા. પગનો ધમધમાટ એમના બળની ખાતરી આપતો હતો. એમની આડો ખિંગાણે ઘૂમવાની તાલાવેલી ને ઉત્કંઠા દર્શાવતી; પણ ઊંડી ઊંડી અણુતરી કરતું અણુતરીબાજ હૈયું ફફડાટ અને ભય વચ્ચે નિષ્ઠુર બનતું જતું હતું. રતનબાએ દરબારની હાકલને અણુકારી નહિ.

પણ માતૃત્વના ધોધ પાસે કાળમીંઢ પથ્થર જેવી દૃઢતા ટકી શકી નહિ. નીચે ઊભેલા ઉઘાડી તલવાર વીંઝતા સેતાઓએ લાખાજીના ખૂનથી પોતાના વૈરની તૃપ્તિ પામવાની નેમ બતાવી: ને રતનબાની ચીસ નંખાઇ ગઇ: "મારો લાખોજી!"

બારણાને પાટુ મારી ઉઘાડવા મથતા દરબારે આ હૃદયવેધક ચીસ સાંભળી ને એમના કાળજામાં ચીરો પડ્યો. એમણે ભયભીત બની ચિંતાતુર અવાજે પુછ્યું, "લાખોજી ક્યાં છે?"

"સેતાએ પકડી લીધા," કહેતાં ચોધાર આંસુડે રડતાં રતનબા બેભાન બની ગયાં. કઠોર હૈયું પણ પુત્રવાત્સલ્યથી દ્રવી ગયું. નીચે 'મારો' 'મારો' ના થતા અવાજે દરબારગઢ ગાજી ઊઠ્યો. પાંજરે પૂરાયેલા સિંહ પેઠે ઓરડે પૂરાયેલા નરસિંહ સમા બાવાજીરાજ પુત્રની અમંગળ કલ્પનાઓ વડે ઉશ્કેરાઇ બંધ બારણા સાથે બળ પછાડી રહ્યા.

હાય નાખતી વડારણે કોઠાની બારી ઉઘાડીને મદદ માટે સાદ ફાટી જાય એવી કાળી ચીસ પાડી. રૂંઝું વેળાએ ફળીમાં બે પગ વચ્ચે બોધરણું રાખી પોતાની મદાંગ ગાયને દોહતી જીવી ગામિયા-ણીએ ચીસ સાંભળતાં બોધરણાને ધકેલી મૂક્યું અને ઊભી થઈ. કોઠાની બારી સામે ઊંચે જોઇને એણે પૂછ્યું:

"શું છે?"

વડારણે ધ્રૂજતા અવાજે કાંઇક કહ્યું તે અડધું સંભળાયું, અડધું ન સંભળાયું; પણ ભયની આગાહી એને થઈ આવી. એટલે એણે

હડી કાઢીને ફળીમાં પડેલી નિસરણી કોઠા સાથે માંડીને બાંધા ઉપર પગ મૂકતાં હાકલ કરી: " એલા ધોડજો ! ધોડજો ! "

ને પળવારમાં એ ઉપર ગઈ. રાણીને ઊંચકી પથારીમાં સુવાડ્યાં ને બાનડી પાસેથી લાખાજીની વાત સાંભળતાં એ જુવાન ગાગિયાણીમાં ઝનૂન ઊભરાયું. આયરની દીકરી ધિંગાણે પાછો પગ ભરે તો માબાપની આબરૂને એબ લાગે એવી લાગણી એને થઈ આવી. એણે ચોમેર નજર નાખી ને એનાથી પુછાઈ ગયું, 'જમાદાર નથી ?'

રમજાન મહિનો હોવાથી રોજા છોડવા ગયેલા જમાદારો અજાન દઈને નમાજ પઢવાની શરૂઆત કરે એવામાં વડારણની ફાટી જતી ચીસ પવનની પાંખે ચડી ભયના ભણકારા સાથે એમના કાનના પડદા સાથે અથડાઈ. તે ચમક્યા ને ધિંગાણાની આગાહી થઈ. એમણે હડી કાઢી. આગળ વધે ત્યાં તો પાળની વાત સાંભળી ને ડેલી આગળ પાળ ઊભું હોવાની ખબર પડતાં બન્ને ભાઈઓ હડી કાઢીને સીધા ગાગિયાણીના ફળી સોંસરવા ગઢ ઉપર વાંદરો છલંગ મારી ફાળ ભરે એમ કૂદી આવ્યા ને બન્ને ભાઈઓએ પડકારો કર્યો.

રણચંડી જેવી ક્રોધાયમાન બનેલી ગાગિયાણી આ વાઘ જેવા જમાદારને જોતાં એવડી હિંમતથી દરબારગઢનાં પગથિયાં ઊતરી ગઈ. વીજળીના ઝબકારે અંજાઈ જાય એમ ડઘાઈ ગયેલા સેતાઓનું પાળ સાવધ બને એ પહેલાં હડી કાઢીને એણે લાખાજીને ફૂલ પેઠે એમના હાથમાંથી આંચકી લીધા અને પાણીના રેલા પેઠે સડસડાટ પગથિયા ઉપર દોટ મૂકી.

સેતાઓ દેકારો કરતા પાછળ દોડ્યા ને પહેલે પગથિયે પગ મૂકે ત્યાં ઉપરથી મારકણા હસન જમાદારની લોહીતરસી તરવારને વીંઝાતી જોઈ. એની ડરામણી આંખોમાં ખુન્નસ ઊભરાયું હતું, ને એના વિકરાળ ચહેરા ઉપર યમદૂત જેવી દયાહીનતા દેખાતી હતી.

કાળને જોઈ મરણિયો માણસ પણ ઘણી વખત શેહ ખાઈ

જાય છે. એમ સેતાનો પગ પાછો પડ્યો. એણે પોતાના સોબતીઓ તરફ પાછું વળીને જોયું. ઘડીભર થંભી ગયો.

એમની ગણતરી ઊંધી વળી ગઈ હતી. જમાદારભાઇઓ નમાજ પઢવા જાય એ તકનો લાભ લઈ એમને દરબાર સાથે પોતાના ગરાસનો હિસાબ ચૂકવી લેવો હતો. પણ ભાગ્ય એમને યારી આપતું ન હતું. ગણતરી ઊંધી વળે છે, ત્યારે ગમે તેવો હિંમતવાન માણસ પણ હતાશ થઇ જાય છે. એક બીજાના આંખોના ઇશારા વડે 'ફિર લડેંગે' ની ભાવિ યોજના વિચારી લઈ એમણે પાછા ડગ ભર્યા.

ને હસન જમાદારે હાકલો કર્યો, "ભાગ્યા બાયલા! એમની માએ સેતો જોયો નથી લાગતો!"

નામર્દને પણ મા સમાણી ગાળ ઉશ્કેરી મૂકે છે. સેતાથી આ ગાળ સંખાણી નહિ. શાભાઈએ પાછળ આવતા પોતાના ભાઈને હડસેલો માર્યો ને હડી કાઢી પગથિયાં ચડવા મંડ્યો.

પગથિયાં વચ્ચે ઊભેલો યુવાન ફાજલ સાવધ બની ગયો. ક્રોધથી બેફામ બનેલો શાભાઈ નજીક આવી તલવારનો ઘા કરે તે પહેલાં કુંભાર ચાક ઉપરથી પિંડો ઉતારી લે એમ ફાજલે એક જ ઝાટકે એનું માથું ઉતારી લઈ પાછળ આવતા ખાનજીની છાતીમાં માર્યું.

અચાનક આવેલો ઘા ચુકાવે તે પહેલાં તો ખાનજી લથડ્યો ને એની ખુલ્લી તલવારની અણી એની છાતીમાં ઘૂસી જતાં વીંધાઈ ગયો.

લાશ જોઇ લડવૈયો મરણિયો બને એમ પાડજી, તારભાઈ ને શકરખાને કડકડતી દોટ મૂકી ને એ સામટો હલ્લો ફાજલ ખાળે તે પહેલાં એના ઉપર ઝાટકાની ઝડી વરસી. બારણા પાસે ઊભેલો હસન પોતાના ભાઇ ઉપર વરુ પેઠે તૂટી પડેલા સેતાઓને જોઇ રહ્યો. પાછળ ઝળૂંબતા બાલુ અને બાંભણિયો રસ્તો રૂંધાઈ જવાથી આગળ વધતા અટક્યા ને એકલે હાથે ફાજલ એ પાંચેને પગથિયા વચ્ચે ઝીંકવા લાગ્યો.

જીવ ઉપર આવીને નઘાતીઓ બનેલો યુવાન ફાજલ આખા શરીરે સોરાઇ ગયો હતો, છતાં એકપણ સેતો એને ધક્કેલીને ઉપર આવી શકતો ન હતો. એનો અચૂક ઘા ફાંફરી નાખે એવો હતો. સેતાઓ લોહીથી નીતરતા હતા, ફાજલ લોહીની છોળોથી ભીંજાઇ જઇ ઘેરૈયા જેવો બની રહ્યો હતો. પણ એ પડે તે પહેલાં પાછળ ઊભા રહી પોતાના ભાઇને બચાવવા હસને એને બાથ ભરી લીધી ને પગથિયાં ઉપર ધીમેથી બેસાડી દઈ એણે પાંચે દુશ્મનો સામે ઝુકાવ્યું.

થાકેલા સેતાઓમાંથી એકએ હસનની તેજીલી તેગના ફટકે વધેરાઇ જતાં નિશ્ચેતન થઈને પડયા. સોબતીને પડેલા જોઈ નાહિંમત બની જતા સેતાઓના હૈયા સોંસરવી હાય નીકળી ગઈ. એમણે પાછું વાળી જોયા વિના તલવારનો છૂટો ઘા કરી મૂઠીઓ વાળીને હડી કાઢી. પાછળ દોડતા હસને ઊભા રહી બૂમ મારી, ‘લેતા જાવ...... બાપનો ગરાસ લેતા જાઓ!’

ને એણે પાછા વળી ફાજલને ઊંચકી લીધો. ઉપર આવી તેને ઉતારતાં ફાજલનો ગાડવો દડી પડયો એટલે હસનથી ઊંડો નિસાસો નંખાઈ ગયો: ‘યા અલ્લાહ!’

એની આંખમાંથી આંસુ દડી પડયાં. ભારે હૈયે ને ભાંગેલ પગે તે ભાઈના મૈયત પાસે નીચે બેસી ગયો ને પોકેપોકે રડયો. બારીએ ડોકાઇને ઊભેલી વડારણ દોડી આવી. રતનબાએ ફાજલને ઢળી પડતો જોયો ને હડી કાઢી એને પોતાના ખોળામાં લઈ લીધો. ‘મારો દીકરો!’ કહી એમણે ફાજલના શબ ઉપર મોતીબિન્દુ સાર્યાં.

ઘડી ઘડી ભડભડતું બારણું તૂટુંતૂટું થઈ રહ્યું હતું. તેનો અવાજ અત્યાર સુધી આ દેકારામાં કોઇ સાંભળતું નહોતું. ફાજલના મૃત્યુની શોકછાયા નિશાએ પાથરેલી કાળાશમાં ઢંકાઈ જઇ નીરવતા પ્રસારી રહી હતી, ત્યાં ફરી બારણું ખખડયું ને રતનબાઇએ ઊઠી સાંકળ ઉતારી નાખી.

દરબાર હડી કાઢીને બહાર આવ્યા અને આંગણામાં ફાજલના લોહીનીતરતા શબને જોઈ એ બેસી ગયા.

એમનાથી પોતાના રક્ષકનું મૃત્યુ જોઇ શકાયું નહિ. શોકછાયામાં ઢંકાઈ ગયેલ દરબારથી ડૂસકું મૂકાઈ ગયું. 'રાણી! મને ઓરડે પૂરીને આ કામો કરાવ્યો!'

'બાપુ! મારા અન્નદાતાના રક્ષણ માટે ભાઈ ગુમાવવો એ બહુ મોટી વાત નથી,' કહી હસન જમાદારે પોતાના ભાઇના શબ માથે શેલું ઓઢાડી દીધું.

જીવી ગાગિયાણીએ રતનબાના હૃદયમાં છૂપડેલ વસવસો પારખ્યો. ને એણે લાખાજીને એમના ખોળામાં મૂકી દીધાઃ 'આમને સાચવીને અંદર તેડી જાઓ.'

ભાવિ વારસ તરફ અમી નજર નાખતાં રતનબા ઊંડી ગમગીની સાથે અંદર જતાં જતાં દરબાર પાસે માફી માગતાં હોય એમ તાકી રહ્યાં.

દરબારના રોષનો પાર નહોતો. પોતાની એક પાંખ તૂટી ગઈ હોય એવી વેદના તેઓ અનુભવી રહ્યા હતા.

'બાપુ! ગાદીવારસના જીવનનો પ્રશ્ન ઊભો થયો ત્યારે કાજલની જિંદગી હોડમાં મૂકવા દીધી છે, નહિં તો હું એકલી એ સેતાઓને તગડી મૂકત' કહી ગાગિયાણીએ દરબાર સામે હાથ જોડ્યા.

દરબારના દિલમાં ગાગિયાણીની વાતથી અકળામણ વધી. તેમણે ચકિત બની ઊંચે જોયું, અને વાત જાણવા આતુર નયને તાકી રહ્યા. એટલે ગાગિયાણીના સાહસની વાત વડારણે કહી.

ભાવિ વારસના રક્ષણનો પ્રશ્ન અને પોતાના અંગરક્ષક જમાદારના મૃત્યુની સમસ્યા વચ્ચે ગાગિયાણીની નીડરતાએ એમને વિચાતંદ્રામાં ડુબાડી દીધા. રાજ્યપ્રશ્નોની જટિલતા વચ્ચે પ્રજાવાત્સલ્યની અમીઝરણીનો સંગમ થતાં એમણે સાંત્વન સાધ્યું અને દરબારે પાસે ઊભેલા લાખાજીના માથે સ્નેહ નીતરતો હાથ મૂક્યો. એમનાથી પણ અચાનક બોલાઈ જવાયુંઃ "મારી પ્રજા તો મારું અંગ છે, પણ ખરેખરે, આજે તો મારી જમણી ભુજા ગઈ."

મલુજી પઢિયાર

અંધારી ઘનઘોર રાતનો પહેલો પહોર હતો. ચારે તરફ નીરવ શાન્તિ હતી. વાડીના લીલાછમ ઘઉંને આજે જ છેલ્લું પાણી પાઇ અભરામ જમાદારે બળદને કોઢમાં બાંધી નીરણ કરી. લાખા જમાદારે છેલ્લે ક્યારે પાણી પહોંચી ગયું એટલે આવીને કોસના પૈયામાં ખાટલો ઢાળી લાંબો વાંસો કર્યો. એટલામાં વાડીના ઝાંપાના ખખડાટે ચમકી લાખે પડકારો કર્યો: ' એલા કોણ આદમી ? '

' હું મલુજી, ' કહી પઢિયારે ઝાંપો બંધ કર્યો અને આવીને પાસે પડેલા ઉખરણા ખાટલા પર લાંબો વાંસો કર્યો.

આખા દિવસના તાપ અને મહેનતથી થાક્યા હાર્યા બેઉનો તારલિયાની બાતીગળ ચૂંદડી ઓઢી ઊભેલી શાળી રજનીના છાંયડે નવી સ્ફૂર્તિ મેળવવા લાંબા થયા. મલુજીએ વાડી ફરતો આંટો મારી આવવાની જમાદારને ભલામણ કરી આંખ મીંચી. લહેરા લેતા લીલા-છમ ઘઉં ઉપર થઇને આવતા ઠંડા પવનને લીધે ઊંઘના ઘેનથી જમાદારની આંખો ભારે થઈ ગઈ ને આંટો મારવા જાઉં છું, જાઉં છું કરતાં ઘારણ વ્યાપી ગયું.

જમાદારના નસકોરાના ઘોંઘાટથી સરવા કાનવાળા મલુજીની કાગનિદ્રા તૂટી ગઈ. ઝબકીને એ અદૂકડા થઇ ગયા ને પડખામાં પડેલી તરવાર ઉપર હાથ મૂક્યો. બન્ને જમાદારને પડખામાં પોતાની બંદૂકો દાબીને ઉખરણે ખાટલે નસકોરાં બોલાવતા જોઈ એ પાછા આડે પડખે થયા.

પણ સીમમાં રાતવાસો રહેનારની શ્રવણેન્દ્રિય બહુ સતેજ હોય છે. એમણે વાડીમાં સંચળ સાંભળ્યો, એટલે બેઠા થઇ લાંબી નજર ફેરી. અંધારી રાતમાં ઊંઘના ઘેનથી દબાતી આંખો લંબાણી નહિ, પણ ખખડાટના સ્પષ્ટ અવાજ સંભળાયા. ઢોરની આગાહી થવાથી એમણે ઊભા થઈ આંખ ચોળી, ખોંખારો ખાઇ ખાટલા નીચે પડેલા જોડા પહેર્યાં. તરવારને બગલમાં દાબી ધીમે પગલે આગળ વધ્યા.

વાડને ફરતી ગઢ જેવી માથોડાઢંક થોરની વાડ હતી. થોડે દૂર જતાં એ વાડને ગુડીને કરેલ છીંડું દેખાયું. એ ચમકયા. ' ઢોર આવું છીંડું પાડે નહિ. ' એવી ખેડૂતની સચોટ દૃષ્ટિએ એમના મનમાં ચોરની આગાહી થઇ આવી. એમણે પડકારો કર્યો, ' એલા કોણ છે ? '

એ પડકારાના અવાજે જમાદાર ચમકયા: બેબાકળા ઊભા થઈ કાન માંડયા ને બંદૂક ઉપાડી. મલુજીના થતા હાકલાના અવાજ ઉપર એમણે દોટ મૂકી.

મલુજીના અવાજે ઘઉંની ઊંબિયું ઉપર ફરતાં દાતરડાં થંભી ગયાં. એટલામાં મલુજીના હાકલાને હૂંફ આપતા જમાદારોના પડકારા થયા એટલે અંધારી રાતમાં ઘઉં વાઢી લઇને ઉપાડી જવા બેઠેલા કોળીઓએ વાડનો ઓથો લઇ સરકવા માંડયું.

મલુજીની વેધકદૃષ્ટિએ ચોરનું ટોળું મોટું જણાયું. એટલે એમણે જલદી ઝૂંપડે જઈ કોઢમાં ભેરવેલી ઢાલ ખભે ભરાવી અને વાડના છીંડા પાસે આવી પહોંચ્યા. પણ બીજી તરફથી જમાદારોના પગલે ભાગી નીકળેલા કોળીઓ છીંડાં બહાર નીકળી ગયા હતા.

મલુજીએ છીંડા વચ્ચે પગ દીધો એટલામાં જમાદારો દોડી પહોંચ્યા અને ત્રણે જણે બહાર આવી જોયું તો સત્તર–અઢાર માણસોનું ટોળું હડી કાઢતું આગળ દોડતું જતું હતું.

રજપૂતની આંખ ફાટી. એણે જમાદારને જામગરી ચાંપવા હાકલો કર્યો: 'જામગીરી ચાંપી દે. ને પાડ એકાદને.'

ભયભીત બનેલ ટોળાંએ ફાંટમાં લીધેલ ઊંબિયુંનો ઢગલો કરી કાળમુખી બંદૂકના ઘામાંથી બચવા નાસવા માંડયું. લાખા જમાદારે જામગરી દાગી ને અવાજ થયો, પણ ગોળી એક જણની પિંડીને ચરકો કરી સરી ગઈ. અભરામ પાસે તો ખાલી બંદૂકના કંદા સિવાય કાંઈ ન હતું.

લાખા જમાદારે ઘા ખાલી ગયેલો જોયો એટલે આવડા મોટા ટોળા સામે ટકી શકવાની હિંમત રહી નહિ. મલુજીએ તો નાસતા ટોળાની પાછળ કડકડતી દોટ મૂકી ને પાછળ આવતા જમાદારને બીજો અવાજ કરવા કહ્યું.

પણ લાખાનું મોં ઊતરી ગયું. દારૂનું માબર તો ઝૂંપડે રહી ગયું હતું એનું ભાન આવતાં એ થંભી ગયો. પાછું વાળીને જુએ તો અભરામ વાડના છીંડામાં થઈને વાડીમાં જતો રહેતો દેખાયો.

મલુજી તો પાછળ આવતા જમાદારોની હૂંફે આગળ ભાગતા ટોળાને ગાળો દઈ તગડતા હોય એમ ભગવ્યે જતા હતા.

એક જણે પાછું વાળી જોયું ને એકલા મલુજીને જોઈ એનામાં હિંમત આવી. પોતાના સત્તર સાથીદારોની હૂંફે એ છાતી કાઢીને ઊભો રહ્યો ને પાછળ ધસ્યા આવતા મલુજી તરફ પથરાનો છૂટો ઘા કર્યો.

ફણફણતો પથ્થર મલુજીના પગ વચ્ચે થઈને સરકી ગયો. એટલે એમણે દોટ ધીમી કરી, પાછળ આવતા જમાદારો કેટલે દૂર છે તે જોવા પાછું વાળી જોયું, અને કોઈને ન જોતાં એમના ગુસ્સાનો પાર ન રહ્યો.

'હીજડાની જાનમાં જવું તેના કરતાં મરદની મોંકાણમાં જવું

સારુ.' એ જૂની કહેવત એમને યાદ આવી. જમાદારોએ મલુજીને દગો દીધો હતો. કાયરો બીને ભાગ્યા, એ વિચારે એમના દિલમાં ક્રોધની ઝણઝણાટી આવી ગઈ ને નીડર રજપૂતનું રોમરોમ આવી પડેલા મામલા સામે ઝઝૂમવા કંપી ઊઠયું. શૌર્ય ઉભરાતી એની નસોમાં લોહી ધમકારા મારી રહ્યું. એમણે તલવારને મ્યાનમાંથી છંડવી ને ડાબે હાથે ઢાલ પકડી સિંહ પેઠે આગળ ડગ ભર્યાં.

આખું ટોળું આ એકલા માણસથી ડરવાને બદલે વધુ હિંમતવાન બની ગયું. નેસડાની ધાર ઉપર ચોમેર પથરાયેલી ગડગડ ઉપાડી એમણે પાણાની ફણેણાટી બોલાવી. આ યોદ્ધામાં યુવાનીનું જોમ અને શક્તિ ઊભરાયાં હતાં. એમના ઘાથી બચવા સહુ દૂર ભાગતું. એકલહથ્થા મલુજીએ પથ્થરની ઝાડી વચ્ચે હિંમતભેર હાકલા કર્યો.

કાચા ગળી પડેલા વરસાદના કરા પેઠે એકસામટા સોળ સોળ પથ્થરના ઘા એમની ઉપર તડાતડ આવવા લાગ્યા. એક હાથે મજબૂત પકડેલી લોઢા જેવી ઢાલ ઉપર એ ઘાની ઝડી એમણે ઝીલવા માંડી. રણમેદાને ઝઝૂમતો યોદ્ધો શત્રુને દેખી ઝનૂની બની જાય એમ એમણે ટોળા વચ્ચે ઘૂમવા માંડયું. ટોળું કુંડાળે વળી ચારે બાજુથી પથ્થર ફેંકતું જાય ને મલુજી હડી કાઢી આવે ત્યાં મૂઠીઓ વાળીને રાશવા દૂર હઠી જાય.

એમ ચોતરફ બએ ખેતરવામાં ધિંગાણું જામ્યું. મલુજીની ઢાલમાં ફાંકાં પડી ગયાં ને એમનું જમણી તરફનું પડખું ગોળી જેવા પથ્થરના ઘા ઝીલી ઝીલી ભાંગીને ભુક્કો થઈ ગયું; છતાંયે મલુજીએ છેલ્લો પ્રયત્ન કર્યો. એમણે આંખો મીંચી કડકડતી દોટ દીધી, ને પોતાની કાળજીભી તલવાર એકઝાટકે એકને જનોઈવઢ ઉતારી દીધી. લોહીના ફુવારા છૂટયા ને એ ઢળી પડયો.

ઊગતાં ચંદ્રના અજવાળામાં ટોળાએ એ જોયું અને લોથ જોઇને હાકાબાકા થઈ ગયું. આટલા ઘા ઝીલતા આ પચાસ વર્ષ ઉપરની ઉંમરના રજપૂતમાં હજુ આટલી શક્તિ જોઈ એમની હિંમત સરી ગઈ અને હાંજા ગગડી ગયા. પૂતળા જેવા અવાક્ બની એ એકબીજા સામે તાકી રહ્યા.

એટલામાં ચંદ્રના ઊઘડતા જતા અજવાળામાં ઊડતી ધૂળની ડમરી વચ્ચે ધારની ટોચેથી પૂરપાટ ધસ્યા આવતા બે ઓળા દેખાયા. એમના પડકારા દિશાઓ ગજવતા પવનની પાંખે ચડી વાતાવરણમાં ભયના સૂર પૂરતા.

શ્રૌર્યથી કંપતી ને મારથી તૂટી ગયેલ કાયા શિથિલ થવા લાગી. મલુની આંખે અંધારાં આવી ગયાં. જમીન ચક્રાવે ચડી હોય અને આકાશ લાલપીળા રંગથી છવાઇ ગયું હોય એવું એમને દેખાયું, ને જાણે ફેરફૂદડી પોતે ફરતા હોય એમ એમણે ઘૂમીને સમતોલપણું ગુમાવવા માંડયું. મજબૂત પકડેલી તલવાર આંગળાં ઢીલાં પડતાં સરી ગઇ અને એ ઢગલો થઇને પડી ગયા.

કોળીઓએ એ જોયું ને હર્ષની કિકિયારી કરી, અને ત્યાં ને ત્યાં ઠાર કરી દેવા આગળ દોડયા. એવામાં પૂરપાટ ધસ્યા આવતા બે માણસોના પડકારે એ થંભી ગયા.

જમાદાર ભાગીને ગામમાં ગયા ત્યારે મોડી રાતે ફળીમાં બેસી વાતોએ ચડેલા તળશી મકવાણો અને રામજી પટેલ એમના પગ ઉપરથી મામલો કળી ગયા. એમણે જમાદારને કાંડુ ઝાલી ઊભા રાખ્યા અને વાત સાંભળતાં એમને ગામનું નામ કપાતું લાગ્યું. એમના દેહમાં ખુન્નસ ભરાઇ ને ધાર તરફ હડી કાઢી.

ધાર ઉપર ચડતાં એમણે ઊગતા ચંદ્રના આછા ઉજાસમાં મલુજી ઉપર નાર પેઠે ઝઝૂંબતા કોળીઓને જોયા. એમના પગનો

વેગ વધ્યો. તીરના વેગે દોડયા આવતા મકવાણે મલુજીને પડતા જોયા ને ત્રાડ નાખી. એની એ ત્રાડને ફૂંક પૂરતા રામજીના હાકલાએ આગળ ધસતા કોળીના પગને પીલા કરી દીધા.

કોળીઓએ કાળ જેવા આ શૂરવીરોને ઓળખ્યા ને મોત દોડયું આવતું કલ્પી રહ્યા. સૌ હાકાબાકા બની એક-બીજા સામે તાકયા ને કાંઈ બોલ્યા વગર શિકારીના હાથમાંથી હરણું જીવ લઇને નાસી છૂટે એમ બધા જેમ આવ્યું તેમ નાસી છૂટયા.

મલુજીના દેહ પાસે આવતાં બન્ને થંભી ગયા. એમને રેઢા મૂકીને જવાય એવી સ્થિતિ ન હોવાથી બન્નેએ પાછળ પડવાની વાત પડતી મૂકી અને ભેટે બાંધેલી પછેડી છોડી, મલુજીના જર્જરિત વૃદ્ધ દેહને બેભાન અવસ્થામાં ઝોળીએ નાખી ગામ તરફ વળી નીકળ્યા.

કુળહત્યા

"બાપુ! આ તે ક્યાંનો ન્યાય? ગોળ કોક ખાય ને ચોકડાં કોક ખમે?" એક પાસવાને ધીમે રહીને ડાયરા વચ્ચે વાત ઉકેલી.

"ભાઈ, હું તો ઘણુંય કહું છું, પણ આ મોસલિયા માને છે ક્યાં? એ તો કહે છે કે અમારાં લૂંટાયેલ નાણાં લાવી આપો, નહિ તો મોસલ પડયું છે."

"મોસલ તો ભલેને વરસોના વરસ પડયું રહે! પણ એને ખવરાવવું પડે ને ખર્ચી આપવી પડે એનું શું? આમ તો રાજ કરજમાં ડૂબી જ જાય ને?"

"પણ 'એ લૂંટનારો તમારો માણસ છે' એવું કહીને અડિંગો નાખી પડયા છે એને સમજાવવા શી રીતે? સાવ અજડ પેઠે વાત કરે છે ને?"

"તો પછી એને કહી દો કે જાય સીધા—"

પણ એ વાકય પૂરું કરે તે પહેલાં બાપુની આંખ ફરી અને બોલનાર એ કરડી આંખની લાલાશ જોઈ ચૂપ થઈ ગયો.

"ગમે તેમ તોય એ મારી બાંધ્ય છે—કુટુંબી છે. એના વડવાએ..." બાપુ બોલ્યા ન બોલ્યા ને વાકય ગળી ગયા. એમને કહેવું હતું કે નાનજીભા પાટવીપુત્ર હોવા છતાં અને ભાણજીભાએ કુટુંબકલેશથી ડરીને બન્ને ભાઇઓએ રાજ્યનો હક જતો કરી તેર ભાઈઓમાંથી મારા વડીલ સાંગાજીને રાજગાદી આપેલી.

"બળતું ઘર કૃષ્ણાર્પણ! અંગહીન માણસ રાજગાદી ઉપર

આવીને કેવું ઉકાળે ? રણક્ષેત્ર ઘૂમે એ રજપૂત. ડરીને ભાગે એ વીર પણ નહિ અને ઉદાર પણ નહિ. આપેલું રાજ કાંઇ ટકે ? ભુજાના બળે ભોગવે એનું જ રાજ્ય—" કોઇ રીતે બાપુ માને તો પચ્છમની ફાંસી કાઢી નાખવા તલસી રહેલ સરદારે વાતને ઝેર પાવા માંડયું. અને એ વિષનાં ઘેને રાજાની નેક બુદ્ધિ ડોલાવી. અનેક ગડમથલને અંતે રાજનીતિની કપટ જાળમાં બાપુ અટવાઇ ગયા. એક બાજુ રાજ માથે બેઠેલા મોસલો ભાલા પેઠે ખૂંચતા હતા, બીજી તરફ ભાઇ ઉપર કટક મોકલતાં દિલ ડંખતું હતું. વિમાસણો વચ્ચે રાજનીતિ વગર રાજને કરજમુક્ત નહિ કરાય એવી રોજની ભેરુબંધોની બંભેરણીએ ભાતૃભાવના પાયાના મૂળ હચ-મચાવી નાંખ્યાં.

" તમે સહુ કહેતા હો તો મોસલને ઉઠાડી મૂકીએ ? "

" પણ પૈસા ક્યાં ? અને એવડી મોટી ચોવીશ હજારની રકમ એની પાસેથી પછી કયે ઝાડેથી વસૂલ કરશો ? "

રાજા વિચારમાં પડી ગયા. એમને મન તો થયું કે–એ રકમ કંઇ બહુ મોટી નથી. પણ આસપાસનું સરદારમંડળ પારકી ખોદેલી ઘોરમાં સૂવા દે એમ ન હતું. રાજાએ ભાયાતોની સામે ત્રાંસી આંખે જોયું.

" બાપુ ! પચ્છમના ખળામાં ઘઉંના ગંજ પડ્યા છે. રજા આપો તો કાલ ગાડાની હેડયું સિયાણીના આંગણે ઠાલવીએ."

રાજા અકળાયા. પોતાના જ ભાઇ–ભત્રીજાના મોઢામાંથી રોટલો ઝૂંટવી લેવાના વિચારે એ ત્રાસી ગયા ને મૂક દશામાં ઊડી ગયા. મૌનને અર્ધી હા સમજી સરદારોએ બીજે દિવસે પચ્છમની ખળાવાડ લૂંટી લીધી.

"દાદા! તમે જે આજ્ઞા કરો તે ઉઠાવવા અમે તો ખડે પગે તૈયાર છીએ. કહો તો કાલ એનું માથું તમારા પગમાં પછાડું!"

"અરે અરે બેટા! એ શું બોલ્યો? વડવાની કીર્તિ સામે તો જો!" દાદાએ એ ગોઝારી હત્યાના ડરે રાજગાદીને લાત મારી હતી. એના વંશજો એ રાજગાદીના ધણીનું માથું પછાડવાની વાત કરે એ તો આપણા કુળને કલંક..." વૃદ્ધની રૂપેરી દાઢીના વાળ કંપતા હતા. ઋષિ જેવા નાગજીભાની આંખોમાં કુટુંબવાત્સલ્યનું અમી નીતરતું હતું.

કુટુંબહત્યાની કલ્પનાથી ડરનાર માણસ કુટુંબીનું માથું વાઢવાની વાત કેમ સહન કરી શકે? એમને લાગ્યું કે રાજ્યે હાથ ઉપાડયો છે; અને છોકરાઓ એ વેરને ભૂલશે નહિ. આટલાં વર્ષ સુધી 'કુળહત્યા' ના ડરથી ત્રાસીને કડવા ઘૂંટડા ગળી જનાર કુટુંબમાં હવે વેરઝેર વધવાનાં અને એમની આંખો જાણે ભવિષ્ય નીરખતી હોય એમ ભાવિની મુશ્કેલીઓ જોઈ ગંભીર બની ગઈ.

એ સ્વસ્થ થયા. એમણે પોતાની ભુજાઓ તરફ જોયું ને એમની ક્ષાત્રવટ પૃથ્વીના પેટાળમાંથી ઝરણું ફૂટી નીકળે એમ સળવળીને જાગ્રત બની ગઈ. એમને ભૂતકાળ યાદ આવ્યો, ને થોડાં જ વર્ષ ઉપર દામાજી ગાયકવાડ જેવા સમર્થ શત્રુના લશ્કર ઉપર છાપો મારી લૂંટ કરેલી તે યાદ આવી. એ ગંભીર બની ગયા: થોડી વારે જાણે એ ગણગણતા હતા: 'એ લૂંટના વેરબીજ ભુંસાવાનાં નથી.'

આખી રાત એમણે પથારીમાં બેઠાબેઠા માળા ફેરવ્યા કરી. પડખામાં પડેલી શક્તિસ્વરૂપ તેગ વારેવારે એમને ચોંકવતી. ઘડીઘડીએ એ અસિ લોહીપિપાસુ બનીને ભોગ માગતી હોય એમ દેખાયું; ને એમનું હૃદય ચણચણી ઊઠયું. 'આ બધું કોના માટે?'

ગામ–ગરાસ–ચાસ–ખેતર એ કુટુંબનાં લોહી માટે ઉમટેલી

જોગણી પેઠે એમની નજરે ચડયાં. ને માળાના સરકતા મણકાને મેર આવ્યો ત્યાં એમની વૃત્તિ ડગી ગઈ. ધર્મ અને શ્રદ્ધા દેવદૂત પેઠે એમની સહાયે આવ્યાં. ઝડપથી સરકતી મણકાની હારમાળાના મણકા પેઠે વિચારોની પરંપરાએ ચડેલ વૃદ્ધના હૃદયમાં અનેક વિચારો આવ્યા, દબાયા ને સમાઈ ગયા. છેવટે એ વિચાર મણકાનો મેર આવે તે પહેલાં તેમણે એક વિચારમણકો પકડી પાડયો. એમના હૃદયમાં અપૂર્વ શાન્તિ આવી ગઈ હોય એમ એમનું મન પ્રફુલ્લ બન્યું. સવારની ગુલાબી પ્રભાતે માનવી થાક ઊતરી જતાં તાજગી અનુભવે એમ એમણે હસતે ચહેરે ઊઠીને ભોળાનાથના મંદિરે જઈ માથું નમાવ્યું ને આવીને પોતાના પૌત્ર સજાજીને હાકલ મારી.

ફૂટતી મોસરીનો યુવાન હરણાની ચપળતાથી છલંગો ભરતો આવીને ઊભો રહ્યો. જાણે એની મુખમુદ્રા નમ્રતાથી પૂછતી હોય કે દાદા! શો હુકમ છે?

"સજાજી! રજપૂતનો દીકરો સવાયો પાકે છે. મને ખાતરી છે કે તું કુળને કલંક..." ડોસાની આંખો સજળ બની. એના હોઠ ફફડી રહ્યા.

"દાદા! હું મારા બાપનો દીકરો છું, અને રજપુત જનેતાને ધાવ્યો છું, એ ભૂલશો નહિ." અંગાર ખેરવતી કરડી આંખમાં લાલાશ ઢાલવતો યુવાન કલંકની વાત સાંભળતાં લાલઘૂમ બની ગયો.

"તો મારી એક તને વિનંતી..."

"ના દાદા! તમારો હુકમ"

"તો કુટુંબહત્યાથી દૂર રહેજે. હું તો ખર્યું પાન કહેવાઉં, આજે છું ને કાલે ન પણ હોઉં! પણ આટલી મારી વાત માનજે."

યુવાન ડઘાઈ ગયો. માથે સિયાણી ગાજતું હતું, ગાયકવાડી મોસલો છાતી ઉપર પડયા હતા. ગઈકાલે ખળાવાડ લૂંટી જનાર કુટુંબી સામે નામર્દ પેઠે તલવાર ધરી દેવી એના કરતાં આપઘાત

શું ખોટો ? આજ સુધી જે દાદાના નામની હાક વાગતી, જેનું નામ સાંભળી ભલભલા શૂરવીરોનાં હાજાં ગગડી જતાં એ દાદા આજે ઊગતા યુવાનને શૌર્યનાં તેજ પાવાને બદલે નામર્દાઇની વિષભરેલી મીઠી સાકર કેમ પીરસે છે, એને સમજાયું નહિ—એનાથી જિરવાયું પણ નહિ. એના પગ ભાંગી જતા હોય એમ એ બેસી ગયો: છાતી ભાંગી જતી હોય એમ એના હાડ તૂટવા માંડ્યાં: ને એ ગળગળો બની ગયો. એક બાજુ રાજપૂતી ખમીર એને ઉશ્કેરતું હતું; બીજી તરફ દાદાની ભક્તિ અને ફરજથી એના હૈયાના ભાંગીને ભુક્કા થતા હતા.

સજ્જાજીને ચૂપ રહેલો જોઈ ડોસા ગળગળા થઈ ગયા: "બેટા ! તારો બાપ હોત તો......" ડોસાએ પોતાના પુત્રને યાદ કરી જૂનું દુઃખ તાજું કર્યું.

યુવાને જોયું કે દાદાના હૃદયમાં કોઈ અકથ્ય વેદના ભરી છે. અને એ વેદના પાછળ કોઈ ભાવના પણ હશે. એણે ઊઠીને દાદાના પગ પકડી લીધા.

"દાદા, તમારો બોલ નહિ ઉથાપું, પણ હું રજપૂત છું. મૂંગે મોઢે માર ખાઈને ભાગી નીકળું તો વડીલોની કીર્તિ લાજે ને જીવતાં કુટુંબીઓને આપઘાત કરવો પડે."

ડોસાએ જોયું કે યુવાન છે વટનો કટકો ! એ ભાંગી જશે પણ વળશે નહિ. આવડા મોટા દુશ્મન સાથે એ કેમ ટકી શકે ? ડોસાના કાનમાં ભાવિના અમંગળ ભણકારા વાગવા માંડ્યા.

"બેટા ! તો મારી એક વાત માન. પહેલો ઘા કુટુંબીઓ ઉપર તારે ન કરવો."

"દાદા ! દાદા ! મર્દનો બચ્ચો દુશ્મનનો ઘા ચુકાવીને અને એને પડકારીને પછી જ સામો ઘા કરે. પહેલો ઘા તો નામર્દ કરે."

ડોસો મૂંગા મૂંગા આ યુવાન સામે જોઈ રહ્યા. એમના હૈયામાં વસી ગયું કે, આ સિયાણી સાથે બાટકયા વગર રહેવાનો નથી. ને કુટુંબ હતું-નહતું થઈ જશે.

"દાદા! વિશ્વાસ નથી આવતો? હું ભોળાનાથના સોગંદ લઉં છું કે હું પહેલો ઘા નહિ કરું. ને છતાં તમને વિશ્વાસ ન હોય તો હુકમ કરો, દાદાએ આખું રાજ્ય સોંપી દીધું તો હું આ કાયાનો લોભ કરીશ? હુંયે એમનો જ વંશ છું. કહો તો હમણાં જ જઈને મારું માથું સિયાણીના ધણીના પગમાં ઉતારી આપું."

ઊંઘમાંથી માણસ ઝબકી ઊઠે એમ ડોસો સચેત બની ગયા. "બેટા! જીવતો રહેજે! પણ આપણે હવે અહીં નથી રહેવું."

જન્મભૂમિનો ત્યાગ કરી ચાલ્યા જવાની વાત દાદા શા માટે કરે છે, એ યુવાનને સમજાયું નહિ; પણ એને લાગ્યું કે દાદા જેટલા કુટુંબકલેશથી ડરે છે એના કરતાં વિશેષ પુત્રવાત્સલ્યથી નાહિંમત બની દેશાવર ખેડવાની વાતો કરે છે. ઊગતો યુવાન પોતાના બાહુબળ ઉપર મદાર બાંધી બોલી ઊઠયાઃ "દાદા! આ ગરાસ મારે ન ખપે. મારા બાહુમાં જોર હશે તો તમારા આશીર્વાદે આથી સવાયું મેળવીશ."

વૃદ્ધની આંખો આનંદથી ચમકી રહી.

આખા ગામમાં આજે એક જ વાત ચર્ચાતી હતી. આજુબાજુના ગામમાંથી બ્રાહ્મણોનાં ટોળાં ચાલ્યાં આવતાં હતાં. વૃદ્ધ નાગજીભા ડેલીમાં બેઠા બેઠા પોતાના પૌત્ર સજાજીના હાથે પોતાનો ગરાસ બ્રાહ્મણોને અને ચારણોને કૃષ્ણાર્પણ કરાવતા હતા. રાજગોર મંત્ર ભણી દાનપત્ર સજાજીના હાથમાં મૂકતો ને સજાજી પાસે બેઠેલા બ્રાહ્મણના ને ચારણોના હાથમાં મૂકી બોલતોઃ 'શ્રી કૃષ્ણાર્પણ,'

સવારથી સાંજ સુધી દાન દેતાં સજાજીની છાતી પ્રફુલ્લ બની હતી. મોટા ચક્રવર્તી રાજા જે ઉલ્લાસ અને ઉમળકાથી દાન નહિ

આપી શકતો હોય એવો ઉત્સાહ એના શરીરમાં ઊભરાતો હતો. એની રોમરાજિ પ્રફુલ્લિત બની રહી હતી. ચારણોની બિરદાવળી અને બ્રાહ્મણોના આશીર્વાદથી આખો દરબારગઢ ગાજી રહ્યો હતો. આવા આનંદઉત્સવ વચ્ચે વૃદ્ધ ઘડીઘડી વિમાસણમાં પડી જતો.

'આ કીર્તિ સિયાણી કેમ સાંખશે! એની આંખે ચઢેલાં લોભ અને વેરનાં પડળ એને સાચી વાત જોવા નહિ દે. ન કરે નારાયણ ને કાલે સવારે એનાં પાળ પશ્ચિમની ભૂમિ ઉપર ત્રાટકે તો......' ને એમની નજરે પુત્રપરિવાર કરતાં પહેલું પોતાને ત્યાં મહેમાન તરીકે આવેલ પીપળીવાળા નાનકડા ભાણેજનું મુખ તરવર્યું. 'એ તો પારકી થાપણ......' ડોસા ગણગણ્યા ને વેળાસર એને પીપળી પહોંચાડી દેવાની એમને તાલાવેલી થઈ આવી. વૃદ્ધ અનુભવી યોદ્ધો એક પછી એક ડગલું ખૂબ વિચાર કરીને ભરતો હતો.

વહેલી સવારે એમણે સજાજીને બોલાવી ભાણેજને પીપળી પહોંચાડી દેવાની સૂચના આપી. અને વૃદ્ધના બોલે જીવન હોડમાં મૂકી દેવાની તાલાવેલીવાળો યુવાન સજાજી ભાણેજને સાથે લઈ પીપળી મૂકી આવવા તૈયાર થઈ ગયો. બન્ને બાળયોદ્ધા ઘોડે ચડી ચાલી નીકળ્યા.

"બાપુ! હું રહી ગયો." ત્રિપુંડ્રધારી બ્રાહ્મણ ડેલીમાં પેસતાં હાથ જોડી ઊભો રહ્યો. ગરાસ વહેંચાઈ ગયો ને પોતે રહી ગયો એથી એના ચહેરા ઉપર નિરાશાના ઓળા છવાઈ ગયા હતા. એ ખૂબ ઉતાવળે દોડતો આવ્યો હોય એમ એના દિદાર ઉપરથી દેખાતું.

"મહારાજ! દાન દેનાર તો સવારનો પીપળી ગયો છે. આજનો દી રોકાઈ જાઓ. કાલ આવીને તમને દાન આપશે."

"બાપુ, તો તમે દાન આપો." ને બ્રાહ્મણ એ વૃદ્ધ સામે બે હાથનો ખોબો ધરી બેસી ગયો.

"બ્રહ્મદેવ ! હું તો વાનપ્રસ્થ જેવો થઈ ગયો છું. યુવાન પુત્રને બધું સોંપી દેવાની શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ગરાસનો ધણી હવે એ છે. તે આવીને તમને દાન દેશે. એક દી થોભી જાઓ."

બ્રાહ્મણના તમોગુણ મુજબ નિરાશાથી ધૂંધવાયેલો ભૂદેવ ઊઠચો. ધીમે પગલે ડેલી બહાર નીકળ્યો. અને એ જેમજેમ ડગલાં ભરતો ગયો તેમતેમ એનો ક્રોધાગ્નિ પ્રચંડ બન્યો. લોભી બ્રાહ્મણહૈયે કૂડો વિચાર આવ્યો ને એણે માન્યું કે 'મને આપવું નથી માટે બહાનું કાઢે છે.' એના ધૂંધવાટનો પાર રહ્યો નહિ. નાદાન મિત્ર સારાસારનો વિચાર નથી કરતો, એમ લોભી માણસ પણ પોતાના સ્વાર્થમાં અંધ બની જાય છે. સિયાણી પહોંચતાં મોસલના પડાવ તરફ એના પગ ખેંચાયા. ને એણે સરદાર પાસે જઇ ગરાસ મેળવવાની આશાએ ચાડી ખાધીઃ "તમારો માલ લૂંટનારો તો પીપળીમાં જઈને મોજ કરે છે ને તમે આમ એદી પેઠે પડયા પડયા ખીચડું ખાઓ છો."

ઝેરના કટકા જેવી જીભ ખેંચી કાઢવાનું મન થાય એવા ઉશ્કેરણીનાં વેણ બ્રાહ્મણની જીભે નીકળ્યાં. લડાયક માનવીનું લોહી તપી ઊઠયું. આવો લાગ ફરી નહિ આવે એમ માની થોડી વારમાં તો મોસલનું પાળ પીપળીને માર્ગે ચડી ગયું.

બ્રાહ્મણ શરમાઈ ગયો. એનાથી બોલાઈ ગયું: 'ભૂંડું થયું!' ને એના બ્રહ્મતેજ ઉપર રાજહત્યાના વિચાર–પડછાયાની કાળાશ ઢળી ગઈ. વીંછીના ડંખની અસહ્ય વેદનાથી માણસ બેહોશ બની જાય એમ એ ગાંડા પેઠે હડી કાઢીને નાસી છૂટયો.

પીપળીથી પાછા વળતાં સજાજીને મોસલનું મરાઠી પાળ ભેટી ગયું. ભયંકર ઝપાઝપી થઈ. સામા મોંનું મોત તો મર્દને મળે. એક દહાડો મરવાનું હતું જ. યુવાને એકલે હાથે ઝઝૂમી સામી છાતીએ ઘા ઝીલ્યા ને અનેક માનવી વચ્ચે ઘેરાઈ ગયેલ વીર યોદ્ધો પડયો.

મોડી સાંજે વૃદ્ધે જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે એના રંજનો પાર રહ્યો નહિ. પોતાના બાળપરિવાર અને વિધવા સ્ત્રીઓ ઉપર આવનાર ભયના ઓછાયા જાણે લાંબા લાંબા થઇને પશ્ચિમ ઉપર પથરાતા એમને લાગ્યા, ને એ અનુભવી રજપૂતે કુળહત્યાથી ડરી દેશાંતરની તૈયારીઓ કરવા માંડી: ને પ્રાગટ વાસ્યા પહેલાં ભારે હૈયે ને ભાંગેલ પગે ડોસાએ જન્મભૂમિને છેલ્લા પ્રણામ કર્યાં ત્યારે એની આંખમાંથી અશ્રુઓ ખરી પડ્યાં. સંજાજીના મૃત્યુસમાચાર સાંભળી જે વૃદ્ધે મૂંગે મોંએ હૃદય ઉપર એ કારી ઘા ઝીલ્યો હતો એ વૃદ્ધે હૃદય મોકળું મૂકી છાતીનો ભાર હળવો કર્યો ને કુટુંબને દોરતા ચાલી નીકળ્યા.

"બસ ! સૂરજ આથમી ગયો ? પૃથ્વીમાં સત્ય રહ્યું જ નહિ ? કે આખા કાઠિયાવાડમાં હાક બોલાવતા દામાજી ગાયકવાડનાં નગારાં ઊંધા વળી ગયાં ?" ઝનૂની આંખમાં ઝેર વરસી રહ્યું. એના ચહેરા ઉપરથી સ્ત્રીત્વ સરી પડ્યું અને ચંડિકા જેવી ઉગ્રતા છવાઇ ગઇ.

એ હતી તો ખવાસની દીકરી, પણ એ નાગજીભાના દરબારમાં ઊછરીને મોટી થઇ હતી. એની રગેરગમાં નિમકહલાલી ભરી હતી. માલિકની વિદાય ખબર સાંભળી, એમની રિયાસત સિયાણીવાળા ઉપાડી ગયા ત્યારે એ કંપી ઊઠી. એની રગેરગમાં વેર જાગી ઊઠ્યું અને એ વેરની તૃષા છિપાવવા એણે વડોદરાની વાટ લીધી.

માથે બળતી સગડી લઇ, દુઃખથી સળગી રહેલી ઝણુબાઇ દામાજી ગાયકવાડના મહેલે ગઇ. માથે તરણાં ખોસી ઝાડ ઊગ્યા જેટલું દુઃખ બતાવતા દુઃખિયારા માનવીની પેઠે માથે બળતી સગડીએ આપત્તિના સમાચાર દામાજીને પહોંચાડી દીધા. શૂરવીર દામાજી ક્રોધથી

જળી ઊઠ્યો. પોતાની હાક વાગતી હોય એવી ભૂમિમાં થતા અન્યાયો વિદારવાની પોતાની ફરજ એને ઉશ્કેરી રહી. ને એણે તાબડતોબ સિયાણી પાસેથી પચ્છમ એના મૂળ ધણીને સોંપાવી દેવાનો રુક્કો બાઈને લખી આપ્યો.

પણ એદી ને આળસુ મરાઠા સિયાણીને પાદર પડ્યા પડ્યા મોજ માણી રહ્યા હતા. રુક્કો આવ્યો, વંચાયો ને બાઈને આશ્વાસન આપવા જેવા શબ્દોથી વિદાય કરી દીધી.

ત્રણ ત્રણ વાર બાઈએ વડોદરાનાં ઝાડ જોયાં: રુક્કા મેળવ્યા ને ત્રણે વખત એની મહેનત નિષ્ફળ ગઈ.

સિયાણીવાળા ચોંક્યા. મૂળ ધણી ગોંડળ જેવા દૂર દેશાવરમાં જઈ વસ્યા પછી પણ ઝણુબાઈનો આ ખટપટો ભાવિ વિટંબના જેવી લાગી. રોગ અને શત્રુને ઊગતા દાબવાની ચાણક્યનીતિના સૂત્રને સિયાણીએ આગળ કર્યું. દામાજી ગાયકવાડ આજ નહિ તો કાલ, પણ જો આ ઝણુબાઈ જંપશે નહિ તો પચ્છમ પાછું સોંપાવશે, એ બીકે ઝણુબાઈનું કાસળ કાઢવાની પેરવી એમણે શરૂ કરી અને રાજ્યના મારાઓએ અગ્નિની ઝાળ જેવી આ સ્ત્રી ઉપર એક વખત છૂટી તલવાર ફેંકી.

ઊંચી પાતળી છતાં અડગ ખવાસણની આંખમાંથી ક્રોધજ્વાળાઓ ઝબકી ઊઠી. એણે જનોઈ પર ઊતરતી તેગને પકડીને ખેંચી કાઢી અને ફુવારા પેઠે ઊડતી શોણિતધારાઓ વડે બે હાથ રંગ્યા. એનામાં સત ઊભરાયું ને એણે બૂમ મારી: "જે અંબે!"

માણસો દોડી આવ્યા. સતીના મુખ ઉપર પથરાયેલું તેજ નિહાળી માણસો નમી પડ્યા. ભયભીત બનેલા મારાઓ કાળું મોં સંતાડી શાપની બીકે નાસી છૂટ્યા ને માનવમેદનીએ સતીની હાકલ ઝીલી લીધી: "જે અંબે!"

ઝણુભાઈએ ડેલીના પગથિયે પગ મૂકયો ને લોહીભરેલા હાથે થાપા માર્યા. પાસે ઊભેલા ભૂદેવે માથું નમાવી કહ્યું : " માતાજી ! ખમૈયા કરો. "

" બ્રહ્મદેવ ! આ ડેલીના માલિકનો વંશ સિયાણીની ગાદીએ આવ્યા વગર રહેવાનો નથી. ને સિયાણીવાળાનો કુળહત્યાના પાપે વંશ રહેવાનો નથી. "

લોકો થરથરી ગયા. સ્ત્રીઓ ખોળા પાથરી માતાના આશીર્વાદ લેવા પડાપડી કરી રહી ને ઝણુભાઈએ ચિતાપ્રવેશ કર્યો.

પ્રતિજ્ઞા

ભીષ્મ પ્રતિજ્ઞાની વાતો તો વર્ષો જૂની છે. પણ એની યાદ આપતો બનાવ થોડાંએક વર્ષો પહેલાં હળવદના દરબારમાં બનેલો.

રાજા રાયધરજી હેકડેઠઠ દરબાર ભરીને બેઠા હતા. ઘણા ઘણા રાજના મહેમાનો એમાં હતા. એ વેળા મૂળીની પરમાર રાજકન્યાનું રાજપુત્ર અજાજી સાથે સગપણ કરવા આવેલ સરદારે જ્યારે હળવદના દરબારમાં શ્રીફળનો થાળ રજૂ કર્યો: ત્યારે રાજ રાયધરજીથી એ શ્રીફળ તરફ નજર કરતાં મશ્કરીમાં બોલાઇ જવાયું:

" ભાઈ, દુનિઆ તો જુઓ! અમારો કોઈ ભાવ પૂછે છે?"

" બાપુ! કુદરતનો નિયમ છે કે ઊગતાને સહુ પૂજે."

" ઊગતા કરતાં તપતો વધુ ઉત્તમ નહિ!"

" બાપુ! તપે છે તે તો અમર તપો! પણ ઊગતાની પાછળ તો સ્વાર્થ ખરો ને?"

આ મર્મવેણ બાજુમાં બેઠેલ કુમાર અજાજીની છાતીમાં ભાલાની અણી પેઠે ભોંકાઇ ગયા. કન્યા સાથે બાપને પરણવાની મનોવાંછના એ પામી ગયા, અને વચ્ચે કૂદીને થાળમાંથી શ્રીફળ ઉપાડી બાપુના ચરણમાં ધરી દીધું: " બાપુ! આપ શ્રીફળ સ્વીકારો."

" હાં હાં!' કરતો મૂળીનો સરદાર દોડી આવ્યો. શ્રીફળ કુમારને માટે હતું તે રાયધરજીને અપાતું જોઈ એ છળી ઊઠયો. " બાપુ! શ્રીફળ તો કુમાર માટે છે, આપને માટે નહિ."

"સરદાર! શ્રીફળ તો સ્વીકારાઈ ગયું. હવે પાછું ન ફરે!" પાછળથી કોઈ બોલ્યું.

પરમાર સરદારને આ અપમાન હાડોહાડ વ્યાપી ગયું. એનું આખું અંગ ક્રોધથી કંપી ઊઠયું. પરમાર કન્યાને પટરાણીપદ મળે એ પરમારોની ઇચ્છા હતી. પરમાર કન્યાનો વંશ ગાદી પર આવે એ એમની વાંછના હતી. એ બધી ઇચ્છાઓ અને વાંછનાઓનો ભાંગીને ભુક્કો થઇ જતો જોઇ સરદારની કાનની બૂટીઓ કંપી ઊઠી. ક્રોધમાં બેફામ બની જતાં એનાથી તલવાર ઉપર હાથ મૂકાઈ ગયો.

"પણ......" સરદારના હોઠ ફફડી રહ્યા. ગુસ્સાના આવેશમાં એ બોલી શકયા નહિ.

"સરદાર! એ તો મારાં મા થયાં. મારે એ સદા પૂજનીય છે." અજાજીએ સરદારને બાથમાં લઈ ધીમા પાડવા માંડયા.

'મારાં મા થાય' એ શબ્દો સાંભળતાં માથે વીજળી પડી હોય એમ સરદારના મોઢા ઉપર કાળાશ ઢળી ગઈ. ભયંકર ઉલ્કાપાત થયો હોય એમ એની આંખો ચકળવકળ બની રહી. એ કુમાર સામે તાકી રહ્યો. એની આંખો જાણે પૂછતી હતી: 'કુમારસાહેબ! આ પિતૃભક્તિ હતી કે નામર્દાઈ!'

શૂરવીર, ઉદાર અને પિતૃભક્ત કુમાર જાણે એના મનોભાવ પામી ગયો હોય એમ હસી પડ્યો: "સરદાર! ગભરાશો નહિ. તમારા મનોભાવ પૂર્ણ થશે."

રાજદરબાર તો બે પળ સ્તબ્ધ બની ગયો. 'શું થયું અને શું થશે?' એની કલ્પના પણ આવે તે પહેલાં તો કુમારે સરદારને કહેલા શબ્દો સંભળાયા, ને રાયધરજી સડક બની ગયા. પોતાની ભૂલ સમજાતાં એમની મનોવેદનાનો પાર રહ્યો નહિ. ગોત્રગરદન અને ગૃહકલેશનાં બીજ રોપાયાની સ્વપ્નસૃષ્ટિ એમની સામે ખડી

થઈ ગઈ. એમને શ્રીફળ તરફ નજર નાખી અને કહ્યું :

"કુમાર! પરમારકન્યાનાં લગ્ન તમારી સાથે કરવાનું શ્રીફળ...

"બાપુ! મારાં તો એ હવે મા થયાં......" કહી કુમારે મૂળીના સરદાર સામે જોયું.

રાયધરજીની મૂંઝવણનો પાર ન રહ્યો. સ્વીકારેલું શ્રીફળ પાછું જાય, તો આબરૂને કલંક લાગે, એ વિચારે એમને કમકમાં આવી ગયાં. પોતાની જીભે જેને 'મા' કહી એને હવે આ ટેકીલા રાજકુમાર સાથે કેમ પરણાવવી? શરમિંદા રાજવીએ કુમાર તરફ નજર ફેરવી.

"બાપુ! પરમાર જેવું સગું મળ્યું છે, પછી ચિંતા શી?"

"કુમારસાહેબ, પરમાણનો ભાણેજ ફટાયો થાય એ મૂળી કેમ સાંખે?" સરદારે કહ્યું.

આખી સભામાં સનસનાટી ફેલાઈ ગઈ. આ એક જ વાક્યે સહુને સમજાવી દીધું કે આ મૂળી અને હળવદ વચ્ચેના યુદ્ધનું ખુલ્લું નોતરું હતું.

રાયધરજીનો હાથ તલવાર પર ગયો: "સરદાર! ઝાલાઓ બાયલા નથી..."

પણ એ વાક્ય પૂરું થાય તે પહેલાં તો કુમાર અજાજીએ ઊભા થઈ કહ્યું: "ઝાલા એકવચની હોય છે. હું ઈશ્વરની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છું કે પરમારનો ભાણેજ જ રાજધણી થશે."

'હાં હાં...' કરતા રાયધરજી ઊભા થઈ ગયા. "કુમાર, તમે શું બોલો છો?"

"બાપુ! હું જે કહું છું તે સત્ય કહું છું. પરમારનો ભાણેજ જ હળવદની ગાદીએ આવશે."

"ને ઇડરના ભાણેજ..." સભામાંથી આછો અવાજ સંભળાયો.

દંગ બનેલી શાંત સભામાં એ ધીમો અવાજ પણ પવનની પાંખે ચઢી સહુના કાનમાં પહોંચી ગયો.

"એના સામંત," કહી કુમાર બેસી ગયા.

આખી સભામાં સનસનાટી ફેલાઇ ગઈ. મૂળીના સરદારે સંતોષનો દમ મૂક્યો. એના મુખ ઉપર હર્ષની રેખાઓ ફરી વળી. એણે ઊભા થઈ શ્રીફળ ફરીવાર રાજ રાયધરજીને ધર્યું ને સમર્પણ જાહેર થઇ ગયું.

"એલા કાંઈ નવીન?" પૂરપાટ ધસ્યા આવતા ઘોડેસવારે સામેથી આવતા ખેડૂતને પૂછ્યું.

ખેડૂતની આંખમાં ડબડબ આંસુ સરી પડયાં. ઘોડેસવારના હૃદયમાં ધ્રાસકો પડયો. સગાંઓને હમેશાં અશુભના ભણકારા પહેલાં વાગે એમ એમને રાયધરજીના અશુભની કલ્પના આવી ગઈ. એમનાથી પુછાઇ ગયું: "રાયધરજી...?"

"બાપુ દેવ થયા."

સવાર જેમને સુખ પૂછવા ધસ્યો આવતો હતો તેમના દેવગત થયાના સમાચાર સાંભળતાં એનું હૈયું દ્રવી ગયું. તે ઘોડેથી નીચે ઊતરી ગયા અને ભાગેલ પગે જઈને ઝાડ નીચે બેઠા. એમના હૈયામાં પુત્રીનું વૈધવ્ય વલોવાઈ રહ્યું. નાનકડો ભાણેજ નજર સામે રમી રહ્યો. પણ તરત જ એ વિચારપટની પછવાડેથી બે મુખ દેખાયાં—કુમાર અજોજી અને સજોજી.

એ ચોંક્યા. એમનું રાજપૂતી ખમીર ઊકળી હાલ્યું. ને એમણે છલંગ મારી પેંગડે પગ મૂકતાં પૂછ્યું: "એલા અજોજી ક્યાં છે?"

"એ તો બાપુને દેન દેવા ગયા છે..."

એ શબ્દો પૂરા થાય એ પહેલાં તો એમણે ઘોડાને એડી

મારી અને ઘોડી જાણે માલિકનો મનોભાવ પામી ગઈ હોય એમ પવનવેગે લાંબી ડાંફો ભરતી હળવદ તરફ ઊપડી.

શોક ને દુઃખથી ગરકાવ બનેલા શહેરમાં સૂનકાર વ્યાપી ગયો હતો. ઠેકઠેકાણેથી રુદનના સ્વરો આવતા. રાજમહેલ જવું કે સ્મશાને જવું એ પ્રશ્ન એમને આવ્યો ને એમણે ભાણેજની રાજશેતરંજ સામે પડેલી જોઈ. તરત જ એમણે રાજદરબારની વાટ લીધી.

આખા દરબારગઢમાં કાળો કકળાટ થઈ રહ્યો હતો. રુદનના અવાજોમાં કોઈના આવ્યાગયાની ખબર પડે તેમ ન હતું. એટલે એમણે સીધા અંતઃપુરમાં જઈ પોતાની પુત્રીને બોલાવી.

પિતાને ઓચિંતા આવેલ જોઈ રાણી ચોંકી ઊઠયાં ને પાસે જ બેઠેલા બાળપુત્ર રાણાજીની સામે જોયું.

બાપ-દીકરી જાણે એકબીજાની વાત સમજી ગયાં હોય એમ એકબીજાને પૂછી રહ્યાં: "પૂરતી તૈયારી છે?"

દીકરીએ પુત્રને માથે હાથ મૂક્યો ને તેમને ઊંચકીને બાપને ખોળે બેસાર્યા.

જાણે બાપ એમનો સંકેત સમજી ગયા હોય એમ બોલ્યા: "મૂળીને ખોળે બેઠા એટલે હવે પૂરેપૂરું પાર પાડવું જ જોઈએ." અને એ ઊઠયા.

"બાપુ! કામ વસમું છે."

જાણે વાત સાવ નજીવી હોય એમ એમણે અટ્ટહાસ્ય કર્યું અને એનો પડઘો ઓરડામાં પથરાઇ ગયો. ડઘાઇ ગયેલ રાણી પિતા સામે જિજ્ઞાસાભરી આંખે તાકી રહ્યાં.

"આપણા માણસો કેટલા?"

રાણી કમકમી ઊઠયાં. કુમાર અજાજી માટે પ્રાણ પાથરનાર

પ્રજા અને લોહી રેડવા તૈયાર રહેનાર સૈનિકોની વાતો એમણે સાંભળી હતી. પોતે છૂટે હાથે નાણાં વેરી પોતાનો પક્ષ સબળ કરવા કેટલીય જહેમત અને ખટપટોની જાળમાં મહામુસીબતે મેળવેલા ગણ્યાગાંઠ્યા સરદાર એમની નજર સામે આવ્યા. ને એમની હિંમત ઓસરી ગઈ. "બાપુ! આપણા કહેવાય એવા બહુ થોડા."

"અને એ બધા......"

"અત્યારે તો સ્મશાને..."

"અત્યારે અહીં આપણું કોઈ નથી?" પહેલો દાવ વેળાસર અજમાવવાની તાલાવેલીવાળા પરમારે પૂછ્યું.

રાણીએ બારણા તરફ જોયું.

પહેરા ઉપર આપણો માણસ છે એમ એ સમજી ગયા ને એમણે બહાર નીકળી હાકલ મારી.

પહેરેગીર ચોંક્યો. પરમારને જોતાં જ અચંબામાં એની આંખો ફાટી રહી. એના મોંમાંથી અવાજ નીકળ્યો: "બાપુ! તમે...?"

"તમારી પાસે વિશ્વાસુ માણસ કેટલા છે?"

"પચીસેક ખરા," વાતનું મૂળ પકડવા મથતો પહેરેગીર તાકી રહ્યો.

પરમાર મૂંગા થઈ ગયા. પોતે જે સાહસ કરવા ઇચ્છતા હતા એને પહોંચી વળવું એમને મુશ્કેલ લાગ્યું. પણ તરત જ એમના મગજમાં વિચાર આવ્યો. એમણે અંદર જઈ પૂછ્યું: "ખજાનામાં નાણું...?"

ને રાણીએ નવ કૂંચીનો ઝૂમખો ફેંક્યો. ઝૂમખાની કૂંચીઓ હાથમાં લઈ ગણતાં પરમારની છાતી પ્રફુલ્લિત બની. 'ફિકર નહિ, નવ લાખ તો ઘણા છે.' એ ગણગણ્યા ને ઉતાવળે પગલે બહાર

આવી એમણે પહેરેગીરને કહ્યું: "સરદાર ! આ ખજાનાની ચાવી લઈ જાઓ, અને આપણા માણસોને હુકમ કરો કે દરવાજા બંધ કરે."

"બાપુ ! દરવાન તો મારા જ માણસો છે," કૂંચીનો ઝૂમખો ઉપાડી લેતાં પહેરેગીરે કહ્યું. ને માણસો દોડાવી દરવાજા બંધ કરાવ્યા. કચુડડ અવાજ કરતા દરવાજાનાં કમાડો બિડાઈ ગયાં ને તિજોરીનાં બારણાં ફડાક કરતાં ઊઘડી ગયાં. પુનાઈ રહેલ લક્ષ્મીનું લિલામ થતું હોય એમ છૂટે હાથે નાણું ફેંકાયું. કોટની અંદરના માણસો નાણાંની લાલચે વશ થઈ ગયા. ને રાણાજીને રાજતિલક કરી આણદુવાઈની ડાંડી પિટાઈ.

એ દાંડીનો અવાજ સ્મશાનભૂમિમાં સંભળાતાં લોકો ચોંક્યા : "બાપુ ! કાળો કામો થયો !"

સૈનિકો ઉશ્કેરાઈ ગયા. લોકોના ક્રોધનો પાર રહ્યો નહિ. સ્મશાન આખું વીરભૂમિ જેવું બની રહ્યું. શોકગ્રસ્ત બનેલા વાતાવરણમાં શૌર્ય અને ક્રોધ સહુના મોં ઉપર દેખાયા પણ અજાજીના પેટનું પાણી હલ્યું નહિ. અને એ તેજ અને દ્વેષ ઉપર શાન્તિનું મોજું ફરી જાય એમ અજાજીની આંખો ચોમેર ઘૂમી વળી.

"સરદારો, રાજ તો ભાઈનું છે. હું અને સજાજી તો એના સામંતો છીએ. જે ક્રિયા મારે હાથે થવાની હતી તે જરા વહેલી થઈ."

પણ લોકો શાંત થયા નહિ. ઘોંઘાટ મચી રહ્યો. ઉશ્કેરાયેલા લોકોનાં ટોળાંએ પાણીના રેલાની પેઠે ગામ તરફ હડી કાઢી.

અજાજી આવીને જુએ તો દરવાજા બંધ ને બહાર લોકો અને સૈનિકોનો ધમધમાટ વાગતો હતો. લોકોને શાન્ત પાડી એ ટોળાં વચ્ચેથી માર્ગ કરતા દરવાજા પાસે પહોંચ્યા, ને દરવાજો ખોલવા હુકમ કર્યો.

દરવાને કહ્યું: "દરવાજો ખોલવાની ધણીની મનાઈ છે."

"એલા રાજના ધણી તો બહાર ઊભા છે." ટોળાએ પોકાર કર્યો.

"ગામમાં રાજ રાણાજીની આણ ફરી ગઈ છે. એમના હુકમ વગર હવે દરવાજા ઊઘડે નહિ."

અજાજીએ જોયું કે પરમાર રાણીને પડખે કોઈ ચડયું છે; નહિ તો આટલી હિંમત એમની ન ચાલે.

એમણે ટોળાંને શાન્ત પાડી દરવાનને પૂછયું: "આણ ફેરવવાનો હુકમ કોણે આપ્યો?"

"પરમારે."

અજાજી ચોંકયા. મૂળીનો પરમારધણી પહોંચી ગયા જોઈ એમણે વાતને વધુ અટકાવી દીધી, ને પરમારને બોલાવી લાવવા કહ્યું.

રાજધણીના અવસાનનો પ્રસંગ પણ પૂરો થયો નહોતો એટલી વારમાં ખટપટનાં મંડાણ શરૂ થયેલ જોઈ અજાજીનો ક્રોધાગ્નિ પ્રજ્વલી ઊઠયો. પોતાના ઘરમાં બીજાની દખલગીરી એ સહન કરી શકયા નહિ. થોડી વારમાં પરમારના માણસે આવી સંભળાવી દીધું કે રાજમાં રાણાજીની આણદુવાઈ ફરી ગઈ છે. દરવાજો ઊઘડશે નહિ.

"પણ મારા બાપુનું શ્રાદ્ધ તો મને સારવા દો."

"બાળરાજા તમારા જેવાનો તાપ જીરવી શકે નહિ, એટલે દરવાજા તો નહિ ઊઘડે."

"મારી પ્રતિજ્ઞા......રાજ મારે નથી જોઈતું..."

"તમારી પ્રતિજ્ઞાની હવે કાંઈ કિંમત નથી," કહી અંદરથી કોઈએ અટ્ટહાસ્ય કર્યું.

ચિંતા, ક્ષોભ અને વેરની ધૂનમાં એમણે વેગડવાવ આવી પડાવ નાખ્યો અને પિતાની ઉત્તરક્રિયા પતાવી.

સાથેના માણસોએ અનેક વખત હળવદ માથે પડવાની વાત ઉચ્ચારી, અનેકવાર એમને ઉશ્કેરવા પ્રયત્ન કર્યો, પણ પ્રતિજ્ઞાના બળ ઉપર નિર્ભર રહેનાર યુવાન અજાજીએ હળવદ તરફ નજર સરખી પણ કરવાની ના પાડી. અને ભવિષ્યમાં ભૂલ ન થઈ જાય એટલા માટે હળવદની ભૂમિને જાણે છેલ્લા પ્રણામ કરતા હોય એમ ચાલી નીકળ્યા.

વાતાવરણમાં ધીમો ગણગણાટ સંભળાતો: 'બાપુ! રાજ તમારું છે.'

ને અજાજીના દૃઢ પગલાં પડઘો પાડતાં હતાં: 'મારી પ્રતિજ્ઞાએ રાજ રાણાજીનું છે.'

ડામણનો માર

શિયાળાની ઠંડી હાડ ભાંગી નાખે એવી હતી. લોકો સોડિયાં વાળી ઘરમાં બેસી તાપણાં સળગાવી તાપતા હતા. ઝડવઝડ દી હોવા છતાં ગામનું પાદર સૂનકાર જેવું થઈ ગયું હતું. સૂર્યની આતાપનાએ ઠંડી ઊડે તે પહેલાં તો નમતા સૂર્યની આછી ગરમી ઉપર ઠંડીનાં મોજાં ફરી વળ્યાં; ને હમહમતા ખેડૂઓની ગાડાની હેડે, રાજ ડોસાજીના કડપની હૂંફે લુણસરના પાદરમાં આવીને પડાવ નાખ્યો.

પથ્થરના મંગાળા બનાવી રોટલા બનાવી ખાઈ લીધું ને તાપણાં કરી ગાડાના ઠાઠા નીચે પછેડીઓ અને બુંગણની સોડ કરી લાંબા વાંસા કર્યા. એટલામાં વાર આવતી હોવાના પગલાંના ભણકારા સાંભળી એક જણે હાકલો કર્યો : ‘ એલા જાગતા રેજો ! ”

“ આ તો રાજ ડોસાજીનું રાજ છે. અહીં તે વળી બીક કેવી ?”

“ બાઇ, રાજ તો વાંકાનેરના રાજગઢમાં રહ્યા. અહીં આપણું કોણ ? ”

“ અરે દેન છે કોઇનો કે ડોસાજીના રાજ્યમાં લૂંટ કરે ? બિચારા કેટલાય એના ડામણના મારથી હજુ ચમચમતો બરડો પંપાળે છે.” કહી જાણે બરડામાં ડામણના મારથી પોતાને દુખાવો થતો હોય એમ તેણે પોતાની પીઠ પર હાથ ફેરવ્યો અને રાજના અને રાજના કડપ ઉપર અખંડ વિશ્વાસ રાખી મોં ઉપર પછેડી ઓઢી સૂઇ ગયો.

બેચાર પળ ગઈ એટલામાં પાંચેક માણસો ગાડાની હેડ ફરતા આંટો મારી ગયા. સૂતેલા આદમીઓ એમને ચાલ્યા જતા જોઈ રહ્યા. એકે કહ્યું: "ચોકિયાત લાગે છે." ને થોડી વારમાં તો માણસોનાં પગલાં દૂર દૂર જતાં સંભળાયાં અને સૂનકાર વ્યાપી રહ્યો.

"કોણ મૂઓ છે?" પોતાના અંગ ઉપરથી પછેડી ખેંચાઈ જતાં ઠંડીના ચમકારે ઝબકી ઊઠતાં જુવાન ગાડા–ખેડૂએ પડકારો કર્યો.

"તારો બાપ!" કહી પછેડી ખેંચનારે સૂતેલા ખેડૂના પેઢુ ઉપર લાત મારી.

આંખો ચોળતા ખેડૂતે કાળના દૂત જેવા જતને જોયો. મોટી લાંબી બિહામણી દાઢી ને ઢાલ જેવડી પાઘડી વચ્ચે ડરામણી આંખો જોઈ એ હેબતાઈ ગયો અને તે હાકાબાકા બની ચૂપ થઈ ગયો. પણ એની બૂમથી જાગી ઊઠેલા બીજા ગાડાવાળાઓએ હાકલા કર્યા, એટલે પાગરણ અને ખાધાખોરાકી આંચકી લઈ, ભૂખ અને ગરીબાઈથી રિબાઈ લૂંટ કરવા નીકળેલ જતની ટોળી બબબ્બે થતાં પાછી વળી ગઈ. ને ગામમાંથી માણસો આવી પહોંચે તે પહેલાં એમને દૂર દૂર ગયેલા જોઈ ખેડૂતોએ બૂમો પાડીઃ "દોડો દોડો! એ જાય...એ જાય...!"

ગામમાંથી લોકો દોડ્યા. જીવાઈદાર ને પસાયતા ડાંગો ને તલવારો લઈ આવી પહોંચ્યાઃ ને પૂછપરછ કરી. પણ ઉપરવાડે આવેલી જતવાડના જત લોકોની ટોળીનો પીછો પકડવાની કોઈની હિંમત ચાલી નહિ. સહુ એકબીજાના મોં સામે તાકી રહ્યા.

"ડોસાજીના રાજ્યમાં લૂંટ થાય એ રાજે લાવી દેવી પડશે," એક ગાડાખેડૂએ એક કરડા દેખાતા આદમીને કહ્યું.

"તો જા રાજ પાસે," કહી એણે ડાંગ પછાડી ને ગામ તરફ ચાલવા માંડ્યું. લોકો હસી પડ્યા.

જુવાન ગાડાખેડૂ વળ ખાઈ ગયો. પોતાની અને રાજની મશ્કરી એનાથી જિરવાઇ નહિ. ડોસાજીની હાક વાગતી અને લોકો થરથરતા એની એને ખબર હતી. એ હાક ઉપર મદાર બાંધી એણે કહ્યું: " અમારી લૂંટાયેલી માલમત્તા રાજ પાસેથી લઉં તો જ હું ખરો!" ને એણે વાંકાનેરને માર્ગે હડી કાઢી. પાછળ લોકોના હાકલા સંભળાયા : "એલા લૂંટ ભરી લાવવા ગાડું તો લેતો જા!"

વાંકાનેર પહોંચતાં એનું આખું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. રાજ ડોસાજીના પગમાં પડી એણે ધા નાખી. " બાપુ! તમારા રાજ્યમાં અમને લૂંટી ગયા!"

લૂંટનું નામ સાંભળતાં જ ડોસાજીની આંખ ફાટી. પોતાની હદમાં લૂંટ કરનારને એ જાનથી મારી નાખતા. એમના ભાલાનો ઘા ચુકાવી નાસી જવું ભારે થઈ પડતું. પણ નાસતા શત્રુ ઉપર ભાલું નહિ ફેંકવાની એમની પ્રતિજ્ઞા હતી, એટલે કેટલાક ભાગી છૂટેલાને લોઢાનું ડામણ મારી પાડી નાખેલા ને માફી મંગાવેલી. એનો ઘા કેટલાયને ચમચમતો. અને એ હાકના પડઘા ચોમેર પથરાયેલા, તેથી કોઈ ડોસાજીના રાજ્યમાં લૂંટ કરવાની હિંમત કરતું નહિ. આજે અચાનક લૂંટનું નામ સાંભળતાં ડોસાજીના અંગમાં આગ ઊઠી. પોતાની ઉજ્જવળ નામના ઉપર નામોશીની કાળી ટીલી એમનાથી સહન થઈ શકી નહિ. એમણે પ્રશ્ન કર્યો: " જતડાંઓએ મારા લુણસરને પાદર લૂંટ કરી?"

" હા બાપુ! લૂંટીને જતવાડામાં ઊતરી ગયા. રાજની અમે વસ્તી......"

" તમારો માલ રાજ્ય લાવી દેશે," કહેતાં ડોસાજીએ ઘોડી ઉપર રાંગ વાળી ને ડેલીએ બેઠેલા આરબે નગારે ડાંડી નાખી. પણ એ ડાંડીના નાદે લોકો આવી મળે તે પહેલાં તો ડોસાજીએ ઘોડી મારી મૂકી.

બોગાવા લગભગમાં રાજ ડોસાજીની ઘોડીના ડાબલા સંભળાતાં જત લોકોએ પાછું વાળી જોયું ને ડોસાજીને ઓળખતાં હાકાબાકા બની ગયા. લૂંટનો અસબાબ કાઢી નાખી નાસી છૂટે એ પહેલાં તો ડોસાજીના ભાલામાં એક જત પરોવાઈ ગયો, અને બીજા જીવ લઈને ભાગ્યા.

ડોસાજીએ ઉગામેલ ભાલો હાથમાં જ રહી ગયો ને એમણે લોઢાનું ડામણ આંગળીએ લઈ સુદર્શન ચક્ર પેઠે ચકરાવે ચડાવ્યું અને જોરથી ઘા કર્યો.

"ઓ બાપરે !" કરતો એક જત પડ્યો ને બીજા મોતની બીકે જીવ લઈને નાસી છૂટ્યા.

પાછળ ચડેલા પાળના સવારો એટલામાં આવી પહોંચ્યા, ડોસાજીએ તેમને લૂંટનો ઢગલો ચીંધ્યો, "આ માલ લૂણુસરના પાદરમાં જ ગાડાખેડૂતોને સોંપી દેજો." ને એ પાછા વળી ગયા.

લૂણુસરને પાદર લૂંટનો માલ ગાડાખેડૂતોને સોંપાયો ત્યારે લૂણુસરના શૂરવીરોના મોં ઉપર શરમની કાળાશ ઢળી ગઈ હતી.

કુંજડાંના કળેળાટ જેવી પનિહારીઓની કાળી ચીસો ગામ સોંસરવી નીકળી ગઈ. રાજ ડોસાજીની ડેલીમાં બેઠેલા લોકો રાજની મહેમાની માણી હમણાં જ વિદાય લેતા સુદામડાના નાજા ખાચરને વળોટાવી પાછા આવ્યા એટલામાં વસ્તીની ચીસો ને બૂમરાણ સાંભળી સહુ ઊંચાનીચા બની ગયા ને 'શું થયું ?' એવો મૂક પ્રશ્ન પૂછતી આંખો એક બીજા તરફ ફેરવી.

ત્યાં વસ્તીનાં ટોળેટોળાં ડેલી તરફ પાણીના પૂર પેઠે દોડયાં આવતાં દેખાયાં. લોકોમાં ઉશ્કેરાટ હતો ને એ ઉશ્કેરાટ એમના કકળાટમાં છોળો ઉછાળતો હતો.

"એલા છે શું ? આમ કેમ બધા આકળાભાંભળા થઈ ગયા છો ?"

"બાપુ ! ડોસાજીના ઘરઆંગણે કાઠીઓ વસ્તીને લૂંટી જાય..." વસ્તીએ રાડો પાડી.

"એટલે એવો બેમાથાનો વળી કોણ મૂવો તો ?" ડેલીના ગડેરામાં ઊભેલા સૈનિકે મૂછને વળ દેતાં પૂછ્યું.

"ઓલ્યા સુદામણાનો કાઠી . . . . . હમણાં ગયો..."

"હેં ! નાજો ધાધલ !" રાજની મહેમાની માણી ચાલ્યા જતા નાજા ધાધલે લૂંટ કર્યાના સમાચાર સાંભળતાં સહુ આશ્ચર્યમાં પડી ગયા.

નાજો ધાધલ રાજ ડોસાજીની ધાકે ફફડતો. એણે ડોસાજીના પરાક્રમ સાંભળ્યાં હતાં. રાજ ડોસાજીને રૂબરુ નીરખવા એ રાજનો મહેમાન બન્યો ને જતાં જતાં એને પોતાનું પરાક્રમ બતાવવાની ઇચ્છા થઈ આવી.

ઘોડીના વેગ સાથે એના હૃદયમાં ઘોળાતા વિચારો જાતજાતની તરકીબો રચવા લાગ્યા. પણ ડોસાજીની ધાકે એકે વિચાર મૂર્તિમંત કરવાની એની હિંમત ચાલી નહિ. ગામનું પાદર આવ્યું ને સામેથી ઘરેણાંથી લચી પડતી વણિકકન્યાને પાણીનું બેડું ભરીને આવતી જોઈ, એ ગણગણ્યોઃ 'શુકન તો સારાં થાય છે.'

એક પગ પેગડામાં રાખી એ નીચે ઊતર્યો ને કન્યાની ડોકમાં લટકતા હાર ઉપર ઓચિંતી ઝોંટ મારી. હાર તૂટી જઈ બળુકા કાઠીના હાથમાં આવ્યો. બેડું પડી ગયું ને પાણીથી નીતરતી બાળા પડી ગઈ. એના હૈયામાંથી બીકને લીધે ચીસ નંખાઇ ગઈ: "ઓ બાપરે...?"

ને કાઠી ઘોડી ઉપર રાંગ વાળી નાસી છૂટયો, જતાં જતાં એ ચાલ્યા આવતાં પનિહારીઓનાં ટોળાં પાસે સર્યો ને પડકારતો ગયોઃ "કે'જો તમારા ડોહાને કે સુદામડાનો નાજો ધાધલ તમને તેડાવે છે."

સ્ત્રીઓમાં ધાક પેસી ગઈ. લૂંટાયેલ કન્યાની આંખમાંથી ચોધાર વહેતાં આંસુએ અને ડૂસકાંએ લોકોનું ટોળું ભેગું થઈ ગયું ને ગામમાં ખબર પડતાં લોકો ઉશ્કેરાઈ રાજ ડોસાજી પાસે રાવ કરવા ઊપડયા.

“ બાપુ ! તમારે આંગણે...” ને એ વાકય પૂરું થાય એ પહેલાં ગગનમાં વાદળાં ચીરતી વીજળી ઝબકારો કરતી ચાલી જાય એમ ડોસાજીની ઘોડી લોકસમુદાય વચ્ચે થઈ ચાલી ગઈ. લોકોએ જયનાદ કર્યો : “ ઘણું જીવો લોકના ધણી ! ”

નાજો ધાધલ પોતાના બળના કેફમાં લૂંટ કરીને નાઠો તો ખરો, પણ પાછળ પડેલ ભૂતાવળના અવાજે નાસનારના હૃદયમાં ફડક પેસાડી દે એમ ડોસાજીની હાકના પડઘા એના કાનમાં સંભળાતા હોય એમ અનુભવી ધાધલનું આખું શરીર પરસેવે રેબઝેબ બની ગયું. મોતને પાછળ દોડતું આવતું નીરખી નાસનારના ગુડા ગળી જાય એમ એ ભાંગેલ શરીરે ઘોડી ઉપર લોથપોથ બની રહ્યો. એટલામાં પાછળ ઘોડીના દાબડા ગાજ્યા. એનું કાળજું ફફડી ઊઠયું. એના હૈયામાંથી ઝીણી ચીસ નીકળી ગઈ : ‘ માર્યા ! ’ ને એણે ઘોડીને એડી મારી.

ડોસાજીની ઘોડી પાછળ ઝપટ કર્યે આવતી હતી. પળેપળે બન્ને વચ્ચેનું અંતર ઓછું થતું જતું હતું. એકને મરવાની બીક હતી; બીજાને મારવાનું ઝનૂન હતું. ધાધલે આંધળુકિયા કરી, ગમે ત્યાં ભરાઈ જવા ઘોડીનો વેગ વધાર્યો અને બેફામ બની આડફેટે રસ્તે ચડી ગયો.

“ ભાગજે તારાથી ભગાય એટલું !” કહી ડોસાજીએ ઘોડીને વાડ કૂદાવી પાછળ ફેંકી. ને ધાધલની નજર સામે ડામણની યાદ આવી ગઈ. હમણાં ડામણ વાગ્યું કે વાગશે એ બીકે એણે પીઠ ચોરી ને એ ટટ્ટાર થઈ ગયો. એટલામાં ઘોડી કુવાડવાના ઝાંપામાં પેસી ગઈ.

પણ ઘોડી વળાંક લઈને અદશ્ય થાય તે પહેલાં ડોસાજીનું લોખંડી ડામણ પવનમાં મધમાખીઓનાં ટોળાં પેઠે ગણગણાટ કરતું આવીને ધાધલની પીઠ પર પછડાયું.

" મરી ગયો ! " કહેતો ધાધલ ઘોડી પરથી ઊથલી પડ્યો ને ભડકેલી ઘોડી નાસી છૂટી.

ડોસાજીએ નીચે ઊતરી નાજાની તલવાર ઉપાડી લીધી ને પોતાની ઘોડી ઉપર એને બાંધીને વાંકાનેર લઈ જવા પોતાની ઘોડીની સરક છોડે એટલામાં ધાધલ ચમક્યો, ને ડોસાજીની નેમ વરતી ગયો.

તેમની આ ધમાલ સાંભળી ચારણ બાઈઓ બહાર દોડી આવી. તેમને જોતાં ધાધલની આંખમાં ચમકારો આવ્યો ને એણે હડી કાઢી ચારણબાઈના પગ પકડી લીધા : " બોન, તારી ગાઉં છું !"

ચારણબાઈએ હાથ ઊંચો કરી ડોસાજીને આગળ વધતા અટકાવ્યા : " રાજ ! હવે આગળ પગલું ભરશો નહિ. "

ડોસાજીએ આખી પરિસ્થિતિ પલટાઇ ગયેલી જોઈ. ચારણ બાઇના શરણે ગયેલ ધાધલ ઉપર હવે હાથ ઉગામાય એવું રહ્યું નહિ. એમણે ચોરે જઇ ચારણ ડાયરાને રામરામ કર્યાં ને ધાધલને સોંપી દેવાની માગણી કરી.

" રાજ ! અમારી રીત તમારાથી ક્યાં અજાણી છે ? અમારો કુળધર્મ અમારાથી કેમ છોડાય ? જોઈએ તો એને બદલે આમાંથી જોઈએ તેટલાં માથાં માગી લ્યો. પણ આપના જેવા વીરપુરુષ આવાં મગતરાં ઉપર હાથ ઉગામે એ તમને શોભે ?"

રાજ ડોસાજી સમજી ગયા. ચારણ ડાયરે કસૂંબા કાઢ્યા ને નાજા ધાધલને કસૂંબો પાવા ચોરે તેડી લાવ્યા.

શરમ અને બીકના માર્યાં નાજા ધાધલના મુખ ઉપરથી હોશ ઊડી ગયા હતા. ફફડતાં ફફડતાં એણે ચોરે આવીને ડોસાજીના પગમાં પડી માફી માગી.

" હત્ કુતરા ! અન્ન ખાઇને હરામી બન્યો ?"

નાજાની આંખો જમીન ઉપર ઢળી ગઈ.

" લે આ તારી તરવાર ! મરદ હો તો ફરી વાંકાનેરની હદમાં લૂંટ કરજે ! " કહી ડોસાજીએ તરવાર ફેંકી.

પાસે બેઠેલા ચારણે નાજાની પીઠ પંપાળતાં કહ્યું : " રાજ, એના બરડામાં ડામણનો સોળ છે એ તો હજુ મટવા દો ! "

રાજ રાયસિંહજી

" મામા ! આ છેલ્લો દાવ છે હવે !" હળવદના ધણી રાજ રાયસિંહજીએ ધ્રોળના ઠાકોર જસાજી સામે જોઈને પાસા નાખતાં કહ્યું.

" થાય છે હવે, ઉતાવળ શી છે ?" મામાએ ચોપાટના રસમાં આગ્રહ કર્યો.

" મામા ! આ પોબાર. . . ." કહી રાયસિંહજીએ મામાની સોગઠી મારી ને પાસે બેઠેલાઓએ રાયસિંહજીને ભલકાર્યા: "શાબાશ!"

મામા મનમાં ખારા ઝેર જેવા થઈ ગયા. જીતેલી બાજી હારી જવા જેવું થવાથી એમના ગુસ્સાનો પાર ન રહ્યો, ને દાવ નાખવા પાસા હાથમાં લીધા, ત્યાં પાદરમાં ડંકો વાગ્યો : " કડીંગ ધીન, કડીંગ ધીન. . . ."

મામાના ક્રોધનો પાર ન રહ્યો. એમણે ધૂંધવાટમાં પૂછ્યું : " કોણ મૂઓ છે ?"

અવાજ સાંભળી પાસવાનો દોડ્યા. મામાએ પાસા હાથમાં લીધા, પણ એમનું મન પાસા ફેંકવામાં ન હતું. જીતેલ માણસ પોરસે ચઢે અને હારેલનું મન ખાટું થઈ જાય એમ મામાનું દિલ ચોપાટમાંથી ઊઠી ગયું, એમાંય પાસે બેઠેલાના હાસ્યે અને ભાણેજને અપાયેલ શાબાશીથી એ મનમાં બળી જતા હતા. એવામાં ડંકાના અવાજે એમની રગેરગમાં ક્રોધ વ્યાપી ગયો, ને એમણે ચોપાટ ઉડાડી મૂકી.

રંગમાં આવેલી બાજી મામાએ ઉડાડી તેથી ભાણેજનું દિલ પણ ખાટું થઈ ગયું, ને રીસમાં એમનાથી બોલાઈ ગયું : " કેમ મામા, હાર્યા એટલે. . . ."

"હું ક્યાં હાર્યો છું?"

અને બન્ને વચ્ચે વડછડ થતી હતી ત્યાં પાસવાને આવીને કહ્યું: "બાપુ! એ તો નાગડા બાવાની જમાત છે."

"અરે, જમાત હોય કે જમાતનો બાપ હોય! મારા રાજ્યમાં મારા સિવાય કોઈનો ડંકો વાગે જ નહિ."

'ને મામા! કોઇ વગાડે તો?' ભાણેજે મામાની શેખાઇ તોડવા પૂછ્યું.

"મોટા માન્ધાતા હોય તોય નગારાં ફોડી નાખું." લાલચોળ આંખોમાંથી અગ્નિ ખેરવતાં મામાએ કહ્યું ને મૂછે વળ દીધો.

ભાણેજથી આ અપમાન સહન થયું નહિ. એનાથી તલવાર ઉપર હાથ મુકાઈ ગયો, પણ મામાને ઘેર મહેમાન બની ઝઘડો કરવો ઠીક નહિ, એમ સમજી એ ચૂપ રહ્યા.

"હજી મારા રાજ્યમાં આવીને ડંકો વગાડે એવો કોઈ જન્મ્યો નથી. શેર સૂંઠ ખાઈને માઇનો પૂત જણ્યો હોય એવો એક તો બતાવ?"

"મામા! એવી શેખી જવા દેજો. કાલ સવારે હું જ આવીને તમારા પાદરમાં નગારે ઘા નંખાવું તો?"

"તો તારાંય નગારાં ફોડી નંખાવ્યા વગર રહુંજ નહિ સમજ્યો?"

"ભલે મામા! હવે તો તમારા રાજ્યમાં નગારે દાંડી નંખાવું તે પછી જ મારે ધ્રોળનું પાણી ખપે." એમ કહી રાયસિંહજી ઊઠી ગયા.

"હં! હં! ભાણેજ આ શું?" કહેતા, પડખે બેઠેલા બધા આ હાંસીતોસીને મશ્કરી સમજતા તે બધા, આ નાની વાતમાંથી વતેસર થઈ ગયેલું જોઇ, સ્તબ્ધ બની ગયા. હઠે ચડેલા આ મામા-ભાણેજ પાછું પગલું ભરે એવા નથી એની સૌને ખબર હતી, એટલે ભાણેજનું લોહી પોતાના આંગણે રેડાય, એ ભૂંડો કામો થયો કહેવાય એમ સમજી બન્નેને સમજાવવા તેમણે પ્રયત્ન કર્યો. પણ રાયસિંહજીએ તરત જ ઘોડીએ રાંગ વાળી મામાને કહ્યું:

"મામા! રામરામ! હવે તો ધ્રોળના પાદર ડંકો વગાડીશ, તે દિવસે ધ્રોળનાં પાણી ખપશે."

"વગાડી તો જો! એકે નગારું સાજું ન રહેવા દઉં!" રોષભરી મુદ્રાએ મામાએ જવાબ આપ્યો.

"મામા, એ તો હવે જોયું જશે." ભાણેજના શબ્દો હવામાં રણકી રહ્યા.

સહુના મોંઢામાંથી નીકળી ગયું: "ભારે થઈ!"

"આપણે ત્યાં નગારાં કેટલાં છે?" હળવદની કચેરીમાં રાયસિંહજીએ નગારચીને બોલાવીને પૂછ્યું.

"બાપુ! આપણે ત્યાં હશે થોડાંઘણાં!" એણે અચંબો પામી જવાબ આપ્યો. કોઈ દિવસ નહિ ને આજે જ બાપુએ આવો પ્રશ્ન કેમ પૂછ્યો તે એને સમજાયું નહિ.

પાસે બેઠેલા સરદારે પૂછ્યું: "બાપુ! આજે કેમ એમ પૂછવું પડ્યું?"

"મામાના પાદરમાં આપણે ડંકો વગાડવો છે."

"તે એક નગારું હોય તોય ઘણું!"

"ના, મારે તો આખા ગામ ફરતાં નગારાં ગોઠવીને એકી-સાથે વગડાવવાં છે. મામાય જાણે કે ભાણેજ બોલેલું પાળે છે."

આખી કચેરીના શ્વાસ થંભી ગયા. ધ્રોળ સાથે ધીંગાણું થશે એ સમજી જતાં શૂરવીરો ખળભળી ઊઠ્યા. એમની નસોમાં લોહી ધખધખી ઊઠ્યું ને શૌર્યના કેફમાં તેમના હાથમાં તલવારો ઊછળી રહી.

"શાબાશ!" કહેતાં રાજાની છાતી પ્રફુલ્લિત બની. અને એમણે એક સુભટને પાસે બોલાવી કહ્યું: "આજે જ ધોળકા જાવ,

ને ત્યાંથી કસબાતીનાં હોય તેટલાં નગારાં લઈ આવો."

રાજની હાકલે સેના તૈયાર થવા માંડી. જોતજોતામાં દશ હજાર સૈનિકોની ફોજ હળવદના પાદરમાં ખદબદવા લાગી. કસબાતીનાં બાવન જોડી નગારાં ગાડાની હેડે ચડી હળવદને આંગણે ગાજી ઊઠયાં, ને રાજ રાયસિંહજીએ ધ્રોળ ઉપર ત્રાટકવા લાવલશ્કર સાથે હાથી ઉપર નગારાં લાદી આખે રસ્તે નગારે ઘાવ દેવાની આજ્ઞા આપી દીધી.

ધ્રોળનો સીમાડો આવતાં નગારા ઉપર જોરથી ડાંડીઓ પીટાવા લાગી, મેઘગર્જના સમો રણડંકો સાંભળતાં લોકો ભયભીત બની શહેરમાં ભરાવા લાગ્યા. જાડેજાની સેના સજ્જ થઈ ગઈ. જસાજીને ડંકાની ડાંડીઓ પોતાની છાતી ઉપર પડતા હથોડાના ઘા જેવી પીટાતી લાગી ને એમની ભ્રકુટી ધનુષ્યરૂપ બની ગઈ. 'મારું! મારું!' કરતા જસાજી પોતાની સેના સાથે ધસી આવ્યા.

મામાભાણેજ સામસામા આવી ગયા. ભડવીર ભાણેજની તેગ ઇંદ્રના ખડગ જેવી ચોમેર ફરવા લાગી ને માથાંઓનો ઢગ થવા લાગ્યો. જસાજીએ ભાણેજને પડકાર્યો ને બે વીર યોદ્ધાઓ વચ્ચે યુદ્ધ જામ્યું.

"મામા! જુઓ, તમને મારતાં આટલી વાર!" ભાણેજે પોતાની તલવારને મામાની ઘોડીના પાછલા પગ ઉપર ઝીંકી, ને એક ઝાટકે ઘોડીનાં બન્ને પગ કપાઇ જતાં ઘોડી ઢળી અને રીંગણું દડે એમ મામા નીચે ગબડી પડયા.

લોકો દોડી આવ્યા, પણ શરમ અને નામોશીથી બળી રહેલ મામાએ ખુન્નસે ભરાઈ નમતું આપ્યું નહિ અને બન્ને વચ્ચે દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું.

જોતજોતામાં ભાણેજના પ્રહારે આખા શરીરે લોહીથી નીતરતા મામા જસાજી લથડયા ને એમનો દેહ ઢળી પડયો.

લોકો ધસી આવ્યા ને ભાણેજનાં નગારાં શોરજોરથી ગગ
ઊઠ્યાં. મામાએ પોતાના જીવનની અંતિમ પળે છેલ્લો શ્વાસ ઘૂંટત
અકળવકળ આંખે ચોમેર જોયું ને ઊંડો નિશ્વાસ મૂકતાં એ ગણ
ગણ્યા : " હે સાહેબધણી ! મારાં લેખાં તું લેજે ! "

આડેસરના જાડેજા ધણીની કચેરીમાં જઈ દસોંદીએ હાકલ
કરી. " મારા ધણી ! તને શરમ નથી આવતી ? જસાજીએ એ
વેર લેવાની તને હાકલ કરી છે, ત્યારે તું તો ઘોરતો બેઠો છે. "

" છે શું મામા ? આવાં આકરાં વેણ શેણે કાઢવાં પડે છે ? '

" બાપ ! તને શી ખબર પડે ! " કહી દસોંદીએ નિસાસો મૂકયે

" રાજ રાયસિંહે ફોળને ધમરોળી નાખ્યું. જસાજી પડયા
પણ એનું વેર લેવાની તો તમને ભલામણ કરતા ગયા છે. એન
મરણવેણ તો આકરાં બાણ જેવાં છે. "

સૌ સ્તબ્ધ બન્યું, દસોંદી શું કહે છે તે સમજાયું નહિ.

" બાપ, એણે સોંપણ કરી છે કે મારા કુળમાં દીવા જેવે
સાહેબજી હજુ સૌનાં માથાં ભાંગે એવો જીવતોજાગતો બેઠો છે. એ
મારું વેર લેશે તો જ હું ગતે જઈશ. "

ગર્જના કરતાં સાહેબજીએ ફાળ ભરી ને દસોંદીને એ ભેટી
પડયા. " બારોટજી ! જસાજીને મારનારને મારું નહિ ત્યાંસુધી હું
જંપીશ નહિ. "

" જીવતો રે મારા બાપ ! " કહેતાં દસોંદીની આંખમાંથી
આંસુની ધાર થઈ.

અને આડેસરની જાડેજા સેના હળવદને આંગણે લેણદેણનો
હિસાબ ચૂકવવા ચાલી નીકળી.

હોળીનો રંગ જામ્યો હતો. રાજ પોતાના ભાયાતો અને સરદારો, શિરબંધીઓ અને સેનાનીઓ સાથે રંગે ચઢ્યા હતા. સૌ આનંદ–ઉત્સાહમાં આવી ઘેરૈયા જેવા ચોમેરે ઘૂમતા હતા. એવામાં કાસદે આવી સાંઢણી ઝોકારી અને શ્વાસ રૂંધાઈ ગયો હોય એમ માંડમાંડ બોલ્યો:

"બાપુ ! આડેસરનાં પાળ નદીના પૂર પેઠે ગાજતાંઊછળતાં આવે છે."

રાજ રાયસિંહજીએ મૂછે વળ દીધો ને સરદારો સામે જોઈ કહ્યું: "પેલો સાહેબજી આવતો હશે!"

સાંભળતાં જ સૌને ધ્રોળના પાદરમાં ગૂંજેલા જસાજીના શબ્દોનો રણકો તાજો થયો, તે સહુનાં લોહી ધગેણી ઊઠ્યાં.

"બાપુ! સેના તૈયાર છે. આપનો હુકમ હોય તો..."

"મને પણ સાહેબજીને મળવાનું મન છે. આવો લહાવો ક્યાં ઘડી ઘડી આવવાનો હતો."

નગારે દાંડી પડતાં સેના સજ્જ બની ગઈ. વીર યોદ્ધા રાયસિંહજીએ સેનાને દોરતાં ટીકર જઈ પડાવ નાખ્યો.

વર્ષામાં ગાંડીતૂર બનેલી નદીનાં ઉછળતાં નીર નદીને કાંઠે બાંધેલા મજબૂત કોટ સાથે અફળાઈ પાછાં પડે એમ જાડેજાની સેના ઝાલાના કોટ જેવી સેના સામે અફળાતી પાછી પડવા લાગી. પણ જીવંત કોટ ઉપર જીવંત મોજાનો અફળાટ ભયંકર બન્યો. રાયસિંહજી પડ્યા, અને બન્ને બાજુનાં લશ્કર આંધળુકિયાં કરી નાસી છૂટયાં. યુદ્ધ એટલું ભયંકર બન્યું હતું કે કોણ પડ્યું ને કોણ નાઠું એની કલ્પના પણ આવી નહિ. સૌ સામસામો સોથ વાળતા કેટલાય દૂર નીકળી ગયા.

મકનભારથીની જમાતે દ્વારકાની જાત્રા કરી દિલ્હી તરફ પાછા વળતાં ઝાલાવાડ વીંધી નાખી, ને છેવટે રણને કાંઠે ઊભેલું ટીકર

સામે દેખાયું, પણ વચ્ચે ગીધ અને સમળાનાં ટોળાં ઊડતાં જોઈ ભયંકર યુદ્ધની આગાહી એમને થઈ આવી. તાજાં મડદાંની ઉપર થઈને આવતા પવનની અસહ્ય દુર્ગંધે એને ઉશ્કેર્યો અને એણે ઝપાટાબંધ જમાતને વહેતી કરી.

"થોભો !" પાલખીમાંથી મકનભારથીનો અવાજ આવ્યો.

મડદાં ઉપર પગ મૂકી માનવશરીરોને ખૂંદતા બાઈ લોકો થંભી ગયા, ને ખભા ઉપરથી પાલખી નીચે ઉતારી.

મકનભારથીએ પાવડીઓ પહેરી ચાલવા માંડયું, ત્રણ ચાર સૈનિકોથી દબાયેલા એક યોદ્ધાના પગમાં સોનાનો તોડો સૂર્યના તાપમાં ચળકી રહ્યો હતો. પાલખીમાં બેઠા બેઠા મકનભારથીએ તોડાનાં તેજ નીરખ્યાં ને એ કોઈ મહાન નર હોવાની કલ્પના એને આવી. એવા નરપુંગવના દેહને અગ્નિસ્નાન કરાવવાની પોતાની ફરજ સમજી એણે આખી જમાતને રોકી દીધી.

બે ચાર નાગા બાવા દોડી આવ્યા, ને એકેક આંચકે ઉપર પડેલ સૈનિકને ફેંકી દઈ તોડાવાળા યોદ્ધાને ઉપાડી મહંતના પગ પાસે મૂકતાં એક બાવો બોલ્યોઃ "દેહ ગરમ છે."

"દેખો, શ્વાસ ચલતા હે ?"

"હાં !" બાવાએ નાક પાસે હાથ ધરી કહ્યું. "બહોત ધીમા."

ગુરુને એક જીવ બચાવ્યાનો આનંદ થયો અને એ મૂર્છિત યોદ્ધાને પોતાના માણસો પાસે પાલખીમાં લેવરાવી જમાતને જલદી આગળ વહેતી કરી.

સાંજે મુકામ કરી મહંતે પોતાના તંબૂમાં પેલા યોદ્ધાને તપાસ્યો, ઘા ઉપર પાટા બાંધ્યા ને શક્તિશાળી ઔષધ ચટાડયું. બે દિવસે યોદ્ધો ભાનમાં આવ્યો, ત્યારે એની આંખો ચોમેર તાકી રહી. આ બધું શું છે એ તેને સમજાયું નહિ.

પણ મૌન રહેવામાં સુખ સમજી એમણે ચુપકીદી સેવી. દવાના સેવનથી ઘા રૂઝાયા, શરીરમાં શક્તિ આવી ને બે મહિને તેઓ નાગડા બાવાની જમાતના રાજવી મઠપતિને ત્યાં દિલ્હીમાં પહોંચ્યા, ત્યારે મહંતના અત્યંત વિશ્વાસુ અને અંગત માનવી જેવા બની ગયા.

અતુલ બળ, અનુપમ કાંતિ અને અમાપ શક્તિવાળો યોદ્ધો ગુપ્ત રહી શક્યો નહિ. મહંતે આડકતરી રીતે જાણી લીધું કે હળ-વદના ધણી રાયસિંહજી તેઓ પોતે છે. ધ્રોળના પાદરમાં નગારું વગાડતા અટકાવનાર જસાજીના પાદરમાં એણે નગારાં વગાડાવ્યાં, એ સમાચાર સાંભળતાં મહંતની છાતી પોરસ પામી ગજગજ ઊછળવા લાગી.

"ઠાકોર ! હળવદ જવું છે ? મારી નાગડી જમાત ઘડીના છઠ્ઠા ભાગમાં હળવદ તમારે હવાલે કરશે."

પણ રાયસિંહજીની પ્રીતિ હળવદ ઉપરથી ઊઠી ગઈ હોય એમ એમણે દરેક વખતે 'ના' જ ભણી, ને પોતાના જીવનની છેલ્લી પળો હવે ગુરુસેવામાં ગાળવાની મનોવૃત્તિ જાળવી રહ્યા.

લાંબી મુસાફરી ને વૃદ્ધાવસ્થાને અંગે મહંતની કાયા લથડી ગઈ હતી. અનેક રામબાણ ઔષધિઓ કરતાં હજારગણું ઔષધબળ સેવતું પાણી કાયાને કંચનવર્ણી બનાવે છે એવી માન્યતાવાળા મહંતે છેવટે બાદશાહી વાવના પાણી ઉપર રહેવાની ઇચ્છા કરી. પણ એ પાણી મેળવવું એટલે સિંહની ગુફામાં માથું નાખવા જેવી વાત હતી. બાદશાહી મલ્લોની જીવતી ચોકી વચ્ચેથી પાણી લઈ આવતાં કેટલાંય માથાં ડૂલ થવાની હોડ હતી, અને એ પાણી વગર પોતાની કાયા પડવાની એમને દહેશત પણ હતી. એમના હૃદયમાં અનેક ગડભાંજો થઈ આવી. દરેક ચેલાને બોલાવી પૂછી જોયું, પણ મૃત્યુની બીકે કોઇએ હામ ન ભીડી, ત્યારે એમનું મન છેવટે પોતાના પ્રીતિ-પાત્ર ઉપર ઠર્યું. પણ એને એવું જીવસટોસટનું સાહસ ખેડવાની

આજ્ઞા આપતાં એમનું હૃદય ડંખ્યું અને એ વિમાસી રહ્યા.

ગુરુસેવામાં તત્પર રહેતા યોદ્ધાએ ગુરુની મનોવાંછના પામી જઇ એક વખત હાથ જોડી કહ્યું: "આપની આજ્ઞા હોય તો હું પાણી લઇ આવું."

મહંતના ચહેરા ઉપરથી અર્ધો રોગ નાશ પામ્યા જેવું તેજ ઝળહળી રહ્યું. એમણે દબાતાં દબાતાં કહ્યું: "ઠાકોર! તમારા વગર એ પાણી કોઈ લાવી શકે તેમ નથી, ને તમને એવી આજ્ઞા કરતાં મારો જીવ ચાલતો નથી."

"બાપુ! આ જીવન તમે આપ્યું છે એટલે તમારા માટે એનો નાશ થાય તોય શી પરવા છે?" કહી અંધારી રાતના એણે ઘડો લઈ ચાલવા માંડયું.

"ઠેર જા! બચ્ચા! મારી એક વાત સાંભળી લે. બાદશાહી રક્ષકો ગાળોનો સોથ વરસાવશે અને તારું ક્ષત્રિય લોહી એ જીરવી શકશે નહિ. બાદશાહ તને ગરદન મરાવે એ મારાથી જોયું નહિ જાય."

"આપની સેવા માટે બાદશાહી એક્કાની સો ગાળ સહીશ."

મહંત આ યોદ્ધાની સેવા-તત્પરતા જોઈ દિંગ થઈ ગયા: "ભલે. તારી ઇચ્છા મુજબ કર. પણ સાથે હથિયાર લઈ જઇશ નહિ."

"આપ ચિંતા ન કરો. હમણાં જ પાણી લાવ્યો જાણો." કહી એ ચાલતો થયો. પણ મહંતની છાતી ધબકી રહી. સ્નેહના આકર્ષણે એ એકલા અટૂલા તેની પાછળ ચાલી નીકળ્યા.

યોદ્ધો દબાતે પગલે આવી, આઠે પહોર ખડી ચોકી કરતા મલ્લ રક્ષકો વચ્ચે થઈ, વાવનાં પગથિયાં ઉતરી ગયો. એણે પાણી ભર્યું, પણ કોઇનો સળવળાટ સંભળાયો નહિ. એના હાથમાં ચળ ઊપડી હોય એમ એણે હાથ ઘસ્યા અને હાથની ચળ ઉતારવા એમણે મલ્લ રક્ષકોને ઉશ્કેરવા પાણીમાં કોગળા કર્યાં, ખોંખારા ખાધા, ને પાણીમાં પગ પછાડ્યા

રક્ષકો ઝબકી ઊઠયા, ને માળાનો સોથ વાળવા માંડયો. યોદ્ધાએ ખભે ઘડો મૂકી માળા ગણુવા માંડી. નવાણું માળા ગણુતાં એણે વાવને છેલ્લે પગથિયે પગ મૂકયો ને રક્ષકની સોમી ગાળ સાંભળી એમણે ઘડો બાજુ પર મૂકયો. એકસો ને એકમી ગાળ નીકળતાં ટાંપીને બેઠેલા સિંહ પેઠે એણે છલંગ મારીને પોતાના ડાબા હાથની મૂઠી એના માથા ઉપર મારી; હડી તૂટી ગઈ અને કૂડલામાં ડાટો બેસી જાય એમ મસ્તક એના ગળામાં બેસી ગયું. આવા અતુલ બળવાળા યોદ્ધાને જોઈ બીજો રક્ષક હાકાબાકા થઈ ગયો. ને એ યોદ્ધો પોતાની તરફ આવે એટલામાં દૂરથી હાકલ આવી : "બચ્ચા ! બસ !"

મહંતનો અવાજ સાંભળી યોદ્ધો ચમકયો, ને એણે ગુરુ સામે હાથ જોડયા: "એની સો ગાળ મેં સાંખી છે. એકસો ને એકમી ગાળ એને કાળને રસ્તે દોરી ગઈ!" કહી ગુરુ પાસે માફી માગતો હોય એમ યોદ્ધો હાથ જોડી ઊભો રહ્યો. એ લાગ જોઈને બીજો રક્ષક જીવ બચાવવા સિંહના પંજામાંથી નાસી છૂટેલ હરણુ પેઠે છલંગો ભરતો નાસી છૂટયો, અને એને નાસતો જોઇ મહંત અને યોદ્ધો એકબીજા સામે જોઇ હસી પડયા.

"હાકોર ! કાલે બાદશાહી ક્રોધ જીરવવો ભારે પડયો," કહી મહંતે નિસાસો મૂકયો. એ નિસાસામાં દુ:ખ અને દર્દ હતાં, પણુ યોદ્ધાના ચહેરા ઉપર એની જરાયે અસર ન થઈ.

પ્રભાતના ઊગતા સૂર્યનાં કિરણો આવી પહોંચ્યાં તેની સાથે જ બાદશાહી સૈનિકોએ મકનભારથી મહંતના મઠના બારણે આવી ગુનેગાર સોંપવાનો બાદશાહી હુકમ રજૂ કર્યો.

મહંતે આખી રાત ચિંતા અને ભયમાં ગાળી હતી ત્યારે યોદ્ધાએ ઘસઘસાટ ઊંઘ લીધી હતી. એની બેફિકરાઇ ઉપર મહંત હસ્યા હતા. આવી બેપરવાઈવાળા મનુષ્યો જીવનને હોડમાં મૂકતાં

ડરતાં નથી એની ગુરુને ખાતરી થઈ હતી, પણ એને એકલો બાદશાહી સૈનિકોને સોંપવાની એમની હિંમત ચાલી નહિ.

મહંતની પ્રતિભામાં સહુ અંજાતું ને ડરતું. એમણે ચાખડી-ઓના રણકાર સાથે બહાર આવી મઠના પગથિયે ઊભા રહી બાદશાહી સૈનિકોને સંભળાવ્યું: 'બપોરે હું અને તમારો ચોર હાજર થશું.' સૈનિકો ચાલ્યા ગયા. યોદ્ધો પોતાના બળ ઉપર મુસ્તાક બની આવી પડનાર શિક્ષાને સહી લેવા તૈયાર થઇ ગયો, ને બાળી નાખે એવા ઉનાળાના ધખધખતા અંગાર વરસાવતા બપોરે ગુરુ અને શિષ્ય ભરબજાર વચ્ચે ચાલી નીકળ્યા. એકને બીજાનું જીવન બચાવવાની ઝંખના હતી: બીજાને પહેલાનું ઋણ પતાવવા જીવન ન્યોચ્છાવર કરવાની તાલાવેલી હતી.

'મકનભારથી મહંતના એક ચેલે ડાબા હાથની મૂઠી મારીને બાદશાહી એક્કાને માર્યો' એ એક જ વાત આખા ગામમાં ઘોળાઇ રહી હતી. લોકો એકબીજાને મળી, આવા બળુકા ચેલાની વાતો કરતા હતા, ને દંગ થઈ જતા હતા.

ખુદ બાદશાહ પાસેથી નાસી છૂટેલા રક્ષક એક્કાએ રાવ કરી ત્યારે બાદશાહથી પણ સ્તબ્ધ થઈ જવાયું, ને ગુસ્સે થવાને બદલે તાજુબીથી એવા વીરનરને નજરે જોવા એને તાલાવેલી થઇ આવી. એણે મોગલ સૈનિકોની બેરખ મકનભારથીના મઠમાં મોકલી ને મકનભારથીએ પોતે બપોરે બાદશાહી કચેરીમાં આવવાનું કહેણ મોકલ્યું, ત્યારે તો લોકો ભારે કુતૂહળથી એ વાત સાંભળી રહ્યા.

બપોરે તો શહેરની બજારો કીડિયારું ઉભરાય એમ માનવ-મેદનીથી ઉભરાઇ હાલી. ને એ જનસમુદાય વચ્ચે થઈને જ્યારે મકનભારથી મહંત પોતાના શિષ્યને લઈને પગે ચાલતા નીકળ્યા ત્યારે લોકો ઊંચાનીચા થઇ મહંતને પગે લાગ્યા ને તેની પાછળ ચાલતા શિષ્ય તરફ કુતૂહલવૃત્તિથી જોઈ રહ્યા.

બાદશાહી મહેલ દેખાયો ને મહંતના દિલમાં ગડમથલ જાગી. જે માનવમેદની આ યોદ્ધાને જોવા ઊમટી છે તે બે ઘડી પછી એની સ્મશાનયાત્રામાં હશે? ને એમની આંખે અંધારાં આવી ગયાં. કપાળે સ્વેદ વળી ગયો. એટલામાં કોઈએ ચીસ પાડી: "ભાગો! ભાગો! ગાંડો હાથી આવ્યો!"

મહંત ચમક્યા. એમણે હાથીને આવતો જોયો. દિલ્હીની સાંકડી બજાર વચ્ચે કોઇ મોટો પહાડ ચાલ્યો આવતો એમણે નિહાળ્યો, ને એમને કમકમાં આવી ગયાં. 'આ યોદ્ધાનું આવું કરુણ મોત! હાથીને પગે......' ને એમણે પાછળ ચાલતા શિષ્યનું કાંડું પકડયું.

"ગુરુદેવ! મોતનો ડર યોદ્ધાને ન હોય. મરજીવા તો મોતને સામી છાતીએ ભેટે." કહી એણે હાથી સામે ડગ ભર્યાં.

ગુરુની છાતી ધબકી રહી. એમણે પોતાની જાતને સંકોરી અને પાસેની દુકાનના ઓટલા પર પગ મૂક્યો.

અટારીમાં બેઠેલ બાદશાહે પોતાની આજુબાજુ વીંટળાઇ વળેલ અમીરઉમરાવો સામે જોઇને મોં મલકાવ્યું, ને કોઇએ પાછળથી કહ્યું: "નહિ જોયો હોય મોટો યોદ્ધો! હમણાં હાથીને પગે છુંદાઇને રોટલો થઈ જશે!"

પણ મદાંધ જાનવરને પણ સંજ્ઞા હોય છે. કાળને જોઈ એ સ્થંભી જાય છે. કાળદૂત જેવા યોદ્ધાને અડગ ઊભેલો જોઈ લોકોના હૃદયમાં ફડક પેસી ગઈ. કઠેરાઓમાં લળીલળીને જોતી સ્ત્રીઓનાં કાળજાં ફફડી ઊઠયાં ને ચોમેરથી કાળી ચીસો સંભળાઇ.

પણ યોદ્ધો તો હસતો હસતો આગળ ડગ ભરવા લાગ્યો. બાદશાહ મોંમાં આંગળી નાખી એકીટશે એને નીરખી રહ્યો. એક અમીરે કહ્યું: "રંગ છે એની જનેતાને!"

હાથી નજીક આવતો ગયો તેમ તેમ યોદ્ધાની આંખમાં ખૂન વરસી રહ્યું. એણે પોતાની કેડ ઉપર ખભે નાખેલ ઉપરણો વીંટયો ને બે પગ જમીનમાં ખોડતો હોય એમ છાતી કાઢીને એ ઊભો રહ્યો.

હાથી નજીક આવી પહોંચ્યો. પોતાના માર્ગમાં ઊભેલ માનવીને છૂંદી નાખવા એણે હડી કાઢીને હુમલો કર્યો ને જેવું ગોથું મારવા માથું નમાવ્યું તેવો જ સિંહની પેઠે ફાળ ભરતો યોદ્ધો એની લંબાવેલ સૂંઢને પકડી, ક્ષણમાત્રમાં તેના મસ્તક ઉપર ચડી ગયો ને દાંત કચકચાવી એના ગંડસ્થળ ઉપર એવા જોરથી મુક્કી મારી કે હાથીના મગજના તંતુઓ ખેંચાઇને તૂટી ગયા. આંખનાં રતન અદૃશ્ય થયાં. માર અને અંધાપાથી કરાંઝતો મકનો હાથી મોટા પહાડ પેઠે ગામ વચ્ચે રસ્તો રૂંધીને બેસી ગયો. આ બધું વીજળીના પલકારાની જેમ બની ગયું.

"શાબાશ!" લોકોએ હર્ષની કિકિયારી કરી. બેફામ બનેલ મહંતને આ શું થયું એનું ભાન રહ્યું નહિ, પણ જ્યારે યોદ્ધાએ આવીને ગુરુના પગમાં માથું નમાવ્યું ત્યારે એની આંખમાંથી હર્ષાશ્રુની ધાર થઇ અને શંકરના લિંગ ઉપર જળાધારીમાંથી અભિષેક થાય એમ યોદ્ધાનાં વાળનાં જુલ્ફાં ગુરુના અમીઝરતા આંસુથી પલળી રહ્યાં.

લોકોના જયનાદ વચ્ચે ગુરુ-શિષ્ય બાદશાહી મહેલ તરફ ચાલ્યા.

બાદશાહ તો સજ્જડ બની ગયો. તેણે મેડી ઉપરથી દોટ મૂકી ને આંગણામાં આવી પહોંચેલ એ વીર નરને ભેટી પડયા.

"ખુદાવિંદ! હું તો આપનો કેદી છું."

"વીર નર કદી કોઇના કેદી હોતા નથી. એવા નરને કેદ કરનાર પોતાની કમતાકાત બતાવે છે. વીરની કદર કરે તે જ ખરો વીર!" કહી બાદશાહે એને પોતાની જોડે બેસાડયો.

બાદશાહના વજીરો આ નરવીરને ઓળખવા ઊંચાનીચા થઈ થઇ રહ્યા. દેશદેશાવરના રાજાના તૈલચિત્રો પરદેશમંત્રીએ જોઇ કાઢયા ને હૂબહૂ મળતો ચહેરો પોતાના ચિત્રસંગ્રહમાંથી લાવીને બાદશાહના હાથમાં મૂકયો.

"એ વીર નર મહંતના મઠમાં કયાંથી હોય ?" કહી બાદશાહે તૈલચિત્ર વજીરના હાથમાં મૂકયું. વજીર સ્તબ્ધ બની ગયા, ને એમણે એ ચિત્ર મહંતના હાથમાં સોંપ્યું.

"એ જ છે," કહી મહંત હસ્યા.

રાજ રાયસિંહજી છોભીલા બની ગયા. એની હર્ષથી ઊછળતી છાતીમાં રંજ પેદા થયો, ને એમણે ગુરુ સામે જોયું.

"હળવદધણી ! તમારા જેવા મહેમાન અમારે આંગણે જ શોભે !" વજીરે કહ્યું.

"મઠપતિ મહંતનું આંગણું એથીયે અદકું છે !" રાયસિંહજીએ જવાબ આપ્યો, ને સહુ હસી પડયા.

બાદશાહી માનમરતબો પામી રાયસિંહજી હળવદ તરફ ઊપડયા. બાદશાહી ફોજ અને મકનભારથીની નાગડી જમાત ડંકા ગગડાવતી અને નિશાન ફરકાવતી હળવદને આંગળે ઊતરી પડી.

રાયસિંહજીના આગમનથી આખા શહેરમાં આનંદઉત્સવ થઈ રહ્યો. લોકોએ ધવળમંગળ ગાયાં ને સૈનિકોમાં ઉત્સાહ વ્યાપી રહ્યો.

રાયસિંહજી પોતાના અંતઃપુરમાં પધાર્યા. ઉંબર ઓળંગી ઓરડામાં પ્રવેશ કર્યો ત્યાં એમણે વૈધવ્ય પાળતી રાણીઓને બેઠેલી જોઈ. 'પોતાની હાજરીમાં આવો વેશ !' એમનાથી ડઘાઇ જવાયું ને પટરાણીને કહ્યું: "હું જીવતો જાગતો આવ્યો છું. હવે તો શણગાર સજો !"

"રાજ ! રજપૂતાણી ઊતરેલ ચૂડી ફરી પહેરતી નથી."

રાયસિંહજી ક્ષોભ પામ્યા. એમને લાગ્યું કે પટરાણી સાચું કહે છે, એટલામાં મૂળીની પરમારી રાણીએ, ગગનમાં ઘટાટોપ જામેલ વાદળાં વચ્ચે વીજ ઝબુકે એમ પાછળના ઓરડામાંથી સોળે શણગાર સજી ઉંબરમાં પગ મૂક્યો.

રાયસિંહજીએ પીઠ ફેરવી લીધી. પટરાણીનાં વેણ એમના કાળજામાં તીર પેઠે ખૂંચી રહ્યાં હતાં.

પરમારી રાણીએ પટરાણી સામે જોયું. અંગાર ઝરતી આંખો ને વૈધવ્યની નિશાનીઓ જોતાં એ છોભીલી બની નાસી છૂટી અને પોતાને ઓરડે ભરાઇ ગઈ.

"પટરાણી! તમે ખુશીથી વૈધવ્ય પાળો. હું પણ એક વખત આ સંસારને અસાર સમજી સમાજથી વિરક્ત થઈ ગયો છું. હું મારે રસ્તે ને તમે તમારે રસ્તે!"

પટરાણીએ રાજને હસતે ચહેરે વિદાય આપી ને રાજમહેલમાંથી ઊતરી ગયા.

જાણે જીવનમાં છેલ્લું પરાક્રમ કરવાનું બાકી રહી ગયું હોય ને લેણદેણના હિસાબમાં નાની શી ભૂલ સુધારી લેવાની હોય એમ થોડા વખતમાં દેદાઓનું કટક હળવદ ઉપર ધસી આવવાના સમાચાર ચાડીકાઓ અને કાસદિયાઓ મારફતે જાણ્યા ત્યારે રાજ રાયસિંહજીની રોમરાય શૌર્યથી ખડી થઇ ગઈ.

રાજજ્યોતિષીઓના વારવા છતાં, ગ્રહયોગ ઊલટા હોવા છતાં, જીવનની બેપરવાઇ દાખવતા આ વીર નરે ધાટીલાના મેદાનમાં દેદાઓના સૈન્ય ઉપર જેમ પંખીના ટોળા ઉપર બાઝ ઝપટ કરે એમ છાપો માર્યો.

દેદાઓ વેરવિખેર થઈ ગયા, પણ જીવનની પળેપળનો હિસાબ પૂરો થતો હોય એમ રાયસિંહજી અનેક જખમોથી ઘેરૈયા જેવા બની ચોમેર ઘૂમતા હતા; તેવામાં દેદાની એક તલવાર એમના ઉપર પડી અને એ નરવીરનો દેહ નિષ્પ્રાણ બની સમરભૂમિમાં સૂતા.

ધણીનું વેર

"**ના**કા ગઢવી! તમે તો ભારે કરી!" સરતાનસિંહજીએ ઈડરનો પત્ર વાંચી ઊંડી ચિંતામાં પડી જતાં કહ્યું.

"કેમ બાપુ?"

"ઇડરવાળાં બાઈ સાથે આપણુને ફાવતું નથી, ને તમે મને ઈડર મોકલવા તૈયાર થયા છો, એનું પરિણામ જાણો છો?"

"બાપુ! ઈડરવાળાંને મનાવી લાવ્યો. ને ઈડર તો આપણું પડખિયું થયું."

ચમકારો થાય એમ એમના ચિંતાતુર ચહેરા ઉપર હર્ષની રેખા અંકાઈ ગઈ. તેમણે પૂછ્યું: "પણ મારે ઈડર શીદ જવું?"

"આપની પ્રતિજ્ઞા પૂર્ણ થાય એ મારી ઇચ્છા છે."

દરબારની નજર સામે પોતે લીધેલી પ્રતિજ્ઞા તરવરી રહી. જ્યાં સુધી હળવદ ઉપર જીત ન થાય ત્યાં સુધી લગ્નપ્રસંગે ચોથો મંગળ ફેરો ન ફરવાની ભીષ્મપ્રતિજ્ઞા પૂર્ણ થવાનો મોકો મળતો ન હતો. અને કોઈ મોટા રાજ્યની ઓથ અને મદદ વગર એ પૂર્ણ કરવાનું સાહસ કરતાં કદાચ વિપરીત પરિણામ આવે એ ભીતિ પણ એમને રહ્યા કરતી. એમણે મશ્કરીમાં પૂછ્યું: "ઇડરવાળાં મને ચોથો ફેરો ફેરવવાનાં છે?"

"બાપુ! આ મશ્કરીની વાત નથી. આપ ઈડર પધારો તો ઈડર તમને હળવદ જીતવા લશ્કરી મદદ આપવા તૈયાર છે.'

સ્પષ્ટ જવાબ સાંભળતાં એમનું દિલ ઠર્યું, ને એમણે શુભ

મુહૂર્ત જોઈ ઇડર જવા પ્રયાણ કર્યું, ને થોડા ગાઉ જઈ પડાવ નાખ્યો.

લાવલશ્કર સાથે સાસરે જતાં રાજવીનું દિલ ઉલ્લાસમય દેખાતું હતું, પણ દારૂ વગર એમનો ઉલ્લાસ ઓસરાતો જણાયો ને એમણે પોતાના અંગત વિશ્વાસુ નાજા કારડિયાને હાકલ કરી: "એલા, દારૂ લાવ."

"બાપુ...દારૂ તો ભૂલી ગયો."

સાંભળતાં જ એ ઉશ્કેરાઈ ગયા: "હરામજાદા!"

નાજો જાતનો રજપૂત અને અંગત માણુસ હોવાથી જરા મોઢે ચડાવેલો. તેનાથી આ ગાળ સહન ન થઈ. એણે પણ બેફિકરાઈ અને તોરમાં જવાબ આપી દીધો: "હવે ઘડી મોડો દારૂ પીશો તો કયું રાજ લૂંટાઈ જવાનું હતું?"

અમલ અને શૌર્યભર્યો માનવી પોતાનો તિરસ્કાર ભાગ્યે જ સહન કરી શકે; આથી દરબારે હાથમાં કોરડો હતો એનો ઉપયોગ કર્યો અને રજપૂતની પીઠ પર કોરડાના સોળ ઊઠી આવ્યા.

"જા, હમણાં ને હમણાં લઈ આવ."

સરદારોને લાગ્યું કે નાથાની આંખમાં ઝેર આવ્યું છે. એનો વિશ્વાસ કેમ રખાય? એમણે વચ્ચે પડી કહ્યું: "બાપુ, નાથાને બદલે બીજાને મોકલો તો સારું.

ગુસ્સાના આવેશમાં બેફામ બનેલ રાજવીએ તોરમાં જ હુકમ કર્યો: "નહિ, નાજો જ લઈ આવે."

રાજહઠ આગળ કોઈનું શાણપણ ચાલ્યું નહિ અને નાજો ઊપડચો, અને વાંકાનેરને બદલે હળવદની વાટ એણે પકડી. ચાર ચાર કલાક વીતી ગયા તોય નાજો કે દારૂ આવ્યાં નહિ, એટલે સરદારોને વહેમ પડચો. તેમણે દરબાર પાસે જઈ કહ્યું: "બાપુ! દારૂ તો હવે બંદૂકોમાં રેડાશે."

દરબાર તરત જ સમજી ગયા. એમની રગેરગમાં શૌર્ય ઊભરાતું હતું. એમણે એટલી જ બેફિકરાઈ રાખીને ભુજા થાબડતાં જવાબ વાળ્યોઃ " તો વળી ભરી પીશું."

નાજાએ હળવદ જઈ ઈડરનો કાગળ વંચાવ્યોઃ " બાપુ! તમારું ભલું ઇચ્છતા હો તો આજની ઘડી રૂડી છે. ઈડરિયા ભળશે તો હળવદ હાથમાં રહેવું મુશ્કેલ છે."

અમરસિંહજી ચેત્યા. પોતાનાં ચુનંદાં ઘોડાં લઈ તરત જ ઊપડયા; અને જઈને ભીમગૂડાની ગંજીઓમાં દવ મૂકયો. એના ભડકા ગગનમંડળે વાતો કરવા લાગ્યા. આકાશ આખું લાલઘૂમ બની ગયેલું દેખી છાવણીમાં મોજ કરતા દરબાર સરતાનસિંહજીએ પૂછયું: " એલા! આ દવ કયાં લાગ્યો ?"

એટલામાં તો રાડબૂમ કરતા માણસોએ આવી ધા નાખી : " બાપુ ! હળવદના માણસોએ દવ મૂકયો ને ઢોર વાળી ગયાં."

સાંભળતાં જ સરતાનસિંહજીની આંખ ફાટી. એમણે તલવાર તાણીને જાણે શત્રુ ઉપર હુમલો કરતા હોય એમ હડી કાઢી. સરદારો આડા ફર્યાઃ " બાપુ! એમણે કયાં આપણી ઉપર હુમલો કર્યો છે? ચોરને પછી દંડ આપવાનો તો છે જ ને!"

પણ સરતાનસિંહજીનો સીનો ફરી ગયો. એમના ચહેરા ઉપર ખુન્નસ આવી ગયું ને એમણે ઘોડા ઉપર રાંગ વાળી અને ચુનંદા સવારો સાથે એણે હળવદની ફોજ ઉપર છાપો માર્યો. ઝપાઝપીમાં મૂળીનો મેપજી પરમાર પડયો. એટલે હળવદના માણસો ભયભીત બની નાસી છૂટયા.

"અરે ભલા માણસ! મેપજી પરમાર જેવા માણસને મરાવી વીલે મોઢે ભાગતાં શરમાતા નથી?" મેપજીના ભત્રીજાએ અમરસિંહજીને પાણી ચડાવ્યું.

એ પોતાનાં પાંચસો ઘોડાં લઈને અમદાવાદ તરફથી ફેરો મારીને આવતો હતો. રસ્તામાં પોતાના કાકા મેપજી મરાયાના ખબર સાંભળી એના રૂંવેરૂંવાં ખડાં થઈ ગયાં. વેર લેવાની લાલસાએ એને ઉશ્કેરી મૂક્યો અને એણે હળવદના ધણી અમરસિંહજીને ઉશ્કેરવા માંડયા.

"પણ આ વખતે તો વાંકાનેરને નહિ પહોંચાય."

"ત્યારે શું ઈડરની મદદ આવ્યા પછી પહોંચશો?" સતાજી પરમારે કટાક્ષ કર્યો.

અમરસિંહ ચોંકયા. અનાયાસે આવી ચડેલી મદદથી અચાનક સાંપડતી તક જવા દેવાનું એમને ગમ્યું નહિ. ને તરત જ પાછા વળી વિજયના હર્ષમાં બેફામ બનેલી વાંકાનેરની ફોજ ઉપર એ તૂટી પડયા.

ઓચિંતો હુમલો અને લડાઈના થાકને લીધે લોથ થઈ ગયેલ લડવૈયાઓ ઉપર તાજા પરમારી લશ્કરનો હલ્લો ભયંકર નીવડયો. નાકા ગઢવીના ભલકારાએ રંગભૂમિ ગજાવી ને પોરસીલા યોદ્ધાઓ મરજીવા બની જીવનની છેલ્લી લેણદેણ પૂરી કરી પડવા મંડયા. વેરની ધૂનમાં અંધ બનેલ નાજા કારડિયાએ સરતાનસિંહને ઘવાઈને પડેલ જોયા, એટલે એમનું માથું કાપવા તલવાર કાઢી. ત્યાં તો ઘાયલ યોદ્ધાએ નાજાને ઓળખી પડખામાં પડેલી તેગનો ઘા કર્યો: "નિમકહલાલ, લેતો જા." ને નાજો બે કકડા થઈ ઢગલો થઈ ગયો.

"મા! કમાડ ખોલજે." માંડમાંડ ગળામાંથી નીકળતા શબ્દોએ વાતાવરણમાં પણ શરમ અને ભીરુતા ભરી દીધી.

"એલ્યા કોણ છે?" માએ ઓરડામાં બેઠા બેઠા પૂછ્યું.

જેના પડકારે મડદાં સજીવન થાય એવી જાજવલ્યમાન માતાના અવાજે ભયભીત બની યુવાને દબાતાં કહ્યું,

"હું"

પુત્રનો નિરાશા ભરેલો બોદો અવાજ પારખી માએ પૂછ્યું: "ધણી હેમખેમ છે ને?"

"ના, મા, ધણી તો પડ્યા."

સાંભળતાં જ માના શરીરમાં દાહ ઊપડ્યો. પોતાની કુખે જન્મેલો પુત્ર રણભીરુ બની નાસી આવે તો પોતાને અફીણ ઘોળી મરવું પડે એવી ભાવનાવાળી માએ કહ્યું:

"એલા તેં તો મારું દૂધ લજવ્યું. તારા બદલે મારા પેટમાં પથરો પાક્યો હોત તોય ધણીનું લુણ હલાલ કરત. તારું કાળું કર!"

માનાં વેણ સાંભળતાં રજપૂતને રૂંવેરૂંવે ઝાળ ઊઠી. એણે તરત પાછાં ડગ ભર્યાં. પણ આંગણામાં હણહણતી ઘોડી પાસે આવતાં એ થંભી ગયો.

પુત્રને પાછો જતો જોઈ રોષભરી મા ઓરડામાંથી બહાર આવી અને ઓસરીની કોરે આવીને ઊભાં રહી પૂછ્યું:

"પાછો શું વિચારમાં પડ્યો?"

"મા! આ ઘોડી તો ડૂલી ગઈ છે."

"એની વછેરી એની મા જેવી જ છે," કહી મા ફળીમાં આવી અને ઘોડી ઉપરથી સામાન ઉતારી વછેરી ઉપર નાખી વછેરી

દોરીને તેના હાથમાં સોંપી: “ જા બેટા ! કુળની આબરૂ વધે એવું પરાક્રમ કરજે. ”

યુવાનના મુખ ઉપર ચિંતાની કરચલીઓ પડી. “ મા ! આ વછેરી મને દુશ્મન ભેગો કરશે ! ”

“ બેટા ! જાતનાં ફરજંદ કોઈદી કજાત નીવડે નહિ. જા, આ વછેરી તને તારું ધાર્યું પાર પડાવશે. ” અગ્નિની ઝાળ વરસાવતી માતાની આંખમાં અમીના ઓઘ નીતરતા જોઈ યુવાન માતાના પગ પાસે બેસી ગયો ને એના પગની રજ માથે ચડાવી બોલ્યો : “ મા ! જો હું તારો પુત્ર હોઈશ તો ધણીનું વેર લઈશ. ”

“ જીવતો રે બેટા ! ” કહી માએ યુવાનના ઓવારણા લીધા ને પૂરપાટ જતી વછેરી પાછળ ઊડતી ડમરીમાં યુવાન અદૃશ્ય થયો ત્યાં સુધી તાકી રહી.

એના નિરાશ બનેલ ચહેરા ઉપર સંતોષની રેખાઓ ફેલાઈ ગઈ.

હળવદ દોઢેક ગાઉ દૂર રહ્યું, એટલે વિજય પછી સવારે નગરપ્રવેશ કરવાની ઇચ્છાએ ફોજે પડાવ કર્યો હતો. વિજયના મદમાં માણસો ભાન ભૂલી જાય છે એમ આળસુ અને નિશ્ચિંત બનેલ હળવદની ફોજના પડાવમાં સૈનિકોની ચોકી ઢીલી થઈ હતી, અને છાવણીમાં કોણ આવે છે કે કોણ જાય છે તેની કોઈ દરકાર કરતું નહિ.

ભાંગતી રાત ને મુસાફરીનો થાક એટલે કેટલાક ઊંઘતા હતા, કેટલાક પોતે લડાઈમાં કરેલ પરાક્રમની વાતોના તડાકા મારતા હતા; એવામાં એક ઘોડેસવાર આવી છાવણીમાં દાખલ થયો. આડા પડખે પડી વાતોના ગપ્પાં મારતા ચોકીદારે એને ટપાર્યો.

"એલા ! કોણ આદમી ?"

પણ કાંઈ જવાબ આપ્યા વગર જાણીતા માણસ પેઠે એ અંદર ચાલ્યો ગયો, એટલે ચોકિયાતે વાતમાં મન પરોવ્યું.

છાવણી વચ્ચે એક રાવટીમાં મશાલચી ઊભો હતો. તેના આછા તેજમાં યુવાને એક પ્રચંડ સૈનિકને બહાર આવતો જોયો એટલે એ જરા દૂર ઊભો રહ્યો. સત્તાવાહી પગલાં ભરતો એ સૈનિક નજીક આવ્યો એટલે યુવાનનું હૈયું ધબકી રહ્યું. તેનું મસ્તક કાંઈ ગંભીર વિચારમાં હોય તેમ નીચું નમેલું હતું. યુવાનની નજદીક આવતાં અચાનક એણે ઊંચું જોયું ને અંધારામાં પણ યુવાનની આંખનું ઝેર એ પારખી ગયો હોય એમ ચમકીને એણે ડગલું પાછું હઠી પૂછ્યું.

"કોણ છે ?"

યુવાન ચુપચુપ ઊભો રહ્યો.

છાવણીની મધ્યમાં અંગરક્ષકો સિવાય કોઈની ચોકી હોવાનો સંભવ ન હોવાથી એને દગો લાગ્યો. એનો હાથ તલવાર ઉપર ગયો.

મામલો વિફરતો જોઈ, યુવાને છલંગ મારી એનું મોં દાબી દીધું ને પોતાના વજ્ર પંજા વચ્ચે એનું ગળું પકડી હૈડિયો દબાવ્યો.

'દગો' એટલા જ શબ્દો મરતાં મરતાં એના મુખમાંથી નીકળ્યા. પણ રાત્રિની નીરવતામાં એ શબ્દોનો પડઘો કોઈ કારમા રણુડંકા જેવો બની ચોમેર ગૂંજી રહ્યો. માણસો ચોંકયા ને 'દગો ! દગો !' ની બુમ પથરાઈ ગઈ.

યુવાનને લાગ્યું કે, હવે રાજ અમરસિંહનું માથું વાઢયા વગર જીવવું હરામ છે. એણે મૂઠી વાળીને રાવટી તરફ કડકડતી દોટ મૂકી ને બારણા પાસે ઊભેલા સૈનિકને એક ઝાટકે પાડી દીધો.

સૈનિકના અંગમાંથી લોહીની શેડો ઊડીને એના દેહ ઉપર

પડી. ઘેરૈયાના અંગ ઉપર પિચકારીની શેડો પડતાં જે ઉછરંગ આવે છે એમ આ રણુયોદ્ધો રમતે ચડયો. પાછળ ઊછળતી તલવારોનો એણે સામનો કર્યો ને એણે કુંડાળે પડી ચોમેર ઘૂમવા માંડ્યું.

મોતને ભેટવા માટે નીકળેલ આ મરણિયા બનેલા યુવાનના ઘા જીરવવા ભારે થઈ પડયા. સૈનિકો કુંડાળે પડી ગયા. યુવાન એક તરફ ધસે ત્યાં પાછળના માણુસો દોડી આવી એના ઉપર ઘા કરવા જાય, એવામાં યુવાનની હવામાં વીંઝાતી તલવારના ચમકારે નાસીને દૂર જતા રહે, અને ભાગતા સૈનિકમાંથી એકાદનો હાથ કે પગ કે માથું ત્યાં એના પગમાં પડે, એમ એમ એના દેહમાં શૌર્ય ઊમરાતું જાય ને એ ફેરફૂદડી ફરતો હોય એમ હડિયાપાટી લીધા કરે.

અસંખ્ય ઘા ઝીલી આખા શરીરે વેતરાઈ ગયેલ યુવાનની આંખે લાલપીળાં દેખાયાં. તેની મા તેને ભલકારી રહી હોય એમ એને લાગ્યું ને ધણીનું વેર લેવાની છેલ્લી હિંમત કરી એણે રાવટી તરફ દોટ મૂકી.

"એલા ભૂંડું થયું!" કોઈએ બૂમ પાડી, અને સૌ સામટા ધસી આવ્યા. રાવટીના બારણામાં પહોંચતાં યુવાન ઉપર એક સામટી તલવારોની ઝડી વરસી. ને એ હેલીનો હિસાબ ચૂકવતો યુવાન અઢાર–વીસ સૈનિકોની સોથો ઢાળી દઈ, પોતાના મનની ઇચ્છા મનમાં સમાવી, વિજેતા સેનાપતિ પેઠે છેલ્લી સોડ તાણીને સૂનો ત્યારે એના પ્રફુલ્લ ચહેરા ઉપર વિજયની પ્રસન્નતા ઊભરાતી હતી.

પીળું પાનું

'બેટા! હીરા! ઊઠ બા ઊઠ!' કહી રામા પટેલે વહેલી પરોઢે ફાટેલા ગોદડામાં ટૂંટિયું વાળીને પડેલા પોતાના એકના એક દીકરા હીરાને ઢંઢોળ્યો, અને આંખમાં આવેલાં ઝળઝળિયાં લૂછતાં મહામુસીબતે ગળે ભરાયેલ ડૂમો સમાવ્યો.

હીરો ભડાક દઈને બેઠો થઈ ગયો. બાપનો ગળગળો સાદ સાંભળતાં એ હેબતાઈ ગયો. ગઈ રાતે બાપાને ન્યાતે તેડાવેલા એ એને ખબર હતી; પોતાની વહુનું આણું તેડવા સંબંધી થયેલ બોલા-ચાલીની એને જાણ હતી; એટલે બાપે વહેલી પરોઢમાં એને ગળગળે સાદે ઉઠાડ્યો ત્યારે એના દિલમાં અમંગળ શંકાઓ જાગી ઊઠી. એણે બાપને ઓશરીની કોર ઊતરતાં જોયો; પણ પગમાં નહોતું જોર કે નહોતો ઉત્સાહ. ભાંગેલ પગે કોઈ નંખાઈ ગયેલો આદમી ઊતરે એમ બાપે ઓશરી નીચે પગ મૂક્યો.

હીરાએ ફળીમાં પડેલા ગાડામાં ઘરવખરી ભરેલી જોઈ. એ હડી કાઢી બાપની પાસે આવ્યો ને આતુર આંખે તાકી રહ્યો: 'બાપા! શીદ જવું છે?'

'બેટા! અંજળ ઊઠ્યું,' કહી ડોસો પાછો ફરી હીરાની પથા-રીનું ગોદડું ઊંચકી લાવ્યો ને ગાડામાં નાંખી મૂંગોમૂંગો બળદના ખીલા તરફ વળ્યો.

ફૂટતી જુવાનીથી થનગનતો હીરો પાછલી રાતના આછા અજ-વાળિયામાં બાપની નિસ્તેજ મુખમુદ્રા ઉપર દુઃખની છાયા જોઈ ઠરી ગયો. બાપે બળદ જોતર્યા ને ઝાંપા બહાર ગાડું હાંકી લીધું. હીરો

ચિંતાતુર મુખે પાછળ પાછળ ચાલી નીકળ્યો. બાપ કે દીકરાના મોંમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ.

રામા પટેલની આંખો શરમ, ચિંતા ને દુઃખથી ભારે થઈ ગઈ હતી. આંસુ ઊભરાઇને પાંપણ સુધી આવી અટક્યાં હતાં, તે ઝાંપો આવતાં ગાલ ઉપર ટપકવા માંડ્યાં, ને સીમાડો વળોટ્યો ત્યાં તો રામા પટેલનું હૈયું હાથ ન રહ્યું. એનાથી પોક મૂકાઈ ગઈ. હીરો પણ રડી પડ્યો.

રામા પટેલના વડવાઓએ ગામને ટીંએ તોરણ બાંધ્યું ને જાતભાઇઓ સાથે વસવાટ કર્યો તે પછી ગામની રિદ્ધિ વધી, તે સાથે કુટુંબની આબરૂ ને આબાદી પણ વધ્યાં હતાં. વંશપરંપરાથી ઊતરી આવેલી ખાનદાની પણ વારસામાં ઊતરી હતી. દરબારી માન-મરતબો ને નાતમાં લાજ–આબરૂવાળા કુટુંબના વડા રામા પટેલ ઊંચક્યા ઊંચકાય નહિ એવા ભારબોજવાળા માણસ ગણાતા. એને ઘેર દીકરી દેવા કેટલાય પટેલિયા તલસતા, અને રામા પટેલને ઘેર હીરાનો જન્મ પણ નહોતો થયો ત્યારે એ જ ગામના દેવશી પટેલની વહુને પોતાની દીકરી રામા પટેલને ઘેર દેવાના કોડ જાગ્યા હતા.

'પટલાણી! તમને જો દીકરો અવતરે ને મને દીકરી અવતરે તો એ તમને આજથી દીધી ગણજો.' દેવશી પટેલની વહુએ બાળ-કોના જન્મ પહેલાં એ રીતે સગપણ નક્કી કરી નાખેલું. ને પછી તો થયું પણ તેમ જ. લહાવો લેવાની હોંશવાળી વેવાણોએ વરકન્યા બબ્બે વરસનાં થયાં તે પહેલાં તેમને પરણાવી પણ દીધાં; ને આધેડ ઉંમર પછી પોતાનું પહેલું પેટ પરણાવતી વખતે બન્ને વેવાઈઓને હોંશનો પાર રહ્યો ન હતો. દાન દેતી વખતે રામા પટેલે ફાંટ ભરીને રૂપિયા વહેંચેલા અને દેવજી પટેલે ગજા ઉપરવટ ખર્ચ કરીને નાતમાં ડંકો વગડાવેલો.

પણ તડકીછાંયડી એ જગતનો ક્રમ છે. રિદ્ધિસિદ્ધથી ફૂલ્યું-ફાલ્યું રામા પટેલનું કુટુંબ છોડી પટલાણીએ જે દિવસે સ્વર્ગવાસ કર્યો તે દિવસે રામા પટેલના ઘરમાંથી સાક્ષાત લક્ષ્મી ગઈ હોય એમ લાગ્યું. વરસો નબળાં આવતાં ગયાં, કુટુંબ ઘસાતું ગયું, ને છેવટે દેણામાં ડૂબી ગયેલા પટેલના હાથના અંગુઠાની સાક્ષીએ જે ભૂમિએ એને રસકસ આપ્યાં હતાં, એ પારકે ઘેર જવા માંડી. રામો પટેલ ખેડુ મટી ઉભડિયા જેવો બની રહ્યો ને બાપદીકરો મજૂરી કરી પેટ ભરવા લાગ્યા. પટેલના દિલમાં ઊંડી ઊંડી આશા હતી કે વહુને આણું કરીશ એટલે લક્ષ્મી જેવી વહુનાં પગલાંએ મારી આ દશા વળશે, આ એક આશાએ પટેલ ઊતરતી ઉંમરે એકના એક દીકરા હીરાની વહુના આણાની રાહ જોઈ રહ્યા હતા.

ગરીબાઈની છાયા ખૂબ ભયંકર હોય છે. અંગ ઉપર કપડું પણ પોતાનું થઈને ન રહે; એમ સગાંવહાલાં પણ પટેલ સામે જોતાં નહિ ને વેવાણ તો હઠ લઈને બેઠી હતી કે, એવાં ભિખારાંને ઘેર દીકરીને નહિ વળાવું.

વનફૂલ જેવી લખમી ખીલી ઊઠી હતી. પટેલ એને જોતા ને રાજી થતા પણ વેવાણનાં વેણ ઊડતાં ઊડતાં એને કાને પડયાં ત્યારે એના કાળજામાં તેલ રેડાણું. એ ફફડી ઊઠયા, ને આખી રાત ઊંઘ આવી નહિ. એટલામાં થોડા દિવસ પછી દેવશી પટેલે નાત ભેગી કરી ને ગામોટી રામા પટેલને બોલાવી ગયો.

'રામા પટેલ! લખમી હવે મોટી થઈ છે. આણું કરવું પડે એવડી થઈ તોયે તું તો કાંઈ બોલતો જ નથી, 'ગરથ વિનાનો ગાંગલો ને ગરથે ગાંગજીભાઈ'વાળી કહેવત મુજબ નાતીલાઓએ એક વખતના રામા પટેલને હુંકારે વાત કરવા માંડી.

ગરીબાઈથી વીંટળાઈ ગયેલ માણસને અપમાનને ગળી જતાં શીખવું પડે છે, એમ રામા પટેલે એ શબ્દો શાન્તિથી સાંભળ્યા, ને

પછી કહ્યું: 'મારી ક્યાં ના છે? વેવાઈ કાલ આણું કરે તો હું કાલ તેડી જવા તૈયાર છું. કેટલાય વરસથી હાથ દાઝે છે, તે મારે માથેથી રસોડું તો ઊતરે.'

દેવશીની વહુ ઓસરીમાં બેઠી હતી. એનો ઉતાવળીઓ સ્વભાવ એને જંપવા દેતો નહિ. એણે બેઠાં બેઠાં રાડ નાખી. 'મોટો આણું તેડનારો નહિ જોયો હોય! મારી દીકરીને લઈ જઈ ને ખવરાવીશ શું ધૂળ?'

પાસે બેઠેલી લખમીએ માના મોં આડો હાથ દઈ દીધો. 'મા! એવું બોલાય!'

'બેસ બેસ! તને છોકરાંને શી ખબર પડે!' કહી માએ એનો હાથ તરછોડી નાખ્યો. લખમી નિસાસો મૂકી ઘરમાં ચાલી ગઈ.

'જે જારબાજરીનું બટકું અમે ખાશું એ એને ખવડાવશું,' કહી રામા પટેલે ઊંડો નિસાસો મૂક્યો. વેવાણના મે'ણાનો ઘા એના કાળજામાં છૂરી પેઠે ભોંકાઈ ગયો.

દેવશીએ અવેજની વાત કાઢી. 'અવેજ ભરી જાય પછી આણું કરું' કહી દેવશીએ રામા પટેલ તરફ જોયું.

મહામુસીબતે પેટ ભરતો રામો રૂપિયા ક્યાંથી લાવે? નીચું જોઈ ભોંય ખોતરતા રામા પટેલ તરફ જોઇ નાતે ફેંસલો સંભળાવી દીધો.

'અવેજ ભરે તો આણું વળાવજે,'

'ને અવેજ ન ભરી જાય તો?' દેવશીએ પૂછ્યું.

'તો નાત તને ફારગતી લખાવી દેશે. પછી તું તારી છોડીને ગમે ત્યાં ઘરઘાવી દેજે.' કહી નાત ઊઠી ગઈ.

નાતનો ફેંસલો સાંભળી રામા પટેલના હૈયામાંથી 'હાય' નીકળી ગઈ. એ ઊઠયો ત્યારે એના પગ ભાંગી ગયા હતા. મહામુસીબતે ઘેર આવી ફળિઆમાં ઉખરણા પડેલા તૂટેલ ખાટલા ઉપર એણે પડતું મૂક્યું, ને આખી રાત એ આકાશ સામે તાકી રહ્યો.

પોતાના ઘરની લક્ષ્મી ગઈ; હવે ગૃહલક્ષ્મી જેવી દીકરાની વહુ ચાલી જતી એને ભાસી. વર્ષોની આશાઓ ભાંગીને ભૂકો થઈ ગઈ, ને સાથેસાથ એના શરીરને ભાંગી નાખ્યું. એને એનો ભૂતકાળ યાદ આવ્યો. બાપદાદાની કીર્તિ ને વૈભવ એ નજર સામે તરવર્યાં. એ જાહોજલાલીના પડછાયા વચ્ચે બેઆબરૂ બની રહેવાનું એને ભારે વસમું થઈ પડ્યું. નાક કપાવીને જીવવા કરતાં કૂવો પૂરવાનું એને મન થઈ આવ્યું. એટલામાં હીરો પડખું ફર્યો. એના સળવળાટે ડોસાના દિલને પાછું પાડી નાંખ્યું. એનો જીવ ફરી ચકડોળે ચડ્યો ને છેવટે ઘરમાં જે બેચાર ઠોબરાં ને ફાટલતૂટેલ ગોદડી હતી એનો ઉચાળો ભરી બીજે ગામ જ્યાં ભાગ્ય ખેંચી જાય ત્યાં જવાનો એણે મનસૂબો કર્યો. વિચારવમળમાં કૂદડી ફરતા ડોસાની આંખમાં અંજપો ઉભરાયો. મહામુસીબતે પાછલી રાતે એણે ઊઠીને હીરાને જગાડ્યો ને જ્યાં વડવાઓ જીવી ગયા ને જે પોતે ભોગવ્યું હતું એ ઘરની મીઠી યાદના સ્મરણાવશેષો ઉપર છૂપાં આંસુ સારતો રામો પટેલ, ગાડું હાંકીને ગામ મૂકી ચાલી નીકળ્યો; ને ગામને સીમાડે જતાં રામા પટેલથી પોક મૂકાઈ ગઈ : 'ઓ મારા બાપલિયા !'

સામેથી ચાલ્યા આવતા ઘોડેસવારે પોક સાંભળી, અને ઘોડું હાંકી એ પાસે આવ્યો. એણે બાપદીકરાને સામસામા રડતા જોયા, ને ગાડામાં ઉચાળો જોયો, એટલે એને લાગ્યું કે, વખાના માર્યાં આ દુઃખી માણસો હશે. ઘોડેસવારે પાસે આવી બાપદીકરાને ધીરજ આપી છાના રાખ્યા :

'પટેલ ! આવડું બધું શું દુઃખ પડ્યું !'

'શેઠ ! કીધાની વાત નથી. પૈસો ગયો, ખેતર ગયાં, ઘર ગયાં, બૈરી ગઈ, એ કોઈ વાતનો શોક નથી. મારા દિલમાં આશા હતી કે દીકરાની વહુના પગલે એ બધું પાછું આવશે. પણ હવે એ આશા પણ ભાંગી પડી.'

શેઠ વિચારમાં પડ્યો. જુવાનજોધ દીકરો બેઠો ને છતાં વહુની આશા કેમ ભાંગી પડી! એણે ધીમેથી કહ્યું: 'પટેલ! કાલ સવારે તમારો દીકરો પરણશે એટલે વહુ તો આવશે જ ને?'

'શેઠ! એને પરણાવ્યો તો છે; પણ વેવાઈ હવે વહુને બીજે દઈ દેવા બેઠો છે. કહે છે અવેજ ભરી જા, પણ પૈસા ક્યાંથી કાઢું? પૈસા ન ભરી શકું તો બીજે દઈ દેવાની નાતે એને રજા આપી છે.'

શેઠ હસી પડ્યો. પટેલની આંખો અચબામાં એની સામે તાકી રહી–જાણે પૂછતી હતી કે, હસે છે કેમ?

'પટેલ! સામા શહેરમાં ચતરભજ શેઠ રહે છે. નાતે તો સુવાળા છે, પણ ભારે ખાનદાન. ગામમાં એ વરરાજાનો બાપ કહેવાય છે. કેટલાય વર એણે પરણાવ્યા છે. એની પાસે જાવ, તો તમારું કામ પતી જશે.'

'શેઠ! હું ન ઓળખું એમને, ને એ ન ઓળખે મને. મારી ઉપર એમને વિશ્વાસ આવે નહિ ને ઠાલું વેણ નાખી દખી થવા શીદ જઉં?'

'અરે ભલા માણસ! તું એ ચતરભજશેઠને ઓળખતો નથી. ગામમાં કોઈને ઘેર લગન આવે એટલે એ જઈને ઘરેથી ઘરેણું લઈને વરને પહેરાવી આવે; લગનને દિવસે જઈને પૂછી આવે ને જરૂર હોય તો પૈસા પણ આપી આવે. આવો એ ખાનદાન માણસ છે.'

રામા પટેલના હૈયામાં કંઈક હિંમત આવી. જાણે પ્રભુ આવીને એને આ સૂચવતા હોય એમ એને ભાસ્યું; ને એણે ઊછળતા હૈયે શહેરની વાટ લીધી.

•

"ભાઇ, ચતરભજ શેઠ ક્યાં મળે?' ગામના પાદરમાં આવી રામા પટેલે પૂછ્યું.

'અજાણ્યા લાગો છો!' કહી એણે પટેલ સામે જોયું, ને

પછી બોલ્યો: 'સીધી બજારે જતાં જમણે હાથે ખાંચો આવશે. ત્યાં ચત્રભુજજીનું મંદિર છે. શેઠ બાર વાગ્યે ત્યાં દર્શને આવશે.'

'ભલે બાપા !' કહી પટેલે હાથ જોડયા ને ગાડું હાંકી મંદિર સામે લાવ્યો. ચોરે થોડા સાધુ બેઠા હતા. થોડા કણબી પટેલ બેઠા હતા. સહુ શેઠના આવવાની રાહ જોઈને બેઠા હોય એમ પટેલને લાગ્યું; એટલે રામા પટેલ હીરાને લઈને એ બધા ભેગા જઈને બેઠા.

બાર વાગ્યે ચતરભજ શેઠ દર્શને આવે. આરતી થાય એટલે દર્શન કરી બહાર આવે ત્યારે સાધુ બાવાને પોતાના હાથે સદાવ્રત આપે ને ઉજળિયાત વર્ણ હોય તેમને પોતાની સાથે ઘેર જમવા તેડી લાવે, ને સહુને જમાડીને પોતે જમે. શેઠનો રોટલો બધે વખણાય.

બાર વાગ્યે શેઠ આવ્યા. દર્શન કરી બહાર આવ્યા એટલે સહુ ઊભા થયા. સદાવ્રત આપી શેઠે મહેમાનોને જમવા માટે ઘેર લીધા. જમીને સહુ ચાલ્યા ગયા, પણ રામા પટેલના પગ ખીલો થઈ ગયા. કહેવું શી રીતે? એ મૂઝવણથી એમની જીભ થોથવાવા લાગી.

શેઠ પટેલની મૂંઝવણ કળી ગયા. પટેલ કંઈક કહેવા આવ્યો છે પણ બોલી શકતો નથી એ એમણે જાણી લીધું. એટલે પાસેના ઓરડામાં પટેલને એકાંતે બોલાવી પૂછ્યું: 'બોલો પટેલ, તમારે શું કહેવું છે?'

પટેલની આંખમાંથી આંસુની ધાર થઈ. ભૂખ્યો સિંહ ખડ ન ખાય એમ ખાનદાન માણસ માથે દુઃખનાં ઝાડ ઊગે તોય અરેરાટી કરે નહિ; ને હાથ લાંબો કરવા કરતાં મરવાનું પસંદ કરે. પટેલથી બોલાયું નહિ. શેઠે એને ધીરજ આપીને કહ્યું: 'પટેલ! જે કહેવું હોય તે બોલો. આ ઓરડાને કાન નથી. તમારી વાત અહીં જ દટાઈ જશે.'

'શેઠ! વખાનો માર્યો આવ્યો છું.'

શેઠની આતુર આંખો પૂછતી ગઈ ને પટેલનું હૈયું ઊઘડતું ગયું. પટેલે બધી વાત કહી સંભળાવી, ને છેવટે બોલ્યા: 'સામે માંડી આપવા મારી પાસે કંઈજ નથી.'

'પટેલ, કેટલા પૈસા જોઇશે?' જાણે પટેલના છેલ્લા શબ્દો શેઠે સાંભળ્યા જ ન હોય એમ શેઠે વાત કાપી નાખીને પૂછ્યું.

'ત્રણસો રૂપિયા બહુ થશે.'

'ઠીક, ત્યારે તમે દુકાને જાવ,' કહી શેઠ કપડાં પહેરવા ઊઠયા.

મીઠી મૂંઝવણ અનુભવતા બાપદીકરો શેઠની દુકાને આવીને બેઠા. શેઠે આવીને મુનીમને કહ્યું: 'આ પટેલને ત્રણસો રૂપિયા ગણી આપો.'

શેઠની ધાક જબરી હતી. શેઠનો હુકમ થાય પછી મુનીમ પૂછી શકતો નહિ; ને આવા કિસ્સામાં તો કદી જ નહિ. રૂપિયા મુનીમે ગણીને પટેલ સામે મૂકવા માંડયા ને પટેલે ફાંટમાં બાંધ્યા, એટલે મુનીમે ચોપડો ઉઘાડયો.

'લાવો અંગૂઠો પાડી આપું'' કહી પટેલે સહીને બદલે અંગૂઠો પાડી આપવા માટે હાથ ઊંચો કર્યો.

શેઠની આંખ ખેંચાણી, મુનીમ સમજી ગયો. એણે ખાતાનો ચોપડો સંકેલી લીધો ને રોજમેળ કાઢી પૂછ્યું: 'શા ખાતે ઉધારું?'

'ચોપડામાં પીળું પાનું છે ને! ત્યાં એ ઉધારો.'

પટેલના મોઢા ઉપર શાહી ઢળી ગઇ. પીળે પાને લેવા કરતાં મરવું સારું, એમ એને લાગ્યું પણ અત્યારે તો પૈસા વગર પોતે મરેલ હોવાનું એને ભાન થયું. એણે નિસાસો મૂકી ફાંટને ખોળામાં લીધી; ને દુઃખના ભારે એટલો બધો લદાઈ ગયો કે રૂપિયાની ફાંટ હળવી ફૂલ જેવી લાગી.

અવેજ ભરીને વહુને આણું કર્યો પછી એ ગામમાં રહેવા માટે ડોસાનું મન વધ્યું નહિ. એણે સામે ગામ જઈ વસવાટ કર્યો ને ખેડ આદરી. વહુના પગલે દશા વળવાની આશાએ પટેલ રાચી રહ્યા.

'બેટા, હીરા! આ શું ખખડે છે?' રામા પટેલ ડેલીના ગડારામાં ખાટલા ઉપર સૂતા હતા, તેમણે અવાજ સાંભળી બેઠા થઈ જતાં પૂછ્યું. રામા પટેલે અંધ બન્યા પછી હમેશાં ડેલીના ગડારામાં સૂઈ રહેવાનું રાખ્યું હતું. ઉનાળાના તાપમાં લૂખો રોટલો ખાઈને જાત તોડી નાખી, ને મગજની ગરમી આંખે ઊતરતાં આંખો ગઈ, એટલે ગડારામાં સૂઈ રહેવા સિવાય કાંઈ કરતા નહિ.

'બાપા! એ તો ઘોડાની લગામ ખખડે છે.' ઘોડીને દોરી લાવતાં હીરાએ ડોસાના ખાટલા પાસે આવી જવાબ આપ્યો.

'ઘોડી! કોની ઘોડી છે?' આતુરતાથી ડોસે પૂછ્યું.

'આપણે લીધી છે ને!'

'ઘોડી લીધી?' ડોસો અટકી ગયો. કોઈ માઠા સમાચાર સાંભળી સ્તબ્ધ બની ગયેલ માનવી પેઠે એ ગમગીન બની ગયા. ફરી એમણે પૂછ્યું: 'પણ ખખડે છે શું?'

'ઘોડાની લગામ છે બાપા.'

'લ...ગા...મ!'

'હા બાપા!'

ડોસાએ માથું ધુણાવ્યું: 'બેટા! આપણાથી ઘોડીએ બેસાય નહિ ને લગામને ઘૂઘરીઓ ટંકાવાય નહિ.'

'કેમ બાપા?'

'બેટા!' જાણે બારે દુ:ખી હૃદયમાંથી માંડમાંડ શબ્દો નીકળતા હોય એમ ડોસાના હોઠ ફફડી રહ્યા: 'હજી આપણું નામ ચતરભજ શેઠના ચોપડે પીળા પાનામાં છે.'

હીરાને જૂના દિવસો યાદ આવ્યા. એ નીચું જોઈ રહ્યો. ડોસાની આંખમાંથી આંસુ સરી પડયાં.

'બાપા! એ દેવું વાળી દઇએ તો?'

'હા બેટા! પછી જ ઘોડે બેસાય.'

ને હીરાએ લગામ ઉતારી લઈ ઘોડીને ખીલે બાંધી દીધી. તે બારે પગલે બાપના ખાટલા પાસે આવી પાંગતે બેસી ગયો અને ડોસાના પગ ઝાલી બેઠો. એની આંખમાંથી ઊનાં આંસુનાં ટીપાં ડોસાના પગ ઉપર પડયાં. અંધ ડોસાની પ્રજ્ઞાચક્ષુએ દીકરાનું દુ:ખ જોઈ લીધું, એણે હીરાને પૂછ્યું: 'ઘરમાં સગવડ છે?'

'હા બાપા.'

લખમીના પગલે ઘરની દશા સુધરતી ચાલી હતી. વરસોવરસ ઊપજ વધતી ગઈ ને ડોસો જૂની જાહોજલાલી પાછી આવતી અનુભવી રહ્યો હતો: છતાં ચતરભજ શેઠનો ચોપડો અને પીળા પાનાની સ્મૃતિ એને અકળાવી મૂકતી. આજે એ ઋણમાંથી મુક્ત થવાનો પ્રસંગ સાંપડતાં એનું ખાનદાનીભર્યું લોહી ધબકી ઊઠયું. એના પગમાં જોર આવ્યું. ને એ ખાટલામાં અડધો બેઠો થઈ ગયો. એના ચહેરા ઉપર તેજ ઝબકી રહ્યું.

હીરો સમજી ગયો. એણે ઘરમાં જઈ રૂપિયા ભરેલી માણુ ખોદી કાઢી, ને ગાડું જોડી અંદર ગાદલું નાખીને બળદની ડોકે ઘૂઘરમાળ બાંધી બળદ જોતર્યા. ડોસાએ બેઠા બેઠા પૂછ્યું: 'મારાં લૂગડાં કયાં છે?'

હીરાએ નેનકલાકનાં ધોયેલાં સફેદ બાસ્તા જેવાં બંડી અને

પાઘડી આણ્યાં. તે પહેરી ડોસા કસબી પછેડીની ભેટ બાંધીને ગાડામાં બેઠા.

બાર વાગ્યા પહેલાં જૂના મંદિરના ચોરે આવીને તેઓ બેઠા. નિયમ મુજબ ચતરભજ શેઠ આવ્યા, સદાવ્રત અપાયું ને મહેમાનોને જમવા માટે આમંત્રણ આપ્યું. રામા પટેલે અવાજ ઉપરથી શેઠને પારખી લીધા ને ઊઠીને પગ ઝાલ્યા: 'શેઠ! જમવાનું પછી; પહેલા મારું પતાવો.'

ચતરભજ શેઠ તાકી રહ્યા : 'પટેલ, શું પતાવવાનું છે?'

'એક પટેલને તમે પીળે પાને લખીને રૂપિયા આપ્યા હતા?'

શેઠની જૂની સ્મૃતિ તાજી થઈ. ડોસાના ભાગ્યનો ફેરફાર એ સમજી ગયા. પણ 'પીળે પાને લખેલ પૈસા પાછા કેમ લેવાય?' એ વિચારે એ ચૂપ થઈ ગયા.

પટેલે હીરાને ખેંચી ઇશારો કર્યો એટલે હીરો ગાડામાંથી માણુ ઉપાડી લાવ્યો; અને ત્રણસેં રૂપિયા ગણી શેઠના પગ આગળ ઢગલી કરી. 'હવે આપનું વ્યાજ કેટલું થયું?'

'પટેલ! મારે તો આ પૈસા પણ ન ખપે. મેં તમને આપ્યા હતા તે તો ચત્રભુજ ભગવાનને નામે લખીને આપ્યા છે. એના ઉપર મારો હક્ક ન હોય.'

'ના શેઠ! હીરા, બીજા ત્રણસેં રૂપિયા વ્યાજના મૂક.' કહી શેઠના પગ પકડયા.

'પટેલ, ઊઠો ઊઠો! આટલું ન હોય. હું પૈસા નહિ લઉં.'

'તો મારે ત્યાંસુધી અન્નજળ હરામ છે.'

શેઠની મુશ્કેલીનો પાર ન રહ્યો. પૈસા ન લે ત્યાંસુધી પટેલ જમે નહિ, ને પોતાને પણ પછી ખાવું શી રીતે? એમના ભેજામાં એક વિચાર આવ્યો, ને એમણે મુનીમને બોલાવી કહ્યું: 'જાઓ,

આ પટેલ છસો રૂપિયા આપે છે; બીજા છસો આપણી દુકાનેથી લાવીને એમાં નાખો.'

પટેલ સમજ્યા કે શેઠ પૈસા ઉમેરીને પાછા આપે છે, એટલે એણે તો ડૂસકું ખાઈને રડવા માંડયું: 'શેઠ! આપને પ્રતાપે હવે તૂટો નથી. આ પૈસા ગમેતેમ કરશો તોય હું આપ્યા વગર રહેવાનો નથી.'

'ભલે પટેલ, તમારી જીદ છે એટલે આપણે આ જગ્યાએ પાકી ડેલી બંધાવીને ચત્રભુજજીને અર્પણ કરીએ.'

ડોસો હર્ષથી ખીલી ઊઠયો: 'હીરા! માણુ લાવ્ય!' ને હીરાના હાથમાંથી ડોસાએ માણુ લઈ ઠલવી નાખી. 'શેઠ! ચત્રભુજ ભગવાન જેવા ચતરભજ શેઠના પગમાં આટલું ઘરું નાચે ઓછું છે.'

શેઠ હસી પડયા ને પટેલને જમવા લઈ ગયા. પણ મોં બાજુ ઉપર સિવાઈ ગયું! કોળિયો ઉપાડવાની શક્તિ જ પટેલમાં ન હોય એમ દેખાયું, શેઠ સામે જોઈ રહ્યા: 'પટેલ! જમતા કેમ નથી?'

'શેઠ! મારી આંધળાની આંખે રાતાંપીળાં દેખાય છે!'

શેઠ સમજી ગયા. 'પટેલ નિરાંતે જમી લ્યો. પછી બધું થઈ પડશે.'

'ના શેઠ, એ પીળું પાનું મને આપો.'

ને પટેલની ખાનદાની ઉપર વારી જતા ચતરભજ શેઠે એ ચોપડાનું પીળું પાનું ફાડીને પટેલના હાથમાં મૂકયું. અને પટેલ એ પાનાની ઘડી વાળીને પોતાની બંડીની લાંબી કસ સાથે બાંધતાં જીવન સાર્થક થયું અનુભવી રહ્યા.

અઘરા-શબ્દો

અદા=દાદા
આઢિયો=કાલાં ફેલાવનાર કપાસનો વેપારી
આંબ્યો=પહોંચ્યો
એકકો=મલ્લ
ઓગઠ=ખડનો કૂચો
ઓથો-ઓથું
કરડો=ભયંકર
કામ આવ્યા=મરાયા
કારી=લાગ
કાસદ-સંદેશવાહક
કિન્નો=વેર
કોઠો=પેટ, ગઢનો કોઠો
ખમૈયા કરો=ક્ષમા કરો
ખાગ=ખડગ; તલવાર
ખેપ=આંટો, સફર
ગાડવો=માથું
ગૂડવું=કાપી નાખવું
ગોકીરો=બૂમરાણ
ઘારણ=ઊંઘ
ચકાસવું=ચિકિત્સા કરવી
ચાઉસ=આરબ
છલાંગ=ફાળ
છંડવી=ખેંચી કાઢી
છોભીલો=ભોંઠો
જમાત=સાધુનું ટોળું
ઝડવઝડ=થોડો ઘણો
ઝાટકો=તલવાર
ઝુંઝું વેળા=સંધ્યાકાળ
ઝોકારી=નીચે બેસારી
ડામણ=ઢોરને પગે બાંધવાની લોઢાની સાંકળ અથવા દોરડું
ડૂલી જવું=થાકી જવું
ડોબું=ભેંસ
તગડી મૂકવું=નસાડવું
ત્રાડ=હાકલ, પડકાર
થરેરાટી=ધ્રુજારી
થીજી ગઈ=ઠરી ગઈ
દસોંદી=બારોટ
દાઢ ડળકી=મોંમાં પાણી આવ્યું
દૈન=હિંમત
ધમરોળવું=મારીને ભૂક્કો કરવો
ધા=મદદની બૂમ
નીંભર=જડ
પગમાં લોટ ઊડવો=નાહિંમત થવું
પળિયાં=સફેદ વાળ
પાણુતિયો=પાણી વાળનાર
પાસાઢાળ=આડે પડખે

પાળ=લશ્કર
પૈયું—કોસ ખેંચનાર બળદને
ફરવાની જગ્યા
બગબગું=મોંસૂઝણું
બરડો=પીઠ
બાટકવું=લડવું
બેરખ=હાર, ટુકડી
બોટી=બુટી
ભેટભેટિયાં=સામસામાં
મદાંગ=ભરાઉ અંગવાળી
મોસલ=લેણુદાર

રાતણિદા=રાતોરાત
રૂબાડો=તોફાન
રેઢું=સૂનું
રેંસી નાખ્યા=કાપી નાખ્યા
વંકી=બિહામણી
વાંઢિયાર=વઢિયારી લોકો
વિચર્યો છું=ફર્યો છું
શેખી=મિજાજ કરવો
હડી=દોટ
હેડય=હાર

આ લેખકનાં બીજાં પુસ્તકો

સુંદરીઓનો શણગાર ભા. ૧
સુંદરીઓનો શણગાર ભા. ૨
સોરઠી જવાહર
ખાટીમીઠી ખાળવાતો
સોરઠી વિભૂતિઓ
સાહસકથાઓ ભા. ૧–૨
સોરઠી શૂરવીરો
આકાશી ચાંચિયો
ગામડાનું ગૌરવ
સ્વામી સહજાનંદ
મોડાસા
ઝૂમણું
ખૂની આંખ
અદ્ભુત યુવાનો
નાગમતી
જનપદ ભા. ૧–૨–૩
બિન્દુ
કાળિયાર અને બીજી પ્રાણીકથાઓ

હવે પછી

સૌરાષ્ટ્રના ઓલિયાઓ (છપાય છે
પૂરાતન શહેરો
પડળ
પ્રવાસપત્રો
ફૂલછાબડી
ખૂની કોણ અને બીજી વાતો

શ્રી શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાયની

કૃતિઓ

૧	પરિણીતા	૦-૧૨-૦
૨	પલ્લીસમાજ	૧-૮-૦
૩	છબી	૧-૮-૦
૪	ચંદ્રનાથ	૧-૪-૦
૫	સ્વામી	૨-૪-૦
૬	કાશીનાથ	૨-૮-૦
૭	દેવદાસ	૨-૦-૦
૮	શ્રીકાન્ત ભાગ ૧-૨	૪-૦-૦
૯	શ્રીકાન્ત ભાગ ૩-૪	૭-૦-૦
૧૦	શુભદા	૨-૮-૦
૧૧	અનુરાધા-બડીદિદિ	૪-૦-૦
૧૨	નવીના (શેષ પ્રશ્ન)	૪-૮-૦
૧૩	ભૈરવી	૩-૦-૦
૧૪	જીવનયાત્રા	૧-૧૨-૦
૧૫	ચરિત્રહીન	૫-૮-૦
૧૬	કુળવતી	૨-૮-૦
૧૭	ત્રણ વાર્તાઓ	૧-૦-૦
૧૮	દુર્ગા	૩-૦-૦
૧૯	નવી વહૂ	૪-૮-૦
૨૦	વૃંદાવન	૨-૦-૦
૨૧	શરદબાબુની બાળવાર્તા	૨-૪-૦
૨૨	અપૂર્વ ભારતી	૫-૮-૦
૨૩	સુવાસચંદ્ર	૩-૦-૦